॥હરિ:ૐ॥



પૂજ્ય શ્રીમોટા

# તરણામાંથી મેરુ

– સોમાભાઈ ભાવસાર

॥ હરિઃૐ ॥

# તરણામાંથી મેરુ

(પૂજ્ય શ્રીમોટાનું જીવનચરિત્ર)

'મોટો કેવો અચંબો છે : કેવા તણખલાયને-
મોટો મેરુ બનાવીને પ્રવર્તમાન કરેલ છે !'
-શ્રીમોટા

: લેખક :
સોમાભાઈ ભાવસાર

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ.

❑ પ્રથમ આવૃત્તિ ૧૯૭૬ થી આઠમી આવૃત્તિ ૨૦૦૮ સુધીની કુલ પ્રત ૧૭૨૫૦

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| નવમી | ૨૦૧૪ | ૩૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૬ + ૨૫૨ = ૨૬૮

❑ કિંમત : **રૂ. ૨૫/-**

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઇનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦ ૩૬૪૧૪

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (નવમી આવૃત્તિ)

મહાત્મા ગાંધીના વિચારોથી આકર્ષાઈને બાળકોમાં શિક્ષણની જ્યોતિ પ્રગટાવવા જેઓએ આજીવન સેવાનો ભેખ લીધો અને હાલમાં જેઓ નવસારી જિલ્લાના મરોલી ગામે કસ્તુરબા સેવાશ્રમ સંસ્થા થકી ઊંડાણના વિસ્તારની આશ્રમશાળાઓમાં, સમાજમાં પાછળ રહી ગયેલાં પરિવારનાં બાળકોને શિક્ષિત કરવાનું ભગીરથ કાર્ય નિભાવી રહ્યા છે, તેવા નિઃસ્વાર્થ સેવાભાવી, ભાવનાશાળી, ખાદીધારી, સખત મહેનત કરનાર,

**શ્રી ભીખુભાઈ નાથાભાઈ પટેલ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી મુક્તાબહેન ભીખુભાઈ પટેલને**

**'તરણામાંથી મેરુ'** પુસ્તકની આ નવમી આવૃત્તિનું પ્રકાશન આનંદપૂર્વક સમર્પણ કરીએ છીએ.

તા. ૮-૪-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ,**

રામનવમી, સં. ૨૦૭૦ હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (બીજી આવૃત્તિ)

જન્મ સમયે મામૂલી હોય એવો માનવી મહાન બને અને સમાજમાં તેનું નામ ઘેર ઘેર ગુંજે ત્યારે એવી અસાધારણ ઘટના વિશે સ્વાભાવિક જ આપણને જાણવાની ઇંતેજારી થાય.

આ **'તરણામાંથી મેરુ'** પુસ્તકના ચરિત્રનાયક શ્રીમોટા છે. ભયંકર ગરીબાઈમાં જીવતા સમાજના નીચલા થરનાં માબાપના પુત્ર તરીકે જન્મી તેઓ આપબળે કેવી રીતે આગળ વધ્યા તેનું ચિત્રણ આ પુસ્તકમાં છે. ગરીબોને કેવા હડધૂત, અપમાનિત અને દયાપાત્ર થવું પડે છે, તે તેમણે અનુભવેલું છે. કુટુંબની ગરીબી અને ભણવાની ઉત્કટ ઇચ્છા વચ્ચેનો સંઘર્ષ તેમણે અનુભવ્યો છે. આજે જ્યારે વિરાટ જાગ્યો છે ત્યારે ગરીબોને ઊંચે લાવવામાં તેમનું જીવન પ્રેરણારૂપ બને તે સમયોચિત ગણાશે. તેમનો જીવનસંઘર્ષ જેટલો દુઃખદ છે, તેટલો જ રસિક પણ છે. સ્વાશ્રયથી અભ્યાસ કરતાં ભાઈબહેનોને તે માર્ગદર્શક નીવડશે. પશ્ચિમના દેશોમાં આવી રોમાંચક જીવનકથની પ્રશંસનીય અને કદરપાત્ર ગણાય છે. આપણા સાંપ્રત સમાજજીવનમાં હજુ એવું મૂલ્ય સ્થાપિત થયું નથી, તે આપણી ઉદાસીનતા જ ગણાય.

કોઈક વિશિષ્ટ હેતુ માટે જન્મ્યા હોય એવા લોકોમાં શ્રીમોટાનો સમાવેશ થાય છે. ફેફરુંના રોગથી ત્રાસીને જીવનનો અંત લાવવાના પ્રયત્નોમાંથી તેઓ ભગવાન તરફ વળ્યા. વળી, એ સાધનાકાળ પણ વિદ્યાર્થીકાળ જેટલો જ કઠિન ગયો.

શ્રીમોટા, જીવનના પ્રસાદને એકલા આસ્વાદીને સ્વકલ્યાણ સાધી બેસી રહ્યા નથી, પરંતુ કેટલાય લોકોને તેનો આસ્વાદ આપી

કલ્યાણમાર્ગ તરફ વાળ્યા છે. મૌનમંદિરો સ્થાપી ઈશ્વરસ્મરણનો લહાવો આપ્યો છે. લોકકલ્યાણની યોજનાઓ હાથ ધરી ભાવી પેઢીને વિકસવાની તક આપી છે. એનું રહસ્ય આજે જ્યારે તેઓ શરીરે વિદ્યમાન નથી ત્યારે સવિશેષપણે સમજાય છે.

શ્રીમોટાએ પોતે જ લખેલાં **'જીવનદર્શન'** અને **'જીવનસંદેશ'** તથા અન્ય લેખકોનાં **'શ્રીમોટા'** અને **'પારસલીલા'** જેવાં અન્ય પ્રકાશનો તથા આર. આર. શેઠની કંપનીએ પ્રસિદ્ધ કરેલું **'પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય'** વગેરેમાંથી શ્રીમોટાના જીવનની સામગ્રી ઉપલબ્ધ થાય છે. પ્રસ્તુત પુસ્તકમાં તેમનું પ્રસંગાત્મક જીવનચરિત્ર નિરૂપવાનો પ્રયાસ કર્યો છે. આ લખાણ શ્રીમોટાએ રસપૂર્વક સાંભળ્યું હતું.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **સોમાભાઈ ભાવસાર**

તા. ૨૪-૩-૧૯૮૦

॥ હરિઃૐ ॥

# સંપાદકના બે બોલ

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા, આપણા સાંપ્રત જમાનાની એક વિરલ વિભૂતિ છે. એમનું ચરિત્ર અનેક અભિગમથી લખી શકાય, અને એવાં ચરિત્રો આપણા ચિત્તમાં પ્રેરણાદાયી અને ભાવભર્યા સંસ્કાર પણ પાડી શકે.

શ્રી સોમાભાઈ ભાવસારે પૂજ્ય શ્રીમોટાનું જીવનચરિત્ર બાળકોને-કિશોરોને રોચક બને એવી શૈલીમાં લખેલું. પૂજ્ય શ્રીમોટા જે પરમપદ પામ્યા એ ઘટના એમના જન્મ તથા ઉછેરના સંજોગો જોતાં ઘણી જ પ્રેરણાદાયી બની રહે એવી છે. આથી, પૂજ્ય શ્રીમોટા પણ વારંવાર કહેતા કે **'ભગવાનનું નામ માણસને 'તરણામાંથી મેરુ'** બનાવે છે, એનું પોતે જીવતુંજાગતું દૃષ્ટાંત છે.''

આ ઉપરથી તેઓશ્રીના આ ચરિત્રનું નામ **'તરણામાંથી મેરુ'** રખાયું હતું.

શ્રી સોમાભાઈ ભાવસાર, શરીરસંબંધે પૂજ્ય શ્રીમોટાના નાના ભાઈ હતા. ઉપરાંત, બાલસાહિત્યના જાણીતા લેખક હતા. એમણે બાળકથાઓ, પ્રવાસવર્ણનો, બાળકાવ્યો તથા જીવનચરિત્રો લખેલાં છે. એમની કલમ કસાયેલી અને સિદ્ધ હતી. એમણે પૂજ્ય શ્રીમોટાનું આ ચરિત્ર લખ્યું એ ખૂબ જ લોકપ્રિય બન્યું. થોડાક જ સમયમાં બંને આવૃત્તિની બધી પ્રતો ખપી ગયેલી.

હરિઃૐ આશ્રમે એની ત્રીજી નવી આવૃત્તિ પ્રકાશિત

કરવાનું નક્કી કરીને એનું સંપાદનકાર્ય મને સોંપ્યું. **'તરણામાંથી મેરુ'**ની શૈલી ભલે કિશોરભોગ્ય હોય, એમ છતાં એ સર્વભોગ્ય પણ છે, પરંતુ સ્વ. શ્રી સોમાભાઈએ એમાં ક્યારેક ક્યારેક એમના વાચક બાળમિત્રોને ઉદ્‌બોધન પણ કરેલું. એ ઉદ્‌બોધન ન હોય તો ચરિત્રવાચનનો રસ ખંડિત થતો નથી એમ લાગતાં એટલો ભાગ એમાંથી રદ કરેલો છે. બીજું, પૂજ્ય શ્રીમોટાના ઉત્સવો એક વિલક્ષણ પ્રાગટ્ય હતું. એનાં દૃશ્યોનું આલેખન વિગતપ્રચુર જણાતાં કેટલોક ભાગ ટૂંકાવ્યો છે. કેટલાક પ્રસંગોનો ક્રમ આગળપાછળ થયેલો એને યોગ્ય સ્થાને ગોઠવ્યો છે. એટલું જ આ પુસ્તકનું સંપાદન છે.

આ પુસ્તકનું સંપાદન કરતાં પૂજ્ય શ્રીમોટાનું સામીપ્ય એટલો સમય રહ્યું એ જ ખરું સંપાદન છે. હરિઃૐ આશ્રમના ટ્રસ્ટીઓએ મને એ લાભ આપ્યો, એ માટે એમનો આભારી છું.

આવું સ-રસ ચરિત્ર લખવા માટે સ્વ. સોમાભાઈ ભાવસારને શ્રદ્ધાંજલિ અર્પું છું.

તા. ૨૩-૩-૧૯૮૫ **રમેશ મ. ભટ્ટ**

અમદાવાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનું આ જીવનચરિત્ર બાલસાહિત્યના સિદ્ધહસ્ત લેખક અને કવિ સ્વ. શ્રી સોમાભાઈ ભાવસારની કલમે આલેખાયું છે. એઓ પૂજ્ય શ્રીમોટાના દેહસંબંધે સગા ભાઈ હતા. એ બાબત એમના લખાણને અધિકૃત બનાવવામાં ફાળો આપે છે.

અત્યાર સુધીમાં આ પુસ્તકની બે આવૃત્તિ પ્રગટ થઈ છે. બંને આવૃત્તિની ૫,૨૫૦ પ્રતો ઘણા સમયથી વેચાઈ ગઈ છે અને ભક્તો તરફથી એની માંગ ચાલુ જ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ હરિઃૐ આશ્રમે આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું.

પૂજ્ય શ્રીમોટાનો ૪૭મો સાક્ષાત્કારદિન-ઉત્સવ-ઊજવતા પૂજ્ય શ્રીમોટાના દીર્ઘકાળથી ચાહક શ્રી કાંતિલાલ ઈશ્વરલાલ ઘાએલે ઉત્સવના દિવસે આ પુસ્તક પ્રકાશિત કરવાની ઇચ્છા દર્શાવી અને આ આવૃત્તિની બે હજાર પ્રતો છાપવાનો પૂરો ખર્ચ આપ્યો છે. આવા એમના ઉમદા ભાવ માટે હરિઃૐ આશ્રમ એમનો હૃદયપૂર્વક ઘણો ઘણો આભાર માને છે.

આ પુસ્તકનું સંપાદન કરી આપવા માટે ડૉ. રમેશભાઈ ભટ્ટના અમો ઘણા ઋણી છીએ.

ઉત્સવના સમયે પ્રકાશિત કરવાની તક સાચવીને સમયસર અકલ્પિત ઝડપથી ૧૦૦ પ્રતો બાંધી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલય (અમદાવાદ)નો હૃદયપૂર્વક ઘણો ઘણો આભાર માનીએ છીએ.

પ્રથમ અને દ્વિતીય આવૃત્તિની જેમ આ તૃતીય આવૃત્તિના વેચાણમાં પણ આવકાર મળશે એવી આશા છે.

તા. ૨૫-૩-૧૯૮૫ **હરિઃ ૐ આશ્રમ ટ્રસ્ટ**

નડિયાદ

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (નવમી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાના દેહસંબંધે લઘુ બંધુ એવા શ્રી સોમાભાઈએ પૂજ્ય શ્રીમોટાના જીવનના કેટલાક પ્રસંગોનું જે લખાણ પૂજ્યશ્રીના દેહત્યાગ પહેલાં તૈયાર કરેલું, તે તેઓશ્રીને વાંચી સંભળાવવામાં પણ આવ્યું હતું. તેટલા પૂરતું ભલે આ લખાણ પૂજ્ય શ્રીમોટાની કલમ દ્વારા વ્યક્ત થયું નથી, છતાં તેને અધિકૃત ગણી શકીએ. **'તરણામાંથી મેરુ'** નામે પ્રકાશન પામેલ આ લખાણની અત્યાર સુધીમાં સાત આવૃત્તિ થઈ ગઈ છે. સરળ અને રુચિકર ભાષામાં વર્ણન પામેલા પ્રસંગો રસપૂર્વકનું વાંચન પૂરું પાડે છે.

આ **'તરણામાંથી મેરુ'**ની પ્રતો હાલ ઉપલબ્ધ નથી. સ્વજનોને તેની પ્રાપ્તિ સુલભ બને, એ ભાવનાથી તેની નવમી આવૃત્તિનું પ્રકાશન કરાયું છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ આવૃત્તિને સ્વજનો આવકારશે એવી આશા છે.

તા. ૮-૪-૨૦૧૪ **ટ્રસ્ટીમંડળ,**

રામનવમી, સં. ૨૦૭૦ હરિઃૐ આશ્રમ, સુરત

**શ્રીમોટા**

તમે આ સંસારે જીવન જગવ્યાં કૈંક જનનાં
દીધી દૃષ્ટિ, સૃષ્ટિ નવજીવનની સાધ્ય કરવા,
તપે તાપે જ્યારે રસકસવતી થાય વસુધા,
તમે દુઃખો વેઠી કરી જીવનની ધન્ય સરિતા.
ન ચાહી કીર્તિ શું !
પરંતુ પ્રીતિનું
સદા હૈયે ઝંખ્યા રમતું બસ રહે એક ઝરણું,
તમારે તો ચાહવું જગતજનને એ જ શમણું.

**—સોમાભાઈ ભાવસાર**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | જીવન રંગારો | ૧ |
| ૨. | શ્રીમોટાનો જન્મ | ૩ |
| ૩. | બ્રાહ્મણના જોશ ! | ૪ |
| ૪. | સાવલીની જાહોજલાલી | ૬ |
| ૫. | ગરીબાઈનો વારસો મળ્યો | ૭ |
| ૬. | કારમી મજૂરી | ૯ |
| ૭. | કામ કરે તે કામણ કરે | ૧૧ |
| ૮. | ચવાણું ખાવા પૈસા ચોર્યા ! | ૧૩ |
| ૯. | પરીક્ષામાં નોટ આપતાં પકડાયા | ૧૪ |
| ૧૦. | કામ લે મોટાનું ને ખાવા આપે નાનાનું | ૧૬ |
| ૧૧. | ચોરાયેલા લાડુ ન ખવાય | ૧૭ |
| ૧૨. | એક સાધુની આગાહી | ૧૯ |
| ૧૩. | પોલીસની દાદાગીરી | ૨૨ |
| ૧૪. | સૌને નમાવું ત્યારે ખરો | ૨૬ |
| ૧૫. | શ્રીમોટાનો પ્રાણીપ્રેમ | ૨૭ |
| ૧૬. | શ્રીમોટાનો પિતાપ્રેમ | ૨૯ |
| ૧૭. | માર પડે એવું વ્યસન ના ખપે | ૩૧ |
| ૧૮. | ખોટું કામ નહિ કરું | ૩૩ |
| ૧૯. | આગળ ભણવા પેટલાદ જાય છે | ૩૬ |
| ૨૦. | બીજાને ઉપયોગી થવાની કળા | ૩૭ |
| ૨૧. | સેવા કઈ રીતે સહાયરૂપ થાય છે ? | ૩૯ |

૨૨. શ્રીમોટાની પ્રામાણિકતા ૪૨
૨૩. મૅટ્રિક થયા, હવે આગળ શું ? ૪૫
૨૪. સિનેમાનો ચસકો, બાવાએ ઝડપ્યા ૪૭
૨૫. ગાંધીજીની હાકલ ને વડોદરા કૉલેજ છોડી ૫૦
૨૬. ફેરિયા તથા ઝાડુવાળા બની કૉલેજખર્ચ કાઢ્યું ૫૧
૨૭. એક માણસ બે કામ કેવી રીતે કરે ? ૫૪
૨૮. બાળકોને ગોંધી ન રખાય ૫૬
૨૯. ચમત્કાર વિના નમસ્કાર નહિ કરે ૫૮
૩૦. હરિજનોને અડકવા બદલ જ્ઞાતિબહાર ! ૬૦
૩૧. સેવાનો માર્ગ સહેલો નથી ૬૨
૩૨. હરિને ભજતાં હજુ કોઈની
લાજ જતી નથી જાણી રે ૬૪
૩૩. આત્મહત્યા કરવા નર્મદાજીમાં કૂદકો માર્યો ! ૬૭
૩૪. રામનામની દવા મળી ૬૯
૩૫. સ્મશાનમાં રાતવાસો ૭૨
૩૬. શ્રીબાળયોગી મહારાજનો ભેટો ૭૫
૩૭. બંગલો, એકાંત અને જળાશય ૭૮
૩૮. પેલો જાય છે તેને પથરો માર ૮૨
૩૯. મગરમચ્છ પાસે લઈ જા ૮૪
૪૦. નર્મદે માત કી જય ! ૮૭
૪૧. અહીં તારો આશ્રમ થશે ૯૦
૪૨. ‘તુજ ચરણે’ની પ્રાર્થના રચી ૯૨
૪૩. લગ્નસમયે ભાવસમાધિમાં ૯૬

૪૪. કામ કરીને રાજી કર્યા ૧૦૦
૪૫. છ દિવસના કડાકા થયા ૧૦૫
૪૬. શ્રીઉપાસની મહારાજ નડિયાદમાં ૧૦૮
૪૭. જે ભજનથી તમાચા પડ્યા,
તે ભજનથી પૈસા મળ્યા ૧૧૪
૪૮. સાકુરી જવાનો સંકેત મળ્યો ૧૧૬
૪૯. શ્રીધૂણીવાળાદાદાનાં દર્શને ૧૨૦
૫૦. લાઠીમારની ઝડીઓ વચ્ચે
'હરિઃૐ'ની ઘોષણા ૧૨૭
૫૧. પ્રાર્થનાએ બચાવ્યો ૧૩૦
૫૨. જેલયાત્રાનો સદુપયોગ જીવનસાધનામાં કર્યો ૧૩૩
૫૩. શ્રીમોટાની સેવાશુશ્રૂષા ૧૩૫
૫૪. નિરંતરનું સ્મરણ થયું ૧૩૭
૫૫. બાળકોને ડૂબતાં બચાવ્યાં ૧૪૧
૫૬. બેફિકર રહે, તારું બધું થઈ જશે ૧૪૩
૫૭. સદ્‌ગુરુનો મેળાપ અને વિકારોનું શમન ૧૪૭
૫૮. નાનાને મન ગમ્મત, શ્રીમોટાને મન સાધના ૧૫૨
૫૯. અઘોરીની ધમકી ! ૧૫૪
૬૦. શ્રીમોટાનો વૃક્ષપ્રેમ ૧૬૧
૬૧. શ્રીમોટા સાધનાના વિકાસ માટે કરાંચી જાય છે ૧૬૪
૬૨. હજીય તારું અહમ્ રહ્યું છે ? ૧૬૮
૬૩. સદ્‌ગુરુનું ફરમાન : દરિયામાં ચાલ્યો જા ! ૧૭૪
૬૪. મહેબૂબનો હુકમ ૧૭૫

| | | |
|---|---|---|
| ૬૫. | શ્રીસદ્‌ગુરુની પ્રેમપ્રસાદી | ૧૮૦ |
| ૬૬. | શ્રીસાંઈબાબાએ આવીને સાધનામાં પ્રગતિ કરાવી | ૧૮૧ |
| ૬૭. | ઘરેણાં ચોરાયાં ને પાછાં મળ્યાં | ૧૯૧ |
| ૬૮. | બાની મૃત્યુવેળાએ હાજર દેખાયા | ૧૯૬ |
| ૬૯. | સાકાર અને નિરાકારના અનુભવો | ૨૦૦ |
| ૭૦. | શ્રીમોટાની જીવનસિદ્ધિ અને ગુરુદક્ષિણા | ૨૦૫ |
| ૭૧. | શ્રીમોટાનો લોકકલ્યાણનો ગોવર્ધન તોળાયો | ૨૧૬ |
| ૭૨. | તરણામાંથી મેરુ અને બોથડમાંથી વિદ્વાન | ૨૨૦ |
| ૭૩. | અવધૂતને બરાબર ઓળખજો | ૨૨૨ |
| ૭૪. | શ્રીમોટાની હાજરીનો જાદુ ! | ૨૨૪ |
| ૭૫. | પ્રેમીને પ્રેમી મળે | ૨૨૬ |
| ૭૬. | ગુરુમહારાજના આદેશની ઘડી આવી પહોંચી ! | ૨૩૦ |
| ૭૭. | શ્રીમોટાએ માયા સંકેલી લીધી | ૨૩૪ |
| ૭૮. | માટીનો દેહ માટીમાં મળી ગયો | ૨૩૮ |

❑

# તરણામાંથી મેરુ

(પૂજ્ય શ્રીમોટાનું જીવનચરિત્ર)

❑

સોમાભાઈ ભાવસાર

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

# ૧. જીવન રંગારો

એક રંગરેજ કુટુંબનો છોકરો. ભણતરના સંસ્કાર લઈને આવેલો એટલે ભણ્યો. કુટુંબને થયું કે હવે આપણું ગરીબાઈનું દળદર ફીટવાનું.

પણ છોકરાને ગાંધીજીનો રંગ લાગેલો. દેશની સેવા કરવાનું એણે વ્રત લીધેલું. સમાજથી ત્યજાયેલાઓની સેવા કરવાના એને કોડ જાગ્યા અને એ હરિજનસેવાનાં કાર્યમાં જોડાયો. કુટુંબ બિચારું શું કરે ? છોકરાને ગમ્યું તે ખરું એમ માની સંતોષ લીધો.

હરિજનસેવા કરતાં કરતાં છોકરાને ભગવાનની લહે લાગી. એને થયું, જો ઘરના જાણશે તો કકળાટ કરી મૂકશે. એટલે રાતના ઘરે ન સૂવે પણ સ્મશાનમાં સૂવા જાય અને ત્યાં ભગવાનનું નામ લે.

ઘરના કોઈ પૂછેગાછે નહિ એટલે છોકરાનું ગાડું ગબડ્યે ગયું. દિવસે હરિજનસેવાનું કામ અને રાતે ભગવાનનું નામ. છોકરાનો જીવનકાર્યક્રમ આ રીતે ગોઠવાઈ ગયો.

એમ કરતાં કરતાં એક દસકો પૂરો થયો. બીજો દસકો પૂરો થયો. વીસ વીસ વર્ષની રાતો વહી ગઈ અને વીસ વીસ વર્ષનાં વહાણાં વાયાં. તેમ છતાં નદીનો પ્રવાહ જેમ અખંડ વહે છે એમ છોકરાનું હરિજનસેવાનું કામ અને ભગવાનનું નામ દિવસે અને રાતે ચાલુ જ રહ્યાં. શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસું હોય એમાં વિક્ષેપ ન આવ્યો.

ખૂબીની વાત તો એ છે કે છોકરાની આ વાતની ખબર કોઈને ન હતી. એના ઘરનું કોઈ જાણતું ન હતું કે એની સાથે કામ કરનારા કોઈને પણ આની કાંઈ ખબર ન હતી. માત્ર એક જણને કંઈક ખ્યાલ આવી ગયેલો. તે પણ કેટલાંય વર્ષો બાદ.

મહેનત કરે છે તેને ફળ મળે છે. છોકરાની તપસ્યા પૂરી થઈ અને પરમાત્માની ચેતનાએ તેના દિલમાં સ્થાન લીધું. ચેતનાશક્તિ મળતાં છોકરા માટે દિવ્ય જગતના દરવાજા ખૂલ્યા. માનવશરીરધારી હોવા છતાં દૈવીશક્તિના જોરે અધ્યાત્મ જગતનાં રહસ્યોને પામવા તે શક્તિમાન થયો.

એક અકિંચન છોકરો ક્યાંનો ક્યાંય પહોંચ્યો ! ભગવાને એને ધનના ઢગલેઢગલા આપ્યા, પણ એણે તે પોતાને માટે ન વાપરતાં સમાજને માટે વાપર્યા. સમાજે એને સન્માનિત કર્યો, પણ સન્માનથી ફુલાઈ ન જતાં, આ બધો પ્રતાપ ભગવાનનો છે એમ ગણી એણે પોતાને નહિ પણ ભગવાનને આગળ ધર્યો.

એક અભાગી છોકરો ભગવાનનું નામ લઈને બડભાગી બન્યો. 'બીજાઓ પણ ભગવાનનું નામ લઈને બડભાગી કેમ ન થાય ?' આ વિચારમાંથી હરિઃૐ આશ્રમોની સ્થાપના થઈ. આજે નડિયાદ અને સુરત ગામમાં હરિઃૐ આશ્રમ આવેલા છે. ત્યાં ખાવાપીવાની સંપૂર્ણ સગવડ સાથે ભગવાનનું નામ લેવાની બધી ગોઠવણ છે.

વાચકને થશે કે કોણ હશે આવો છોકરો, જેણે ધનની અપેક્ષા ન રાખી, કીર્તિની અપેક્ષા ન રાખી, પણ અકિંચનતાને ગૌરવ ગણીને સદાય જીવ્યો અને લોકોને ભગવાનનું નામ

લેવાની પ્રેરણા આપી. એનું નામ છે **'શ્રીમોટા'**. શ્રીમોટાનું નામ યાદ આવતાંની સાથે, તેમને વહાલા ભગવાનનું નામ, તેમના હરિઃૐ આશ્રમ અને તેમણે કરેલ લોકકલ્યાણનાં કાર્યોનું સ્મરણ થાય છે.

શ્રીમોટાએ એમના બાપદાદાના ધંધા અનુસાર ભલે કપડાં રંગવાનો ધંધો નથી કર્યો, પણ એમણે લોકોનાં જીવન રંગવાનું કામ તો કર્યું જ છે. જેમને જેમને એમણે જીવનનો રંગ લગાડ્યો છે, તેમના જીવનમાંથી આ જન્મે તો એમણે લગાડેલો રંગ નહિ ફીટે એટલી વાત સાચી. જેઓ જાતના જોરે આગળ વધેલા છે, તેમના જીવનમાંથી જ કંઈક જાણવાનું મળે છે. શ્રીમોટા જેવા જીવનશિલ્પીની વાત જાણવાનું મન કોને નહિ થાય ?

## ૨. શ્રીમોટાનો જન્મ

સંવત ૧૯૫૪નો ભાદરવો માસ હતો. શુક્લપક્ષ વીતી ગયો હતો અને કૃષ્ણપક્ષ ચાલતો હતો. શનિવાર અને વદ ચોથનો દિવસ હતો. (તા. ૪-૯-૧૮૯૮) પરોઢ પ્રગટી ગયું હતું. પૂર્વ દિશામાં આકાશ લાલ રંગોથી છવાઈ ગયું હતું. સૂરજ ઊગું ઊગું થઈ રહ્યો હતો. ગામનાં મંદિરોમાંથી પ્રભાતની આરતીનો ઘંટારવ સંભળાઈ રહ્યો હતો.

બરાબર આ સમયે સાવલી ગામના શ્રી ભાઈચંદ ભગતને ઘેર દોડાદોડી થઈ રહી હતી. એમની પુત્રવધૂ સૂરજ પ્રસૂતિમાં હતી અને તેને દુઃખ ને વેદના થઈ રહી હતી.

ઘરમાંથી કોઈ દાયણને બોલાવવા દોડ્યું. થોડી વારમાં જ દાયણ આવી પહોંચી અને ઘરમાં ગઈ. પ્રસૂતિનો દોર

હાથમાં લીધો અને તે સરળ રીતે થાય તેના કામકાજમાં પડી ગઈ.

ત્યાં તો ઘરમાંથી કોઈકે બહાર આવીને કહ્યું કે સૂરજે દીકરાને જન્મ આપ્યો છે. થોડી વારમાં તો આ ખબર ફળિયામાં ઘરે ઘરે પહોંચી ગઈ. સૂરજબા અને શ્રી આશારામ ભગતનું આ બીજું સંતાન હતું. શ્રીમોટાના જન્મથી સૌમાં આનંદ આનંદ થઈ રહ્યો. પુત્રજન્મની ખુશાલીમાં શ્રી ભાઈચંદ ભગતે સગાંવહાલાંમાં અને ફળિયામાં સૌને ઘરે ગોળધાણા વહેંચી બધાંનાં મોં મીઠાં કરાવ્યાં.

## ૩. બ્રાહ્મણના જોશ !

દિવસો ઉપર દિવસો ચાલ્યા જાય છે. શ્રીમોટા, મોટા થતા જાય છે. શનિવારે જન્મેલા એટલે સૌ એમને **'શનિયો'** કહી બોલાવે. એમની માતાએ શ્રીમોટાનું નામ ચૂનીલાલ પાડેલું, પરંતુ તેઓ એમને **'ચૂનિયો'** કહીને જ બોલાવતાં.

નાનાં બાળકો વહાલસોયાં હોય છે, એટલે સૌ એમને હેત કરી કરીને રમાડે છે. શ્રીમોટાને પણ તેમના ઘરનાં અને આડોશીપાડોશીનાં નાનાંમોટાં સૌ હેત કરી કરીને રમાડતાં. તેઓ શ્રીમોટાને તેડી તેડીને ફરે. શ્રીમોટાને ઉછાળી ઉછાળીને હસાવે ને હસે અને આનંદનો લહાવો લે.

કોઈ વાર આંગણામાં શ્રીમોટા રમતા હોય અને કોઈ બ્રાહ્મણ આંગણે આવ્યો હોય અને તેનું ધ્યાન શ્રીમોટા તરફ જાય અને તેની પાસે જઈને ડાબો હાથ લઈને જુએ તો કાંડા ઉપર મોટું એવું કાળું લાખું અને હાથની રેખાઓમાં ત્રિશૂળ જોતાં, બ્રાહ્મણ તરત સમજી જાય કે આ બાળક કાં તો મોટો

માણસ થશે અથવા મોટો સાધુ થશે એમ લાગે છે.

આ સમયે ઘરનું કોઈ મોટું માણસ બહાર આવતાં પેલો બ્રાહ્મણ કહે, 'ભાઈ, તમારા બાળકનું ભવિષ્ય બહુ ઊજળું લાગે છે.'

બ્રાહ્મણની વાત સાંભળી પેલા ભાઈ દોડતાં દોડતાં ઘરમાં જઈને શ્રીમોટાની બાને બોલાવી લાવે અને પછી બ્રાહ્મણને કહે, 'મહારાજ, આ બાળકની માતા છે. તમે મને કહેતા હતા તે બધી વાત એમને કહી સંભળાવો.'

હસતો હસતો બ્રાહ્મણ પછી શ્રીમોટાની બાને કહે, 'માઈ, તારા બાળકનું ભવિષ્ય બહુ ઊજળું છે.'

આ સાંભળી શ્રીમોટાનાં બા કહે, 'શું ઊજળું છે, તે વાત તો કરો મહારાજ.'

બ્રાહ્મણ કહે, 'જો માઈ, તારા લાલના ડાબા હાથ ઉપર કાળું મોટું લાખું અને રેખાઓમાં ત્રિશૂળ છે. તે ઉપરથી એમ દેખાય છે કે તારો લાલ કાં કોઈ મોટો માણસ થશે, કાં એ કોઈ મોટો સંત થશે. એની ખુશાલીમાં ગરીબ બ્રાહ્મણને રાજી કર.'

આ ગરીબ બ્રાહ્મણને રોજ તો મૂઠી ચોખા કે મૂઠી લોટ કે મૂઠી દાળ એવું મળતું હતું. તેને બદલે તે દિવસે શ્રીમોટાની બા એની ઉપર ખુશ હતાં તેથી દાળ, ચોખા, ઘી, ગોળ, લોટ એમ આખું સીધું આપ્યું અને ઉપરથી ચાંદીની પાવલી દક્ષિણામાં આપી તે જુદી.

બ્રાહ્મણને થયું આજનું સવાર રૂડું ઊગ્યું લાગે છે, કારણ કે શુકનમાં જ આખું સીધું મળ્યું. ખુશ થઈને એણે કલ્યાણમસ્તુ કહીને ચાલવા માંડ્યું.

# ૪. સાવલીની જાહોજલાલી

સાવલીમાં જે મકાનમાં શ્રીમોટાનો જન્મ થયો હતો, તે મકાન આજેય હજી ઊભું છે અને શ્રીમોટાના બાપદાદાની જાહોજલાલીની સાક્ષી પૂરે છે.

કહે છે કે એક વખત શ્રીમોટાના બાપદાદાની ખૂબ જાહોજલાલી હતી. તેની રંગાટી કાપડની પેઢી ઘણી સારી ચાલતી હતી. બહારગામથી કેટલાયે વેપારીઓ એમને ત્યાં આવે અને રંગાટી કાપડ ખરીદી જાય. ઘરે ઘોડી પણ રાખેલી જેથી આસપાસનાં ગામોમાંથી ખરીદી કરવી હોય ત્યારે કરી શકાય. ગાય પણ ઘેર રાખી હતી જેથી ગમે ત્યારે દૂધ મળે.

શ્રીમોટાનું બાળપણ આવી જાહોજલાલી વચ્ચે વીત્યું. રોજ મહેમાનોની અવરજવર એટલે સારું સારું ખાવાનું ઘેર થાય, તેની પ્રસાદીનો લાભ શ્રીમોટાને મળે. શ્રીમોટાને રમાડનાર પણ ઘણાં એટલે તેઓ ખાટલેથી પાટલે ને પાટલેથી ખાટલે તે રીતે ઊછર્યા. શ્રીમોટાને દૂધ જોઈએ ત્યારે દૂધ મળે. ખાવાનું જોઈએ ત્યારે ખાવાનું મળે. સૂવું હોય ત્યારે ઘોડિયું કે પથારી મળે અને રમવું હોય ત્યારે રમાડનારાં મળે. પછી શી વાતની કમીના હોય ?

બરાબર સ્વાદવાળું ખાવાનું હોય તો જ સૂરજબાનો લાડીલો દીકરો ખાય, નહિ તો અડે પણ નહિ. આથી, શ્રીમોટાની બા એમને **'સ્વાદિયો'** કહેતાં. તેમ જ શ્રીમોટા હંમેશાં ઝીણું ઝીણું પૂછ પૂછ કરે અને જ્યાં સુધી એ સમજે નહિ, ત્યાં સુધી પૂછવાની વાત છોડે નહિ. ઘરનાં બધાં કામમાં હોય અને શ્રીમોટા રોજ ને રોજ કંઈ ને કંઈ પૂછ પૂછ કરે. આથી, શ્રીમોટાની બા એને **'ઝીણિયો'** કહેતાં.

બાને બાલમંદિરનો કક્કોય આવડતો ન હતો. માનસશાસ્ત્રનીય કોઈ બાબત એ જાણતી ન હતી. એટલે એ ક્યાંથી સમજે કે બાળક કશું પૂછે ત્યારે એને જાણવાનું મન થતું હોય છે. માટે, એને સંતોષકારક જવાબ આપવો જોઈએ. આવી સમજ તો આજની માતાને હોય.

## ૫. ગરીબાઈનો વારસો મળ્યો

શ્રીમોટા આઠેક વર્ષના થયા હશે ત્યારે એમને સાવલી છોડવાનો પ્રસંગ આવ્યો. દાદા ગુજરી જતાં પેઢીનો વહીવટ જે રીતે થવો જોઈએ તે રીતે થયો નહિ અને ઉડાઉ ખર્ચા વધી ગયા, પરિણામે લેણદારોએ લેણા માટે તગાદા કરવા માંડ્યા.

એક બાજુ પેઢી જેમની પાસે માગતી હોય તેમણે કશું આપ્યું નહિ અને બીજી બાજુ પેઢી પાસે જેઓ માગતા હતા તેમણે અભી ને અભી આપી દેવાની વાત કરી. કશો ઉકેલ આવ્યો નહિ એટલે ચાલુ પેઢી અને મકાન લેણદારોને સુપરત કરીને શ્રીમોટાના કુટુંબે સાવલી ગામ છોડીને પંચમહાલ જિલ્લાના કાલોલ ગામે નિવાસ કર્યો.

સાવલીના એક મોટા મકાનમાં રહેતું આ કુટુંબ કાલોલમાં આવીને એક ખંડ અને એક ઓસરીવાળા ઘરમાં સમાઈ ગયું !

ન કોઈને એણે પોતાનાં સુખસાહ્યબીની વાત કરી.

ન કોઈને એણે પોતાની જાહોજલાલીની વાત કરી.

ન કોઈને એણે પોતાના વૈભવની વાત કરી.

કાલોલમાં ઘર પણ મોચીવાડામાં મળેલું, બાજુમાં મોચી, સામે મોચી, એમ મોચી કુટુંબોની સાથે વસવાટ હતો. તેમ

છતાં કાદવમાં જેમ કમળ ઊગે પણ તેને કાદવ સ્પર્શે નહિ તેમ શ્રીમોટાનું કુટુંબ બધાંથી અલિપ્ત રહીને પોતાના સંસ્કાર જાળવી શક્યું, તેમાં પણ ઈશ્વરનો કોઈ સંકેત જ હશે.

બાપદાદાનું ભલે બધું જતું રહ્યું, પરંતુ ભગવાને હાથ ને હૈયું સાબૂત રાખ્યાં હતાં એટલે ફિકર ન હતી. શ્રીમોટાના પિતાશ્રીએ એક તરફ કપડાં રંગવાનું કામ શરૂ કરી દીધું, તો બીજી તરફ શ્રીમોટાની માતાએ મજૂરી કરવા માંડી. આમ, સવારથી રાત સુધીનો શ્રમયજ્ઞ આરંભાયો. જેમનું દિલ ચોખ્ખું છે, જેમના હાથ ચોખ્ખા છે, તેઓ જગતના ગમે તે ખૂણામાં હશે પણ તેમને કામ મળી રહેવાનું, મળી રહેવાનું ને મળી રહેવાનું. તેમને કામ શોધવા નહિ જવું પડે, પરંતુ કામ કરાવનારા સામેથી આવીને બોલાવવાના, 'ચાલો, અમારે ત્યાં કામ કરવા.' શ્રીમોટાને ત્યાં પણ એમ જ થયું. સવારથી રાત સુધી કામની હારમાળા એવી રીતે ગોઠવાઈ ગઈ કે નિરાંતનો દમ લેવાનો પણ સમય ન રહ્યો.

તેમણે કામ થાય એવું છે કે નથી થાય એવું, તેનો વિચાર ન કર્યો. તેમણે કામ વધારે છે કે ઓછું તેનો વિચાર ન કર્યો, બલ્કે કામ કર્યે જ રાખ્યું. વહેલી સવારે ચાર વાગ્યે ઊઠવું પડશે એવું લાગ્યું તો એમ કર્યું. ખરે બપોરે કામ કરવું પડે એમ છે એવું લાગ્યું તો એમ કર્યું.

દળવાનું કામ મળ્યું તો દળ્યું. ખાંડવાનું કામ આવ્યું તો ખાંડ્યું. પાણી ભરવાનું કામ આવ્યું તો પાણી ભર્યું. મજૂરીએ જવાનું આવ્યું તો તેમ કર્યું. આમ, કામ કરવાનું તપ એમણે વર્ષો સુધી કર્યું.

## ૬. કારમી મજૂરી

શ્રીમોટાએ જોયું કે ઘરનાં બધાં સખત કામ કરતાં હતાં ત્યારે તેમનાથી કેમ બેસી રહેવાય ? એટલે તેઓ મજૂરી કરવાનું કંઈ પણ કામ મળે તો તે કરવાનું ચૂકતા નહિ.

એકવાર એમને ખબર પડી કે ઈંટવાડામાં મજૂરીકામ મળે છે. એટલે તેઓ ઈંટવાડામાં ગયા. જે બધાંને કામ આપતા હતા તે ભાઈ પાસે જઈને ઊભા. શ્રીમોટાને સામે ઊભેલા જોઈને પેલા ભાઈએ પૂછ્યું, 'કેમ છોકરા, કેમ આવ્યો છે ?' શ્રીમોટા બોલ્યા, 'કામ કરવા.'

પેલા ભાઈએ પૂછ્યું, 'તારાથી આવી ગરમ ગરમ ઈંટો ઉપાડાશે ?' શ્રીમોટાએ કહ્યું, 'ખુશીથી.'

પેલા ભાઈ બોલ્યા, 'તે બધાંની સાથે જા ને તુંયે કામે લાગી જા. સૌને આપીએ તે તને આપીશું.'

શ્રીમોટા, સૌની સાથે ઈંટવાડા પાસે ગયા અને બીજાઓ જે રીતે કામ કરતાં હતાં તે રીતે કરવા લાગ્યા. તેમણે બીજા લોકો ગરમ ગરમ ઈંટો ઈંટવાડા ઉપરથી ઉઠાવતા હતા તેવી રીતે ઉઠાવવા માંડી અને જે સ્થળે મૂકવાની હતી તેમ મૂકવા માંડી.

આવી રીતે ગરમ ગરમ ઈંટો ઉઠાવતાં કોઈ વાર ઈંટ વધારે ગરમ હોય તો એવી ચંપાઈ જાય કે મોંમાંથી સિસકારો નીકળે, પણ પોતે ચંપાયા કે દઝાયા તેની વાત કોને કહે ?

સાંજે છૂટવાનો વખત થાય ત્યારે સૌની ઈંટો ગણાય અને જેણે જે પ્રમાણે ઈંટો ઊંચકી હોય તે પ્રમાણે તેને પૈસા મળે.

શ્રીમોટા સાંજે ઘેર આવે ત્યારે તેમની હથેળી ને આંગળાં લાલ લાલ થઈ ગયાં હોય. નાની ઉંમરે છોકરાને

જ્યારે રમવાની વેળા હોય ત્યારે તેને આવું કામ કરવું પડે, એ વિચારે શ્રીમોટાની બાને ઓછું આવે, પણ શું કરે ? ઘરમાં ગરીબી એવી હતી કે સૌ કામ કરે તો જ ઘરનું પૂરું થાય તેમ હતું.

કોઈ વાર કશુંય કામ ન હોય અને કોઈ પૂછે, 'કેમ અલ્યા, કામ કરવા નથી ગયો ?'

શ્રીમોટા બોલે, 'કામ નથીને, ક્યાં કામ કરવા જાઉં ?'

પેલો કહે, 'અરે, શું કામ નથી ? બજારમાં દોડ. એક કડિયો ઊભો છે, એને મજૂર જોઈએ છે.'

તરત શ્રીમોટા બજારમાં જઈને કડિયા સાથે મજૂરી કરવા જાય. માલ બનાવે, ઈંટોનો ઢગલો કરે અને બધું એવી રીતે કરે કે કડિયાને કામ કરવામાં જરાય તકલીફ ન પડે. આવો સમજુ મજૂર કયા કડિયાને ન ગમે ? સાંજે છૂટે ત્યારે કડિયો કહે, 'અલ્યા છોકરા, તું આવતી કાલે પણ આવજે હો.' શ્રીમોટા કહે, 'ભલે.'

કપાસની મોસમ ટાણે શ્રીમોટા ખેતરમાં કાલાં વીણવા પણ જાય. તેઓ ભલે નાના હતા તેમ છતાં તેમના નાના નાના હાથ એટલી ઝડપથી કામ કરવા લાગી જતા કે સાંજે જ્યારે બીજા લોકો પોતાનાં કામનો ઢગલો બતાવે ત્યારે શ્રીમોટાએ વીણેલાં કાલાંનો ઢગલો ઓછો ન હોય, બલ્કે મોટા જેટલો જ થયો હોય.

ખેડૂત શ્રીમોટાનો વાંસો થાબડે અને શાબાશી આપે, પણ ખાલી શાબાશીથી ઓછું કાંઈ પેટ ભરાય છે ? શ્રીમોટાએ કામ ભલે મોટા જેટલું કર્યું હોય, પરંતુ તેમને ખાવાનું તો નાના જેટલું જ મળે અને મજૂરીના પૈસા પણ તે રીતના જ

આપે. શ્રીમોટા કહે પણ ખરા, 'તમે મારા કામ માટે શાબાશી આપો છો ત્યારે પૈસા કેમ નાના જેટલા આપો છો ?'

પણ ગરીબની વાત કોણ ધ્યાનમાં લે ?

## ૭. કામ કરે તે કામણ કરે

શ્રીમોટા નિશાળે ભણવા બેઠા. જેને પ્રભુની પ્રેરણા છે તેને ભણવાનું અઘરું લાગતું નથી. નદીનાં પૂરની જેમ એ તો સડસડાટ ભણતો આગળ ધપ્યે જ જાય છે. એ માસ્તરનો માનીતો થઈ જાય છે.

શ્રીમોટાને માટે પણ આવું જ બન્યું. શિક્ષક જે કંઈ ભણાવે એ તેઓ ભણી લેતા. પ્રભુકૃપાથી તેમને તે તરત આવડી જતું. પછી કોઈને ન આવડતું હોય તો તેને તે ભણવામાં મદદરૂપ થતા. એ રીતે શ્રીમોટા થોડા દિવસોમાં તેમના વર્ગમાં અને નિશાળમાં જાણીતા થઈ ગયા.

તેમની બોલવાની રીત અને તેમની કામ કરવાની રીત એવી હતી કે સૌ કોઈ ખુશ થઈ જાય. કોઈ પણ શિક્ષક તેમને કામ સોંપે તો તેઓ હોંશે હોંશે ને પ્રેમથી કરી આપે. કહ્યું છેને **'કામ કરે તે કામણ કરે.'** એમ શ્રીમોટા આખી નિશાળમાં શિક્ષકોના અને છોકરાંઓના એમ સૌના માનીતા થઈ ગયા.

પછી તો શ્રીમોટાએ ભણવામાં ચિત્ત પરોવ્યું. જે વર્ગમાં પોતે ભણતા હતા તે વર્ગનું ભણવાનું પૂરું કર્યું. આ રીતે શ્રીમોટાનો ચાર ધોરણ સુધીનો અભ્યાસ તો સરળતાથી પાર પડ્યો. તે વર્ષે એક ઍંગ્લો વર્નાક્યુલરની મિડલ સ્કૂલ કાલોલમાં શરૂ થઈ હતી. ચાર ધોરણ પછીના અભ્યાસ માટે તેમાં જવું

પડે, પરંતુ તેમાં ભણનારે દર માસે ફી આપવાની હતી. શ્રીમોટાની સ્થિતિ ફી આપી શકાય તેવી ન હતી, પણ જેને ભણવાની લગન લાગી હોય તેને ઈશ્વર રસ્તો કરી આપે છે. શ્રીમોટાએ આ શાળામાં વર્ગો વાળવાનું, પાણી ભરવાનું અને પટાવાળાનું કામ સ્વીકાર્યું. તેના બદલામાં જે પગાર મળે તેનાથી શાળાની ફી અને પુસ્તકોનો ખર્ચ નીકળશે એવી આશાથી શાળાના સંચાલકોને મળ્યા અને બધી વાત કરી. શાળાના સંચાલકોએ તે વાત સહર્ષ સ્વીકારી લીધી. આમ, શ્રીમોટાનું આગળ ભણવાનું ગોઠવાયું.

ભણતાં ભણતાં શ્રીમોટાએ જોયું કે મિડલ સ્કૂલનાં બીજાં ધોરણોનો અભ્યાસ તો મહેનત કરતાં સરળતાથી પાર પડે તેમ છે. એક અંગ્રેજી માટે ખૂબ મહેનત કરવી પડે. આમ વિચારી શ્રીમોટા ખૂબ અભ્યાસ કરવા લાગ્યા. મિડલ સ્કૂલનાં ચારે ધોરણનો અભ્યાસ દોઢ વર્ષમાં કરી લઈ તેની પરીક્ષા આપવા માટે તેઓ હેડમાસ્તરને મળ્યા, પણ હેડમાસ્તરે કહ્યું, 'આ સત્તા મારી નથી. શિક્ષણખાતાના ઇન્સ્પેકટર સાહેબની છે.' આ સાંભળીને શ્રીમોટા થોડા નિરાશ થયા, પણ તેઓ કરોળિયાની હિંમતની વાત જાણતા હતા. કરોળિયો એકવાર પાછો પડ્યો, બીજી વાર પાછો પડ્યો, પણ હિંમત હાર્યો નહિ. છેવટે સાતમી વાર તે પોતાના નિશ્ચિત મુકામે પહોંચ્યો ત્યારે જ જંપ્યો.

શ્રીમોટા શિક્ષણખાતાના ઇન્સ્પેકટરને મળ્યા. તેમનું નામ શ્રી ચતુરભાઈ હતું. તેઓ જ્ઞાતિએ પટેલ હતા. આજે સાહેબ લોકનો પોશાક કોટ, પાટલૂન ને ટાઈ છે, પણ ત્યારે તેવું ન હતું. ત્યારે તો ધોતિયું, ખમીસ, તેની ઉપર લૉંગકોટ અને માથે પાઘડી એ સાહેબશાહી પોશાક ગણાતો.

શ્રીમોટાએ જોયું કે સાહેબની પાઘડી જરા ઝાંખી છે. એટલે એમણે સાહેબને કહ્યું, 'સાહેબ આપની પાઘડી ઝાંખી છે. રંગવા આપો તો સરસ રંગી લાવું.' એમણે શ્રીમોટાને પાઘડી રંગવા આપી. શ્રીમોટા તેને સરસ રીતે રંગી લાવ્યા. સાહેબે તે પહેરી જોઈ તો તેમાંથી રંગની સુગંધ પણ ધીરી ધીરી ને એવી સરસ આવતી હતી કે શ્રી ચતુરભાઈ સાહેબ શ્રીમોટા ઉપર ખુશ ખુશ થઈ ગયા.

તેમણે શ્રીમોટાને પૈસા આપવા માંડ્યા, પણ શ્રીમોટાએ તે લીધા નહિ. આથી, 'કંઈ કામકાજ હોય તો કહેજે' એમ તેમણે શ્રીમોટાને કહ્યું. શ્રીમોટાને તો એટલું જ જોઈતું હતું. એમણે તરત જ જણાવ્યું, 'મિડલ સ્કૂલનો બધો અભ્યાસ મેં કરી લીધો છે. તેની પરીક્ષા લેવાની સત્તા મિડલ સ્કૂલના હેડમાસ્તર સાહેબના હાથમાં નથી પણ આપના હાથમાં છે. તો આપ જો આ વાત ધ્યાનમાં લો તો મારી વાત બને તેમ છે, તો લક્ષમાં લેવા વિનંતી છે.' ચતુરભાઈએ કહ્યું, 'જા ગભરાઈશ નહિ. તારું કામ બની જશે.' પછી તેઓ શાળાની મુલાકાતે આવ્યા અને શ્રીમોટાના અભ્યાસ અંગે હેડમાસ્તર સાથે વાત કરીને બધું ગોઠવી આપ્યું. આમ, શ્રીમોટાએ મિડલ સ્કૂલનાં ચાર ધોરણનો અભ્યાસ માત્ર દોઢ વર્ષમાં પૂરો કર્યો.

## ૮. ચવાણું ખાવા પૈસા ચોર્યા !

શ્રીમોટા શાળામાં ભણતા હતા ત્યારની વાત છે. તેમની સાથે ભણતા છોકરાંઓ પૈસા લાવે અને તેઓ રિસેસમાં ખાવાનું વેચાતું લઈને ખાય. કોઈ દિવસ ચવાણું તો કોઈ દિવસ મીઠાઈ એમ જુદું જુદું ખાવાનું ખાય. એમને

જોઈ શ્રીમોટાને પણ ખાવાનું મન થઈ જાય, પણ પૈસા વગર ખાવાનું ક્યાંથી મળે ?

એક દિવસ શ્રીમોટાને ખાવાનું બહુ મન થયું. આથી, એમણે પૈસા ક્યાંથી અને કેવી રીતે મેળવવા તેનો વિચાર કર્યો. બાને દળવાખાંડવાના અને પાણી ભરવાની મજૂરીના જે પૈસા મળે તે એક કુલડીમાં તેઓ રાખતાં હતાં. શ્રીમોટાએ તેમાંથી ચાર પૈસા ચોર્યા. નિશાળે લઈ જઈને રિસેસ પડી ત્યારે બીજા છોકરાંઓની જેમ એમણે પણ દુકાનેથી સેવમમરા લઈને ખાધા.

આમ, શ્રીમોટાએ સૌની સાથે દુકાનેથી સેવમમરા વેચાતા લઈને ખાવાનો આનંદ તો લીધો, પણ પછી એમને થયું કે આ રીતે પૈસા ચોરીને ખાવું સારું નહિ. આથી, એમણે પૈસા ચોર્યાની વાત બાને કરવી એવું નક્કી કર્યું. સાંજે નિશાળેથી આવીને શ્રીમોટાએ પૈસા ચોર્યાની વાત બાને કરી. બાએ ગુસ્સે થઈને કહ્યું, ‘મારા રોયા જો ફરી વાર આવી રીતે ચોરી કરી તો માર્યા વિના નહિ મૂકું.’

## ૯. પરીક્ષામાં નોટ આપતાં પકડાયા

શ્રીમોટા શાળામાં ભણતા હતા ત્યાંની એક બીજી વાત છે. એકવાર નિશાળમાં પરીક્ષા હતી. સૌ છોકરાંઓ પરીક્ષાના ઉત્તરો નોટમાં લખવામાં મશગૂલ હતા. ગણિતની પરીક્ષા હતી. શ્રીમોટાએ દાખલા ગણીને એક નોટ પૂરી કરી. બાજુમાં જ તેમનો એક મિત્ર હતો. તે ગણિતના વિષયમાં કાચો હતો. તેણે શ્રીમોટાને કહ્યું, ‘ચૂનીલાલ, તારી દાખલા ગણેલી નોટ મને આપ. એટલે તે પ્રમાણે દાખલા મારી નોટમાં ઉતારી લઉં.’

આ સાંભળીને શ્રીમોટાના મનમાં ગડભાંજ તો થઈ કે આવી રીતે નોટ ન અપાય, પણ પેલો એમનો ગાઢ મિત્ર હતો. વળી, ગણિતમાં એ કાચો હતો તે પણ તેઓ જાણતા હતા. એટલે દાખલા ગણેલી નોટ ધીરે રહીને તેમણે મિત્ર તરફ સરકાવી દીધી. પેલા મિત્રે તે લઈ લીધી.

આ બધું તેમની ઉપર દેખરેખ રાખતા શિક્ષક જોઈ ગયા. તેઓ તરત શ્રીમોટા બેઠા હતા ત્યાં આવ્યા અને શ્રીમોટાને કહ્યું, 'તારી દાખલા ગણેલી નોટ આપ.' પણ દાખલા ગણેલી નોટ શ્રીમોટા તેમને કેવી રીતે આપે ? એ નોટ તો એમણે બાજુમાં બેઠેલા મિત્રને આપી દીધી હતી. શ્રીમોટાએ જવાબ ન આપ્યો એટલે પેલા દેખરેખ રાખનાર તેમની ઉપર ખૂબ ગુસ્સે થયા અને બોલ્યા, 'ભલે તું ન બોલે, તારી બાજુના છોકરાને તેં તારી નોટ આપી છે કે નહિ ?' શ્રીમોટા બોલ્યા, 'સાહેબ મેં આપી નથી, પણ એણે માગી એટલે મેં આપી છે.'

'એ જે હોય તે, પરંતુ હવે તો તારે આ નિશાળમાંથી ડિસમિસ થયે જ છૂટકો છે.' દેખરેખ રાખનાર સાહેબે કહ્યું અને શ્રીમોટાને તેઓ હેડમાસ્તર પાસે લઈ ગયા.

શ્રીમોટાને થયું, 'વાત તો જરાક જેટલી છે, પરંતુ દેખરેખ રાખનાર સાહેબ વાતનું વતેસર કરીને હેડમાસ્તરને ચઢાવી જરૂર મને ડિસમિસ કરાવશે.' એટલે શ્રીમોટાને હેડમાસ્તર પાસે લઈ જવામાં આવતાં રડતાં રડતાં શ્રીમોટા બોલ્યા, 'મારી ભૂલ એટલી કે મારી બાજુના છોકરાએ દાખલા ગણેલી નોટ માગી ને મેં આપી. પહેલી ભૂલ તો બધાય માફ કરે છે. મારી આટલી ભૂલ માફ કરશો તો પછી કોઈ દિવસ

આવી ભૂલ નહિ કરું.' હેડમાસ્તરે શ્રીમોટાને માફી આપી અને શ્રીમોટા ગુપચુપ ચાલી ગયા.

## ૧૦. કામ લે મોટાનું ને ખાવા આપે નાનાનું

ચોમાસું આવે અને વરસાદ બરાબર થઈ જાય એટલે ખેતરોમાં વાવણીનું કામ ચાલે.

ખેતરની બીજી મજૂરી કરતાં ડાંગરનાં ધરુ રોપવાની મજૂરીમાં બે પૈસા વધારે મળે, એટલે શ્રીમોટા ડાંગરનાં ધરુ રોપવા જતા, પરંતુ બે પૈસા વધુ મજૂરી મળે તે માટે તેમાં કેટલું વધુ કામ કરવું પડતું હશે તે જાણો છો ?

ભરેલી ક્યારીઓમાં આખો દિવસ રહેવું પડે. આથી, પગનાં આંગળાંમાં કોહવાટ લાગે. આખો દિવસ નીચા નમીને ડાંગરનાં ધરુ રોપવાનાં. આથી, સાંજ પડ્યે કેડ દુખવા આવે.

વરસાદ વરસતો હોય તોય ધરુ રોપવાનું કામ તો ચાલુ રાખવું જ પડે. આમ, સતત કામ કરવું પડે એટલે સાંજે થાકીને લોથપોથ થઈ જવાય. તેમ છતાં મજૂરી વધારે મળે એટલા માટે શ્રીમોટા ડાંગરનાં ધરુ રોપવા જ જતા. શ્રીમોટાને મજૂરીએ રાખતાં અગાઉ ખેડૂત ચોખવટ કરે, 'ધરુ રોપવામાં સૌની સાથે રહેવું પડશે. આગળ પાછળ રહીશ તે નહિ ચાલે. બોલ, છે કબૂલ ?' શ્રીમોટા કહે, 'હા'.

શ્રીમોટા બોલ્યા પ્રમાણે વર્તે પણ ખરા. સવારથી સાંજ સુધી અડીખમ રહીને ધરુ રોપવામાં તેઓ પાછા ના પડે, પણ સૌની સાથે જ રહે. તેમની ઉંમર ત્યારે છોકરા જેટલી, પણ કામ મોટા જેટલું જ કરે.

પરંતુ બપોરવેળા ખાવાનો વખત થાય ત્યારે મોટાને

બબ્બે રોટલા અને શાક મળે, જ્યારે શ્રીમોટાને ફક્ત એક જ રોટલો ને શાક આપે. શ્રીમોટા કહે પણ ખરા, 'ભાઈ, કામ તો મોટા જેટલું લો છો અને ખાવાનું કેમ નાના જેટલું આપો છો ?' તો ખેડૂત જવાબ આપે, 'એ તો ભાઈ, જેમ થતું હોય એમ જ થાય. ગરીબની વાત કોણ માને !'

શ્રીમોટાને મજૂરીની ગરજ એટલે ભૂખ લાગી હોય તેમ છતાં એક રોટલાથી જ ચલાવી લે.

## ૧૧. ચોરાયેલા લાડુ ન ખવાય

હોશિયાર છોકરાની સૌ દોસ્તી કરે. શ્રીમોટા ભણવામાં હોશિયાર એટલે બધાય તેમના દોસ્તદારો. કાલોલ ગામમાં લાડ વાણિયાની વસ્તી વધુ અને બધા સ્થિતિપાત્ર. એટલે ઍંગ્લો વર્નાક્યુલર શાળામાં તેમના છોકરાઓ વધુ ભણે. શ્રીમોટાના દોસ્તદારોમાં પણ વાણિયાની સંખ્યા વિશેષ.

શ્રીમોટા જાણતા કે વાણિયાની વાડીમાં વર્ષમાં બબ્બે મહિના જમવાનું ચાલે. વાણિયાના છોકરાઓ શાળામાં આવીને રોજ જુદી જુદી વાનગીઓ જમ્યાની વાત કરે. તે સાંભળીને શ્રીમોટાના મોઢામાં પાણી છૂટે.

એકવાર વાણિયાના છોકરાને એમણે કહ્યું, 'અલ્યા, તમે દરરોજ જુદાં જુદાં મિષ્ટાન્ન જમો. હું તમારો ભાઈબંધ ને મને કાંઈ નહિ.'

વાણિયાના છોકરાઓ કહે, 'ચૂનીલાલ, આજ રાતના તું અમારી વાડી પાસે આવજે. આજે લાડુનું જમણ છે. પીરસનારા પણ અમે જ છીએ. તું આવીશ એટલે છાબડી ભરીને લાડુ તને આપીશું. બોલ, પછી છે કાંઈ ?' આ

રીતે સંતલસ થઈ. રાત પડી એટલે શ્રીમોટા નક્કી કર્યા પ્રમાણે વાણિયાની વાડી પાસે જઈને એક અંધારી જગ્યાએ ઊભા રહ્યા.

પીરસનારામાંથી કોઈ છોકરાએ તેમને જોયા. તેણે જઈને બીજા પીરસનારાઓના કાનમાં વાત કરી. તે પછી થોડી વારમાં જ બે છોકરાઓ આવીને શ્રીમોટાના હાથમાં છાબડી ભરીને લાડુ મૂકી ગયા. શ્રીમોટાને ઘડીભર થઈ ગયું કે આટલા બધા લાડુ છે તો લાવને એકાદ ખાઈ લઉં, પણ ઘરે જઈને સૌની સાથે ખાવાનો વિચાર આવતાં, તત્કાળ ખાવાનું માંડી વાળ્યું.

શ્રીમોટા તો લાડુની છાબડી લઈને તરત ઘેર ગયા. લાડુની છાબડી તેમની બાને આપી. છાબડી ભરેલા લાડુ જોતાં જ શ્રીમોટાની બા તાડૂકી ઊઠ્યાં, 'અલ્યા ચૂનિયા, ક્યાં જઈને આટલા બધા લાડુ લઈને આવ્યો ?' શ્રીમોટાએ તેમની બાને વાત કરી. તે સાંભળીને તેઓ એટલાં બધાં ગુસ્સે થઈ ગયાં કે શ્રીમોટાને થયું કે આવી બન્યું. શ્રીમોટાની બા બોલ્યાં, 'મારા રોયા, તને એટલું ભાન ન થયું કે ચોરાયેલા લાડુ આપણાથી ન ખવાય, તારી બુદ્ધિ ક્યાં ગઈ ? જો હવે પછી આવું પારકું ખાવાનું ઘરમાં લાવીશ તો તને ઘરમાંથી કાઢી મૂકીશ.'

શ્રીમોટાએ જોયું કે તેમની બા ખરેખર ખિજાયાં હતાં. અને બાની વાત સાંભળ્યા પછી તેમને પણ એમ થઈ ગયું કે આવી રીતે ખાવાનું લાવ્યો તે સારું કર્યું ન ગણાય, પણ થનાર થઈ ગયું હતું. હવે શું થાય ?

હજી તેમની બાનો ગુસ્સો શમ્યો ન હતો. એમનાં મોંનો

બડબડાટ ચાલુ જ હતો, પણ રાત પડી ગઈ હતી એટલે લાડુ ભરેલું છાબડું ઠેકાણે મૂકી પછી સૌએ જમી લીધું. શ્રીમોટા છાબડી ભરીને લાડુ લાવ્યા હતા, પણ તેમાંથી તેઓ લાડુની એક કરચ સરખી પણ ન પામ્યા.

બીજે દિવસે સવારમાં શ્રીમોટા દાતણપાણી કરી તૈયાર થયા ત્યાં તેમની બાએ તેમને બોલાવી કહ્યું, 'જો, બહાર કોણ છે ?' શ્રીમોટાએ જોયું તો બહાર એક ભંગી ઝાડુથી વાળી રહ્યો હતો. એટલે શ્રીમોટાએ કહ્યું, 'બા, બહાર રસ્તા ઉપર એક ભંગી ઝાડુથી વાળી રહ્યો છે.' આ સાંભળીને શ્રીમોટાની બાએ કહ્યું, 'જો, પેલું લાડુ ભરેલું છાબડું મૂક્યું છે, તે એને જઈને આપી આવ.' શ્રીમોટાએ લાડુ ભરેલું છાબડું લઈ બહાર જઈને ભંગીને આપી દીધું.

ભંગી તો લાડુ ભરેલું છાબડું જોતાં દંગ થઈ ગયો. તેને થયું આજે દહાડો સારો ઊગ્યો હોય એમ લાગે છે, કારણ કે કરગરીને ભીખ માગવાથી ન મળે તે વિના માગે આજે સામેથી આવીને મળે છે. ભંગી લાડુ ભરેલું છાબડું લઈને રાજી થતો થતો એના ઘર તરફ ચાલી ગયો.

## ૧૨. એક સાધુની આગાહી

કાલોલમાં શ્રીમોટા રહેતા ત્યારનો આ પ્રસંગ છે. એક દિવસ એક સાધુ ઘર પાસે આવીને ઊભો રહ્યો અને કહેવા લાગ્યો, 'માઈ, આજ તો આ સાધુને તારે ત્યાં જમાડ.'

શ્રીમોટાની બાને થયું કે આપણે જ જ્યાં ખાવાના સાંસા છે ત્યાં સાધુને કેવી રીતે જમાડવો ? એટલે તેમણે સાધુને કહ્યું, 'ભાઈ, અમારે જ ખાવાના સાંસા છે ત્યાં તમને કેવી

રીતે જમાડીએ ? માટે, બીજાને ત્યાં જમવાને જાવ તો તમારી મોટી મહેરબાની.' આમ બોલી તેમણે સાધુને હાથ જોડ્યા.

શ્રીમોટા ઘરની ઓસરીમાં જ ઊભા હતા. તેમને જોઈને સાધુ બોલ્યો, 'માઈ, તારા છોકરાને તું જેવોતેવો ના સમજીશ. એ મોટો ધર્માત્મા થવાનો છે. માટે, તું એની સંભાળ રાખજે.'

આ સાંભળીને બાને થયું કે દીકરાનાં વખાણ કરીને આ સાધુને અહીં જમવું છે, એટલે સાધુ આમ બોલે છે. વળી, બા બોલ્યાં, 'લુચ્ચો લાગે છે મારો વા'લો.'

પણ સાધુ ખસ્યો નહિ. એટલે બાએ ફરી વાર બે હાથ જોડી સાધુને કહ્યું, 'જો ભાઈ, એકવાર તને મેં કહ્યુંને કે અમારે જ ખાવાના વખા છે તો તને કેવી રીતે ખવડાવીએ ?'

બાને થયું કે હવે આ લપ્પી સાધુ ઘર આગળથી જાય તો સારું. જો હાથ બતાવીશું તો પહોંચો (હાથનું કાંડું) પકડશે. સાધુને તો જમવા માટે પાકી રસોઈ જોઈએ. લાડુ, દાળભાત, શાક વગેરે. ઘરમાં ઘઉંનો લોટેય નથી અને શાક પણ નથી. કેવી રીતે જમાડવો ? એટલે ફરી વાર બાએ કહ્યું, 'જા ભાઈ, જા. એકવાર તને કહ્યુંને કે અમારી સંપત નથી પછી શા માટે ઊભો રહે છે ?'

બાની વાત સાંભળીને સાધુએ કંટાળીને કહ્યું, 'ભલે, માઈ, તારે ના જમાડવો હોય તો ના જમાડીશ, પણ તારો આ છોકરો મોટો ધર્માત્મા થવાનો છે એટલી વાત યાદ રાખજે.'

આટલું બોલીને સાધુ જવા માંડ્યો. ત્યાં બાને થયું કે કોઈ સાધુ આપણા ઘરેથી ભૂખ્યા પેટે જાય એ સારું નહિ. એટલે એણે સાધુને પાછો બોલાવ્યો ને ઘરની ઓસરીમાં પાથરણું પાથરીને બેસાડ્યો. પછી એક સ્વચ્છ થાળીમાં ઊનો

ઊનો રોટલો, ગોળ અને ઘી કાઢ્યાં. આસન બિછાવ્યું અને સાધુને જમવા બેસવા કહ્યું. સાધુ ઊઠ્યો અને આસન ઉપર બેસી જમવા માંડ્યો. એક રોટલો ખાઈ લીધો એટલે બીજો રોટલો જમવા માંગ્યો. ઘીગોળ સાથે ઊના ઊના રોટલા ખાવાની એને મજા પડી. જમી રહ્યા બાદ તેણે કહ્યું, 'માઈ, લાડુ ખાવા કરતાં તારા ગરમ ગરમ રોટલા અને ઘીગોળ ખાવામાં મને બહુ આનંદ આવ્યો. ભગવાન તારું ભલું કરે.' આટલું બોલીને ભોજનના આનંદથી તૃપ્ત થઈને સાધુએ ઊઠીને ચાલવા માંડ્યું, પણ જતાં જતાં પાછું બોલ્યા, 'માઈ, તારો આ છોકરો મોટો ધર્માત્મા થવાનો છે, એટલી વાત યાદ રાખજે.'

બાળપણમાં સાધુએ કરેલી આગાહીની આ વાત શ્રીમોટા ઘણી વાર યાદ કરતા અને કહેતા કે સાધુએ કરેલી આગાહીના શબ્દો સાંભળીને ત્યારે મને ઘણો ઘણો આનંદ થયેલો.

પુત્રનાં લક્ષણ પારણાંમાંથી એમ શ્રીમોટા ઘણી વાર કાંઈ કામકાજ ન હોય તો કાલોલમાં ગોમા નદીને કાંઠે જતા અને ત્યાં આવેલા મહાદેવના મંદિરમાં જઈને એકલા એકલા તેમને આવડતાં તે ભજનો ગાતા.

સાંજ થાય ને તેમની બાને ચિંતા થાય કે ચૂનિયો ક્યાં ગયો હશે અને કેમ નહિ આવ્યો હોય. એટલે કોઈને પૂછે તો 'ભૂતનો વાસ પીપળો.' તમારો ચૂનિયો ગોમા નદીના કાંઠે આવેલા મંદિરમાં એકલો એકલો ભજનો ગાય છે તેવી ખબર મળે. બા કોઈને મોકલીને ત્યાંથી ઘેર બોલાવરાવે અને શ્રીમોટા ઘરે આવતાં બા તેમને ઠપકો આપતાં કહે, 'ત્યાં મહાદેવના મંદિરમાં શું દાટ્યું છે કે ભજન ગાવા એકલો એકલો દોડી

ગયો હતો ?'

શ્રીમોટા કાંઈ બોલે નહિ એટલે વાતની સમાપ્તિ થાય.

## ૧૩. પોલીસની દાદાગીરી

શ્રીમોટાના પિતા શ્રી આશારામ ભગતને બે ટેવો હતી : એક હુક્કો પીવાની ને બીજી અફીણ ખાવાની.

ઘરના એક ખૂણામાં મોટું લાકડું બળ્યા કરે. હુક્કો મૂકી બળતા લાકડામાં ચીપિયો ઠોકી અંગારા નીચે પડે તે ચલમમાં ભરીને પછી હુક્કો પીવા માંડે. રાતે આવી રીતે હુક્કો પિવાતો હોય ત્યારે પોલીસો રોન ફરવા નીકળે. તેઓ ઘર પાસે આવી ખાટલામાં દમ-બે દમ મારે અને ગામની નવાજૂનીની વાતો કરે. શ્રી આશારામ ભગત બધું સાંભળે, પણ તેઓ 'હા'માંય ના ભળે અને 'ના'માંય ના ભળે.

આવી રીતે એક દિવસ પોલીસો હુક્કો પીતા બેઠા હતા, ત્યાં એમણે ઘરની ઓસરીમાં બે માણસોને સૂતેલા જોયા એટલે તરત તેમણે પૂછ્યું, 'ભગત, પેલા કોણ સૂતા છે ?' શ્રી આશારામ ભગત બોલ્યા, 'ઘરે મહેમાન આવ્યા છે તે,' પોલીસે પૂછ્યું, 'તે તમે એમનાં નામ થાણે નોંધાવી આવ્યા છો ?' શ્રી આશારામ ભગતે જવાબ આપ્યો, 'નામ કોળીવાઘરીને નોંધાવવાનાં હોય. અમારે નોંધાવવાનાં ના હોય.'

શ્રી આશારામ ભગતના શબ્દો સાંભળતાંની સાથે જ એક પોલીસે આવીને શ્રી આશારામ ભગતને મારવા લીધા. ઢસડીને લઈ જતા હોય તે રીતે તેમને પોલીસથાણે લઈ જઈને કાચી જેલમાં પૂરી દીધા.

બાળક શ્રીમોટા આ બધું સૂતાં સૂતાં જોતા હતા.

પોલીસો ઘર પાસે આવ્યા ત્યારથી તે તેમના પિતાશ્રીને મારતાં મારતાં પોલીસથાણે લઈ ગયા ત્યાં સુધી પોલીસ એવી અસભ્ય ભાષા બોલતી હતી કે તે સાંભળી સંભળાય તેમ ન હતી. લોકો રહે છે તે રસ્તે થઈને તેઓ જાય છે. ત્યાં આવું બોલવું ન જોઈએ તેનો ખ્યાલ પણ તેમણે રાખ્યો ન હતો. બાળક શ્રીમોટાના બાળમનમાં આવા અનેક વિરોધો ઊઠતા હતા.

ગમે તે થાય, પોતાના પિતાશ્રીને તો છોડાવવા જ જોઈએ એવું એમણે નક્કી કર્યું, પણ શું કરીએ તો તેઓ છૂટે તેની ગેડ હજી બેસતી ન હતી. પોલીસ માને એવી કોઈ વ્યક્તિ મળે તો જ તે બને. એવી વ્યક્તિ ક્યાંથી લાવવી ? છેવટે યાદ કરતાં કરતાં રાવસાહેબ શ્રી મનુભાઈનું નામ એમને યાદ આવ્યું. તેઓ સરકારમાંય સંમાનિત હતા. શ્રીમોટાએ તેમનું ઘણું કામ કર્યું હતું અને તેમનો દીકરો તેમની સાથે જ ભણતો હતો.

બાળક શ્રીમોટા પહોંચ્યા એમને ઘેર. રાત પડી ગઈ હતી. એટલે તેઓ સૂઈ ગયા હતા. નોકરે જઈ તેમને વાત કરી એટલે ઊંઘમાંથી ઊઠીને તેઓ બાળક શ્રીમોટા પાસે આવ્યા. બાળક શ્રીમોટા તેમને જોતાં જ રડી પડ્યા અને રોતાં રોતાં બની હતી તે બધી વાત તેમને કરી.

પોલીસના આવા જુલમની વાત સાંભળીને રાવસાહેબ પણ નારાજ થઈ ગયા. તેમણે બાળક શ્રીમોટાને શાંત પાડ્યા અને કહ્યું, 'ગભરાઈશ નહિ, તારા બાપને હું પોલીસથાણામાંથી છોડાવીને હમણાં તારે ઘેર મોકલું છું.' એટલું કહીને તેમણે ઘોડાગાડી બહાર કઢાવી અને તેમાં બેસીને તેઓ પોલીસથાણે ઊપડ્યા.

રાતને ટાણે પોલીસથાણા પાસે ઘોડાગાડી ઊભી રહેતાં જ પોલીસ ચમક્યા. ખુદ રાવસાહેબ પોલીસથાણામાં જાતે આવ્યા છે, એ જોતાં તો બધા પોલીસો સજાગ થઈ ગયા. તેઓએ જેવો થાણાની ઑફિસમાં જઈને પગ મૂક્યો કે હાજર પોલીસોએ હારમાં ઊભા રહીને સેલ્યૂટ મારી.

રાવસાહેબે જોયું કે પોલીસઉપરી થાણામાં હાજર ન હતા. એટલે તરત જ તેમણે પોલીસને મોકલી તેમને થાણે બોલાવ્યા. પોલીસઉપરીના આવતાં જ તેમણે તેને કહ્યું, 'પોલીસે મારઝૂડ કરીને જે રંગરેજને કાચી જેલમાં પૂર્યો છે, તેને મારે સરકારી દવાખાને લઈ જઈને તપાસ કરાવવી છે. પછી તરત એને અહીં મૂકી જઈશ.'

તેઓ શ્રી આશારામ ભગતને સરકારી દાકતર પાસે લઈ ગયા. આ ગરીબ રંગરેજની મારઝૂડ થઈ છે માટે તેને જ્યાં જ્યાં માર પડ્યો હોય અને તેની જે નિશાની હોય તેનો દાકતરી રિપોર્ટ લખી આપવા તેમણે દાકતરને કહ્યું. એટલે દાકતરે શ્રી આશારામ ભગતની બધી શારીરિક તપાસ લઈને જ્યાં જ્યાં માર પડેલો તેનો સરકારી અહેવાલ રાવસાહેબના હાથમાં મૂક્યો. તે લઈને રાવસાહેબ શ્રી આશારામ ભગત સાથે પોલીસથાણે પહોંચ્યા.

રાવસાહેબે સરકારી દાકતરના અહેવાલનો કાગળ પોલીસઉપરીના હાથમાં મૂક્યો અને બોલ્યા, 'આ ગરીબ રંગરેજને મારવા બદલ તેમને મારનાર પોલીસો સામે કાલે કેસ કરવાનો છું. ગરીબ રંગરેજનો ગુનો શો છે ? તેમને ત્યાં જે મહેમાનો આવે તેનાં નામ તેમણે પોલીસથાણે નોંધાવી જવા એવો હુકમ તમે એમની ઉપર બજાવ્યો છે ?'

પોલીસઉપરી શું બોલે ? તેમણે આવો હુકમ શ્રી આશારામ ભગત ઉપર બજાવ્યો ન હતો, તેમ પોલીસથાણે બોલાવીને આવી કોઈ વાત પણ કોઈએ કરી ન હતી. માત્ર પોલીસે પોતાની દાદાગીરી વાપરીને આવું ડહાપણ ડહોળ્યું હતું. એટલે કેસ થાય તો પોલીસખાતું વિચિત્ર સ્થિતિમાં મુકાય એવું હતું. આથી, પોલીસઉપરીએ રાવસાહેબને પોલીસ સામે કેસ ન કરવા વિનંતી કરી.

'તો જે પોલીસે આ ગરીબ રંગરેજની વિનાવાંકે મારઝૂડ કરી છે, તે બદલ તેની માફી માગે અને ભવિષ્યમાં કોઈ દિવસ આવી રંજાડ નહિ કરે તેની ખાતરી આપે. એટલું કરો અને ગરીબ રંગરેજને છોડી મૂકો તો હું કેસ નહિ કરું.' રાવસાહેબે પોલીસઉપરીને કહ્યું.

પોલીસઉપરીએ જોયું કે આ કેસમાં પોલીસે દાદાગીરી કરી હતી અને પોતાની સત્તાની વિરુદ્ધ જઈને વર્તી હતી. એટલે જો કેસ થાય તો સરકાર તરફથી પોલીસને ઠપકો મળે તેમ હતું. આથી, પોલીસઉપરી, રાવસાહેબ સાથે સમાધાન કરે, પોલીસ ગરીબ રંગરેજની માફી માગે અને તેને છોડી મૂકે એ જ સલાહભર્યું છે માનીને તે મુજબની વાતચીત રાવસાહેબ સાથે કરી. જે પોલીસે શ્રી આશારામ ભગતને માર્યા હતા તેણે આવીને માફી માગી અને ફરીથી આવું નહિ કરવાની ખાતરી આપી. એની સાથે જેલનું બારણું ખૂલ્યું અને શ્રી આશારામ ભગત બહાર આવ્યા. રાવસાહેબે કહ્યું, 'હવે તમે તમારે નિરાંતે ઘેર જાઓ. કોઈ તમારું નામ નહિ લે.' એટલું બોલી રાવસાહેબ ઘોડાગાડીમાં બેસીને ઘેર ગયા અને શ્રી આશારામ ભગત પણ પોલીસથાણેથી ચાલીને ઘેર ગયા.

મોડી રાતે શ્રી આશારામ ભગતે તેમની ઘરની ઓસરીમાં પગ મૂક્યો ત્યારે નિર્જીવ ઘરમાં જાણે જીવ આવ્યો હોય એમ લાગ્યું અને પિતાશ્રીને જોયા ત્યારે શ્રીમોટાનેય ટાઢક વળી.

## ૧૪. સૌને નમાવું ત્યારે ખરો

પિતાશ્રી સાથેના ઉપરના બનાવ પછી શ્રીમોટાના બાળમનમાં શાંતિ ન હતી. ઘણી વાર તે વિચારે ચડી જતા અને તેમનું લોહી તપી ઊઠતું. ત્યારે તેમના મનમાં એમ થતું કે ગરીબનો કોઈ વાંકગુનો ન હોય તેમ છતાં તેને જે હોય તે દબાવે, દબડાવે તે શું યોગ્ય ગણાય ?

ગરીબને પોલીસ દબડાવે. ગરીબને વેપારી દબડાવે. ગરીબને શ્રીમંત દબડાવે. ગરીબને સૌ દબડાવે. ગરીબની આવી દશા જોઈને શ્રીમોટાનું અંતર કકળી ઊઠતું. આ ઉપરથી તેમણે વિચાર કર્યો કે ભણીગણીને એવો થાઉં કે સૌ મને નમે. પછી તો કેવા થવું તે વિશે એમના બાળમને કલ્પના કરવા માંડી. વિદ્વાનને કોઈ નમતું નથી. વેપારીને કોઈ નમતું નથી, પણ અમલદારને બધાં નમે છે.

કાલોલ ગામ, તાલુકાનું ગામ હતું અને તાલુકાના ઉપરી મામલતદાર હતા. મામલતદારનું કામ આખા તાલુકાને પડે એટલે મામલતદાર થવું એવું શ્રીમોટાએ વિચાર્યું, પરંતુ ભાવિની ભીતરમાં શું બનવાનું છે, તે વિશે કાંઈ શ્રીમોટા ઓછું જાણતા હતા ?

પછી તો શ્રીમોટાનું મન શાંત પડ્યું અને તેઓ ભણવાના કામે લાગી ગયા. સવારમાં શાળાએ વહેલા જઈને શાળાના વર્ગો વાળે, શાળાનું પાણી ભરે, શાળાના હેડમાસ્તરની

ઑફિસ પણ વ્યવસ્થિત કરે. પછી ઘરે જમવા જાય ને જમીને દફ્તર લઈ નિશાળમાં સૌ છોકરાંની સાથે ભણવા હાજર થઈ જાય.

ઘરમાં કદી શ્રીમોટાએ કપડાં માટે આડાઈ નથી કરી કે ખાવા માટેય તેમણે કદી કજિયો કર્યો ન હતો. ભણવાની ચોપડીઓ નવી જ જોઈએ તેવી એમણે માગણી કરી ન હતી, પણ માગી લાવેલ ચોપડીઓથી જ તેઓ ચલાવતા. તેઓ જાણતા હતા કે ગરીબીમાં બધું ચલાવી લેવું પડે છે.

જેને કંઈક થવાની તમન્ના લાગી હોય, તેને આ જોઈએ કે તે જોઈએ એવું થતું નથી. બાળક શ્રીમોટા લોકોનું કામ કરતા, શાળાનું કામ કરતા અને ભણવાનું કામ તો એવું સરસ કરતા કે હંમેશાં એમનો નંબર પહેલો જ રહેતો.

## ૧૫. શ્રીમોટાનો પ્રાણીપ્રેમ

કાલોલમાં શ્રીમોટાને ઘેર એક ગાય હતી. તેને રાખવા માટે ખાસ કોઈ જગા ન હતી. એટલે ઓસરીને અડીને તેને બાંધી રાખતા. રસ્તા ઉપર જ ઘર તેથી રસ્તા ઉપર તે બંધાય. ઘરના લોકોને બીજાં ઘણાં કામ કરવાના. એટલે ગાય તરફ કોઈ ખાસ ધ્યાન આપી શકે નહિ. તેના છાણમૂતરથી રસ્તો જરા ગંદો થાય અને જનાર આવનારને સારું ન લાગે તેથી ટોકે પણ ખરા.

શ્રીમોટાની બાને થયું કે એક તો આપણે જ આપણું પૂરું કરી શકતાં નથી ત્યાં આ ગાયનું પાલનપોષણ શી રીતે કરવું ? તે કરતાં એને વેચી દઈ, એ નાણાંનો ઉપયોગ ઘરમાં કરવો. આથી, ઘરમાં બધાંને તેમણે ગાય વેચવાની વાત કરી.

બીજું કોઈ તો કશું બોલ્યું નહિ પણ શ્રીમોટા બોલ્યા, 'બા, તારી ગાય વેચવાની વાત ખોટી નથી, પણ તારું બાળક હોત તો તું એને વેચી નાખત ?'

શ્રીમોટાનો આવો સવાલ સાંભળીને તુરત તેમની બા તાડૂકી ઊઠ્યાં, 'મારા રડ્યા, તને તો દરેક વાતમાં આવાં ફેલાં કાઢતાં જ આવડે છે, પણ તને ખબર છે કે ગાય બાંધવાની આપણી પાસે જુદી જગા નથી, ગાયને ખવરાવવા માટે આપણી પાસે ઘાસ કે પૂળાની વ્યવસ્થા નથી અને રસ્તામાં આ ગાય બાંધીએ છીએ તેના છાણમૂતરથી એટલી ગંદકી થાય છે - રસ્તા ઉપર જતા કે આવતા લોકોના ઉંકારા-ટુંકારા સાંભળવા પડે છે.'

બાનું બોલવું સાંભળીને શ્રીમોટા બોલ્યા, 'જા બા, આવતી કાલથી ગાયને લીધે રસ્તા ઉપર જે ગંદકી થાય તે સાફ રાખવાની જવાબદારી મારી. વળી, ગાયને ખવરાવવા ઘાસ ને પૂળા પણ હું જ લઈ આવીશ. આ બાબતમાં તારી કોઈ જવાબદારી નથી. બધી જવાબદારી મારી, પણ ગાય વેચવી નથી.' બા બોલ્યાં, 'તો તારા કહ્યા પ્રમાણે કાલથી બધું કામ તું કરજે, નહિ તો હું ગાય વેચી નાખીશ.'

શ્રીમોટાએ બીજા જ દિવસથી સવારમાં વહેલા ઊઠીને છાણ છાણ વીણીને એક સ્થળે ઢગલો કર્યો. ગાયના મૂતરને છાણથી જ્યાં જ્યાં ગંદકી દેખાતી હતી, ત્યાં ત્યાં રસ્તા ઉપરથી કોરી ધૂળ લાવીને તેની ઉપર બરાબર નાખી દીધી, જેથી, ભીનાશ ઢંકાઈ જાય અને માખી બણબણે નહિ.

કાલોલ, તાલુકાનું મુખ્ય ગામ અને તેનો વેપાર પણ સારો. આથી, વહેલી સવારે ગાડાંમાં જુદી જુદી વસ્તુઓ

ભરાઈને કાલોલમાં વેચાવા આવતી. આ બધાં ગાડાં કાલોલની ભાગોળે છૂટતાં. ગાડાવાળા ગાડું છોડી બળદને પૂળા નાખીને પછી ગામમાં વસ્તુ વેચવા જાય અને વેચી આવીને બળદને ગાડે જોડીને પોતાને ગામ ઊપડી જાય. બળદને ખાવા નાખેલા પૂળા ખાસ વધ્યા હોય તો ગાડામાં નાખી લે, બાકી એમ ને એમ છોડીને જ જતા રહે. બધાં ગાડાં જાય પછી શ્રીમોટા ભાગોળે જઈને પૂળા પડ્યા હોય તેનો ભારો બાંધીને ઘેર લઈ જાય અને ગાયને નીરે. વળી, તેમની નિશાળમાં કણબીના ઘણાં છોકરાંઓ ભણતા. સવારે કે સાંજે જ્યારે વખત મળે ત્યારે તેમના ખેતરમાં જઈને લીલું ઘાસ કાપી લાવે. આમ, ખાવા બાબત ગાયને કદી તેમણે તંગી પડવા દીધી ન હતી. આ ઉપરથી શ્રીમોટાનો મૂંગા પ્રાણી પ્રત્યે કેવો પ્રેમ હતો તે સમજાશે.

## ૧૬. શ્રીમોટાનો પિતાપ્રેમ

શ્રીમોટાના પિતાશ્રી હુક્કો અને અફીણના વ્યસની હતા. તેમની હુક્કાની ટેવ કાંઈ ખર્ચાળ ન હતી, પણ અફીણની આદત ખર્ચાળ હતી. દરરોજ ચાર છ આના તો જોઈએ જ.

કાલોલમાં શરૂશરૂમાં રંગવાનું કામ સારું મળ્યું ત્યાં સુધી તો વાંધો ન આવ્યો, પણ જેમ જેમ રંગવાનું કામ ઓછું થતું ગયું, તેમ તેમ પૈસાની આપદા પડવા માંડી.

કોઈ વાર અફીણના પૈસા ન હોય ત્યારે ઢીલે મોઢે તેઓ ઘરની ઓસરીના ખૂણામાં ઉભડક બેઠા હોય. જાણે જીવનમાં કોઈ રસ ન હોય. મોં નિસ્તેજ, આંખો નિસ્તેજ અને આખા શરીરનાં બધાં અંગો સુસ્ત.

દૂરથી પિતાને આવી સ્થિતિમાં જોતાં શ્રીમોટા તરત

સમજી જાય કે આજે અફીણ મળ્યું લાગતું નથી. આવે સમયે શ્રીમોટા આમતેમથી ગમે તેમ કરીને પૈસા મેળવી લાવે અને પિતાને અફીણ લાવી આપે, પણ અફીણીને એકલા અફીણથી ન ચાલે. અફીણની સાથે કંઈક ગળ્યું ખાવાનું હોય તો જ તેનો કેફ ચડે. એટલે સાથે ગળ્યું ખાવાનુંય, જલેબી કે કળીનો લાડુ, એવું કંદોઈની દુકાનેથી લેતા આવે. પિતાને લાચાર સ્થિતિમાં જોતાં શ્રીમોટાને કંઈ કંઈ થઈ જાય. શ્રીમોટાને તેમના પિતા ઉપર આવો અગાધ પ્રેમ હતો.

એકવાર આવી રીતે અફીણ લાવી આપીને શ્રીમોટા તેમના પિતા પાસે બેઠા હતા, ત્યાં તેમની બાએ તેમને બોલાવીને કહ્યું, ‘થોડા દિવસમાં તું પરગામ જવાનો છું ત્યારે તારા બાપાને આ બધું કોણ લાવી આપશે ?’

આ વાત સાંભળીને ઓસરીમાં બેઠાં બેઠાં શ્રીમોટાના પિતા બોલ્યા, ‘અરે, એ જશે ત્યારની વાત ત્યારે છે. આજનો લહાવો તો લઈ લેવા દે.’

રાતના શ્રીમોટા ઘરની ઓસરીમાં પિતાની બાજુમાં સૂઈ જાય. રાતના પિતા ક્યારે ક્યારે હુક્કો પીવે છે, તે શ્રીમોટા જાણે અને તે સમયે તેઓ પિતાને હુક્કો ભરી આપે. દીકરાની સેવાથી પિતા પ્રસન્ન રહે અને ભજનો ગાતાં ગાતાં તેઓ નિદ્રાવશ થાય. તેમનો ભજનાનંદી સ્વભાવ શ્રીમોટામાં પણ ઊતર્યો છે, તેનો ઉલ્લેખ શ્રીમોટાએ તેમનાં ભજનોનાં પુસ્તકોની પ્રસ્તાવનામાં કરેલો છે.

કાલોલમાં રંગવાનું કામ મળતું નહિ એટલે બેઠાબેઠ ચાલતી. વિલાયતી રંગો આવ્યા એટલે દેશી રંગનો કોઈ ભાવ પૂછતું નહિ, પણ ગામડાંમાં ત્યારે તેની અસર ન હતી

થઈ. એટલે શ્રીમોટાના પિતા કાલોલની પાસે એક પીલોલ ગામ હતું ત્યાં રંગવાનું કામ મળશે અને બે પૈસા મળશે એ હેતુથી ત્યાં રહેવા ગયા.

ઘણા સમયથી પિતાને મળાયું ન હતું. એટલે શ્રીમોટાને થયું ચાલ એમને મળી આવું. બાપાને મળાશે અને એમની ખબરઅંતર જણાશે. બાએ થોડા પૈસા આપ્યા. ભાથું કરી આપ્યું તે લીધું અને કપડાંની એક બચકી લઈને શ્રીમોટા પીલોલ જવા ઊપડ્યા. કાલોલથી બેત્રણ ગામ વટાવો પછી પીલોલ આવે.

ચાલતાં ચાલતાં દેલોલ અને મલાવ વચ્ચે એક વોકળો હતો ત્યાં શ્રીમોટા આવી પહોંચ્યા. વોકળામાં પાણી હતું અને શ્રીમોટાને ભૂખ લાગેલી એટલે ત્યાં ખાવાનો વિચાર કર્યો.

એવામાં ચોરો સામેથી આવ્યા અને શ્રીમોટાને લૂંટી લીધા. ખાવાનું લઈ લીધું. કપડાંની બચકી લઈ લીધી અને જે પૈસા હતા તેય પડાવી લીધા. પહેરેલાં કપડાં હતાં તેય ઉતારી લીધાં. શ્રીમોટાએ કહ્યું, 'અલ્યા, અંગ ઢાંકવા જેટલું એક કપડું આપ.' ચોરોને દયા આવી હશે એટલે એક કપડું પાછું આપ્યું.

આમ, શ્રીમોટા ભૂખ્યા ને તરસ્યા એક કપડાભેર તેમના પિતા પાસે પીલોલ પહોંચ્યા.

## ૧૭. માર પડે એવું વ્યસન ના ખપે

શ્રીમોટાના પિતા અફીણના વ્યસની હતા અને તેમની પાસે પૈસા ન હોય ત્યારે શ્રીમોટા આમથી તેમથી પૈસા લાવીને આપતા. તેઓ તો વ્યસની બન્યા, પરંતુ તેમણે શ્રીમોટાનેય

વ્યસની બનાવ્યા હતા.

શ્રીમોટા નિશાળે જાય ત્યારે તેમના પિતા તેમને અફીણની નાનકડી ગાંગડી આપતા. ખાવાનો સમય થાય ત્યારે નિશાળમાં તેઓ તે ખાઈ લેતા. એને લીધે એ અફીણની અસર જ્યાં સુધી શરીરમાં રહે ત્યાં સુધી તેઓ જોશમાં રહેતા, પણ એમને ખબર નહિ કે અફીણની ટેવ સારી નહિ.

એકવાર એવી રીતે શ્રીમોટાના પિતાએ આપેલી અફીણની ગાંગડી નિશાળમાં ખોવાઈ ગઈ. તેમણે તે ઘણી ખોળી પણ મળી નહિ.

અફીણ ખાવાનો સમય થતાં, તે નહિ ખાવાથી બગાસાં આવવા માંડ્યા. શરીરમાં સુસ્તી લાગવા માંડી અને નસો ઢીલી પડવા માંડી.

એવામાં શિક્ષકે ગણિતનો એક દાખલો કરી લાવવા કહ્યું. શ્રીમોટાએ અફીણ ખાધું ન હતું એટલે સ્ફૂર્તિમાં ન હતા. જે છોકરો રોજ દાખલો ગણીને સૌથી પહેલો બતાવવા જાય અને તેનો દાખલો ખરો જ હોય, તો તે છોકરાને આજે દાખલો ગણતાં વાર થઈ અને દાખલો ગણીને આવ્યો ત્યારે તે ખોટો પડ્યો. આથી, શિક્ષકને ગુસ્સો આવ્યો અને તેણે શ્રીમોટાને શિક્ષા કરી.

તેમણે અફીણ ખાધું ન હોવાથી સુસ્તીમાં આવી ગયા હોઈને ધ્યાન દઈને દાખલો ન ગણી શક્યા. આથી, ખોટો પડ્યો હતો એવું તેઓ કેવી રીતે કહી શકે ? આ બધી રામાયણ અફીણને લીધે થઈ હતી, એટલે શ્રીમોટાએ ઘેર જઈને પિતાને બધી વાત કહી અને જણાવ્યું કે હવેથી તેઓ અફીણ નહિ ખાય.

વાત જાણીને શ્રીમોટાના પિતા બોલ્યા, 'અરે, મારા દીકરા, એમાં ગભરાઈ શું ગયો ? આપણે અફીણ શું કરવા ના ખાઈએ, એક દહાડો દાખલો ખોટો પડ્યો, એથી ઓછા રોજ દાખલા ખોટા પડવાના છે ?'

શ્રીમોટાના પિતાએ તો રોજની જેમ અફીણ આપવા માંડ્યું, પણ બેત્રાણ દિવસ પછી શ્રીમોટાને થયું કે અફીણ ખાવાનું ન મળ્યું એથી ધ્યાન દઈને દાખલો ન ગણાયો અને ખોટો પડ્યો ને માર પડ્યો. માટે, હવે અફીણ ખાવું નથી એવું મનથી નક્કી કર્યું, તે પછી એમણે કોઈ દિવસ અફીણ ખાધું નહિ.

## ૧૮. ખોટું કામ નહિ કરું

કાલોલની ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલમાં અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ શ્રીમોટાએ પૂરો કર્યો. આગળ ભણવા માટે અંગ્રેજી પાંચમા ધોરણની વ્યવસ્થા ન હતી એટલે હવે આગળ શું કરવું તેવો સવાલ ઊભો થયો.

ઘરની સ્થિતિ જોઈએ તેવી સારી નહિ, મહેનત-મજૂરી કરે ત્યારે માંડ માંડ પૂરું થાય. આ સ્થિતિમાં છોકરો ઘરમાં મદદરૂપ થાય તો સારું એવી માબાપની મરજી ખરી અને શ્રીમોટા પણ એમ જ ઇચ્છતા હતા.

તેમને માસિક રૂપિયા પાંચના પગારથી એક વેપારીને ત્યાં ગોધરામાં નોકરીએ મૂક્યા. વેપારીને થયું કે છોકરો ભણેલો છે એટલે સિઝનમાં સારો કામ આવશે. એટલે એને કેળવવા માંડ્યો. કાબેલ કાપડિયો ગ્રાહકને કાપડ આપતી વખતે જરા બરાબર ખેંચીને કાપડ ભરતાં મિટર ઇંચ દોઢ ઇંચનો લાભ લઈ લે છે. એવી જ રીતે કુશળ અનાજ જોખવાવાળો

અનાજ જોખતી વખતે એવી સિફતથી અનાજ જોખે કે વીસ કિલોએ એકાદ કિલો અનાજ વધુ લઈ લે.

વેપારીને આ કળા શ્રીમોટાને શીખવવી હતી. એક દિવસ વેપારીએ શ્રીમોટાને આ કળા શીખવવા માંડી. તેણે શ્રીમોટાને પોતાની પાસે બેસાડ્યા અને કહ્યું, 'જો, ત્રાજવાં આમ પકડાય.' શ્રીમોટાએ તો જોઈ લીધું અને તે પ્રમાણે ત્રાજવાં પકડી બતાવ્યાં.

તે પછી ત્રાજવાંમાં દાણા કેમ ભરવા તે બતાવ્યું. શ્રીમોટાએ તે કરી બતાવ્યું. તે પછી જોખવું કેમ તે બતાવ્યું. એમાં જ ખાસ ખૂબી હતી. જોખતી વખતે એવી રીતે જોખવું કે જોનારને બરાબર જોખાય છે એમ લાગે, તેમ છતાં વજનિયાં કરતાં વધુ દાણા જોખાઈને આવે તેવી કરામત કરવાની. શ્રીમોટાએ તે પણ જોઈ લીધું.

વેપારીએ જોયું કે છોકરાને જોખવાનું કામ આવડી ગયું છે. એટલે તેણે શ્રીમોટાને જોખવાનું કામ સુપરત કર્યું, પરંતુ શ્રીમોટાએ ખોટું કામ નહિ કરવાનો મનમાં નિશ્ચય કરેલો તે જાળવી રાખ્યો. વેપારી ધારતો હતો કે શ્રીમોટા તેના કહ્યા પ્રમાણે જોખે છે, જ્યારે શ્રીમોટા તો પોતાની રીત પ્રમાણે જોખતા હતા.

એક દિવસ આ બાબત ખુલ્લી પડી ગઈ. વાત એમ બની કે શ્રીમોટા તેમનું જોખવાનું કામ એટલું ઝડપથી કરતા હતા કે દાણા જોખાવનાર ખેડૂતોને એમ થયું કે આ છોકરો જોખવામાં ગોલમાલ કરતો લાગે છે. એટલે તેમણે બૂમાબૂમ કરી મૂકી. બૂમાબૂમ સાંભળીને વેપારી ત્યાં દોડી આવ્યો અને શી હકીકત બની છે તે પૂછવા લાગ્યો.

ખેડૂતો કહેવા લાગ્યા કે આ છોકરો દાણા જોખવામાં ગોલમાલ કરે છે. વેપારીએ કહ્યું કે એવું બને નહિ, કારણ કે ખોટું જોખવું એ પોતે બતાવેલું એટલે કદાચ ફરી જોખવા જતાં ખુલ્લું પડી જાય તો ? પણ વેપારીએ જેમ બચાવ કરવા માંડ્યો તેમ ખેડૂતોને વધુ વહેમ પડવા માંડ્યો. આખરે વેપારીને ખેડૂતો પાસે નમી જવું પડ્યું અને ફરી જોખાવવાનું ઠરાવ્યું.

શ્રીમોટાએ જોખેલા દાણા ફરી જોખવામાં આવ્યા, પણ તેમાં પાશેર દાણાનોય ફેર પડ્યો નહિ. તેથી વેપારી જોરમાં આવી ગયો. ખેડૂતો પણ આ છોકરા ઉપર ખોટા વહેમાયા તેથી પસ્તાવા લાગ્યા.

આમ, આ બનાવ આટલેથી પૂરો થયો, પણ વેપારીને એમ લાગ્યું કે છોકરો પોતાના કહેવા અને શિખવાડ્યા પ્રમાણે નથી જોખતો. એટલે તેણે છોકરાને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, 'અલ્યા, મેં તને બતાવ્યું હતું તે પ્રમાણે કેમ નથી જોખતો ?' શ્રીમોટા બોલ્યા, 'શેઠ, દાણા વધારે હોય અને ઓછા કેમ જોખાય ?' આ સાંભળીને વેપારી બોલ્યો, 'અલ્યા ગાંડા, તારી જેમ સતની પૂંછડી થઈએ તો અમારે દેવાળું કાઢવાનો જ વારો આવે. માટે છાનોમાનો જા, અને કાલથી કહ્યા પ્રમાણે જોખજે.'

શ્રીમોટાએ આનો કાંઈ જવાબ આપ્યો નહિ. એ તો હંમેશની પોતાની રીતરસમ પ્રમાણે દાણા જોખતા. વેપારીએ એકવાર કહ્યું તોય એ માન્યા નહિ. બીજી વાર કહ્યું ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'શેઠ, લાખ વાનાં કરશો તોય મારાથી ખોટું નહિ થાય.' વેપારીએ જોયું કે છોકરો તેમના કહ્યા પ્રમાણે

વર્તે તેમ નથી એટલે ધીરે રહીને એમણે મોટાને રજા આપી.

## ૧૯. આગળ ભણવા પેટલાદ જાય છે

કાલોલની ઍંગ્લો વર્નાક્યુલર શાળાના શિક્ષકોમાં એક શ્રી ઘનશ્યામરાય નટવરરાય મહેતા હતા. શ્રીમોટા તેમને ત્યાં અવારનવાર જતા અને કાંઈ કામકાજ હોય તો કરી આપતા. તેથી શ્રીમોટા પ્રત્યે તેમની સવિશેષ માયા બંધાઈ હતી.

શ્રીમોટા જેવો હોશિયાર છોકરો આગળ ભણવાને બદલે એક વેપારીને ત્યાં નોકરીએ રહી જાય એ તેમને ગમ્યું તો ન હતું, પણ ગરીબ છોકરો આગળ ભણવા માટે પૈસા ક્યાંથી લાવે, એ પણ એક સવાલ હતો.

આ શ્રી ઘનશ્યામરાયને તેમના કુટુંબીઓ ઘનુભાઈના ટૂંકા નામે બોલાવતા. ઘનુભાઈને લાગ્યું કે આ ગરીબ છોકરાની આગળ ભણવાની વ્યવસ્થા થાય તો સારું. છોકરો કામગરો ને કહ્યાગરો છે. એટલે કોઈને ત્યાં ભારે નહિ પડે. શ્રી ઘનુભાઈનાં એક માસીબા પ્રભાબા ત્યારે પેટલાદમાં રહેતાં હતાં. તેઓ ગરીબ લોકો પ્રત્યે હમદર્દી રાખતાં અને કોઈને બે પૈસાની મદદ કરવા જેવી હોય તો કરતાં પણ ખરાં. આવી જગાએ જો આ ગરીબ છોકરાને મુકાય તો એનું ઠેકાણું પડી જાય અને છેક સુધી તે અભ્યાસ કરી શકે એવી તેમની ગણતરી હતી. આથી, એમણે તેમને વાત કરી અને શ્રીમોટાનું પેટલાદ ભણવા જવાનું નક્કી થયું.

શ્રીમોટાને તો તેથી અતિશય આનંદ થયો, પરંતુ માબાપને એમ સંતાનની માયા મૂકવી સહેલ ન હતી. માબાપ

ભલે ગમે તેવાં ગરીબ હોય, કે ભલે તેને રહેવાનું ઠેકાણું નહિ હોય, તેમ છતાં તેઓ કદી તેમનાં સંતાનને અળગાં કરવાનું પસંદ કરશે નહિ. ભગવાને માબાપના હૃદયમાં તેમનાં સંતાનને માટે પ્રેમની કેવી સરવાણી મૂકેલી છે ?

પરંતુ આડોશીપાડોશી અને બીજાંઓએ તેમને સમજાવીને કહ્યું, 'તમે તમારા ઘરનો કે કુટુંબનો વિચાર ન કરો, પણ છોકરાના હિતનો વિચાર કરો. આવી આગળ ભણવાની તક ફરી છોકરાને નહિ મળે, એ ભણીગણીને આગળ આવશે તો તમને કંઈ ઓછો પાછળ રાખવાનો છે ? માટે ખુશ થઈને એને ભણવા માટે મોકલો.' અને એક દિવસ માબાપને પગે લાગીને શ્રીમોટા આગળ ભણવા માટે કાલોલ છોડીને પેટલાદ પહોંચ્યા.

બધું નવું નવું હતું. ગામ નવું હતું. પોતે નવા હતા અને જે ઘરે રહેવાનું હતું તે ઘર અને ત્યાં રહેતાં માણસો પણ નવાં નવાં હતાં. શ્રીમોટા તેથી અકળાયા કે મૂંઝાયા નહિ, પણ દરિયામાં જેમ પાણી એનો સમાસ કરી લે છે તેમ એમનો સમાસ એમણે ત્યાં કરી લીધો. તેઓ જાણતા હતા કે એક વખત રહેવાનું ને જમવાનું ગોઠવાઈ જાય પછી ભણવાનું તો આપોઆપ ગોઠવાઈ જશે. અને બન્યું પણ એવું જ. થોડા જ દિવસો પછી શ્રીમોટાને પેટલાદની હાઈસ્કૂલમાં બેસાડવામાં આવ્યા.

## ૨૦. બીજાને ઉપયોગી થવાની કળા

ગામ અને માબાપને છોડીને શ્રીમોટા પેટલાદમાં આવીને રહ્યા છે. બીજાને ઉપયોગી થવાનું શ્રીમોટાના લોહીમાં વણાઈ

ગયું છે. કોઈ કહે કે ન કહે તોય શ્રીમોટા ઘરમાં બધાંને મદદ કરે છે.

ઘરના વડીલને એના કામમાં મદદ કરે છે. ઘરના નોકરને એના કામમાં મદદ કરે છે. ઘરના રસોઈયાને એના કામમાં મદદ કરે છે. ઘરનાં છોકરાંને એમના કામમાં મદદ કરે છે અને એમને હસાવી રમાડીને રાજી કરે છે.

એક ગરીબનો છોકરો અભ્યાસ કરવા માટે પોતાના ઘરમાં આવીને રહ્યો છે, તેનો ખ્યાલ ઘરનાં વડીલ શ્રીમતી પ્રભાબા બરાબર રાખી રહ્યાં છે. છોકરાને રહેવાની અને ખાવાપીવાની અગવડ ન પડે માટે તેમણે નોકર તથા રસોઈયાને યોગ્ય સૂચના આપી દીધી છે. આ રીતે શ્રીમોટાનું ગાડું ગબડી રહ્યું છે.

પેટલાદ હાઈસ્કૂલના હેડમાસ્તર સોજિત્રાના શ્રી ઈશ્વરભાઈ પટેલ હતા. તેઓ વિદ્યાર્થીઓના હિતનું બરાબર ધ્યાન રાખતા. ખાસ કરીને ગરીબ અને સ્વાશ્રયી વિદ્યાર્થીઓ પ્રત્યે તેઓ ખાસ ધ્યાન રાખતા અને તેમને કાંઈ અગવડ હોય તો દૂર કરવામાં મદદરૂપ થતા. પુત્રનાં લક્ષણ પારણાંમાંથી, એ રીતે વિદ્યાર્થીઓનાં લક્ષણ તેઓ હાઈસ્કૂલમાં પ્રવેશતાં જ પારખી લેતા. આવા વિદ્યાર્થીપ્રેમી હેડમાસ્તરની દેખરેખ હેઠળ પૂજ્ય શ્રીમોટાને ભણવાનું મળ્યું હતું, તે પણ તેમનું એક સદ્‌ભાગ્ય હતું.

શ્રીમોટાએ કુદરતની રચના વિશે વિચાર કર્યો. સૂરજ અજવાળાં આપે છે. વૃક્ષો છાયા આપે છે. છોડ ફૂલો આપે છે. ફૂલો સુવાસ આપે છે. નદીઓ પાણી આપે છે. આમ, જગતની રચનામાં બધાં આપ આપ કરે છે, પણ માણસ ?

માણસ આપવાનું કામ નથી કરતો પણ લેવાનું જ કામ કરે છે. એમ કેમ ? શ્રીમોટાએ બીજા વિશે વિચાર ન કર્યો. પરમાત્માએ હાથ ને હૈયું આપવા માટે દીધાં છે, તો આપણે તેનો ઉપયોગ આપવા માટે કરવો એમ તેમણે મન સાથે દૃઢ નિર્ણય કર્યો. કોઈ મનથી આપી શકે. કોઈ તનથી આપી શકે. કોઈ ધનથી આપી શકે.

મારી પાસે ધન નથી પણ તન ને મન તો છે. તેનો ઉપયોગ મારે સૌને માટે કરવો. અને પછી તો એમને દરેક કામ કરવામાં રસ પડવા માંડ્યો. કામ કરવા જતાં મુશ્કેલી આવે તો તેઓ અકળાઈ કે મૂંઝાઈ જતા નહિ. ભલે ગમે તે થાય પણ કામ પાર પાડવું જ છે, તે રીતે કામ કરતા અને તેમનું કામ પાર પડતું. આ રીતે તેઓ બીજાને ઉપયોગમાં આવવાની કળા શીખ્યા.

## ૨૧. સેવા કઈ રીતે સહાયરૂપ થાય છે ?

પેટલાદમાં એક રંગવાળા શેઠ હતા. તેઓ ઉદાર અને ધાર્મિક વૃત્તિના હતા. તેમને ત્યાં ઘણા સાધુસંતો આવતા. આથી, લોકોને કથાકીર્તન અને સત્સંગનો સારો લાભ મળતો.

આ શેઠને ત્યાં શ્રી જાનકીદાસજી નામે એક સંત આવતા. શ્રીમોટા તેમનાં દર્શને જતા, પણ દર્શન કરીને બેસી રહેતા નહિ. તેમના ઓરડામાં કચરો વળાયો ન હોય તો વાળી નાખતા. તેમનાં કપડાં ગડી વાળીને ઠીકઠાક કરી ગોઠવી દેતા. તેમની વસ્તુઓ આડીઅવળી હોય તો તે બરાબર કરી લેતા. આમ, જેટલો વખત તેમની પાસે રહે તેટલો વખત તેઓ તેમનું કંઈ ને કંઈ કામ કરતા.

એકવાર શ્રી જાનકીદાસજી મહારાજે શ્રીમોટાને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું, 'છોકરા ! તું ક્યાં રહે છે ? શું ભણે છે ?' વગેરે વગેરે સવાલો પૂછ્યા.

શ્રીમોટાએ તેમને પોતાની બધી હકીકત કહી સંભળાવી. શ્રી જાનકીદાસજીએ તે ધ્યાનપૂર્વક સાંભળી અને અંતમાં શ્રીમોટાને માથે હાથ મૂકી બરડો થાબડતાં બોલ્યા, 'મારું કોઈ કામકાજ હોય તો જરૂર કહેજે.'

આમ, જ્યારે જ્યારે શ્રી જાનકીદાસજી મહારાજ પેટલાદ આવતા ત્યારે શ્રીમોટા તેમની પાસે દરરોજ જતા અને તેમનું જે કંઈ કામ હોય તે મૂગા મૂગા કરતા.

આવી રીતે તેઓશ્રી એકવાર પેટલાદ આવેલા. ત્યારે શ્રીમોટા મૅટ્રિકમાં ભણતા હતા. તેમણે તે વેળા શ્રીમોટાને કહ્યું, 'બેટા, તારું મૅટ્રિકનું ભણવાનું તું બે મહિનામાં પૂરું કરી નાખ.'

શ્રીમોટાએ જવાબમાં તેમને કહ્યું, 'બાપજી, હું ગરીબ છોકરો, મારી પાસે પૈસા મળે નહિ અને શી રીતે બે મહિનામાં અભ્યાસ કરી નાખું ?'

શ્રી જાનકીદાસજી મહારાજ બોલ્યા, 'બેટા, તું ગભરાઈશ નહિ. તને દરેક વિષયનો શિક્ષક નક્કી કરી આપીશ. તેમની પાસે જઈને તારો અભ્યાસ કરજે.'

આ રીતે શ્રી જાનકીદાસજી મહારાજે શ્રીમોટાને માટે દરેક વિષયના જુદા જુદા શિક્ષકો ગોઠવી આપ્યા, અને દરેક શિક્ષકને ખાસ ભલામણ કરી કે આ છોકરાને બે માસની અંદર તેનું મૅટ્રિકનું ભણવાનું બરાબર કરી આપજો. જોજો કોઈ વિષયમાં તે કાચો ના પડે.

દરેક શિક્ષકે શ્રીમોટાને તેમના વિષયનો અભ્યાસ પૂરી કાળજી અને ખંતથી કરાવ્યો અને તે વિષયોની પરીક્ષા લેવાઈ તો દરેક વિષયમાં સારા માર્ક્સ હતા.

મૅટ્રિકની પ્રિલિમિનરી પરીક્ષાને વાર હતી. અમદાવાદમાં શ્રીમોટાના મોટા ભાઈ એક શાળામાં શિક્ષક તરીકે કામ કરતા હતા. તેઓ તેમને ઘણા સમયથી મળ્યા ન હતા. એટલે તેમને મળી આવવાનું મન થયું અને તેઓ પેટલાદથી અમદાવાદ ગયા.

તેઓ એક બીજા વડીલને ઘેર ઊતર્યા. મોટા ભાઈનું ઘર તેની પાસે જ હતું. શ્રીમોટા તેમના મોટા ભાઈને મળ્યા, વાતોચીતો કરી અને બીજે દિવસે પેટલાદ જવાનું વિચારતા હતા. ત્યાં તેઓ એકાએક માંદગીમાં પટકાઈ પડ્યા. માંદગી સાધારણ નહિ પણ ચિંતાજનક હતી. જેમને ત્યાં શ્રીમોટા ઊતર્યા હતા એમણે અમદાવાદના પ્રખ્યાત દાકતરને તેમને ઘેર જોવા બોલાવ્યા. તેમણે શ્રીમોટાને બધી રીતે તપાસીને દવા આપી.

એક બાજુ માંદગી લંબાતી હતી અને બીજી બાજુ મૅટ્રિકની વાર્ષિક પરીક્ષા નજીક આવતી હતી. દાકતરની દવા, વડીલોની સેવાકાળજી અને શ્રીભગવાનની કૃપાથી શ્રીમોટા સાજા તો થયા, પરંતુ તેઓ ઘણા નબળા પડી ગયા હતા. દાકતરની સલાહ એવી હતી કે ચાલુ સાલ મૅટ્રિકની પરીક્ષા ન આપવી ને બરાબર આરામ લેવો એ જ તેમને માટે હિતાવહ છે.

આ સ્થિતિમાં શ્રીમોટા પેટલાદ પહોંચ્યા. હાઈસ્કૂલમાં જઈને જોયું તો હેડમાસ્તરે તેમની પરીક્ષાનું ફૉર્મ અને ફી બંને ભરી દીધાં હતાં. શ્રીમોટાએ તેમને અમદાવાદથી માંદગી

અને દાકતરની સલાહ વિશે વાત કરી તો હેડમાસ્તરે કહ્યું કે તું બિલકુલ ચિંતા ન કરીશ. તું જરૂર સારા નંબરે પાસ થઈશ એવી ખાતરી આપી.

જોગાનુજોગ ત્યારે શ્રી જાનકીદાસજી મહારાજ પણ પેટલાદમાં હતા. એટલે શ્રીમોટા તેમને મળ્યા અને અમદાવાદમાં આવેલ માંદગી અને દાકતરની સલાહ વિશે વાત કરી. શ્રી જાનકીદાસજી મહારાજે કહ્યું, ‘તું ગભરાઈશ નહિ અને પરીક્ષા આપવાનું થયું છે તો ખુશીથી આપ. તારે પરીક્ષા આપવા માટે અમદાવાદ જવાનું છે, તો અમદાવાદ જઈને શ્રી સરયૂદાસજી મહારાજને મળજે ને તેમના આશીર્વાદ મેળવીને પરીક્ષા આપવા જજે. તારું બધું સારું થશે.’

શ્રી જાનકીદાસજી મહારાજના આ શબ્દોથી શ્રીમોટાને ઘણી હિંમત મળી. તેમની આજ્ઞા પ્રમાણે શ્રીમોટા, અમદાવાદ જઈને શ્રી સરયૂદાસજી મહારાજને મળ્યા અને તેમના આશીર્વાદ લીધા. પછી શ્રીમોટા મૅટ્રિકની પરીક્ષામાં બેઠા. પરીક્ષાના ઉત્તરો એવા સરસ લખાયા કે શ્રીમોટા મૅટ્રિકમાં સારા નંબરે પાસ થયા અને કેટલાક વિષયમાં તો ડિસ્ટિંક્શન મળ્યું હતું.

## ૨૨. શ્રીમોટાની પ્રામાણિકતા

પેટલાદમાં શ્રીમોટા વડોદરા અને કચ્છ રાજ્યના માજી દીવાન સદ્ગત મણિભાઈ જશભાઈને ત્યાં રહેતા હતા. વિશાળ કુટુંબ એટલે ઘણાં કામ હોય, પરંતુ આ કામની વ્યવસ્થા સૌને સોંપાઈ ગઈ હોય એટલે જેને જે કામ કરવાનું હોય તેની જવાબદારી તે સંભાળે.

શ્રીમોટાને ઘરનાં ઘરેણાં સાચવવાની વ્યવસ્થા સોંપવામાં આવેલી. ઘરનાં જેનાં જેનાં ઘરેણાં હોય તે બધાંય તેમને સોંપાય અને તેઓ તે તિજોરીમાં સાચવીને રાખે. જેનાં જેનાં ઘરેણાં હોય તેની નામવાર યાદીઓ રાખે. જ્યારે પહેરવા લઈ જાય ત્યારે તેને ખાતે ઉધારે અને પાછાં આપે ત્યારે જમા કરે.

ઘરમાં શ્રીમોટા ઉપર બધાંને એટલો બધો વિશ્વાસ કે ગમે ત્યારે ઘરેણાંની આપલે થાય તેમ છતાં કોઈનું કાંઈ ઓછુંવત્તું થાય નહિ. શ્રીમોટાના વહીવટની એવી ખૂબી.

એક દિવસ શ્રીમોટા તિજોરીમાંથી ઘરેણાં કાઢીને નામવાર ઘરેણાં મેળવતા હતા ત્યાં એક સુંદર વીંટી એમના જોવામાં આવી. વીંટી જુદાં જુદાં નંગોથી ઓપતી હતી. શ્રીમોટાએ આંગળીએ પહેરી જોઈ તો બરાબર બંધબેસતી આવી.

શ્રીમોટાને થયું કે હું ગરીબ માણસ જિંદગીમાં વેચાતી વીંટી લાવીને પહેરવાનો હતો ? આ તો અહીં ઘરેણાં જોવાનાંય મળે છે. બાકી, ઘરેણાં જોવા મળેય ક્યાંથી ? એમણે આંગળીએ પહેરેલ વીંટીને આમતેમ જોયા કરી. આંગળીએ વીંટી કેવી સરસ શોભતી હતી ? શ્રીમોટાને થયું, આપણે ગરીબ માણસ બાપ જન્મારામાં ક્યારે વીંટી જોવાના હતા ? માટે, આજે આંગળીએ વીંટી પહેરેલી છે તો ભલે રહી. સાંજના પાછી મૂકી દઈશ. એમ વિચાર કરીને બાકીનાં ઘરેણાં તેમણે તિજોરીમાં મૂકી દીધા. અને વીંટી પહેરીને તેઓ ફરવા લાગ્યા પણ એ તરફ કોઈનું ધ્યાન ગયું નહિ.

સાંજના કંઈક કામસર એમને ગામમાં જવાનું થયું. એટલે તેઓ બહાર નીકળ્યા. થોડે દૂર ગયા ત્યાં શ્રી

પ્રભાબાના ભાઈ એમને દેખી ગયા. શ્રીમોટાને થયું કે માર્યા. જો વીંટી દેખી ગયા તો બાર વાગી જશે. એટલે તેમણે છાનામાના ઝટપટ બીજે રસ્તેથી આવીને વીંટી પાછી હતી ત્યાં મૂકી દીધી.

રાત પડી. શ્રીમોટા ધીમે પગલે શ્રી પ્રભાબા બેઠાં હતાં ત્યાં આવી પહોંચ્યા. શ્રી પ્રભાબા તેમને જોઈને બોલ્યાં, 'કેમ ચૂનીલાલ, શા માટે આવ્યો છે ?'

શ્રીમોટાએ રડતાં રડતાં વીંટી લીધાની ને પહેર્યાની બધી વાત બની હતી તે તેમને કહી.

શ્રીમોટાની વાત ઉપરથી શ્રી પ્રભાબા તરત સમજી ગયાં કે તેમણે વીંટીની ચોરી કરી ન હતી પણ બાળકભાવે પહેરવા માટે જ લીધી હતી અને તે પાછી જેમની તેમ મૂકી દીધી છે. એટલે તેમણે હસતાં હસતાં શ્રીમોટાને કહ્યું, 'તેં વાત કરી તે સારું કર્યું. તેં વીંટી પહેરવા માટે લીધી હતી અને તે પાછી મૂકી દીધી છે. એટલે તારો ગુનો ન ગણાય. તું તારે શાંતિથી જા ને જે કામ કરતો હોય તે કર.'

શ્રીમોટા ચાલ્યા ગયા અને પોતાના કામે લાગ્યા.

શ્રીમોટા ગરીબ હતા.

તેમનું કુટુંબ પણ ગરીબ હતું.

પણ શ્રીમોટાને ભારતમાતા કહેતી હતી :

'તારા એકલાની ગરીબી સામે ના જોઈશ.
કે તારા કુટુંબની ગરીબી સામે ના જોઈશ.
આપણે કોઈ એકની નહિ,
કોઈ એક કુટુંબની નહિ,
કોઈ એક ગામની નહિ,

પણ આખા દેશની ગરીબી કાઢવાની છે.

એ વાતનો ખ્યાલ રાખજે.

યાદ રાખજે, બલિદાન વિના કશું મળવાનું નથી.'

શ્રીમોટાના દિલને ભારતમાતાની વાત સ્પર્શી ગઈ અને વડોદરા કૉલેજને એમણે સલામ ભરી. જે ભણતર પોતાની કે કુટુંબની જ માત્ર ગરીબી ટાળે એવું ભણતર શા કામનું ? જે બધાંની ગરીબી ટાળે એ જ ખરું ભણતર. આથી, એવું ભણતર ભણવા માટે અમદાવાદમાં ગાંધીજીની પ્રેરણાથી ખૂલેલી ગૂજરાત વિદ્યાપીઠમાં તેઓ દાખલ થયા.

## ૨૩. મૅટ્રિક થયા, હવે આગળ શું ?

શ્રીમોટા મૅટ્રિક થયા પણ હવે આગળ શું એવો સવાલ ઊભો થયો. કૉલેજમાં ભણવા જવું એટલે મોટો ખર્ચો જોઈએ. ઘરે તો ગુજરાનનો સવાલ હતો. એટલે ત્યાંથી તો પૈસા મળે તેમ ન હતા. એટલે કેવળ ભગવાનની દયા થાય તો જ કંઈ બને તેમ હતું.

કાલોલમાં ૧ થી ૪ ધોરણ સુધીની શાળા હતી. શ્રીમોટા ત્યાં ભણી રહ્યા એટલે ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલ નીકળી. શ્રીમોટા તેમાં ભણી રહ્યા એટલે આગળ ભણવા માટે પેટલાદ જવાનું થયું. અને ત્યાં ભણીને તેઓ મૅટ્રિક થયા.

આમ, ઈશ્વરની મરજી શ્રીમોટાને આગળ ભણાવવાની હતી, તે ઉપરના પ્રસંગ ઉપરથી કહી શકાય.

એકવાર શ્રીમોટા આગળ ભણવાનો વિચાર કરી રહ્યા હતા ત્યાં તેમને કાલોલના એક ભાઈની યાદ આવી. આ ભાઈ વડોદરા કૉલેજમાં ફેલો હતા.

તેઓ કાલોલમાં હતા ત્યારે શ્રીમોટા તેમનું કામ કરી આપતા. આથી, શ્રીમોટા ઉપર તેમનો સારો પ્રેમ હતો. શ્રીમોટા તેને જઈને મળ્યા.

ઘણા દિવસે શ્રીમોટા મળ્યા તેથી તેઓ ઘણા રાજી થયા. બંને બેઠા અને એક બીજાના ખબર પૂછ્યા. વાતવાતમાં શ્રીમોટાએ તેમને મૅટ્રિક થયાના સમાચાર આપ્યા અને હવે વડોદરા કૉલેજમાં દાખલ થવાનો વિચાર છે એમ કહ્યું.

પેલા ફેલો ભાઈએ કહ્યું, 'જો તું વડોદરા કૉલેજમાં દાખલ થવાનો હોય તો રહેવાનું મારી સાથે રાખજે. એટલે તારે રહેવાનો ખર્ચ બચી જશે.' શ્રીમોટાએ તેનો સ્વીકાર કર્યો.

શ્રીમોટાને કૉલેજમાં ભણવા માટે થોડી મદદ મળે તેમ હતી અને કરકસરપૂર્વક રહેવાનું બને તો કૉલેજનું ખર્ચ નીકળી જાય એવી શ્રીમોટાની ગણતરી હતી. એટલે શ્રીમોટા વડોદરા કૉલેજમાં દાખલ થયા અને રહેવાનું પેલા ફેલો ભાઈની સાથે રાખ્યું.

પોતાની સાથે શ્રીમોટા રહેવા આવતાં પેલા ફેલો ભાઈને થયું કે હવે તેમની રૂમનો દીદાર ફરી જવાનો. આજે રૂમમાં જે બધું આડુંઅવળું છે તે આવતી કાલે બધું વ્યવસ્થિત થઈ જવાનું. શ્રીમોટામાં એવી એક આગવી કળા હતી કે તેઓ જ્યાં જાય ત્યાં બધું ઠીકઠાક, સુઘડ અને સ્વચ્છ બનાવી દે. એટલે તેમને સૌ આવકારતા.

વડોદરા કૉલેજની હૉસ્ટેલમાં પેટલાદના નાગરકોમના બીજા ત્રણચાર વિદ્યાર્થીઓ હતા. તેઓ ભેગા મળીને એક ચાની ક્લબ ચલાવતા. તેમણે વારા ગોઠવેલા એટલે તે પ્રમાણે સૌ ચા બનાવે, પણ એમાં કાંઈ ભલીવાર આવતો ન હતો.

તેઓ શ્રીમોટાને ઓળખતા હતા. એટલે તેમણે શ્રીમોટાને કહ્યું, 'ચૂનીલાલ, તું અમારી ચા ક્લબનો કારભાર માથે લે તો સારું. તું અમારું કામ કરીશ તેના બદલામાં અમે તને કંઈક મદદરૂપ થઈશું.'

શ્રીમોટાએ ચા ક્લબની વ્યવસ્થા માથે લીધી અને ક્લબની અવ્યવસ્થા અદશ્ય થઈ. સૌને ચા નિયમિત મળવા માંડી. એ તો ઠીક પણ ચાની તપેલી અને પ્યાલા જે કલાકો સુધી ધોવાતાં ન હતાં તે ચા પતી જતાંની સાથે જ બરાબર વ્યવસ્થિત ધોવાઈને જે તે ઠેકાણે મૂકી દેવાતાં. ચા ક્લબ સુઘડ અને સ્વચ્છ દેખાવા લાગી.

છોકરાઓએ આવું કામ કોઈ દિવસ ઘરે કર્યું ના હોય એટલે તેમને માથાકૂટિયું લાગે, પણ શ્રીમોટા તો આવા કામથી ટેવાઈ ગયા હતા. એટલે તેમને આ કામ રમત સમાન હતું.

શ્રીમોટાનું ચા ક્લબનું આવું સારું કામ જોઈને છોકરાઓ ખુશ થયા. તેઓ સિનેમા જોવા જતા ત્યારે શ્રીમોટાને પણ સિનેમા જોવા લઈ જતા.

## ૨૪. સિનેમાનો ચસકો, બાવાએ ઝડપ્યા !

કૉલેજમાં છોકરાઓ શ્રીમોટાને સિનેમા જોવા લઈ જતા. એમાંથી શ્રીમોટાને સિનેમા જોવાનો ચસકો લાગ્યો. કોઈ વાર છોકરાઓ એકલા સિનેમા જોવા જતા રહે ત્યારે શ્રીમોટાને થાય કે મને મૂકીને તેઓ ચાલ્યા ગયા. ચાલ, હુંય સિનેમા જોવા જાઉં.

એકવાર શ્રીમોટાને સિનેમા જોવાનું બહુ મન થયું. ગમે તેમ કરીને પણ સિનેમા જોવા જવું એવું એમણે નક્કી કર્યું.

પણ આવું થતું હતું ત્યારે તેમના મનમાં એક ગડમથલ ચાલી રહી હતી. પોતાને જે મદદ મળે છે તે સિનેમા જોવા માટે કે ભણવા માટે ? આવો સવાલ મનમાં થતાં તરત એમના મનમાં દૃઢ થઈ ગયું કે ભણવા માટે મળતાં નાણાંનો ઉપયોગ સિનેમા માટે ના થઈ શકે. અને ત્યારથી એમણે સિનેમા જોવાનો ચસકો છોડ્યો તે છોડ્યો. આ પછી છોકરાઓએ તેમને ઘણી વાર સિનેમા જોવા આવવા કહ્યું, પણ તેઓ સિનેમા જોવા ન ગયા તે ન જ ગયા.

વડોદરા હૉસ્ટેલમાં ખાવાનો ખર્ચ ઘણો આવતો. શ્રીમંતના છોકરાઓ કૉલેજમાં ભણવા આવે. દર અઠવાડિયે મિજબાનીઓ થાય. બીજી રીતે પણ ખાવામાં કરકસરની વાત નહિ એટલે સ્વાભાવિક રીતે જ ખર્ચ વધુ આવે. શ્રીમોટા તો કોઈની મદદથી ભણતા હતા. એટલે તેમને વધુ ખર્ચ કેવી રીતે પોસાય ?

વડોદરા શહેર ગાયકવાડ સરકારની રાજધાનીનું ગામ. એટલે ત્યાં વીશીઓ ઘણી હતી. એટલે કોઈ વીશીમાં કદાચ સસ્તું અને સારું ખાવાનું મળી જાય એમ માની એવા સ્થળની શોધ કરવા માંડી. વિચારતાં વિચારતાં વૈષ્ણવ હવેલી એમને યાદ આવી.

વૈષ્ણવ હવેલીઓમાં ભગવાનને ધરાવાતો પ્રસાદ તેના મુખિયાજી પાસેથી પતરાળીમાં મળતો હોય છે. આ પ્રસાદ સારી રીતે રંધાયેલો હોય છે ને તેમાં ચોખ્ખું ઘી વપરાય છે તેમ છતાં તે સસ્તો મળે છે.

આથી, વૈષ્ણવ હવેલીના મુખિયાજીને મળીને જમવાનું એમણે ત્યાં જ ગોઠવ્યું, પરંતુ એમાં મુશ્કેલી એક જ હતી.

વડોદરા કૉલેજ ગામને એક છેડે અને વૈષ્ણવ હવેલી ગામને બીજે છેડે. એક પૂર્વમાં તો બીજી પશ્ચિમમાં. જવા આવવામાં બે કલાક જેટલો સમય જાય.

સમયના ઉપયોગ માટે તેઓ વાંચતાં વાંચતાં જાય ને વાંચતાં વાંચતાં પાછા ફરે એમ ગોઠવ્યું. એક દિવસ આવી રીતે તેઓ વડોદરા કૉલેજથી નીકળીને વાંચતાં વાંચતાં વૈષ્ણવ હવેલી તરફ જઈ રહ્યા હતા. લહેરીપુરા દરવાજો વટાવીને જ્યાં તેઓ માંડવી દરવાજા પાસે આવ્યા ત્યાં કોઈકે એમને પકડ્યા અને ધક્કો મારી માંડવી દરવાજાની મેડી ઉપર લઈ જવાનું કર્યું. આ બધું એટલી ત્વરિત ગતિએ થયું કે શ્રીમોટાને સમજ ના પડી કે શું થઈ રહ્યું છે, પરંતુ જ્યાં એમને માંડવી દરવાજાની મેડીએ ધક્કે ચઢાવીને લીધા ત્યાં તેમને એની ભયંકરતા સમજાઈ. કોણ જાણે ક્યાંથી એમનામાં એવું જોર આવ્યું, અને પકડનારને એવો ધક્કો માર્યો કે તે પડતો પડતો રહી ગયો અને શ્રીમોટા એની પકડમાંથી છટકીને નાઠા. નાસતાં નાસતાં એમણે ‘બાવે પકડ્યો, બાવે પકડ્યો’ એવી બૂમાબૂમ કરી મૂકી.

શ્રીમોટાની બૂમ સાંભળીને આસપાસથી લોકો દોડી આવ્યા અને ‘ક્યાં છે બાવો ? ક્યાં છે બાવો ?’ બોલતાં બાવાની તપાસ કરવા લાગ્યા, પરંતુ બાવાની પકડમાંથી જેમ શ્રીમોટા નાઠા એમ બાવો પણ નાસીને ક્યાંનોય ક્યાંય ચાલી ગયો હતો તે ક્યાંથી હાથ આવે ?

આ બનાવનો પડઘો એવો પડ્યો કે પછી વડોદરામાં બાવા બંધ થઈ ગયા.

માંડવી દરવાજેથી નાસતાં નાસતાં શ્રીમોટા વૈષ્ણવ હવેલીમાં આવ્યા ત્યારે એમનો હાંફ માતો ન હતો. બધાંએ

એમને પૂછ્યું કે શું થયું છે ને કેમ હાંફે છે ત્યારે શ્રીમોટાએ સૌને માંડીને વાત કહી. કેટલોય વખત તેઓ બેઠા ત્યારે માંડ સ્વસ્થ થયા. પછીથી જમીને તેઓ વડોદરા કૉલેજમાં પહોંચી ગયા.

પાછળથી એમને મદદ કરનાર શ્રી પ્રભાબાએ જ્યારે આ વાત જાણી ત્યારે એમણે શ્રીમોટાને વૈષ્ણવ હવેલીમાં જમવાનું બંધ કરાવ્યું.

## ૨૫. ગાંધીજીની હાકલ ને વડોદરા કૉલેજ છોડી

આ રીતે શ્રીમોટા વડોદરા કૉલેજનું પહેલું અને બીજું વર્ષ પૂરું કરીને જુનિયર બી.એ.માં આવ્યા.

તેમનું ભણવાનું કામ બરાબર ચાલતું હતું. તેમની ભણવાની પ્રગતિ જોઈને સૌ કોઈ કહેતું હતું કે જરૂર તેઓ કોઈ મોટા અમલદાર થશે, પણ ભાવિમાં શું બનવાનું હતું તેની ક્યાં કોઈને ખબર હતી ?

શ્રીમોટા તેમના વર્તુળમાં સૌના પ્રીતિપાત્ર હતા. અને હોશિયાર વિદ્યાર્થી તરીકે તેમની બધે નામના હતી.

એવામાં સને ૧૯૨૦-'૨૧ના દિવસો આવ્યા.
ગાંધીજીએ સરકાર સામે સત્યાગ્રહ જાહેર કર્યો.
તેમણે સરકારી નોકરોને હાકલ કરી,
સરકારી નોકરીમાંથી રાજીનામાં આપો.
તેમણે પ્રજાને આદેશ આપ્યો,
વિદેશી માલનો બહિષ્કાર કરો.
તેમણે વકીલોને જણાવ્યું,
કોરટ-કચેરીઓનો ત્યાગ કરો.

તેમણે વિદ્યાર્થીઓને કહ્યું,

સરકારી કૉલેજોનો બહિષ્કાર કરો.

આ રીતે સરકારની સામે ગાંધીજીએ એક બહિષ્કારનો જંગ ખડો કરી દીધો.

એની સાથે કેટલાય સરકારી નોકરોએ નોકરી છોડી દીધી.

કેટલાય વકીલોએ કોરટ-કચેરીઓ છોડી દીધી.

ગામેગામ વિદેશી માલની હોળીઓ થઈ.

કેટલાય વિદ્યાર્થીઓએ સરકારી કૉલેજોનો ત્યાગ કર્યો.

દેશને માટે, આખો દેશ ભોગ આપી રહ્યો હતો ત્યારે શ્રીમોટાથી મૂગા કેમ બેસી રહેવાય ?

શ્રીમોટા પણ કૉલેજ છોડવાને તૈયાર થયા.

કેટલાય લોકોએ તેમને કહ્યું, 'તમે આ શું કરો છો ?'

'તમે તમારા કુટુંબ સામે જુઓ !'

'તમારી ગરીબી સામે જુઓ !'

કહેનારાંઓની વાત સાચી હતી.

## ૨૬. ફેરિયા તથા ઝાડુવાળા બની કૉલેજખર્ચ કાઢ્યું

શ્રીમોટા વડોદરા કૉલેજ છોડી અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠમાં ભણવા ગયા તો ખરા, પણ વડોદરામાં તેમના કૉલેજ ખર્ચની જોગવાઈ થયેલી હતી. જ્યારે અમદાવાદમાં તેની જોગવાઈ નવેસરથી કરવાની હતી. ભૂખ્યા રહીને કાંઈ ઓછું ભણાય છે ? ત્યારે કૉલેજમાં ભણવાનો અને રહેવાનો ખર્ચ પણ થાય જને ?

આથી, એમનો બધો ખર્ચ નીકળે એ માટે એમણે બે કામ શોધી કાઢ્યા. તેઓ વિદ્યાપીઠમાં રહેવા અને ભણવાના

ખર્ચ બદલ વિદ્યાપીઠના વાળનારા બન્યા અને ગાંધીજીના 'નવજીવન'ના ફેરિયા બની ભોજનખર્ચ કાઢ્યું.

'નવજીવન' અઠવાડિક દર રવિવારે બહાર પડે. એટલે શ્રીમોટા આગલે દિવસે શનિવારે સાંજના જઈને એક રૂપિયાની સોળ પ્રત લેખે પોતાથી વેચાય તેટલી પ્રતો લઈ આવે.

બીજે દિવસે રવિવારની વહેલી સવારે તેઓ 'ગાંધીજીનું નવજીવન, ગાંધીજીનું નવજીવન' એવી બૂમો પાડી રસ્તા અને શેરીઓ ગજાવી મૂકે. 'ગાંધીજીનું નવજીવન' ત્યારે ખૂબ વંચાતું. પાંચ પૈસા એની કિંમત. એ રીતે બધી પ્રતો વેચી નાખે. એમાંથી તેમને બાર આના રૂપિયા જેવું મળતું. તેમાંથી તેઓ જમવાનું કરતા. કોઈ વખત જમવાના પૂરા પૈસા ન હોય તો ચણામમરા ફાકીને પણ તેઓ ચલાવી લેતા.

એકવાર ગાંધીજીએ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને કહ્યું, 'તમે ભણવાની સાથે ભણાવવાનું કામ નહિ કરો તો આપણા દેશનો અંધાપો કેવી રીતે હઠશે ?

'મારી હાકલને માન આપીને તમે કૉલેજો છોડી અહીં ભણવા આવ્યા છો તે સારી વાત છે. તમારા દેશપ્રેમની હું કદર કરું છું, પણ ભલા ભાઈઓ, ગામડાંઓમાં જઈને તમે જરા જોજો તો ખરા કે અજ્ઞાનને કારણે આપણા દેશનાં લાખો ને કરોડો ભાઈબહેનો કેવાં છેતરાય છે ?

'હું તમારી પાસે એટલા માટે આવ્યો છું કે મારી વાત તમે સાંભળો અને તમારામાંથી કોઈક જ્ઞાનની મશાલ લઈને ગામડાંઓમાં જાય અને લોકોના દિલમાં જ્ઞાનનાં અજવાળાં પાથરે.'

ગાંધીજીની આવી ભાવવાહી વાણી સાંભળીને શ્રીમોટાનું

હૈયું દ્રવિત થઈ ગયું. દેશના થઈને જો દેશ માટે કામ ના કરીએ તો તે શા કામનું ? શ્રીમોટાને કવિશ્રી દલપતરામની નીચેની ચાર પંક્તિઓ યાદ આવી ગઈ :

નથી વિદ્વત્તા વાપરી દેશદાઝે,
નથી વાપરી પાઈ જો લોકકાજે;
નથી કામ કીધાં સ્વદેશાભિમાની,
વૃથા જન્મ ખોયો, કરી શી કમાણી ?

શ્રીમોટાએ વિદ્યાપીઠ છોડીને ગામડાંઓમાં સેવા કરવા જવાનું નક્કી કર્યું. આ માટે તેમણે વિદ્યાપીઠના આચાર્ય શ્રી ગિદવાણીજી પાસે ખાસ તાલીમ લીધી અને એક દિવસ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં એમણે પડાવ નાખ્યો.

ત્યારે ગામેગામ જવા માટે સડકો ન હતી. અરે ! પૂરા કાચા રસ્તા પણ ન હતા. એક તો ભરૂચ જિલ્લો, પછાત જિલ્લો, અને તેમાં વાગરા તાલુકો પછાતમાં પછાત. એમાં જોઈએ તેવાં સાધન-સગવડ ક્યાંથી હોય ? હજી તો ત્યાં કેટલાંય ગામડાં એવાં હતાં જ્યાં પોસ્ટ ઑફિસોય થઈ ન હતી. એવે સ્થળે શ્રીમોટાએ કામ કરવાનું હતું.

શ્રીમોટા પાસે હામ હતી, હૈયું હતું અને હાથપગ હતા, પણ લોકોને જ્યાં મૂળ ખાવાના જ સાંસા હોય ત્યાં ભણવા કોણ આવે ? શ્રીમોટા ત્યાંથી પાછા આવ્યા અને વિદ્યાપીઠમાં જોડાઈ ગયા.

વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને વળી ગાંધીજીએ એકવાર એવી વાત કરી કે વિદ્યાપીઠનો વિદ્યાર્થી પદવીથી નહિ પણ સેવાથી શોભે. જેઓ આવી રીતે સેવાને ઝંખી રહ્યા હોય તેમણે પદવીનો મોહ છોડી અત્યારથી જ સેવાકાર્યમાં લાગી

જવું જોઈએ. ગાંધીજીએ આગળ વધીને કહ્યું કે,

'દેશપ્રેમને માટે તમે કૉલેજ છોડી.

'દેશપ્રેમને માટે તમે સરકારી પદવીનો મોહ છોડ્યો.

'દેશપ્રેમને માટે તમે તમારાં આશા-અરમાનોને તિલાંજલિ આપી.

'જે દેશપ્રેમ માટે તમે આટલો બધો ભોગ આપ્યો, તે દેશની સેવા કરવા માટે તમે કેમ તત્પર થતા નથી ?'

ગાંધીજીના આ શબ્દોએ શ્રીમોટા ઉપર ખૂબ અસર કરી. ત્રણ મહિના પછી જ તેમની પરીક્ષા હતી અને તે પછી તેમને સ્નાતકની પદવી પણ મળવાની હતી, પરંતુ તેમણે તેની પરવા ન કરી અને વિદ્યાપીઠ છોડીને તેઓ નડિયાદ આવી સદ્‌ગત ઇંદુલાલ યાજ્ઞિક સાથે હરિજનસેવાનાં કાર્યમાં જોડાઈ ગયા.

આ રીતે ગુજરાતમાં હરિજનકાર્યની શરૂઆત નડિયાદથી થઈ. નડિયાદમાં હરિજનશાળા થઈ. નડિયાદમાં હરિજન-આશ્રમ થયો અને નડિયાદમાં શ્રીમોટાના આવ્યા બાદ હરિજનસેવાનું કાર્ય વિસ્તરવા લાગ્યું.

એવામાં સદ્‌ગત ઇંદુલાલ યાજ્ઞિક હરિજનસેવાનાં કાર્યમાંથી ફારેગ થયા.

## ૨૭. એક માણસ બે કામ કેવી રીતે કરે ?

શ્રીમોટાના મોટા ભાઈ સદ્‌ગત જમનાદાસ ભક્ત આ વખતે ક્ષયની બીમારીમાં હતા. ઘરમાં કમાનાર તેઓ એકલા અને એ જ બીમાર પડ્યા એટલે ઘરનો ખર્ચ અને માંદગીનો એમ બે ખર્ચ આવી પડ્યા.

સદ્‌ભાગ્યે ત્યારે શ્રીમોટાને એક હરિજનશાળાનું અને

બીજું હરિજનઆશ્રમનું એમ બે કામ મળ્યાં હતાં. એટલે બંનેનું વેતન પણ જુદું જુદું મળતું તેથી ઘરનું નભ્યે જતું હતું.

એવામાં શ્રીમોટાને ગાંધીજીનું તેડું આવ્યું. ગાંધીજીએ તેમને શા માટે બોલાવ્યા હશે તે વિશે તેઓ કાંઈ જાણતા ન હતા.શ્રીમોટાને ગાંધીજી પાસે લઈ જવામાં આવ્યા. ગાંધીજીએ શ્રીમોટાને પૂછ્યું, 'તમારી ઉંમર તો નાની દેખાય છે. આવી નાની ઉંમરે તમે જવાબદારીનાં બંને કામ કેવી રીતે કરી શકો ?'

શ્રીમોટાએ તેમની પરિસ્થિતિની જાણ ગાંધીજીને થાય એટલા માટે કહ્યું, 'બાપુ, અમારા ઘરમાં નાનાંમોટાં થઈને છ માણસો છે. મોટા ભાઈ બીમાર છે એટલે કમાઈ શકતા નથી, એટલે તેમની માંદગીનો અને ઘરનો બંને ખર્ચ કાઢવાનો છે. મને બે કામ મળ્યાં છે એથી અમારો બધો ખર્ચ નીકળી જાય છે.'

ગાંધીજી બોલ્યા, 'તારી વાત સાચી પણ આવડી નાની ઉંમરે તારાથી બે કામ ન થઈ શકે.'

શ્રીમોટાએ કહ્યું, 'પણ બાપુ, વિલિયમ પીટ ૨૪ વર્ષની નાની ઉંમરે ઈંગ્લૅન્ડનો વડો પ્રધાન બન્યો હતો તો હું શું નાની ઉંમરે બે કામ સાથે સંભાળી ન શકું ?'

આ સાંભળીને ગાંધીજી હસી પડ્યા પણ કંઈ બોલ્યા નહિ.

શ્રીમોટાને ગાંધીજીની મુલાકાતવાળી વાત ત્યારે તો ન સમજાઈ, પણ પાછળથી તરત એમને ખ્યાલ આવી ગયો કે શ્રીમોટા બે કામ કરે એ તો સૌને ગમતું હતું, પણ તેઓ બે પગાર લે તે કોઈને ગમતું ન હતું. આથી, ગાંધીજી સુધી આ વાત પહોંચાડવામાં આવી હતી.

ત્યાર બાદ શ્રીમોટાને તેઓ જે બે કામ કરતા હતા

તેમાંથી એક કામ પસંદ કરવાનું અને બીજું છોડી દેવાનું કહેવામાં આવ્યું.

શ્રીમોટાના સહકાર્યકરોમાંથી કોઈકે આ માટે સામા થવા અને લડવા સૂચવ્યું અને ઉશ્કેરવા પ્રયત્ન કર્યો, પરંતુ શ્રીમોટાએ વિચાર કર્યો કે જે ભગવાને બે કામ અપાવ્યાં હતાં તે ભગવાને જ હવે એક કામ કરી નાખ્યું તે માટે કોની સામે થવું અને શા માટે લડવું ? ભગવાને જે કાંઈ કર્યું હશે તે સારા માટે જ કર્યું હશે એમ માનીને તેમણે હરિજનશાળાનું કામ પસંદ કર્યું અને હરિજનઆશ્રમનું કામ છોડી દીધું.

## ૨૮. બાળકોને ગોંધી ન રખાય

સને ૧૯૧૯માં સરકારે કાળો કાયદો કર્યો. તેની સામે દેશભરમાં વાવંટોળ ઊઠ્યો.

ગામેગામ સરઘસો નીકળ્યાં ને સભાઓ ભરાઈ. 'કાળો કાયદો મુર્દાબાદ'ના નારાથી ગામો ગાજતાં થયાં. શેરીએ શેરીએ ગીતો ગવાવા લાગ્યાં :

'નહીં રખની, નહીં રખની
સરકાર જાલિમ નહીં રખની.'

દરેક ગામ અને શહેરમાં પ્રભાતફેરીઓ નીકળવા માંડી. ગાંધીજી, પંડિત મોતીલાલ નહેરુ, દાસબાપુ, લાલા લજપતરાય, સ્વામી શ્રદ્ધાનંદ જેવા દેશનેતાઓના જયજયકારથી પ્રજાશક્તિ જાગ્રત થઈ.

શ્રી ઍની બેસંટ ત્યારે મહાસભામાં પ્રમુખ હતાં. તેમણે હોમરૂલ લીગની સ્થાપના કરી અને આખા દેશમાં સરકારની સામે ચળવળ ચલાવી.

એવાં શ્રી ઍની બેસંટ એક દિવસ નડિયાદ આવવાનાં હતાં. તેમને નડિયાદની જુદી જુદી સંસ્થાઓ બતાવવાનો કાર્યક્રમ પણ રખાયો હતો. તેમાં શ્રીમોટાની હરિજનશાળાની મુલાકાતનો કાર્યક્રમ પણ રખાયો હતો.

ઘણી સંસ્થાઓમાં જવાનું હતું. એટલે દરેક સ્થળે ટૂંકમાં પતાવાય તો જ બધે સમયસર પહોંચાય, પણ આવું કાંઈ બની શક્યું નહિ ને દરેક સ્થળે મોડું થવા માંડ્યું.

શ્રીમોટાની હરિજનશાળામાં સાંજનો સમય આપેલો. તે પ્રમાણે સૌ આતુરતાથી તેમની રાહ જોતાં હતાં. એક અંગ્રેજ બાઈએ દેશનું સુકાન હાથમાં લીધું હતું. અને અંગ્રેજોને હાંકી કાઢવા હામ ભીડી હતી. આવી બાઈ હરિજનશાળામાં આવે એ તો હરિજન બાળકોનું સદ્ભાગ્ય ગણાય.

પણ જે સમય આપેલો તે સમયે તેઓ આવી શક્યાં નહિ. બીજી બાજુ આખો દિવસ વર્ગમાં પુરાઈને છોકરાં કંટાળી ગયાં હતાં. હવે શું થાય ?

શ્રીમોટા માથે ધર્મસંકટ આવી પડ્યું. છોકરાંને ફરજિયાત રોકવાં એ તો એમની ઉપર જુલમ કર્યો ગણાય. બાળકોને ગોંધી શકાય નહિ. શ્રી ઍની બેસંટ તો કેળવણીકાર છે. એટલે આ બાબત તેઓ સમજી શકશે એમ વિચારી શ્રીમોટાએ છોકરાંને છોડી મૂક્યાં.

થોડી વારે સ્થાનિક આગેવાનો સાથે શ્રી ઍની બેસંટ આવ્યાં પણ શાળામાં છોકરાં ન હતાં !

સ્થાનિક આગેવાનોએ ખિજાઈને શ્રીમોટાને પૂછ્યું, ‘ભગત, તમે આ શું કર્યું ? હવે, શ્રી ઍની બેસંટને કેવું લાગશે ? તમને છોકરાંને છોડી મૂકવાની ના કહેવરાવી હતીને ?’

શ્રીમોટા કહે, 'શું કરું ? તમે જે સમય આપેલો તેના કરતાં મોડાં આવ્યા છો. મારાથી બાળકોને કેવી રીતે ગોંધી રખાય ? છોકરાંઓ કંઈ ઘેટાંબકરાં નથી. તમે સમય સાચવી ન શકો ને તેની શિક્ષા છોકરાંને કરું ? પૂછો શ્રી ઍની બેસંટને કે આવું થઈ શકે ખરું ?' અને શ્રીમોટાએ શ્રી ઍની બેસંટને જઈને બધી વાત કરી.

શ્રી ઍની બેસંટ તો કેળવણીકાર હતાં. તેમણે હસતાં હસતાં શ્રીમોટાને કહ્યું, 'તમે છોકરાંને છોડી મૂક્યાં તે સારું કર્યું. બાળકોને ગોંધી ન રખાય.'

## ૨૯. ચમત્કાર વિના નમસ્કાર નહિ કરે

નડિયાદમાં હરિજનશાળાની પાસે મુસલમાનોની વસ્તી વધારે. શાળાનો સમય થાય એટલે ચારપાંચ તોફાની મુસલમાન છોકરાંઓ એટલામાં ને એટલામાં ફર્યા કરે. તેઓ હાહાહીહી કરે ને જેમ તેમ બોલે. બિચારાં હરિજનોનાં બાળકો શાળાએ આવે તેમને સતાવે. બાળકો શ્રીમોટાને ફરિયાદ કરે પણ શ્રીમોટા 'જોઈશું, જોઈશું' એમ કહે.

દિવસે દિવસે મુસલમાન છોકરાંઓનું તોફાન વધવા માંડ્યું. દોડતાં દોડતાં આવી તેઓ ખોબો ભરીને ધૂળ શાળાના વર્ગોમાં ફેંકીને પછી ભાગી જાય.

શ્રીમોટા તેમના કાજીને મળ્યા ને બધી વાત કરી. એ લત્તામાં બીજા જે સજ્જન મુસલમાનો હતા, તેમને પણ બધી વાત કરી.

એકવાર શ્રીમોટાએ એમને એમ પણ કહ્યું, 'અમારાં જ

છોકરાંઓ તમારાં છોકરાંઓને મદરેસા જતાં કનડશે તો તમને એ ગમશે ? અને તમારી મદરેસામાં જઈને કોઈ ધૂળ ફેંકશે તો તમે શું કરશો ? એ સહન કરશો ? માટે, મહેરબાની કરીને એ છોકરાંઓને સમજાવો તો સારું.'

પરંતુ છોકરાંઓએ કોઈની શીખ માની નહિ અને એ તો પહેલાંની જેમ જ વર્તવા માંડ્યા. શ્રીમોટાએ વિચાર કર્યો કે હવે આ છોકરાંઓ ચમત્કાર વિના નમસ્કાર નહિ કરે. એટલે એક દિવસ તેઓ લાકડી લઈને બારણા પાછળ સંતાઈ ગયા અને જેવી છોકરાંઓએ ધૂળ ફેંકી કે લાકડી લઈને બધાંય છોકરાંઓને ઝૂડી નાખ્યા. છોકરાંઓએ રોતાં રોતાં જઈને એમનાં માબાપને વાત કરી. એટલે થોડી જ વારમાં ઉશ્કેરાયેલા મુસલમાનોનું એક ટોળું નિશાળ પાસે એકઠું થઈ ગયું.

શ્રીમોટા આવું બધું બનશે એવું જાણતા જ હતા. એટલે તેઓ જેવું એ ટોળું આવ્યું કે તરત જ પોતાનાં કપડાં બપડાં કાઢી નાખીને સૌની સામે આવીને ઊભા રહ્યા અને કહેવા લાગ્યા, 'જેમણે મને મારવો હોય તે ખુશીથી મારે. તમારાં છોકરાંઓ રોજ નિશાળ પાસે આવીને તોફાન કરતા હતા. શાળામાં આવીને ધૂળ ફેંકતા હતા. બિચારાં હરિજનોનાં બાળકોને સતાવતા હતા. તમને આવીને પણ કહી ગયો કે આ બધું બંધ કરાવો, પણ તમે કશું કર્યું નહિ અને તમારા છોકરાંઓનું તોફાન વધતું ચાલ્યું. પછી શું થાય ? પછી મારાથી થાય તેમ મેં કર્યું. હવે મને મારવો હોય તેટલો મારો. તૈયાર છું.'

સમજુ મુસલમાનો તો સમજી ગયા હતા કે બધો વાંક

આપણાં છોકરાંઓનો જ છે. નિશાળ પાસે જઈને ગાળો બોલવી, નિશાળે જતાં બાળકોને સતાવવાં અને નિશાળમાં જઈને ધૂળ નાખવી આ બધું કેવી રીતે સહન થાય ? વળી, છોકરાંઓને સમજાવ્યા તોયે માન્યા નહિ, પછી શું કરે ?

પછી આગળ કશું થયું નહિ અને ટોળું જેમ આવ્યું હતું તેમ વિખેરાઈ ગયું, ત્યાર પછી છોકરાંઓએ કશું કર્યું નહિ અને નિશાળનું કામ શાંતિથી ચાલવા માંડ્યું. આ બનાવ બન્યા પછી શ્રીમોટા જ્યારે જ્યારે એ રસ્તે થઈને આવતા ત્યારે ચણામમરા સાથે લાવતા અને પેલા છોકરાંઓને તે આપતા. એ રીતે એમણે છોકરાંઓ સાથે દોસ્તી બાંધી અને બધાં બધું ભૂલી ગયાં.

## ૩૦. હરિજનોને અડકવા બદલ જ્ઞાતિબહાર !

હરિજનોને અડીએ તો નાહવું પડે એવો તે વખત હતો. એવા વખતની અંદર શ્રીમોટા હરિજનસેવાનું કાર્ય તેમના ગામમાં રહીને કરતા હતા.

હરિજનથી સવર્ણની સામે ન જવાય.

જો સવારમાં હરિજન સામો મળે તો જાણે અપશુકન થયા ગણાય. હરિજનો ત્યારે સમાજમાં આવા હડધૂત ગણાતા હતા.

એવા હરિજનોની સેવા શ્રીમોટા તેમના ગામમાં રહીને કરતા હતા.

શ્રીમોટાનાં જ્ઞાતિજનોને પણ તે હરિજનોમાં કામ કરે છે તે ગમતું નહિ. તેઓ કચવાટ પણ કરતા, પરંતુ શ્રીમોટા તે તરફ દુર્લક્ષ સેવતા.

પોતે ભલા ને પોતાનું કામ ભલું.

કોઈની સાથે બોલવું નહિ કે ચાલવું નહિ.

સવાર પડે કે ભજનો ગાતાં ગાતાં તેઓ હરિજનશાળામાં જતા હોય. બપોર થાય ને તેઓ ભગવાનનુ નામ બોલતાં બોલતાં હરિજનશાળામાંથી ઘેર જતા હોય. આ તેમનો રોજનો કાર્યક્રમ.

હરિજનો પરત્વે હિંદુઓ તરફથી અયોગ્ય વર્તાવ થતો, તે ગાંધીજીને ગમતો નહિ. અને તેમનો અણગમો તેઓ **'નવજીવન'**માં વ્યક્ત પણ કરતા. સમાજમાંથી અસ્પૃશ્યતા દૂર કરવા માટે તેઓ અનેક ઉપાયો સૂચવતા. તેઓ કહેતા, 'ધર્માંધ હિંદુઓ ભલે હરિજનોને ન અડે, પણ સમજુ હિંદુઓએ તો હરિજનો સાથે હળવુંમળવું જોઈએ. આમ, પરસ્પર હળતાં મળતાં ધીમે ધીમે અસ્પૃશ્યતા દૂર થશે.'

ગાંધીજીના આવા સૂચન ઉપરથી એવું એક સ્નેહસંમેલન સવર્ણો અને હરિજનોનું નડિયાદમાં યોજાયું. તેમાં તે વેળા નડિયાદના દેશનેતાઓ સદ્‌ગત ગોકળદાસ બાપુ અને સદ્‌ગત ફૂલચંદ બાપુજી શાહ પણ પધારેલા. શ્રીમોટા તો આ સંમેલનના યોજક એટલે તેઓ તો હોય જ. સંમેલનમાં ભાષણો થયાં અને સહુ પરસ્પર હળ્યામળ્યા. દરેકને પડિયામાં સૂકા મેવાનો પ્રસાદ વહેંચાયો અને કાર્યક્રમ પૂરો થયો.

પણ નડિયાદમાં આ બનાવે ભારે ચકચાર જગાવી. તેમાં ભાગ લેનારે જાણે તેમની જ્ઞાતિનો મોટો ગુનો કર્યો હોય તેમ તેમને જ્ઞાતિબહાર કર્યા. સદ્‌ગત ગોકળદાસ બાપુ અને સદ્‌ગત ફૂલચંદ બાપુજી શાહ જ્ઞાતિબહાર મુકાયા. શ્રીમોટા માટે પણ તેમની જ્ઞાતિમાં ગુપચુપ થવા માંડી.

પરંતુ નડિયાદમાં ત્યારે સદ્ગત ગોદડિયા સ્વામી (સ્વામી શ્રી પ્રકાશાનંદજી)નો સારો પ્રભાવ હતો. તેમની બેઠકમાં જ્યારે આ વાત નીકળી ત્યારે તેમણે કહ્યું, 'આપણો હિંદુધર્મ કેવો છે ? માણસ માણસને અડે કે હળેમળે તે માટે તેને જ્ઞાતિબહાર મુકાય છે. તમે અહીં મારી પાસે બેઠેલાંઓ જુદી જુદી જ્ઞાતિના છો. તમે એક બીજાને અડો છો કે હળોમળો છો તેથી તમને શું જ્ઞાતિબહાર મુકાય છે? તો હરિજન પણ હિંદુધર્મની જ્ઞાતિ છે. તેમને અડીએ કે મળીએ તે બદલ શા માટે જ્ઞાતિબહાર મુકાય છે તે મને સમજાતું નથી. ઈશ્વરને ત્યાં જ્ઞાતિભેદ નથી. માણસે જ જ્ઞાતિભેદ પાડેલા છે. સૌ જાણે છે કે ભેદ રાખવાથી હંમેશાં નુકસાન જ થાય છે. છતાં આપણે કેમ સમજતા નથી ? સ્વામીજીની વાણીનો પ્રભાવ સૌની ઉપર પડ્યો અને શ્રીમોટાને જ્ઞાતિબહાર મૂકવાની વાત વીસરાઈ ગઈ.

## ૩૧. સેવાનો માર્ગ સહેલો નથી.

શ્રીમોટાએ સેવાનો માર્ગ બીજાને રાજી કરવા નહિ પણ પોતાના આત્માને રાજી કરવા સ્વીકાર્યો હતો. એમાં હતાશાના આવા પ્રસંગો આવે ત્યારે નિરાશ ન થતાં પોતાનો સેવાયજ્ઞ ચાલુ રાખવો એ જ સેવામાર્ગીનો સાચો ધર્મ છે. શ્રીમોટા તેનું મહત્ત્વ બરાબર સમજતા હતા. આથી જ પેલા સહકાર્યકરે તેમને સામે થવા ને લડવા ઉશ્કેર્યા, તેમ છતાં તેઓ ઉશ્કેરાયા નહિ.

એક બાજુ ઘરમાં મોટા ભાઈ માંદા હતા તેનો ખર્ચ ચાલુ હતો. બીજી બાજુ ઘરનાં છસાત જણાં એટલે તેમનો ઘરખર્ચ ચાલુ હતો. કમાનાર શ્રીમોટા એકલા જ, એમનો

માસિક પગાર રૂપિયા પચાસ હતો. એમાંથી કુટુંબ આખાનો નિભાવ કેવી રીતે થાય ?

પરંતુ નડિયાદમાં ત્યારે તુવેરની દાળની ખળીઓ ચાલતી હતી. આ તુવેરની દાળની ખળીઓમાંથી જેને તુવેરની દાળ વીણવી હોય તેને તે કામ મળતું. મણના પાંચછ પૈસા મજૂરી મળતી. ઘરમાં બપોરના કાંઈ કામ ન હોય ત્યારે દાળ વીણવાનું કામ ચાલતું અને તેમાંથી રૂપિયો રોડો મજૂરી મળી રહેતી. આ રીતે કુટુંબનું ગાડું ગબડતું હતું.

મોટા ભાઈની માંદગી દિવસે દિવસે વધતી જતી હતી. સ્થાનિક દવાથી તેમને કશો ફાયદો ન હતો. એટલે તેમને આણંદના મિશનના દવાખાનામાં લઈ જવાનું વિચારવામાં આવ્યું હતું. ઘરમાં કઈ બચત રકમ તો હતી નહિ. એટલે મોટા ભાઈની માંદગીનો ખર્ચ દેવું કરીને જ કરવો પડે તેમ હતું. વળી, મોટા ભાઈને ક્ષય થયો હતો. ક્ષય એટલે રાજરોગ. તેમાં કેટલો ખર્ચ થશે તે કોણ જાણે ? આ બધીય ચિંતા શ્રીમોટાને માથે સવાર થઈને બેઠી હતી.

પરંતુ શ્રીમોટા મક્કમ હતા. એમણે નિર્ણય કર્યો હતો કે ભલે ગમે તેટલી મુશ્કેલીઓ આવે પણ દેશસેવાનું વ્રત નહિ છોડું તે નહિ છોડું.

જે દેશસેવા માટે મેં વડોદરા કૉલેજનો ત્યાગ કર્યો,

જે દેશસેવા માટે મેં વિદ્યાપીઠની પદવીનો મોહ છોડ્યો,

જે દેશસેવા માટે મેં મારા જીવનની કારકિર્દીનો ભોગ આપ્યો,

તે દેશસેવા માટે લીધેલું વ્રત મારાથી કેમ છોડાય અને તેઓ હરિજનસેવાનાં કાર્યમાં પૂરા જોશથી કામે લાગી ગયા.

એમણે ના જોઈ રાત કે ના જોયો દિવસ. ના જોઈ ટાઢ કે ના જોયો તડકો. ના જોયો આરામ કે ના કરી મોજમજા, પણ બસ સેવા, સેવા ને સેવાનાં કામમાં જ લાગી ગયા. શ્રીમોટાને ત્યારે સેવાની કેવી લગની લાગી હતી તેનો આ ઉપરથી ખ્યાલ આવશે.

## ૩૨. હરિને ભજતાં હજુ કોઈની લાજ જતી નથી જાણી રે

શ્રીમોટાને એક માસી. બે પૈસે સ્થિતિપાત્ર. મોટા ભાઈની માંદગી વખતે તથા શ્રીમોટાનાં લગ્ન સમયે તેમની પાસેથી થોડા થોડા કરીને પૈસા લીધેલા, તે તાત્કાલિક પાછા આપી શકાય નહિ. માસી તે આપી દેવા માટે રોજ ટકટકારો કરે.

શ્રીમોટા દરરોજ સવારના સાતેક વાગ્યાને સુમારે ઘરેથી ચા પીને પછી હરિજનશાળાએ જવા નીકળે. રસ્તે ભજન ગાતાં ગાતાં જાય,

‘દીનાનાથ દયાળ નટવર હાથ મારો મૂકશો મા.’

‘મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે....’

આવાં ભજનો મોટેથી ગાતાં ગાતાં તેઓ નિશાળને રસ્તે જાય. વચ્ચે માસીનું ઘર આવે. શ્રીમોટાનાં ભજનનો સૂર સાંભળે અને માસી બારીએ આવીને ઊભાં જ હોય. શ્રીમોટા તેમના ઘર પાસેથી ગાતાં ગાતાં નીકળે કે તરત તેમણે બૂમ પાડી જ હોય, ‘ચૂનિયા, ઊભો રહે.’

માસીની બૂમ સાંભળતાં જ શ્રીમોટા ઊભા રહે. ઊંચે નજર નાખે તો બારીમાં માસી ઊભાં જ હોય. શ્રીમોટા તેમને

જોઈને બોલે, 'કેમ, માસી શું કામ છે ?'

માસી કટુ સ્વરે બોલે, 'અલ્યા, મારા રડ્યા તું જાણે છે તોય કામ પૂછે છે !'

'થોડા દિવસમાં આવી જશે હો, માસી !' શ્રીમોટા બોલે, અને પછી ભજન ગાતાં ગાતાં નિશાળને પંથે પડે.

આવી રીતે માસીએ બેચાર વાર કહ્યું હશે અને શ્રીમોટાએ, 'આવી જશે, આવી જશે, માસી' એવો જવાબ પણ આપ્યો હશે, પણ રકમની સગવડ થઈ ન હોય એટલે માસીને કેવી રીતે રકમ આપે ?

આથી, એક દિવસ સવારમાં શ્રીમોટા નિશાળે જતા હતા તે સમયે માસી રસ્તામાં આવીને ઊભાં રહ્યાં. મનમાં સખત દાઝે ભરાયેલાં કે, 'આજે ચૂનિયો આવે તો તેને ધધડાવી જ નાખું. એના મનમાં સમજે છે શું ? આપીશ, આપીશ કહે છે તો આપતો કેમ નથી ?'

ત્યાં દૂરથી શ્રીમોટાનાં ભજનનો સૂર સંભળાયો, 'હરિને ભજતાં હજુ કોઈની લાજ જતી નથી જાણી રે.'

શ્રીમોટા ભજન ગાતાં ગાતાં માસીના ઘર પાસે આવ્યા, ત્યાં માસીએ તેમને ઊભા રાખ્યા. પછી માસીએ વાણીનો મારો ચલાવ્યો, 'અલ્યા ચૂનિયા, તું શું સમજે છે ? મારા રડ્યા પૈસા લેતી વેળા તને સારા લાગ્યા હતા અને આપતી વેળા ગાળિયા કાઢે છે.... ખરું ? પણ તું સમજી જજે મારા જેવી કોઈ ભૂંડી નથી.' આમ, માસીએ એમનાં કટાક્ષબાણો એવી તીક્ષ્ણ રીતે છોડવાં માંડ્યાં કે ખરેખર શ્રીમોટાએ તે નતમુખે મૂગે મોંએ સહેવાં પડ્યાં.

સવારનો પહોર. પાસે જ શાકબજાર. એટલે લોકો

શાક લેવા આવે. સૌ માસી ભાણેજનો તમાશો જોતાં જાય અને હસતાં જાય. છેવટે શ્રીમોટાએ માસીને કહ્યું, ‘માસી, તને પગે લાગું છું. બેચાર દિવસમાં ન આપી જઉં તો તને ફાવે તેમ કરજે, બસ. મને નિશાળે જવાનું મોડું થાય છે માટે મહેરબાની કરી મને જવા દે.’

‘ઠીક છે જા, પણ બેચાર દિવસમાં જો આપી ના ગયો તો મારા જેવી કોઈ ભૂંડી નથી એટલું જાણી લેજે.’ કહીને માસી તેમના ઘરમાં ગયાં. શ્રીમોટા ભજન ગાતાં ગાતાં પાછા નિશાળે ઊપડ્યા.

શ્રીમોટાનો તે દિવસ આખો શોકમય ગયો. નિશાળમાં કામ કરવામાં પણ તેમનું ચિત્ત ચોંટ્યું નહિ. વારે વારે વિચારો આવ્યા કરે. બેચાર દિવસમાં પૈસા મળશે ? નહિ મળે તો માસી શું કરશે ?

એક બાજુ શ્રીમોટા ઉપરના વિચારો કરે અને બીજી બાજુ ખરા હૃદયથી પેલું ભજન ગાય :

**‘હરિને ભજતાં હજુ કોઈની લાજ જતી નથી જાણી રે...’**

ભજન ગાયા પછી શ્રીમોટાએ પ્રાર્થના કરી કે, ‘હે ભગવાન, મારી લાજ તમારે હાથ છે. તેં બધાંયની લાજ રાખી છે તો મારી લાજ પણ રાખજે.’

અને બેચાર દિવસમાં જ શ્રીમોટાને માસી માગતાં હતાં તેટલી રકમનો મનીઑર્ડર મળ્યો. મનીઑર્ડર મળતાં શ્રીમોટાની આંખમાં હર્ષનાં આસું આવી ગયાં. તેમને થયું : મારો વહાલો કેટલો હાજરાહજૂર છે ?

નાણાં મળતાં તરત જ શ્રીમોટા માસીને ઘેર ગયા. તેમને પગે લાગી હિસાબ કરી બધી જ રકમ આપી દીધી. તોય માસી

શ્રીમોટાને દાઝ્યા ઉપર ડામ દીધા વિના રહી શક્યાં નહિ. શ્રીમોટાને ઊઠતી વેળાએ કહ્યું, 'મારા રડ્યા, રસ્તામાં તારો ભવાડો ન કર્યો હોત તો તું આટલા જલદી પૈસા આપી જવાનો હતો ?'

શ્રીમોટા કાંઈ બોલ્યા નહિ. તેમણે મૂગા મૂગા ચાલતી જ પકડી, પરંતુ જે ભજને તેમની લાજ રાખી હતી તે ભજન તો તેમના અંતરમાં વસી ગયું : 'હરિને ભજતાં હજુ કોઈની લાજ જતી નથી જાણી રે, જેની સુરતા શામળિયા સાથ વદે વેદવાણી રે.' આ ભજન તેમનું પ્રિય ભજન થઈ પડ્યું. તેથી જ જેઓ ભગવાનનું નામ લે છે, તે સૌની ઈશ્વર લાજ રાખે એટલા માટે તેમનાં મૌનમંદિરોમાં જેઓ ઈશ્વરસ્મરણ માટે બેસે છે તેમને ઉપરનું ભજન સંભળાવે છે ને ગવડાવે છે.

## ૩૩. આત્મહત્યા કરવા નર્મદાજીમાં કૂદકો માર્યો !

ઘણી ઘણી દવાઓ કરી પણ મોટા ભાઈને મટ્યું નહિ. આખરે એક દિવસ સૌને વિલાપ કરતાં મૂકી તેમણે આ દુનિયામાંથી વિદાય લીધી. ઘરનો મુખ્ય માણસ મરણ પામે એથી સૌને લાગી આવે એ સ્વાભાવિક છે. શ્રીમોટાને માથે આથી મોટી જવાબદારી આવી પડી.

અત્યાર સુધી તો શ્રીમોટાને મન એમ હતું કે મોટા ભાઈ સારા થશે એટલે કમાનાર બે જણા થઈશું અને પછી માંદગીનું દેવું વાળી દેતાં વાર નહિ લાગે. પણ આ તો ઊલટું થયું. મોટા ભાઈ જતાં દેવું વાળવાનું પણ માથે આવ્યું અને ઘરનું ખર્ચ પણ માથે આવ્યું. 'આ બેવડો બોજો મારાથી કેમ ઉઠાવાશે ?' એ ફિકરે શ્રીમોટાને ભારે ચિંતામાં નાખી દીધા. એમાંથી શ્રીમોટાને ફેફરાનો રોગ થયો. તેને કારણે તેઓ ઠીક ઠીક મુશ્કેલીમાં મુકાઈ ગયા.

ફેફરાના રોગને કારણે કોઈ વાર શ્રીમોટા ચાલતાં

ચાલતાં પડી જતા, તો કોઈ વાર શાળામાં ભણાવતાં ભણાવતાં ઢળી પડતાં. કોઈ વાર કંઈ કામે ગયા હોય અને જાહેર રસ્તા ઉપર તેઓ પડી જતા. તેમની પાસે થેલીમાં કંઈ વસ્તુઓ હોય તે વેરવિખેર થઈ જતી. સદ્‌ભાગ્યે કોઈ જતાં આવતાં સજ્જન તેમની દશા જોઈને તેઓ શુદ્ધિમાં આવે ત્યાં સુધી ઊભા રહેતા અને એ રીતે એમને રક્ષણ મળી રહેતું.

શ્રીમોટાએ રોગ મટાડવા માટે દેશી અને વિલાયતી ઘણી દવાઓ કરી પણ રોગ મટ્યો નહિ.

છેવટે શ્રીમોટા ફેફરાના રોગથી એટલા બધા કંટાળી ગયા કે તેમણે જિંદગીનો અંત લાવવાનું નક્કી કર્યું. તેઓ નર્મદાકિનારે ગયા. નર્મદામૈયા સૌને શરણું આપે છે તો મને શા માટે શરણું નહિ આપે એવો વિચાર મનમાં આવ્યો.

ચાલતાં ચાલતાં તેઓ ગરુડેશ્વર તરફ આગળ વધ્યા. રસ્તામાં એક ઊંચી ભેખડ આવી. ભેખડ ઉપરથી જોયું તો નર્મદામૈયા ધીરગંભીર રીતે વહી રહ્યાં હતાં.

શ્રીમોટાએ વિચાર કર્યો, ‘એક જ ક્ષણમાં નર્મદામાં પડીશ અને આ શરીરનો અંત આવી જશે અને શરીર જ નહિ રહે પછી ફેફરાનો રોગ ક્યાંથી રહેવાનો ?’

પછી તો શ્રીમોટાએ નર્મદાનાં જળમાં કૂદકો માર્યો. ધબાક કરતો અવાજ થયો અને શ્રીમોટા નર્મદાનાં જળમાં ઊંડા ઊતરવા લાગ્યા.

પણ આ શું ? શ્રીમોટાના પગ જ્યાં નર્મદાજીના તળિયાને સ્પર્શ્યા ત્યાં પાણીનો એક ઉછાળો આવ્યો અને તેઓ ઊંચકાયા. પાણીમાં અંધકારને બદલે તેમની આસપાસ જાણે ઝળહળ જ્યોતિનો ભાસ થયો.

શ્રીમોટાએ આત્મહત્યા કરવા માટે જ નર્મદાજીમાં કૂદકો માર્યો હતો, પણ કુદરતને એ વાત મંજૂર ન હતી. કુદરતે એમને માટે કોઈ કાર્ય નિર્માણ કર્યું હતું, તે થયા વિના એમને ક્યાંથી મરવા દેવાય ? નર્મદાજીનાં ઊછળતાં મોજાંએ શ્રીમોટાને કિનારે લાવીને મૂકી દીધા.

શ્રીમોટા ગયા હતા તો મરવા માટે પણ બચી ગયા ! ખરી રીતે તો આ એક ચમત્કાર જ હતો. પણ આ કેમ બન્યું ને શાથી બન્યું તે શ્રીમોટાને એકદમ સમજાયું નહિ, પરંતુ તેઓ એટલું તો સમજી શક્યા કે ઈશ્વરે મને કોઈ હેતુ માટે બચાવ્યો લાગે છે, નહિ તો આવું બને નહિ.

ઈશ્વર કેવો દયાળુ છે ? આપણે તેને ભૂલી જઈએ છીએ પણ તે આપણને ભૂલતો નથી.

## ૩૪. રામનામની દવા મળી

ગરુડેશ્વર બાજુથી ફરતાં ફરતાં શ્રીમોટા પાછા ચાણોદ આવ્યા. ચાણોદને સામે કિનારે ઊંચી ટેકરી ઉપર રણછોડજીનું મંદિર હતું. શ્રીમોટાને થયું ચાલ ત્યાં જાઉં. તેઓ ટેકરી ચઢી રણછોડજીના મંદિર પાસે આવ્યા તો એક સાધુબાવા ત્યાં બેઠા હતા.

શ્રીમોટાએ તેમને પ્રણામ કર્યા અને તેમની પાસે બેઠા. તેમના મનમાં ત્યારે અનેક તર્કવિતર્ક ઊઠતા હતા. તેમને થતું હતું, 'ઘરેથી નીકળ્યો હતો તો શરીરનો અંત લાવવા પણ શરીરનો અંત આવ્યો નહિ. હવે શું કરવું ?'

શ્રીમોટાએ તેઓ બેઠા હતા તે અને તેની આસપાસની જગા વાળીને ચોખ્ખીચણાક કરી દીધી. પછી સાધુબાવાની

ચીજવસ્તુઓ વ્યવસ્થિત ગોઠવી. આમ, એમણે બધી જગા સ્વચ્છ, સુઘડ અને વ્યવસ્થિત કરી દીધી.

પરંતુ તેઓ કામ કરતા હતા ત્યાં જ એમને ફેફરું ચઢ્યું ને તેઓ ગબડી પડ્યા. શરીરનાં અંગો તણાવાં લાગ્યાં. સાધુબાવાને થયું, છોકરો બિચારો બહુ હેરાન થતો લાગે છે. એટલે શ્રીમોટાને ફેફરું ઊતરી ગયા પછી પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, 'બેટા, તું બહુ દુઃખી થાય છે, તો હું તને દવા બતાવું તે કરીશ ?'

જવાબમાં શ્રીમોટાએ બે હાથ જોડી કહ્યું, 'જરૂર બાપજી.'

સાધુબાવા બોલ્યા, 'બેટા, તારે બીજી કશી દવાની જરૂર નથી. એક ભગવાનનું નામ રોજ લેજે. અને જા તને મટી જશે.'

સાધુબાવાની વાત સાંભળીને શ્રીમોટાને થયું કે બાપજીએ કોઈ જડીબુટ્ટી આપી હોત તો જરૂર રોગ મટી જાત, પણ ભગવાનનું નામ લેવાથી કંઈ રોગ મટે ?

પરંતુ તે વેળા દેશમાં ગાંધીજીની બોલબાલા હતી. તેઓ પ્રાર્થના અને ભગવાનના નામ ઉપર બહુ ભાર દેતા. આથી, શ્રીમોટાએ તેમને પત્ર લખીને પુછાવ્યું કે મને ફેફરાનો રોગ થયો છે અને નર્મદાકિનારે એક સાધુબાવાએ મને તે મટાડવા માટે ભગવાનનું નામ લેવાનું કહ્યું છે, તો તેથી મારો રોગ મટી જશે ?

જવાબમાં ગાંધીજીએ લખ્યું કે ભગવાનનું નામ લેવાથી ગમે તે રોગ મટી શકે છે. માટે, ખુશીથી ભગવાનનું નામ લે.

ગાંધીજીની વાત ઉપર શ્રીમોટાને ઘણો વિશ્વાસ. તેમના દિલમાં આ વિશેનું મનોમંથન ચાલતું હતું. એવામાં એકવાર

શ્રીમોટા વડોદરામાં શ્રી પ્રભાબાને ત્યાં ગયા હતા. ત્યાં તેમને ફેફરું ચઢવાથી દાદરા ઉપરથી ગબડ્યા અને સીધા આવ્યા નીચે. તેમને શરીરે ને મોં ઉપર બહુ ઉઝરડા થયા અને લોહી ફૂટી આવ્યું.

શ્રીમોટાની આંખ સામે ત્યારે નર્મદાકિનારાવાળા સાધુબાવા દેખાયા અને તેઓ બોલ્યા કે બેટા, રોગથી તું આટલો બધો હેરાન થાય છે, તો ભગવાનનું નામ કેમ લેતો નથી ?

શ્રી પ્રભાબાએ પણ શ્રીમોટાને બોલાવી પૂછ્યું કે ક્યાં વાગ્યું. કેટલું વાગ્યું, શું દવા કરી. તે વેળાએ શ્રીમોટાએ તેમને નર્મદાકિનારાવાળા સાધુબાવાએ ભગવાનનું નામ લેવાની જે વાત કરી હતી તેની વિગતો જણાવી. તે સાંભળીને શ્રી પ્રભાબાએ શ્રીમોટાને કહ્યું કે 'ચૂનીલાલ, તને સાધુબાવાએ રામનામની દવા બતાવી તો તું કેમ તે કરતો નથી ? ભગવાનનું નામ લેવામાં ક્યાં તારે પૈસા આપવાના છે કે બીજી કોઈ તકલીફ ઉઠાવવાની છે ? વગર પૈસાનો એ પ્રયોગ તું શા માટે કરતો નથી ?

શ્રી પ્રભાબાની વાત શ્રીમોટાના દિલમાં વસી અને તે પછી એમણે ભગવાનનું નામ લેવું શરૂ કર્યું. વાત સારી ને સાચી હોય પણ જ્યાં સુધી તેની ઘડી આવી ન હોય ત્યાં સુધી તે બની શકતી નથી, પરંતુ ભગવાનને તેમનું નામ શ્રીમોટા પાસે લેવડાવવું હશે અને એ રીતે તેના નામની ગંગા સમાજમાં વહેવડાવી હશે એટલે શ્રીમોટાને તેના નિમિત્ત બનાવ્યા. શ્રીમોટાના મુખે, 'હરિઃૐ'નું પુનિત નામ લેવાનું શરૂ થયું.

તેઓ હરતાંફરતાં 'હરિઃૐ'નું નામ લેવા માંડ્યા.

ખાતાંપીતાં 'હરિઃૐ'નું નામ લેવા માંડ્યા.

ઊઠતાંબેસતાં 'હરિઃૐ'નું નામ લેવા માંડ્યા.

સૂતાંજાગતાં 'હરિઃૐ'નું નામ લેવા માંડ્યા.

આ રીતે તેમના અંતરમાં 'હરિઃૐ'ની રટણા ચાલી અને તે રટણાએ તેમને -

નવી શક્તિ ને નવું જોમ આપ્યું.

નવી આશા ને નવી પ્રેરણા આપી.

આમ, 'હરિઃૐ'નું નામ નિત્ય લેવાથી શ્રીમોટાના રોગબોગ ભાગી ગયા. નબળાઈ અને અશક્તિ અલોપ થઈ ગયાં.

'હરિઃૐ'નું નામ નિયમિત લેવાતાં તેમની નિરાશા ને સુસ્તી ઊડી ગયાં. કામ સારાં ને ઝડપથી થવા માંડ્યાં અને દિલમાં ભાવ અને ઉત્સાહની ભરતી થવા માંડી.

આ બધું બન્યું ત્યારે શ્રીમોટાને ભગવાનના નામમાં કેવી પ્રબળ શક્તિ રહેલી છે તેની ખબર પડી !

## ૩૫. સ્મશાનમાં રાતવાસો

તમને કોઈ સ્મશાનમાં સૂવા જવાનું કહે તો તમે જશો ?

તમે તરત કહેશો, 'ના રે ભાઈ ના, અમારે સ્મશાનમાં સૂવા જવું નથી.'

પણ તમારે શા માટે સ્મશાનમાં સૂવા જવું નથી એનો તો જવાબ આપો ?

જવાબમાં તમે કહેશો, 'અરે ભાઈ, સ્મશાનમાં તો ભૂત હોય, સ્મશાનમાં તો પલીત હોય, સ્મશાનમાં તો ડાકણ હોય, સ્મશાનમાં તો પિશાચ હોય.'

સ્મશાનનું નામ સાંભળતાં આવી ચિત્રવિચિત્ર વાતો

આપણા દિલમાં ખડી થાય છે.

એવા સ્મશાનમાં શ્રીમોટા રાતવાસો કરવા જતા હતા એમ તમને કહું તો માનશો ખરા ?

તમે પૂછશો, ‘પણ મોટા સ્મશાનમાં રાતવાસો કરવા શા માટે જતા હતા ?’

કારણ કે એમને નિર્ભય બનવું હતું. જેને ભગવાનને માર્ગે જવું છે એ કશાથી ન ડરે. ભૂતથી ન ડરે. પલીતથી ન ડરે. ડાકણથી ન ડરે. પિશાચથી ન ડરે. એ કોઈથી ન ડરે.

પ્રહ્‌લાદની વાત જાણો છોને ? ભગવાનનું નામ લેવા બદલ એને કેટલો બધો ડરાવ્યો ?

ધ્રુવજી નાનકડા બાળક હતા તોય જંગલમાં એકલા તપ કરવા ગયેલા.

એમણે જંગલમાં વાઘ જોયા પણ ન ગભરાયા. સિંહ જોયા પણ ન ગભરાયા. તેઓ અજગરથી ડર્યા નહિ. વીંછી કે સાપથી ડર્યા નહિ.

આમ, જેને ભગવાનને માર્ગે જવું હોય તે કશાથી ડરે નહિ. તે સદાય નિર્ભય હોય. શ્રીમોટાને એવા નિર્ભય થવું હતું. એટલા માટે તેઓ સ્મશાનમાં રાતવાસો કરવા જતા હતા.

નડિયાદમાં બોકડ નામે એક ભયંકર જગા હતી. ત્યાં બાવળની એટલી બધી ગીચ ઝાડી હતી કે રાતે અંધારામાં એક બીજાનું મોં પણ જોઈ ન શકાય.

આ બોકડની જગામાં એક દિવસ કેટલાક ચોરો ચોરીનો માલ લઈને ભાગ પાડવા આવ્યા. ચોરો ચોરીના માલનો ભાગ પાડતા હતા, તે વખતે શ્રીમોટાએ ખોંખારો ખાધો. ચોરોને શ્રીમોટાએ ખોંખારો ખાધો તે સંભળાયો.

એક ચોરે પૂછ્યું, 'અલ્યા, કોણે ખોંખારો ખાધો ?'

બીજા ચોરે બૅટરી મારી જોયું તો શ્રીમોટાને બેઠેલા દીઠા. ચોરોએ શ્રીમોટાને તેમની પાસે બોલાવ્યા ને તરત શ્રીમોટા એમની પાસે હાજર થયા.

શ્રીમોટાને જોઈને એક ચોરે કહ્યું, 'અલ્યા, આપણું આ બધું જોઈને કાલે પોલીસને કહી દેશે. માટે આજે એને અહીં ને અહીં જ વધેરી નાખો.'

બીજાએ કહ્યું, 'ખરી વાત છે, કદાચ પોલીસનો માણસ પણ હોય. માટે છોડશો નહિ.'

શ્રીમોટાએ જોયું કે જો હું બોલીશ નહિ તો આ લોકો નક્કી મને મારી નાખશે. એટલે એમણે ચોરોને કહ્યું, 'ભાઈઓ, ગભરાશો નહિ. હું કોઈ પોલીસનો માણસ નથી કે ચોરડાકુય નથી. હું તો અહીં ઘણી વાર ભગવાનનું નામ લેવા આવું છું. તમે નિશ્ચિંત રહેજો. તમારી વાત હું કોઈને નહિ કરું.'

ચોરોમાંથી કોક બોલ્યું, 'અલ્યા, મેં આને અહીં જોયો છે ખરો. બેઠો બેઠો મોઢામાંથી કશું ગણગણતો હતો.'

બીજા કોકે કહ્યું, 'અલ્યા, મેં પણ તારા કહ્યા પ્રમાણે અહીં એક દહાડો બેઠેલો જોયો હતો.'

શ્રીમોટાએ પોતે કોણ છે, શું નામ છે, શું કામ કરે છે વગેરે વાતો ચોરોને કરી. તે ઉપરથી ચોરોને લાગ્યું કે આ માણસ ખતરનાક લાગતો નથી એટલે તેમણે શ્રીમોટાને કહ્યું, 'જા ભાઈ જા. તારે જે કરવું હોય તે કર પણ જો કોઈ દહાડો અમારી વાત ફૂટી ગઈ છે તો તારી ખેર નથી.'

શ્રીમોટા કંઈ પણ બોલ્યા વિના પોતે જ્યાં હતા ત્યાં ચાલ્યા ગયા અને જે કરતા હતા તે કરવા લાગ્યા.

## ૩૬. શ્રીબાળયોગી મહારાજનો ભેટો

એક દિવસ શ્રી હરિપ્રસાદ કંથારિયા શ્રીમોટાને મળવા આવ્યા. તેઓ નડિયાદના એક સેવાભાવી સજ્જન હતા.

શ્રીમોટાએ તેમને આવકાર આપતાં કહ્યું કે 'હરિપ્રસાદભાઈ, કેમ છો ?'

શ્રી હરિપ્રસાદભાઈએ શ્રીમોટાને કહ્યું, 'ભગત, તમને અમદાવાદમાં એક બાળયોગી મહારાજ બોલાવે છે.'

શ્રીમોટાએ આશ્ચર્ય પામતાં કહ્યું, 'મને એક બાળયોગી મહારાજ બોલાવે છે ?'

શ્રી હરિપ્રસાદ કંથારિયા બોલ્યા, 'હા, તમને અમદાવાદમાં ભદ્રમાં, સાબરમતીને કિનારે સાધુના અખાડામાં તેઓ છે. હું તેમનાં દર્શને ગયો ત્યારે તેઓ બોલ્યા કે નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો.'

આ સાંભળીને શ્રીમોટા બોલ્યા કે હું કોઈ બાળયોગી મહારાજને મળ્યો નથી અને તેઓ મને ક્યાંથી બોલાવે ?

શ્રી હરિપ્રસાદભાઈ બોલ્યા, 'એ ગમે તેમ હોય. આ તો હું તેમનાં દર્શને ગયો હતો ત્યારે તેઓ બોલતા હતા.' એટલું કહીને શ્રી હરિપ્રસાદભાઈ ચાલ્યા ગયા અને જતાં જતાં શ્રીમોટાના હાથમાં પાંચ રૂપિયાની નોટ મૂકતા ગયા. 'ભગત, અમદાવાદ જવાનું મન થાય અને પાસે ભાડું ન હોય તો જવાનું અટકી જાય એટલા માટે આપું છું.' વાત આટલેથી અટકી, પણ શ્રીમોટાના દિમાગમાં આ વાત આટલેથી અટકી નહિ, પણ ચાલુ જ રહી. તેમને થયું અમદાવાદમાં ભદ્રમાં સાબરમતીને કિનારે સાધુના અખાડામાં બેઠો બેઠો એક બાળયોગી મહારાજ બોલે છે, 'નડિયાદથી ચૂનીલાલ ભગતને

બોલાવો. જે મારું નામ જાણતો નથી, જે મારું નામ અને અમારા ગામનું નામ દઈને મને બોલાવી રહ્યો છે !' આ એક અજબ વાત હતી.

પણ અમદાવાદ કેવી રીતે જવાય ? અમદાવાદ જવા-આવવામાં આખો દિવસ જાય એટલે રજા લેવી પડે. વળી, રેલવેભાડાનો પણ સવાલ ખરો. જોકે તેના પૈસા તો હરિપ્રસાદભાઈએ આપી દીધા હતા. તેમ છતાં શ્રીમોટાનું મન અમદાવાદ જવા માનતું ન હતું. અને તેઓ અમદાવાદ ન ગયા તે ન જ ગયા. તેમ છતાં પેલા સાધુના વિચારો એમનો પીછો છોડતા ન હતા. 'નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો, નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો' એના પડઘા એમના દિલમાં પડતા હતા. આ એક આશ્ચર્યની બીના હતી.

છેવટે દિલ અને દિમાગમાંથી આ વિચારો કાઢી નાખવા માટે તેઓ અમદાવાદ ગયા. શ્રીબાળયોગી મહારાજ જ્યાં હતા ત્યાં જઈને, તેમને પ્રણામ કરીને તેમની સામે તેઓ બેઠા.

શ્રીમોટાને જોઈને શ્રીબાળયોગી મહારાજ હસ્યા અને બોલ્યા, 'આ ગયા, બચ્ચા ! ઈધર આ ઔર મેરે પાસ બૈઠ.' એમ કહીને તેમણે શ્રીમોટાને તેમની બાજુમાં બેસાડ્યા.

પંખીનું બચ્ચું એક સ્થળે સ્થિર બેસી ન રહેતાં એક ડાળથી બીજી ડાળ અને એક ઝાડથી બીજે ઝાડ જેમ કૂદમકૂદા કરી મૂકે છે તેમ શ્રીબાળયોગી મહારાજ પણ તેવી મસ્તીમાં હતા. તેઓ આમતેમ, અહીંથી તહીં અને તહીંથી અહીં ઠેકડા અને કૂદકા મારતા અને પાછા પોતાના સ્થાને આવી બેસી જતા. તેમને થાક ન હતો. તેમને જંપ ન હતો. તેમનામાં

અજબ શક્તિ હતી અને અજબ સ્ફૂર્તિ હતી.

તેમનાં દર્શને કેટલાય લોકો આવે. કોઈ ફૂલ ધરે, કોઈ હાર ચઢાવે, કોઈ પકવાનના થાળ લાવે. શ્રીબાળયોગી મહારાજ તે શ્રીમોટાને આપે અને કહે, 'ખા જા બચ્ચા.' અને શ્રીમોટા પકવાન ખાઈ જાય. આખા દિવસમાં થઈને દશ શેર-બાર શેર પકવાન આવતાં હશે. શ્રીબાળયોગી મહારાજ તે બધુંય શ્રીમોટાને ખવડાવે.

આમ, ચાર ચાર દિવસ સુધી શ્રીમોટાએ મીઠાઈઓ ખાધી અને પાંચમે દિવસે મરચાંની તીખી તમતમતી ખીચડી ખવડાવી. શ્રીમોટા તે પણ ખાઈ ગયા. છતાં શરીરમાં કશી વિકૃતિ ન થઈ. ત્યારે શ્રીમોટાને લાગ્યું કે નક્કી આ સાધુ કોઈ સમર્થ શક્તિવાળા લાગે છે.

શ્રીબાળયોગી મહારાજ સાથે શ્રીમોટા પાંચ દિવસ રહ્યા પણ તે સુદામાના સ્વપ્ન સમાન લાગ્યા. આ પાંચે દિવસ તેઓ કોઈ અજબ પ્રદેશમાં વિહર્યા હતા એમ તેમને લાગ્યું, પણ જ્યારે શ્રીમોટાએ જાણ્યું કે આ તો એક દિવસને બદલે પાંચ દિવસ થઈ ગયા હતા ત્યારે તેમના ચિત્તમાં ચટપટી થઈ અને નડિયાદ જવા માટે તેઓ આકળવિકળ થવા લાગ્યા. તેમણે શ્રીબાળયોગી મહારાજ પાસે રજા માગી અને કહ્યું, 'બાપજી, આ તો એક દિવસને બદલે પાંચ દિવસ થઈ ગયા. હવે વધારે ન રહેવાય, માટે રજા આપો.'

ત્યારે શ્રીબાળયોગી મહારાજે કહ્યું, 'ઠહર જા, ઠહર જા, બચ્ચા, ગભરા મત. હજી તો મારે તને आ માર્ગની દીક્ષા આપવાની છે અને એટલા માટે તો મેં તને બોલાવ્યો છે.'

શ્રીમોટાએ જવાબમાં કહ્યું, 'બાપજી, હું તો નોકરિયાત

માણસ છું. કુટુંબની મોટી જવાબદારી છે એટલે મારાથી વધારે રહેવાય એવું નથી. મને દીક્ષા દેવા માટે આપ જો મારે ગામ પધારશો તો મારા ઉપર મોટો ઉપકાર થશે.' એટલું બોલી શ્રીમોટાએ બાપજીને પ્રણામ કર્યા અને અમદાવાદથી નડિયાદ આવી પાછા પોતાના કામે લાગી ગયા.

શ્રીમોટા પોતાને કામે જતા હતા. ખાતાંપીતાં હતા, હરતાંફરતાં હતા, પણ અમદાવાદથી નડિયાદ આવ્યા પછી તેમનું ચિત્ત કોઈ જુદા વળાંકો તરફ પ્રયાણ કરી રહ્યું હતું તેની તેમને પોતાનેય ખબર ન હતી.

નદીમાં જેમ પ્રચંડ પૂર આવતાં તેનાં વહેણ પણ બદલાઈ જાય છે, તેમ શ્રીમોટાના જીવનમાં પ્રચંડ પૂરે પ્રવેશ કરી દીધો હતો અને તે તેમના જીવનને જાણેઅજાણે પણ નવી દિશા તરફ ગતિમાન કરી રહ્યું હતું. એ વહેણમાંથી તેઓ પાછા ફરી શકે તેમ ન હતું.

## ૩૭. બંગલો, એકાંત અને જળાશય

દાહોદમાં અંત્યજ સેવામંડળની કારોબારીની એક સભા હતી. તેથી, સવારના સાત વાગ્યાના અરસામાં નડિયાદ સ્ટેશને આવીને ટિકિટ કઢાવી, ગાડીની રાહ જોતા શ્રીમોટા પ્લૅટફૉર્મ ઉપર ઊભા હતા.

સિગ્નલ પડ્યો અને દૂરથી ગાડી આવતી દેખાઈ. શ્રીમોટા તો સભાનું કામકાજ પત્યે તરત પાછા ફરવાના હતા. એટલે તેમની પાસે થેલી સિવાય બીજું કાંઈ ન હતું.

ગાડી પ્લૅટફૉર્મમાં પ્રવેશી અને પળવારમાં તો શ્રીમોટા ઊભા હતા ત્યાંથી પસાર થઈને ઊભી રહી. શ્રીમોટાએ જગ્યા

હોય એવા ડબામાં બેસવા વિચાર્યું ત્યાં તો ડબામાંથી ઊતરી શ્રીબાળયોગી મહારાજ શ્રીમોટાની સામે આવીને ઊભા રહ્યા.

શ્રીમોટાએ તેમને નીચા નમીને પ્રણામ કર્યા અને આજે એક સભામાં જવાનું છે તેથી દાહોદ જાઉં છું એમ કહ્યું.

પણ શ્રીબાળયોગી મહારાજે જવાની ના પાડી અને ટિકિટ પાછી આપવા ફરમાવ્યું.

શ્રીમોટા જરા દ્વિધામાં પડી ગયા. તેમણે શ્રીબાળયોગી મહારાજને ફરીથી કહ્યું, 'બાપજી, અમારે તો સભામાં જવું જ જોઈએ એવો નિયમ. તેનો ભંગ ના કરાય.'

આ સાંભળીને શ્રીબાળયોગી મહારાજે તડૂકીને કહ્યું, 'અરે છોડ તેરી સભાબભા, અબ સોચ મત ઔર ટિકટ વાપસ કરકે ચલ.' બાપજી બોલ્યા, અને શ્રીમોટા સ્ટેશનમાસ્તરને ટિકિટ પાછી આપીને શ્રીબાળયોગી મહારાજને લઈને ઘર તરફ ચાલ્યા. ઘરમાં મેડે કોઈની અવરજવર ન હતી એટલે શ્રીબાળયોગી મહારાજને મેડે જ ઉતારો આપ્યો.

દાહોદ સભામાં જવાયું નહિ એટલે શ્રીમોટા નિશાળે જવાની તૈયારી કરવા લાગ્યા. ત્યાં શ્રીબાળયોગી મહારાજે તેમને બોલાવ્યા અને કહ્યું, 'દેખો, મેરે ઠહરને કે લિયે એક બંગલા નક્કી કરો.'

શ્રીમોટા બોલ્યા, 'ઠીક બાપજી'

શ્રીબાળયોગી મહારાજે આગળ ચલાવ્યું, 'લેકિન બંગલા કહાં હોના ચાહિયે, સૂના ?'

શ્રીમોટા કહે, 'બોલો બાપજી.'

શ્રીબાળયોગી મહારાજ કહે, 'બંગલા એકાંત મેં હોના

ચાહિયે ઔર પાસ મેં જળાશય ભી હોના ચાહિયે.'

શ્રીબાળયોગી મહારાજની વાત સાંભળી શ્રીમોટા વિચારવા લાગ્યા, 'બંગલો હોવો જોઈએ, એકાંતમાં હોવો જોઈએ અને પાસે જળાશય હોવું જોઈએ, આ ત્રણે કેવી રીતે મળી શકશે ?'

આથી, શ્રીબાળયોગી મહારાજને શ્રીમોટાએ કહ્યું, 'બાપજી, મારે અહીં કોઈની સાથે ઓળખાણ-પિછાણ નથી અને એકાંતમાં પાસે જળાશય હોય એવો બંગલો ક્યાંથી મળે ?'

શ્રીબાળયોગી મહારાજ કહે, 'તું ગભરાઈશ નહિ. હું તને કહું છું એવી જગા જા તને જરૂર મળશે.'

શ્રીમોટા તો શ્રીબાળયોગી મહારાજે કહ્યું હતું એવી જગાનો વિચાર કરતાં કરતાં નિશાળને રસ્તે જતા હતા. નિશાળને રસ્તે એક કાસમ શેઠનું ઘર આવતું હતું.

રોજ શ્રીમોટા ત્યાં થઈને પસાર થતા હોય અને કાસમ શેઠ તેમના ઘરને ઓટલે ઊભા હોય.તેમને શ્રીમોટા સલામાલેકુમ કરે અને કાસમ શેઠ તેનો આલેકુમસલામથી પ્રત્યુત્તર વાળે.

શ્રી કાસમ શેઠ ઓટલે ઊભા હતા. શ્રીમોટા ત્યાંથી પસાર થયા પણ તેમણે આજે સલામાલેકુમ કર્યાં નહિ એટલે બૂમ પાડી બોલાવ્યા, 'અરે ભગત, અહીં આવો, અહીં આવો. રોજ તો તમે સલામાલેકુમ કરતા હતા અને આજે કેમ ભૂલી ગયા ? કંઈ ચિંતામાં લાગો છો, ખરું ?'

શ્રીમોટાને ત્યારે ખબર પડી કે કાસમ શેઠનું ઘર વટી ગયું હતું અને વિચારમાં ને વિચારમાં પોતે આગળ ચાલી ગયા હતા, પરંતુ કાસમ શેઠની બૂમ પડતાં તેઓ થોભ્યા અને શેઠની પાસે ગયા. શ્રીમોટા બોલ્યા, 'શેઠ, માફ કરજો. વિચારમાં ને વિચારમાં આજે હું આગળ ચાલી ગયો ને

સલામાલેકુમ કરવાનું ભૂલી જ ગયો.'

કાસમ શેઠ બોલ્યા, 'કંઈ વાંધો નહિ પણ આજે તમે શી ચિંતામાં છો ?'

શ્રીમોટા કહે, 'શેઠ, મારે ત્યાં આજે એક ઓલિયા આવ્યા છે.'

કાસમ શેઠ કહે, 'ભગત, તમારે ત્યાં ઓલિયા આવ્યા એ તો તમારું ભાગ્ય ગણાય.'

શ્રીમોટા બોલ્યા, 'પણ શેઠ, એ તો રહેવા માટે બંગલો માગે છે.'

કાસમ શેઠ બોલ્યા, 'હં.... અને પછી ?'

શ્રીમોટા કહે, 'બંગલો એકાંતમાં જોઈએ અને પાછું પાસે જળાશય હોવું જોઈએ.'

કાસમ શેઠ કહે, 'અરે ભગત, એમાં તમે ગભરાઓ છો શા માટે ? મિશનના દવાખાનાની પાસે આપણો જ એક બંગલો છે. તે એકાંતમાં છે અને પાસે રામતલાવડી છે. એટલે જળાશય પણ ગણાય. બોલો. હવે કાંઈ બાકી રહ્યું ? લો, આ એની ચાવીઓ લઈ જાઓ.

શ્રીમોટા કહે, 'પણ શેઠસાહેબ, આ તો ઓલિયા. કેટલો વખત રહે તે શી ખબર ? બંગલાની તમારે જરૂર હોય અને ઓલિયા રહેતા હોય ત્યારે મુશ્કેલીમાં મુકાઈ જવાયને ! અને આ તો ઓલિયા રહ્યા. મોજમાં હોય તો ખાલી કરી આપે અને મોજમાં ન હોય તો ના પણ પાડે.

કાસમ શેઠ કહે, 'ભગત, એની ચિંતા તમે ના કરશો. જાઓ, તમારો ઓલિયો રહેશે ત્યાં સુધી અમે બંગલો માગીશું નહિ.'

શ્રીમોટાએ તો કાસમ શેઠ પાસેથી બંગલાની ચાવીનો ઝૂડો લઈ લીધો અને રાજી થતાં થતાં નિશાળે ગયા. એક વખત તો તેમના મનમાં થઈ ગયું કે ચાલ, બાપજીને જઈને ખુશીખબર આપી આવું કે તમે કહો છો તેવો બંગલો મળી ગયો છે, પણ વળી પાછું થયું કે નિશાળેથી છૂટીને ઘરે જવાનું જ છેને ! ત્યારે બધી વાત કરાશે. અને શ્રીમોટા નિશાળે જઈને તેમના કામે લાગ્યા.

## ૩૮. પેલો જાય છે તેને પથરો માર

નિશાળેથી ઘરે આવી શ્રીમોટાએ શ્રીબાળયોગી મહારાજને ખબર આપી કે તમારા વર્ણવ્યા મુજબનો બંગલો, એકાંત અને પાસે જળાશયવાળો, મળી ગયો છે.

તે જ દિવસે સાંજે તે બંગલામાં રહેવા ગયા. એ ડભાણને રસ્તે મિશનના દવાખાના પછી આવેલો છે. એનું નામ છે : **'બાપુ હાજી મંજિલ'** તે દિવસે જે સ્થિતિમાં હતો એ જ સ્થિતિમાં આજે છે.

ત્યારે આ **'બાપુ હાજી મંજિલ'** અને સામે મિશનના એક પાદરીનો-એમ બે બંગલા હતા. બસ તે સિવાય આજુબાજુ એક પણ મકાન ન હતું. બાજુમાં સો ડગલાં ચાલીએ ત્યાં રામતલાવડી હતી.

આ જ બંગલામાં શ્રીબાળયોગી મહારાજે શ્રીમોટાને ઈશ્વરી માર્ગે જવાની દીક્ષા આપી. તે વખતે શ્રીબાળયોગી મહારાજે શ્રીમોટાને કહ્યું પણ ખરું કે હું તો ધૂણીવાળા શ્રીકેશવાનંદજી મહારાજનો મોકલ્યો જ તને દીક્ષા આપવા આવ્યો છું. તારા ખરા ગુરુ તો એ ધૂણીવાળા શ્રીકેશવાનંદજી

મહારાજ જ છે. તેમની પાસે જવાનું હજી તારે બાકી છે. તેમની પાસે જાય ત્યારે તેઓ જે કહે તે પ્રમાણે કરજે.

શ્રીમોટા જ્યારે પૂ. કેશવાનંદજી પાસે ગયેલા એ વખતે એક માણસને સડક ઉપરથી જતો એમણે જોયો. તરત શ્રીમોટાને બોલાવ્યા અને કહે, 'વહ જો આદમી સડક પરસે જા રહા હૈ ઉસકો એક ઐસા પત્થર માર, કિ ઉસકા સિર તૂટ જાય.'

પૂ. કેશવાનંદજીનો આવો હુકમ સાંભળતાં જ શ્રીમોટા સડક થઈ ગયા. તેમને થયું કે બિચારો સીધો સીધો સડક ઉપર ચાલ્યો જાય છે એને શા માટે પથરો મારવાનું કહેતા હશે ? અને પૂ. કેશવાનંદજી તો કહે, પણ કશા ગુના વિના કોઈને પથરો કેમ મરાય ? શ્રીમોટા તે માણસને પથરો મારતા ખચકાતા હતા. ત્યાં તો તેઓશ્રીએ ગુસ્સે થઈને કહ્યું, 'અરે સૂનતા હૈ કિ નહીં ? મૈં કહતા હૂઁ લગાવ ઉસકે સર મેં પત્થર.'

શ્રીમોટાએ વિચાર કર્યો કે જો પથ્થર નહિ મારું તો ગુરુમહારાજ ગુસ્સે થશે. એટલે શ્રીમોટાએ જોરથી એને એવો પથ્થર માર્યો કે હમ્મ્મ્ કરતો એના કાન પાસેથી પસાર થયો.

તે સાથે જ જે બાજુથી પથરો આવ્યો હતો તે તરફ પેલા માણસે જોયું. તેને તરત ખ્યાલ આવી ગયો કે શ્રીમોટાએ જ એને પથરો માર્યો છે. એટલે તેણે શ્રીમોટા પાસે જઈને કહ્યું, 'તેં મને કેમ પથરો માર્યો ?'

શ્રીમોટા બોલ્યા, 'ભાઈ, મારી ઉપર ગુસ્સે ના થઈશ. પણ પેલા સામે બેઠા તે મારા ગુરુમહારાજ પાસે જા અને પૂછ કે કેમ પથરો મરાવ્યો ? મેં તો તેમના હુકમથી તને પથરો માર્યો છે અને તેય તને ન વાગે તે રીતે.'

પેલો માણસ ગુરુમહારાજ પાસે ગયો અને બોલ્યો, 'બાપજી, પેલા માણસ પાસે મને પથરો કેમ મરાવ્યો ? વાગ્યો હોત તો મારું માથું તૂટી જાત કે નહિ ?'

ગુરુમહારાજ હસતાં હસતાં કહે, 'ઈધર આ, ઈધર આ. જરા આરામ સે બૈઠ. પીછે સબ બાત કરતા હૂં.'

પેલો માણસ શ્રીકેશવાનંદજીની પાસે જઈને બેઠો. થોડી વાર પછી તેઓશ્રીએ એને પૂછ્યું, 'તૂ કૈસા કામ કરને કો જા રહા થા ? અચ્છા આદમી હો કે ઐસા બૂરા કામ કરને કો જાના ઠીક નહિ, ઈસલિયે હમને તુમકો પત્થર મારને કો બોલા થા.'

કંઈ પણ બોલ્યાચાલ્યા વિના લાગલો પેલો માણસ ગુરુમહારાજના પગમાં પડી ગયો અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. પછી થોડી વારે તેણે કહ્યું, 'બાપજી, તમારી વાત સાચી છે. હું એક ખરાબ કામ કરવા જ જઈ રહ્યો હતો. તમે મને પથરો મરાવીને એ કામ કરવા જતાં રોક્યો એ માટે તમારો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે.' એમ કહીને બાપજીને પગે પડી તે ચાલી ગયો.

ગુરુમહારાજ પાસે ત્યારે જેઓ બેઠા હતા તેમને ત્યારે ખબર પડી કે તેમણે તેને પથરો મારવાનું શા માટે કહ્યું હતું !

## ૩૯. મગરમચ્છ પાસે લઈ જા

એકવાર શ્રીમોટાને શ્રીબાળયોગી મહારાજ કહે, 'દેખ, મુઝે મગરમચ્છ કે પાસ લે જા.'

શ્રીમોટાએ કહ્યું, 'સારું બાપજી, પણ મારી પાસે પૈસા નથી.'

શ્રીબાળયોગી મહારાજ બોલ્યા, 'ઐસા હે ? દેખ, અભી આ જાયેગા.'

ત્યાં થોડી વાર પછી ચારપાંચ સદ્‌ગૃહસ્થો તેમનાં દર્શન કરવા આવ્યા. શ્રીબાળયોગી મહારાજ સાથે થોડી વાતચીત કરી અને બાપજીને પ્રણામ કરી જતી વખતે કોઈએ બે, કોઈએ પાંચ, એમ બાપજીને રૂપિયા ધર્યા. લગભગ પંદર-સોળ રૂપિયા થયા. તે શ્રીમોટાને આપતાં શ્રીબાળયોગી મહારાજ બોલ્યા, 'દેખ, મિલ ગયાને ? અબ મગરમચ્છ કે પાસ લે જા.'

બીજે દિવસે સવારમાં શ્રીમોટા શ્રીબાળયોગી મહારાજને લઈને નડિયાદ સ્ટેશને આવ્યા. શ્રીબાળયોગી મહારાજને ક્યાં લઈ જાઉં ? તેઓ તો કાંઈ બોલતા નથી. આમ, અમદાવાદમાં કાંકરિયે મગરમચ્છ હોય, ખંભાતમાં દરિયામાં કે ડાકોરમાં ગોમતીમાં મગરમચ્છ હોય. અથવા ડાકોરના મંદિરમાં રણછોડરાય મગરમચ્છને જોવા હોય.

'હમણાં તો આણંદની ટિકિટ લઉં. ત્યાં સુધી શ્રીબાળયોગી મહારાજ કાંઈ ઇશારો કરશે તો પછી તે મુજબની ટિકિટ આણંદથી લઈશું' એમ વિચારી આણંદથી ડાકોરની ટિકિટ લઈને બેઠા અને કલાકેકમાં તેઓ ડાકોર આવી પહોંચ્યા.

ડાકોર સ્ટેશને તેઓ મંદિરના ચોકમાં આવ્યા અને ત્યાંથી શ્રીમોટા શ્રીબાળયોગી મહારાજને ગોમતી જોવા લઈ ગયા. ત્યાં તેમણે શ્રીબાળયોગી મહારાજને મોટા મોટા કાચબા બતાવ્યા, પણ શ્રીબાળયોગી મહારાજ કહે, 'ઐસા મગરમચ્છ નહીં.'

આથી, શ્રીમોટા શ્રીબાળયોગી મહારાજને લઈને રણછોડરાયજીના મંદિરમાં ગયા. રણછોડરાયજીની મૂર્તિ બતાવતાં કહ્યું, 'દેખો યહ સબસે બડા મગરમચ્છ.' પણ શ્રીબાળયોગી મહારાજે રણછોડરાયજીને જોઈને પણ કહ્યું, 'યહ

ભી બડા મગરમચ્છ નહીં. અબ તૂ મેરે સાથ ચલ. મૈં તુજે બડા મગરમચ્છ દિખાતા હૂઁ.' એમ કહીને તેઓ શ્રીમોટાને પાછા ગોમતી ઉપર લઈ ગયા અને બધા ઓવારા અને તેની ઉપર બેઠેલા માણસો જોતાં જોતાં ગોમતીના એક ખૂણે આવેલા મકાનની દીવાલને અડીને બેઠેલા એક બેહાલ જેવા દેખાતા સાધુની પાસે લઈ ગયા અને બોલ્યા, 'ક્યોં રે ભાઈ મગરમચ્છ, ક્યા હાલ હૈ ?' એ સાધુ ત્યારે ભજિયાં ખાઈ રહ્યા હતા.

પછી તો પેલા સાધુ અને શ્રીબાળયોગી મહારાજે કેટલાય વખત સુધી ઘણી ઘણી વાતો કરી પણ તેનો એક શબ્દ પણ શ્રીમોટાને સમજાયો નહિ.

થોડી વાર પછી શ્રીબાળયોગી મહારાજ બોલ્યા, 'દેખ મગરમચ્છ, અબ અપની વાત કાફી હો ગઈ. યહ મેરા યુવાન દોસ્ત હૈ.' એમ કહીને તેમણે શ્રીમોટાને બતાવ્યા અને પછી વાત આગળ ચલાવી, 'વહ અપની સાધના કે બારે મેં કભી તુમકો આકર મિલે તો ઉસકો બરાબર બાત બતાના. ઉસકો ઐસી ઐસી બાતો મેં મત ડાલના, લેકિન જો બાત પૂછને કો આયા હો વહી બાત સહી રીત સે કહના.'

પછી શ્રીમોટાને ઉદ્દેશીને બોલ્યા, 'દેખ, યહ મગરમચ્છ કા નામ હૈ નથ્થુરામ. તેરી સાધના મેં કભી કોઈ મુશ્કેલી હો તો યહાઁ નથ્થુરામજી કી પાસ આકર પૂછ લેના.'

છેવટે ઊઠતી વખતે શ્રીબાળયોગી મહારાજે અને નથ્થુરામજીએ એમની ભાષામાં ઘણી વાતો કરી. પછી ઊઠતાં ઊઠતાં શ્રીબાળયોગી મહારાજે નથ્થુરામજીને કહ્યું, 'દેખ, મગરમચ્છ, અબ કભી મિલે ન મિલે, લેકિન યહ મેરા દોસ્ત કા બરાબર ખયાલ કરના.'

શ્રીબાળયોગી મહારાજે અને મગરમચ્છ નથ્થુરામે એક બીજાને નમસ્કાર કર્યા અને પછી ડાકોરથી નીકળીને શ્રીમોટા અને શ્રીબાળયોગી મહારાજ નડિયાદ આવ્યા.

## ૪૦. નર્મદે માત કી જય !

એકવાર શ્રીમોટા, શ્રીબાળયોગી મહારાજને લઈને નર્મદાકિનારે ચાંણોદ-કરનાળી ગયેલા. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે ઉનાળાના દિવસો હતા અને ધોમધખતો હતો. ભર બપોરનો સમય થયેલો અને તાપ તો કહે મારું કામ.

શ્રીમોટા તો પાસેની ધર્મશાળામાં શ્રીબાળયોગી મહારાજને લઈ ગયા અને મુકામ કર્યો. પેટમાં ભૂખ તો કકડીને લાગેલી પણ કોને કહે ? એવામાં શ્રીબાળયોગી મહારાજે શ્રીમોટાને નર્મદાજીમાંથી પાણી લઈ આવવા કહ્યું.

શ્રીમોટા તો કિનારે જઈ લોટામાં પાણી ભરી આવ્યા અને શ્રીબાળયોગી મહારાજ સામે જળ ભરેલો લોટો ધર્યો.

પાણી ભરેલો લોટો જોઈને શ્રીબાળયોગી મહારાજ બોલ્યા, ‘લોટા માંજ કે લાયા હૈ ?’

શ્રીમોટા લોટો માંજ્યા સિવાય જ પાણી લાવ્યા હતા એટલે તેઓ કેવી રીતે કહે કે લોટો માંજીને પાણી ભરી લાવ્યો છું ! એટલે શ્રીમોટાએ કહ્યું, ‘બાપજી, લોટો માંજ્યા વિના જ પાણી ભરી લાવ્યો છું.’

આ સાંભળીને શ્રીબાળયોગી મહારાજે કહ્યું, ‘અચ્છા, તો લોટા માંજ કે પાની લા.’

શ્રીમોટા નર્મદાકિનારે જઈને લોટો માંજીને પાણી લાવ્યા અને શ્રીબાળયોગી મહારાજ પાસે પાણી ભરેલો લોટો મૂક્યો,

પણ તેમણે શ્રીમોટાને પૂછ્યું, 'કિનારે સે લાયા કિ દૂર સે ?'

શ્રીમોટા કિનારેથી જ પાણી લાવ્યા હતા એટલે જવાબ આપ્યો, 'બાપજી, કિનારેથી પાણી લાવ્યો છું.'

આ સાંભળી શ્રીબાળયોગી મહારાજ બોલ્યા, 'ઐસા જલ નહીં ચલેગા. જાઓ નર્મદામૈયા કી અંદર જાકર લે આવ.'

શ્રીમોટા નર્મદાજીની અંદર ઊતરીને પાણી લઈ આવ્યા અને શ્રીબાળયોગી મહારાજને આપ્યું, પણ લોટો લેતાં પહેલાં શ્રીબાળયોગી મહારાજની નજર પગ ઉપર પડી. પગમાં જોડા દીઠા એટલે વળી એમણે કહ્યું, 'જૂતા પહન કે જલ લાયા ? અબ જાવ જૂતા ઉતાર કે જલ લે આવ.'

શ્રીમોટાએ જોડા કાઢી ઉનાળાના બળબળતા તાપમાં ખુલ્લા પગે નર્મદાજીની અંદર જઈને પાણી લઈ આવી શ્રીબાળયોગી મહારાજને આપ્યું.

આમ, શ્રીમોટાએ પાણી લઈ આવવા માટે કેટલીય વાર આવજા કરી. શ્રીબાળયોગી મહારાજના મનમાં કદાચ એમ હશે કે ચેલો હુકમપાલન કરે છે કે નહિ ? શ્રીબાળયોગી મહારાજે શ્રીમોટાની હુકમપાલનની કસોટી કરી ને શ્રીમોટાએ જરાય કંટાળ્યા વિના પ્રેમપૂર્વક આજ્ઞાપાલનનો ધર્મ પાળ્યો.

પણ ભૂખથી શ્રીમોટા આકુળવ્યાકુળ થઈ રહ્યા હતા. 'ક્યાંકથી કંઈક ખાવાનું મળે તો સારું, જેથી પેટનો અગ્નિ સંતોષાય.' એવો શ્રીમોટા વિચાર કરતા હતા એવામાં જ એક રૂપવતી કન્યા રૂમઝૂમ પગલે હાથમાં ચાંદીનો થાળ લઈને આવી પહોંચી અને ઓરડામાં થાળ મૂકીને વળતે પગલે ગુપચુપ ચાલી ગઈ. શ્રીમોટાએ તે પ્રેમપૂર્વક ખાઈને ઉદરતૃપ્તિ કરી અને ભોજન કર્યાની તૃપ્તિનો ઓડકાર લીધો.

સાંજના કોઈ ભરવાડણ કન્યા રોટલા, દૂધ અને માખણ લઈને આવી અને શ્રીમોટાએ તે જમ્યાનો સંતોષ ને આનંદ માણ્યો. બીજે દિવસે જર્મન સિલ્વરના થાળમાં ભોજન લઈને એક સ્વરૂપવાન કન્યા આવી અને થાળ મૂકીને ચાલી ગઈ.

શ્રીમોટાને તે જમવામાં ખૂબ મજા પડી. શ્રીમોટાને આ કન્યાઓ કોણ છે અને ક્યાંથી આવે છે તેની ખબર પડી નહિ. આ બાબત શ્રીબાળયોગી મહારાજને તો કેવી રીતે પુછાય ? ખૂબીની વાત એ હતી કે થાળ લઈને કન્યાઓ આવી પણ કોઈ તે થાળ લઈ ગઈ નહિ, તે વિસ્મયજનક વાત હતી.

ત્યાં શ્રીબાળયોગી મહારાજે આદેશ આપ્યો, ‘અબ ચલો જહાઁ સે આયે વહાઁ વાપસ ચલે.’ શ્રીમોટા ઊઠ્યા અને બધાં વાસણો લઈ લીધાં. એમના મનમાં એમ કે કોઈ વાસણો લેવા આવ્યું નથી એટલે સાથે લઈ જવાનાં હશે.

ધર્મશાળામાંથી બહાર આવ્યા બાદ શ્રીબાળયોગી મહારાજ ગામ તરફ જવાને બદલે નદી તરફ વળ્યા. શ્રીમોટા પણ તેમની પાછળ પાછળ સાથે ગયા, હાથમાં વાસણ હતાં અને તેનો ખખડાટ થતો  હતો.

નદી આવી એટલે શ્રીબાળયોગી મહારાજ બોલ્યા, ‘સબ બરતન નદી મેં ડાલ દો.’

શ્રીમોટાએ પૂછ્યું, ‘આ ચાંદીનો થાળ પણ ?’

શ્રીબાળયોગી મહારાજે જરા ક્રોધિત સ્વરે જવાબ આપ્યો, ‘તો ક્યા યહ તેરે બાપકે હૈં ? જિસકા હૈ ઉસકો દેના ચાહિયે કિ નહીં ?’

ત્યારે શ્રીમોટાને ખબર પડી કે આ જમાડવા આવનાર બીજું કોઈ નહિ પણ નર્મદામૈયા પોતે જ હતાં અને તેઓ જુદાં જુદાં રૂપમાં કન્યાસ્વરૂપે પધાર્યાં હતાં અને શ્રીબાળયોગી મહારાજનું સ્વાગત કર્યું હતું. આ જાણતાં જ શ્રીમોટા આનંદ-વિભોર બની ગયા અને તેમના મુખમાંથી સહજ ઉદ્‌ગાર નીકળી પડ્યા, 'નર્મદે માત કી જય' અને માતાની જયના પોકાર સાથે તેમની પાસે હતાં તે બધાં વાસણો નર્મદામૈયાનાં જળમાં પધરાવી દીધાં.

કોઈને આ ચમત્કારિક કે કાલ્પનિક ઘટના લાગે પણ શ્રીમોટાની આ જાતમાહિતીની અને પ્રત્યક્ષ અનુભવેલી વાત છે.

શ્રીબાળયોગી મહારાજની સમર્થ શક્તિનો શ્રીમોટાને અગાઉ પરિચય થયેલો હતો, પણ આ પ્રસંગથી તેમના સામર્થ્યની મહોર વાગી.

## ૪૧. અહીં તારો આશ્રમ થશે

નડિયાદમાં જેટલા દિવસ શ્રીબાળયોગી મહારાજ રહ્યા તે દરમિયાન થોડા દિવસ હાલના હરિઃૐ આશ્રમને સ્થળે પણ તેઓ આવીને રહેલા.

ત્યારે આજે આશ્રમને જેટલું વિસ્તારવાળું ચોગાન છે તેટલું ન હતું. ત્યારે નદીનો ઢોળાવ જરા સીધો હતો અને તે ચઢવા ઊતરવામાં ઘણો આનંદ આવતો.

નદીમાંથી ઢોળાવ ચઢીને વડની પાસે આવીએ એટલે એક નાનકડું છાપરું દેખાય. તેમાં એક કબીરપંથી સાધુ રહે. છાપરાની પાસે જ એક કૂઈ હતી અને આજેય તે કૂઈ છે.

નદીમાં પાણી હોય ત્યારે તો કોઈ તેમાંથી પાણી પીવા

આવે નહિ, પરંતુ ઉનાળામાં જ્યારે કોઈ વાર પાણી સુકાઈ જાય ત્યારે કૂઈનું પાણી પીવા સૌ આવે.

એક કૂઈ, એક છાપરું અને એક મોટો વડલો અને આસપાસ થોડી જગા. જાણ્યાઅજાણ્યા માણસો આવે, ઘડી વાર બેસે અને પછી ચાલ્યા જાય. ચલમના બંધાણી હોય તે મહારાજ પાસે બેસે અને ચલમ પીને જાય.

શ્રીમોટા શ્રીબાળયોગી મહારાજને અહીં લઈ આવ્યા. ગામમાંથી તેમને માટે ભાથું આવે તેવી વ્યવસ્થા શ્રીમોટાએ કરી હતી. શ્રીમોટા પણ શ્રીબાળયોગી મહારાજની સાથે રાત્રિ અહીં જ ગાળતા.

શ્રીબાળયોગી મહારાજ શ્રીમોટાને વડલાની એક ડાળે બેસાડતા. આખી રાત તે ડાળ ઉપર બેસાડીને તેમની પાસે ઈશ્વરસ્મરણ કરાવતા.

શ્રીમોટા એ ડાળ સૌને બતાવીને તેની વાત કરતાં કહેતા, ‘એકવાર રાતે સ્મરણ કરતાં કરતાં મને ઝોકું આવી ગયું. શ્રીબાળયોગી મહારાજ તે જોઈ ગયા હશે. તરત પથરો ઉઠાવી તેમણે મને માર્યો. મારી જાંઘમાં વાગ્યો. કોઈ વાર જ્યારે વાદળાં આવે છે ત્યારે જે જગ્યાએ જાંઘમાં પથરો વાગેલો ત્યાં દુઃખે છે અને પેલા પ્રસંગની યાદ કરાવે છે. શ્રીબાળયોગી મહારાજે મને તતડાવેલો પણ ખરો અને કહેલું કે, ‘ભગવાન કા નામ બરાબર જાગ્રત હો કે લે. અગર દૂસરી દફે જરા ભી ગફલત હુઈ, દૂસરા પત્થર લગાઉંગા.’

આ રમ્ય સ્થળ શ્રીબાળયોગી મહારાજને ઘણું ગમી ગયેલું. અજવાળી રાત હોય, ચાંદની ખીલી હોય, નિરભ્ર આકાશ હોય, તારાઓ નાના દીવડાની જેમ આકાશમાં ઝબકી

રહ્યા હોય અને ચંદ્ર બધાંને શોભા આપી રહ્યો હોય, ખળખળ નદી વહી રહી હોય અને તેને કિનારે મડદું બળી રહ્યું હોય.

શ્રીબાળયોગી મહારાજ આ બધું જ જોઈ રહ્યા છે, પણ તેઓ કંઈ બોલતા નથી. જાણે તેઓ કોઈ ગહન વિચારમાં પડી ગયા હોય એમ ગંભીર બની ગયા છે. છેવટે તેઓ સમાધિમાંથી જાગ્યા હોય એમ ખોંખારો ખાધો અને તાળી પાડીને શ્રીમોટાને બોલાવ્યા અને કહ્યું, 'બચ્ચા, તેરા ઈધર આશ્રમ હોગા. ઔર જૈસા તૂ ઈશ્વર કા નામ લેતા હૈ, વૈસા સબ લોગ ઈધર ઈશ્વર કા નામ લેંગે.'

શ્રીમોટા શ્રીબાળયોગી મહારાજની સામે આશ્ચર્યથી જોઈ રહ્યા. તેમણે શું કહ્યું ? અહીં તારો આશ્રમ થશે અને તું જેવી રીતે ઈશ્વરસ્મરણ કરે છે તેવી રીતે બધાં અહી ઈશ્વરસ્મરણ કરવા આવશે.

આ બની શકે તેવું હતું ?

'કોણ મને પૈસા આપશે અને કેવી રીતે હું આશ્રમ બનાવવાનો ?' શ્રીમોટાની સમજમાં કંઈ આવતું ન હતું.

## ૪૨. 'તુજ ચરણે'ની પ્રાર્થના રચી

મિશન રોડના જે મકાનમાં શ્રીબાળયોગી મહારાજે શ્રીમોટાને દીક્ષા આપી તે જ મકાનમાં પાછળથી હરિજન છોકરાંઓ માટે એક આશ્રમ થયો હતો.

આશ્રમની સામે મિશનના ચર્ચના એક પાદરી રહેતા હતા. શ્રીમોટા અને પાદરી અવારનવાર પંદર પંદર દિવસે એક બીજાને મળતા અને ધાર્મિક સત્સંગ કરતા.

એકવાર બંને આવો સત્સંગ કરતા હતા, તેમાંથી

પાદરીએ કહ્યું, 'તમારા ધર્મમાં પંથો ઘણા, દેવોય ઘણા અને પુસ્તકોય ઘણાં, જ્યારે અમારામાં એક જ ધર્મ, એક જ દેવ અને એક જ પુસ્તક. બાઈબલ અમારું એક જ ધર્મપુસ્તક અને ઈશુખ્રિસ્ત અમારા એક જ ભગવાન.'

શ્રીમોટાને થયું, પાદરીની વાત તો સાચી. આપણે ત્યાં જુદા જુદા ઘણા ધર્મપંથો, જુદા જુદા ઘણા દેવો અને જુદાં જુદાં ધર્મપુસ્તકો પણ ઘણાં. એક જ પુસ્તક કે એક જ પ્રાર્થના કરવાથી આ જગતના નિયંતાને સમજાય એવું હોય તો સારું એમ શ્રીમોટાને લાગ્યું.

શ્રીમોટાને રાતના આ વિચાર આવ્યો અને રાતના જ તે અંગે લખવા બેઠા અને રાતના જ તે લખવાનું પૂરું કર્યું. આ પ્રાર્થનાની શરૂઆત શ્રીમોટા કેવી રીતે કરે છે ?

જેને હિમાલય સ્તવે ધરી શ્વેત વસ્ત્રો,
વ્યોમે વધીય મળવા ઘણું ઉર ચ્હાતો,
જેને નદી કર વડે નિત અંજલિ દે,
વંદું મૂકી ચરણમાં શિર તાતને તે.

અને પરમાત્માની પ્રાર્થના કરતાં અને તેનો મહિમા ગાતાં તેઓ આગળ વધે છે. તે કેવો છે અને સંસારની સકળ વસ્તુઓમાં કેવી રીતે વ્યાપેલો છે અને નાનાંમોટાં કેવી રીતે તેની ઉપાસના કરે છે ?

જેના સ્મિતે ફૂલ ખીલી પદ વાસ અર્પે,
જેના ગુણો સ્વર મીઠે ખગ ગુંજતા, ને
દે વ્યોમ ભાન કંઈ જેની વિશાળતાનું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

• • •

સંધ્યા હંમેશ પીંછી દિવ્ય વડે અનેરું,
આલેખવા બહુ મથે તુજ ચિત્ર ઘેરું,
સોળે કળા ખરચતાંય કળાય ના તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

પ્રભુ, ભક્તજનોના સર્વસ્વ છે ને પ્રાણ છે. પ્રભુ, યોગીજનોની રસઊર્મિ અને સંતોષ છે. પ્રભુ, રાગી વિરાગી જનોનું સુખધામ છે. શ્રીમોટાએ આ ભાવને નીચેની પંક્તિઓમાં સરસ આલેખ્યો છે :

સર્વસ્વ ભક્તજનનું પ્રભુ, પ્રાણ છે તું,
સંતોષ યોગીજનનો, રસઊર્મિ છે તું,
રાગી વિરાગી જનનું સુખધામ છે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

આ રીતે ઈશ્વરને જુદે જુદે ભાવે સ્મરીને, સ્તવીને અને પ્રાર્થના કરીને પછી તેઓ કહે છે :

વ્યાપી રહ્યો ઘટઘટે પ્રભુ, સર્વમાં તું,
ગોતે મહાવિરલ યોગી પુરુષ જે તું,
કેમે ન કોઈતણીયે નજરે પડે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

એવી રીતે પ્રભુ સર્વના ઘટઘટમાં વ્યાપી રહ્યો છે અને તે સર્વમાં વિરાજમાન છે. મોટા મોટા યોગીપુરુષો જે જગતમાં મળવા વિરલ છે, તે તને શોધી રહ્યા છે. તેમનેય તું દેખાઈ શકતો નથી. એવા ઈશ્વરને આખરે તેઓ કેવી રીતે પામે છે, તેની સમજણ શ્રીમોટાએ નીચેની ચાર પંક્તિઓમાં સૌને સમજાય તેવી ભાષામાં સુંદર રીતે આલેખી છે :

જેવો તને અનુભવ્યો પ્રભુ, ઉર જેણે,
તેઓ તને નિજ મને ત્યમ ઓળખે છે,
ભાસ્યો ન એકસરખો કદી કોઈને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

પણ પ્રભુ કેવો છે ? તેને જન્મ નથી અને જરા નથી. તે અજરામર છે અને તેનો નાશ નથી. પ્રભુ અપૂર્ણ નથી પણ પૂર્ણ છે અને તેઓ સ્વયં પ્રકાશરૂપ છે. તેઓ નિર્વિકલ્પ છે છતાં જગતની સર્વ બાબતની સંકલના કરે છે. પરમાત્મા આવા છે, તેને શ્રીમોટાએ નીચે પ્રમાણે વર્ણવ્યા છે :

જેને ન જન્મ, ન જરા, વળી છે ન નાશ,
હંમેશ પૂર્ણ, પ્રભુ, નિત્ય સ્વયંપ્રકાશ,
છે નિર્વિકલ્પ, પણ સંકલના કરે તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

● ● ●

છે વિદ્યમાન પ્રભુ, વ્યાપક છે બધે તું,
કોઈ પ્રભુ તુજ વિના નહિ ઠામ ઠાલું,
આનંદ તું પરમ પ્રેમ, દયા, પ્રભુ, તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

આ રીતે પરમાત્મા સચરાચર સ્વરૂપે છે અને તેના વિના જગતમાં કોઈ ઠામ ઠાલું નથી. તે આનંદ છે, દયા છે, પરમ પ્રેમ છે એમ આલેખીને શ્રીમોટાએ પરમાત્માની દિવ્યતાનાં દર્શન કરાવ્યાં છે. ઈશ્વર ખરેખર મહાન છે તેથી જ :

જેને વરુણ, શિવ, બ્રહ્મ નમે મરુતો,
ઇંદ્રાદિ દેવ સ્તવતા ભણી દિવ્ય સ્તોત્રો,
જેના ચૂમે પદ પવિત્ર અનેક દેવો,
એવા પ્રભુ હૃદયથી તુજને નમું હું.

જેની સ્તુતિ આવા દેવદેવતાઓ કરે, જેનાં સ્તોત્રો આવા દેવદેવતાઓ ઉચ્ચારે, જેનાં ગાન આવા દેવદેવતાઓ ગાય અને જેનાં ચરણ આવા દેવદેવતાઓ ચૂમે અને જેને આવા દેવદેવતાઓ નમે. શ્રીમોટા કહે છે કે ભગવાન આવા દેવાધિદેવ છે.

આમ, એક રાતમાં જ **'તુજ ચરણે'**ની પ્રાર્થના રચીને બીજે દિવસે પેલા પાદરી સાહેબને શ્રીમોટાએ વંચાવી. પ્રાર્થના સાંભળીને પાદરી સાહેબ ડોલી ગયા અને એક જ રાતમાં આવી પ્રાર્થના રચવા બદલ તેમણે શ્રીમોટાને ધન્યવાદ આપ્યા.

આ **'તુજ ચરણે'**ની પ્રાર્થના વાંચીને કેટલાય લોકો ગદ્ગદિત થયા છે. કેટલાય લોકોના દિલમાં ભગવાનની ભાવના જાગી છે. અને કેટલાય લોકોને તે પ્રેરણાદાયી બન્યું છે. ઈશ્વરની અકળ લીલાની વાત 'તુજ ચરણે'માં સારી રીતે સમજાવાઈ છે.

સ્વામીશ્રી પ્રકાશાનંદજી (ગોદડિયા સ્વામી) એ જ્યારે આ પ્રાર્થના સાંભળી ત્યારે તેમની ખુશી વ્યક્ત કરી અને માળામાં ૧૦૮ મણકાની માળા અને મેરુનો મણકો મળીને ૧૦૯ થાય છે, તેમ આ પ્રાર્થના પણ ૧૦૯ શ્લોકોની કરવા સૂચવેલું. તે પ્રમાણે 'તુજ ચરણે'માં ૧૦૯ શ્લોકો આપવામાં આવેલા છે.

## ૪૩. લગ્નસમયે ભાવસમાધિમાં

ઈશ્વરસ્મરણ અને ભજનકીર્તન કરતાં કરતાં શ્રીમોટાને લાગ્યું કે જો આ માર્ગે જ જવું હોય તો લગ્ન ન કરવું.

એકવાર શ્રીમોટાને બાએ લગ્ન સંબંધે તેમનું મન

જાણવા પૂછ્યું તો તેમણે ઘસીને ના પાડી. શ્રીમોટાનાં બા તે વખતે તો કાંઈ બોલ્યાં નહિ ને ચૂપ રહ્યાં, પણ થોડા દિવસ ગયા બાદ પાછી એક દિવસે વાત કાઢી. તેમણે શ્રીમોટાને કહ્યું, 'ચૂનિયા, તું લગ્ન ન કરવાની વાત કરું છું તે કેમ ચાલે? દુનિયામાં બધાં લગ્ન કરતાં નથી ?'

શ્રીમોટા બોલ્યા, 'બા, બધાંની વાત જુદી છે ને મારી વાત જુદી છે. તેમને લગ્ન કરવાં હતાં એટલે કર્યાં. મારે લગ્ન નથી કરવાં એટલે નહિ કરું.'

પરંતુ શ્રીમોટાની વાતને તેમની બા એમ મચક આપે એવાં ન હતાં. વળી, તેમણે વાતને ફેરવી અને કહ્યું, 'તારાં મળમૂતર ધોઈને મેં તને મોટો કર્યો તે આટલા માટે, ખરુંને?'

શ્રીમોટા શું બોલે ? છેવટે તેઓ બોલ્યા, 'બા, તારી બીજી બધી વાત માનીશ, પણ લગ્નની વાત માટે આગ્રહ ના કરીશ.'

શ્રીમોટાનાં બાએ વાત તાણતાં તૂટી જાય ત્યાં સુધી ન લઈ જવી અને શ્રીમોટા બીજી રીતે હા પાડે તેમ કરવા વિચાર્યું.

નડિયાદમાં સંતરામ મંદિરની પાસે એક ચાંગેશ્વર મહાદેવ છે. ગોદડિયા સ્વામી નામે એક સંત જ્યારે નડિયાદ પધારે ત્યારે તેઓશ્રી આ મહાદેવની ધર્મશાળામાં જ ઊતરે.

આ સંત માટે શ્રીમોટાને ખૂબ માન હતું, તેની શ્રીમોટાનાં બાને ખબર હતી. એટલે એક દિવસ તેઓશ્રી નડિયાદમાં છે તેવું જાણતાં શ્રીમોટાનાં બા તેમની પાસે ગયાં અને બધી વાત કરી. 'છોકરો પરણવાની ના પાડે તે કઈ માને ગમે ? માટે,

કૃપા કરીને ચૂનીલાલને સમજાવો કે તે પરણવાની હા પાડે.' શ્રીમોટાની બાએ ભાર દઈને બાપજીને કહ્યું.

મહારાજશ્રીએ શ્રીમોટાની બાની વાત બરાબર ધ્યાન દઈને સાંભળી. પછી કહ્યું, 'સારું માતાજી ! હવે તમે જાઓ, હું બધું કરી દઈશ.' બાપજીની વાણીથી સંતુષ્ટ થઈને શ્રીમોટાની બા ઘરે ગયાં.

બીજે દિવસે મહારાજશ્રીની પાસે શ્રીમોટા આવ્યા ત્યારે તેમણે શ્રીમોટાને પૂછ્યું, 'ચૂનીલાલ, તમે તમારી માતાનું માનો ખરા કે ?'

પળભર તો શ્રીમોટા વિચારમાં પડી ગયા કે કોઈ દિવસ નહિ અને મહારાજશ્રીએ આજે મને આવો સવાલ કેમ કર્યો ?

શ્રીમોટાને જવાબ આપતાં જરા વાર લાગી એટલે મહારાજશ્રીએ તરત તેમને કહ્યું, 'જે માતાએ તારાં મળમૂત્ર ધોઈને અને કેટલાંય દુઃખ વેઠીને તને મોટો કર્યો તેનું તું ન માને તે કેવું લાગે ? તેની બિચારીની માગણી એ છે કે મારો દીકરો પરણે ને સુખી થાય. તારી માતાની વાતને ઠુકરાવીશ નહિ ને હા પાડજે.' મહારાજશ્રી પાસે શ્રીમોટા માત થયા અને આ રીતે તેઓ પરણવાને કબૂલ થયા. શ્રીમોટાનાં બાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેઓ રાજી રાજી થઈ ગયાં.

આ રીતે શ્રીમોટાએ લગ્ન કરવાની હા તો પાડી પણ તે સાથે તેમની બાને સાફ સાફ કહી દીધું કે કોઈ પ્રકારનો ખોટો ખર્ચો હું નહિ થવા દઉં, તેમ જ દેવું કરીને કોઈ વાત કરવાની આવશે તો તે પણ મારાથી નહિ થાય, તેમ જ કોઈની સાથે ખોટા વહેવારમાં નહિ પડું, તે પણ સાથે સાથે જાણી

લેજો. શ્રીમોટાની બધી વાતો તેમની બાએ કબૂલ કરી.

જાન નડિયાદથી અમદાવાદ જવાની હતી. જે સરસામાન લઈ જવાનો હતો તે બધો બહાર કાઢી ઢગલો કર્યો. બધાંના મનમાં એમ કે હમણાં બેચાર ઘોડાગાડીઓ બોલાવશે એટલે તેમાં સામાન ગોઠવીને સૌ બેસીને સ્ટેશને જઈશું.

પણ આ શું ? આ તો વરરાજાએ જ સામાન લેવા માંડ્યો ! એટલે બધાંએ થોડો થોડો કરીને સામાન લઈ લીધો અને સૌ સ્ટેશને ગયાં. પછી અમદાવાદ જવાની ગાડી આવી એટલે તેમાં બેસી અમદાવાદ પહોંચ્યાં. નડિયાદની જેમ સ્ટેશનેથી પણ જ્યાં જાનનો ઉતારો રાખેલો હતો ત્યાં સામાન સાથે સૌ ચાલીને જ ગયાં. કદાચ આ સુધારાને આજે આવકાર મળે પણ ત્યારે તો કંજૂસાઈ કે મૂર્ખામીમાં જ ખપાવે. જેને જે ધારવું હોય તે ધારે પણ શ્રીમોટા તો પોતાની વાતમાં મક્કમ હતા. એટલે કોઈનું કશું ચાલ્યું નહિ.

જાન ઉતારે ગયા પછી કન્યાપક્ષ તરફથી વાત આવી કે વરપક્ષ તરફથી વરોંઠીની નાત થવી જોઈએ. શ્રીમોટાએ કહેવડાવ્યું કે અમારાથી તે બની શકે તેમ નથી. જો તમારી નામરજી હોય તો જાન લઈને અમે પાછા નડિયાદ જઈશું. છેવટે કન્યાપક્ષે મમત મૂકી દીધી.

પછી તો લગ્નની તૈયારીઓ થવા માંડી.ગોરમહારાજે આવીને શુભ મંત્રો બોલવા માંડ્યા અને જાનૈયાઓ ગોઠવાઈને બેસી ગયા. કન્યાપક્ષ તરફથી જે વિધિ કરવાની હતી તે પૂરી થઈ અને ગોરમહારાજે વરકન્યાને મોયરામાં બોલાવ્યાં અને એક તરફથી વરરાજા અને બીજી તરફથી કન્યા મોયરામાં

આવી બેઠાં. લગ્નવિધિ આગળ ચાલી.

આ વખતે શ્રીમોટા ભગવાનને પ્રાર્થના કરી રહ્યા હતા, ‘હે ઈશ્વર, લગ્ન તો મારે તારી સાથે કરવાં હતાં. અને છેડો તારી સાથે બાંધવો હતો, તેને બદલે આજે આ શું થાય છે?’ આ વિચાર કરતાં કરતાં શ્રીમોટા ભાવસમાધિમાં આવી ગયા. ત્યાં ગોરમહારાજે ‘વરકન્યા સાવધાન’ની બૂમ પાડી, પણ કશી હલચલ થઈ નહિ એટલે ગોરમહારાજે વરરાજા તરફ જોયું તો શ્રીમોટા સ્થિર આસને બેઠા હતા. તેમની આંખો અર્ધબિડાયેલી હતી અને તેમની બંને આંખમાંથી ડળક ડળક આંસુ ટપકતાં હતાં.

લગ્નસ્થળે હોહા થઈ ગઈ,કે આ શું થયું ? કોઈકે કહ્યું કે શ્રીમોટાને ઘણી વાર આવું થતું હોય છે, એટલે ગભરાવાની જરૂર નથી. શ્રીમોટાની બાના મુખમાંથી પણ ઉદ્‌ગાર સરી પડ્યા કે મારા રડ્યે લગ્ન વખતે પણ નાટક કરવાનું છોડ્યું નહિ, પણ આ શબ્દો કોઈએ સાંભળ્યા નહિ.

થોડી વારે તેઓ જાગૃતિમાં આવ્યા અને લગ્નવિધિ આગળ ચાલી. હસ્તમેળાપ થયો અને મંગળફેરા થયા. શ્રીમોટા પરણી ગયા. પરણ્યા પછી શ્રીમોટા સાથે કન્યા નડિયાદ આવી અને એકાદ દિવસ પછી તે તેને પિયર અમદાવાદ ગઈ. ગઈ તે ગઈ. ફરી પાછી નડિયાદ આવી શકી નહિ. કહે છે કે ક્ષય થયો ને તે ગુજરી ગઈ.

## ૪૪. કામ કરીને રાજી કર્યા

શ્રીમોટા જ્યારે હરિજનસેવાનાં કામ કરતા હતા ત્યારે દર વર્ષે એક મહિનો રજા લઈને કોઈ એકાંતને સ્થળે જતા અને ત્યાં

તેઓ તેમના ગુરુમહારાજના આદેશ અનુસાર સાધના કરતા.

એકવાર તેઓ આ રીતે જબલપુર પાસેની નર્મદા નદીના ધૂંવાધાર જગ્યાએ સાધના માટે જઈ રહ્યા હતા, ત્યાં રસ્તામાં એમનું ખિસ્સું કપાઈ ગયું અને ખર્ચ માટે જે પૈસા લીધેલા તે જતા રહ્યા.

શ્રીમોટાએ વિચાર કર્યો કે જબલપુરના કોઈ ગુજરાતી વેપારી પાસેથી પૈસા ઉછીના લઈને પ્રવાસ આગળ કરવો. તે માટે તેઓ જબલપુરમાં ગયા. ફરતાં ફરતાં એક મોટા ગુજરાતી વેપારીની દુકાન આવી. તેમાં તેઓ ગયા. શેઠ બેઠા હતા. તેમને પ્રણામ કરીને શ્રીમોટા બોલ્યા, ‘મારે આપને એક વાત કરવી છે.’

શેઠ બોલ્યા, ‘ખુશીથી કરો.’

શ્રીમોટાએ તેમને ધૂંવાધાર જવાની વાત કરી અને કહ્યું, ‘ત્યાં જવાના ખર્ચ માટે જે પૈસા લાવેલો તે ખિસ્સું કપાવાથી ચાલ્યા ગયા છે. હવે જો આપ ઉછીના પૈસા આપો તો મારાથી ત્યાં જવાય. ઘરે જઈને લીધેલા પૈસા હું તરત પરત કરીશ.’

પણ અજાણ્યા માણસને એમ ઉછીના પૈસા કોણ આપે ? તેમ તે સાચો છે કે ખોટો તે જોવાની શેઠને ફુરસદ પણ ક્યાં હોય ? એટલે શેઠે તરત કહી નાખ્યું, ‘ઉછીના બુછીના પૈસા અમે કોઈને આપતા નથી. તારે નોકરી જોઈતી હોય તો સગવડ કરી આપું. ઘરે એક નોકરની જરૂર છે, પણ ઘરમાં જે કાંઈ કામ બતાવે તે બધુંય કામ તારે કરવું પડશે. બોલ, છે મરજી ?’

શ્રીમોટાએ હા પાડી, એટલે શેઠે બૂમ પાડી દુકાનના એક માણસને બોલાવ્યો અને કહ્યું, ‘જો આ ભાઈને ઘેર લઈ

જઈને શેઠાણીને કહેજે કે તમારે ઘર માટે નોકર જોઈતો હતો તે મોકલ્યો છે.'

શ્રીમોટા તો પેલા માણસની સાથે શેઠને ઘેર ગયા. અને ઘરનોકર તરીકે કામ શરૂ કરી દીધું. એક મોટો ઢગલો વાસણ માંજવાનાં હતાં. બાળપણમાં શ્રીમોટાએ આવું કામ કરેલું એટલે વાસણ જલદી અને સારાં કેમ મંજાય તેનો તેમને અનુભવ હતો. તેમણે જલદી જલદી વાસણ માંજી નાખ્યાં અને તાપમાં સૂકવવા મૂક્યાં. વાસણ ચકચકાટ મંજાયા હતાં. શેઠાણીએ દૂરથી વાસણ જોયાં ને ખુશ થઈ ગયાં. મનમાં થયું કે નોકર સારો મળ્યો છે.

પછી ધોવાનાં ગાંસડો કપડાં હતાં. આ બધાં કપડાંની ત્રણ વિભાગમાં તારવણ કરી : એક સૌથી ઓછાં મેલાં કપડાં, પછી એથી જરા વધારે મેલાં કપડાં અને છેલ્લાં સૌથી વધુ મેલાં કપડાં. સાબુના પાણીમાં બધાં બાદૃયાં. પછી સૌથી ઓછાં મેલાં કપડાં પહેલાં ધોયાં, પછી એથી વધુ મેલાં હતાં તે ધોયાં અને છેલ્લે સૌથી વધુ મેલાં કપડાં ધોયાં. આ રીતે બધાં કપડાં ધોઈને સૂકવી દીધાં.પછી જે જગ્યાએ કપડાં ધોતા હતા તે જગા વાંસની સળીના સાવરણાથી ધોઈ નાખી.

બાર-સાડા બાર વાગ્યે શેઠ જમવા આવ્યા. શેઠે અને ઘરનાં બીજાએ જમી લીધા પછી શ્રીમોટાને જમવા મળ્યું.

પાછો ફરીથી વાસણનો ઢગલો થયો. સવારની જેમ જ શ્રીમોટાએ બધાં વાસણ બરાબર માંજીને, ચકચકાટ કરીને સૂકવવા ગોઠવ્યાં. વાસણ ઘસેલી ચોકડી પાછી સારી રીતે ધોઈ નાખી.

આમ, બપોરના બે ઉપર થઈ ગયા. ત્રણ વાગ્યા પછી ચાપાણી થયાં. પાછાં તેનાં વાસણ માંજી નાખ્યાં. આખું ઘર

સવારના તો વાળીને પોતું મારી સાફ કર્યું હતું. બપોરે પાછું ફરી વાર વાળી નાખ્યું, ત્યાં ચાર વાગ્યા. સૂકવેલાં બધાં કપડાંની ગડી કરીને જે તે સ્થાને મૂકી દીધાં. વચ્ચે વચ્ચે સમય મળે ત્યારે શેઠાણીનાં બાળકને તેડીને ફરે. મોટાં છોકરાંને વાતો કરીને રાજી કરે. આમ, સવારના આવ્યા ત્યારથી એમનું કામ ઘડિયાળની જેમ સતત ચાલુ જ હતું.

સાત વાગ્યા પછી જ્યાં પથારીઓ પાથરવાની હતી ત્યાં પાથરી દીધી. દરેક પથારી ઉપરની ચાદર એવી ખેંચીને પાથરી કે જોનારને લાગે કે પથારી સરસ પાથરી છે.

રાતે નવ વાગ્યા પછી બધાંએ જમી લીધું. શ્રીમોટા પણ જમ્યા અને પાછો વાસણનો ઢગલો ચોકડી ઉપર ખડકાયો. શ્રીમોટાએ સવારની જેમ એ જ ચીવટથી અને એ જ ખંતથી વાસણો ચકચકાટ ઘસીને નીતરવા ગોઠવી દીધાં. ચોકડી ધોઈ, રસોડું ધોયું અને પોતાથી લૂછી નાખ્યું. પછી વાસણ ગોઠવીને રસોડાનાં બારણાં આડાં કર્યાં.

શેઠાણીએ કહ્યું ત્યાં શ્રીમોટાએ પથારી પાથરી રાખી હતી. શ્રીમોટાને હવે કશું કામ ન હતું. એટલે ત્યાં તો ઘરનાં છોકરાં 'અમને વાત કહો, વાત કહો', કરતા આવ્યાં અને શ્રીમોટાએ તેમને વાતો કહી. આખરે છોકરાં પણ સૂવા ગયાં.

રાતના અગિયાર વાગી ગયા હતા. ઘરનાં બધાં જ સૂઈ ગયાં હતાં, ત્યારે શ્રીમોટા તેમની પથારીમાં બેઠાં બેઠાં ઈશ્વરસ્મરણ કરી રહ્યા હતા. ભગવાનનું નામ લેતાં લેતાં તેઓ ક્યારે સૂઈ ગયા તેની ખબર પડી નહિ, પરંતુ સવારે આંખ ખૂલી હશે ત્યારે ચારપાંચ વાગેલા. ઘરનાં કોઈ જાગ્યાં ન હતાં એટલે શ્રીમોટા બેઠાં બેઠાં ઈશ્વરસ્મરણ કરવા લાગ્યા.

છ વાગ્યે ઘરનાં મોટાં જાગ્યાં એટલે શ્રીમોટાએ ઊઠી એમની પથારી સંકેલી ઠેકાણે મૂકી દીધી અને દાતણપાણી કરી તેમને કરવાનાં નિત્યકામમાં પડી ગયા. ઘરનાંને શાંતિ હતી કે નવો નોકર સારો છે અને આપણે નહિ કહીએ તોય તેનું કામ કરશે.

આ રીતે શ્રીમોટાએ પાંચસાત દિવસ કામ કર્યું. તે ઉપરથી શેઠને લાગ્યું કે આ નોકર કામ કરનારો માણસ નથી, પણ ખરેખર આપદમાં આવી પડેલો માણસ લાગે છે. આથી, શેઠે શ્રીમોટાને ખાનગીમાં બોલાવી પૂછ્યું, 'ભાઈ, તું નોકરમાણસ લાગતો નથી, પણ આપદમાં આવી પડેલો છે, તેથી અહીં નોકર તરીકે કામ કરે છે, ખરુંને ?'

આ પછી શ્રીમોટાએ શેઠને બધી વાત કરી કે પોતે હરિજનસેવાનાં કામ કરે છે. દર વર્ષે એકાદ માસ કોઈ એકાંત જગાએ જાય છે, તે પ્રમાણે અહીં ધૂંવાધાર જવા આવેલો, પરંતુ રસ્તામાં ખિસ્સું કપાઈ જવાથી પૈસા ચાલ્યા જતાં ત્યાં જઈ શકાયું નથી.

શેઠને થયું : બિચારાના નાહકના પાંચસાત દિવસ બગડ્યા. શેઠે શ્રીમોટાને જોઈતા પૈસા આપ્યા અને શ્રીમોટા ઘરનાં શેઠ, શેઠાણી અને બીજાની રજા લઈને જબલપુરથી ધૂંવાધાર જવા ઊપડ્યા.

ધૂંવાધારથી નડિયાદ આવ્યા બાદ શ્રીમોટાએ શેઠને આભાર માનતો પત્ર લખ્યો. એ વાંચીને શેઠ એટલા પ્રસન્ન થયા કે નડિયાદની હરિજનશાળાને તેઓ દર માસે રૂપિયા પાંચની મદદ મોકલાવતા. આ મદદ કેટલાંય વર્ષો સુધી મળી.

## ૪૫. ૬૭ દિવસના કડાકા થયા

આ વખતે શ્રીમોટાના ગુરુમહારાજે આદેશ આપ્યો કે જબલપુરની પાસે ધૂંવાધાર નામની જગા છે ત્યાં એક ગુફા છે ત્યાં જઈને તું સાધના કર.

ગુરુમહારાજનો હુકમ એટલે શ્રીમોટાથી તેનો અનાદર કેમ થાય ? તેઓ ધૂંવાધાર જવાને નડિયાદથી નીકળ્યા પણ રસ્તામાં ખિસ્સું કપાઈ ગયું અને તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા અને તેની વાત આપણે વાંચી ગયા.

પણ શેઠની પાસેથી પૈસા મળતાં શ્રીમોટા ધૂંવાધારની જગ્યાએ ગયા. નર્મદાજી ધોધરૂપે ત્યાં પડતાં હતાં અને તેનો ભયંકર અવાજ કાન ફાડી નાખતો હતો.

કાચાપોચાના તો દિવસે છક્કા છૂટી જાય એવી ભયંકર એકાંતવાળી એ જગા હતી. તો પછી રાતે તો રહેવાય જ કેમ ? એક ગુફાના ઊંડાણમાં રહીને શ્રીમોટાએ સાધના કરવી એવો તેમના ગુરુમહારાજનો હુકમ હતો.

આ જગાએ પગ મૂકીએ ને પહોંચી જવાય એવું ન હતું, પણ આયોજન કરીને જવાનું કરે તો જ જવાય એમ હતું.

પરંતુ જ્યારે યેન કેન પ્રકારે ત્યાં જવું જ છે એવો દૃઢ મક્કમ નિર્ધાર થાય છે ત્યારે હૃદયથી આયોજન પણ સૂઝી જ જાય છે. શ્રીમોટા ગુફામાં જઈને જ્યાં જવાનું હતું ત્યાં એકવાર આવ્યા અને કેવી રીતે જવું તે વિચાર્યું. બીજી વાર ગયા અને બીજી રીતે વિચાર્યું. એમ જુદી જુદી રીતે વિચાર્યા પછી ત્યાં કેવી રીતે જવું તે નક્કી કર્યું, અને તે અનુસાર તેઓ ત્યાં જઈને બેઠા.

દિવસે તો બહારના અવાજો અને પંખીઓના કલરવને

કારણે તથા દિવસના પ્રકાશને કારણે ધોધના અવાજની ભયંકરતામાં ભડકામણ ઓછી લાગે, પરંતુ રાત્રે જ્યારે બધું સૂમસામ થઈ જાય, પ્રકાશ ઓસરીને અંધારું થઈ જાય, પંખીઓના કલરવ બંધ થાય અને નીરવ શાંતિ વ્યાપી જાય ત્યારે ધૂંવાધારમાં ધોધનો અવાજ બિહામણો લાગે. એવો બિહામણો કે સાંભળીને આપણે થરથર ધ્રૂજવા માંડીએ.

પણ જે ભગવાનની ધૂનમાં પડ્યા હોય તેને તેવું ન ભાસે. એને તો ભયંકરતામાં પણ ભગવાન ભાસે. અંધકારમાં પણ પ્રકાશ દેખાય. શ્રીમોટાએ તો આ દિવસ છે કે રાત તેવો વિચાર ન કર્યો, પરંતુ ભગવાનની લગનીમાં લાગી ગયા. બસ **'હરિઃૐ'**ની ધૂન લગાવી તે લગાવી.

કોઈ વાર તરસ લાગે ને પાણી પીવાનું મન થાય પણ ત્યાં પાણી ક્યાંથી મળે ને કોણ લાવે ? દરિયાના સાહસિક મુસાફરોની વાતોમાં એવું આવે છે કે મુસાફરી કરતાં કરતાં પીવાનું પાણી ખૂટી જાય અને વરસાદ પડે તો કપડાં ભીંજાવીને તે ચૂસવાથી તરસ મટે છે. ધૂંવાધાર ધોધની ધારને ઝીણા ધોતિયાના છેડા ઉપર ઝીલીને શ્રીમોટા પણ ચૂસતા અને એ રીતે તેઓ એમની તરસને છિપાવતા.

પણ ખાવું તો રામ તારું નામ. રોજ એકાદશી થાય. આવી રીતે એક દિવસનો કડાકો થયો. બે દિવસના કડાકા થયા.

એમ છ દિવસ સુધી ખાવાનું મળ્યું જ નહિ !

પણ ભગવાનનેય એમ લાગ્યું હશે કે મારું નામ લેનારને છ-છ દિવસ સુધી ભૂખ્યા રહેવું પડે એ તો સારું નહિ. એટલે દિવસના કોઈ ત્યાં આવ્યું હશે એણે ગુફાની અંદરથી ભગવાનનું નામ લેવાના પોકાર સાંભળ્યા અને તેણે

જઈને જોયું તો ગુફાની અંદરના ઊંડાણમાં એક જગાએ બેસીને એક માણસ ભગવાનનું નામ લઈ રહ્યો હતો. તે 'બિચારાને કોણ ખાવાનું આપતું હશે ?' એવો એને પ્રશ્ન થયો હશે. એટલે તે બીજા દિવસથી બપોરની વેળા ખાવાનું દોરડીએ બાંધીને લટકાવતો અને શ્રીમોટા તે લઈ લેતા. એ રીતે સાતમા દિવસથી એમને એકવાર ખાવાનું મળવા માંડ્યું. આ રીતે શ્રીમોટા એકવીસ દિવસ ત્યાં રહ્યા.

પ્રભુની અકળ લીલા સમજાતી નથી, તે કેવી રીતે કોની શી કસોટી કરે છે, તે આપણને કેવી રીતે સમજાય ? ભગવાનનું નામ લેવું એ ખાંડાના ખેલ નથી એવું જે કહેવાય છે, તેનો આવા પ્રસંગ બને ત્યારે જ આપણને ખ્યાલ આવે. અને જેમના જીવનમાં આવા પ્રસંગો બન્યા છે, તેવા મહાનુભાવો આપણી વચ્ચે છે, તે આપણા સદ્ભાગ્યની વાત ગણાય.

જ્યારે ન જવાય એવી જગાએ આપણાથી જવાનું બને, જ્યારે માણસનાં દર્શન દુર્લભ હોય એવે સ્થળે કોઈ આપણને ખાવાનું આપી જાય એવું બને, ત્યારે આપણે કેટલા સાહસિક છીએ, કેવા હિંમતવાળા છીએ, આપણામાં કેટલી સહનશીલતા છે અને આપણામાં કેવી ખુમારી છે તેની જાણ થાય છે. સાથે સાથે પ્રભુની આપણી ઉપર કેટલી કૃપા છે, તેની પણ આપણને પ્રતીતિ થાય છે.

કવિ નર્મદની એક કવિતા છે, 'યાહોમ કરીને પડો ફતેહ છે આગે.' પ્રભુને માર્ગે શું કે જીવનને માર્ગે શું, જો ફતેહ પામવી હશે તો યાહોમ કરવું જ પડશે. શ્રીમોટાએ એ રીતે જ ફતેહ મેળવી છે એટલું આપણે યાદ રાખીએ.

## ૪૬. શ્રીઉપાસની મહારાજ નડિયાદમાં

એક દિવસ નડિયાદમાં મરીડા ભાગોળ પાસેના વાસમાં છોકરાંઓને નિશાળે જવા માટે શ્રીમોટા કહી રહ્યા હતા ત્યાં એક હરિજન ભાઈએ કહ્યું, 'ચૂનીભાઈ, આપણા કુંડની પાછળના ખેતરમાં એક નગ્ન માણસ આવીને સૂતો છે. ક્યારનો આવીને સૂતો છે પણ સળવળતોય નથી.'

આ સાંભળીને શ્રીમોટાએ વિચાર કર્યો કાં તો આ નગ્ન માણસ ગાંડો હોય અથવા કાં તો કોઈ ઊંચી દશાનો અવધૂત હોય. તે સિવાય બીજા કોઈનું નગ્ન રહેવાનું ગજું નહિ.

આથી, શ્રીમોટા નિશાળનું કામ બીજા શિક્ષકોને સોંપી, ઘેર જઈને ધોયેલાં કપડાં પહેરી, એક બશેરિયા લોટો બરાબર માંજી, ચકચકાટ કરી તેમાં દૂધ ભરીને પેલા નગ્ન માણસ પાસે ગયા. તે વેળાએ પણ તે સૂતેલો જ હતો.

શ્રીમોટા તેનાથી થોડે દૂર બેસીને ઈશ્વરસ્મરણ કરતા બેઠા. બે કલાકે તે જરાક સળવળ્યા. તે પછી થોડી વારે પડખું ફેરવીને સૂતા. પછી પાએક કલાક પછી શ્રીમોટા તરફ પડખું ફેરવી આંખો ખોલી.

શ્રીમોટાએ પ્રેમપૂર્વક નમસ્કાર કરીને કહ્યું, 'પ્રભુ, આ દૂધ અંગીકાર કરો અને કૃપા કરીને તે પીવો.' એમ કહીને દૂધ ભરેલો લોટો તેમની પાસે ધર્યો. તે લઈને તેઓ ગટગટ પી ગયા, પણ ન તો તેઓ એક શબ્દ બોલ્યા કે ન બીજી હલચલ કરી.

પણ સાંજના છ વાગ્યાને સુમારે તેમણે શ્રીમોટાને કહ્યું કે મને કોઈ મુસલમાનને ત્યાં લઈ જા. તેઓ મરાઠીમાં બોલ્યા એમ લાગ્યું, પણ આવી નગ્ન હાલતમાં કયો મુસલમાન તેમને

રાખે ? પણ અવધૂતોને ઓછું કાંઈ આવું કહેવાય છે !

એવામાં શ્રીમોટાને મરીડા ભાગોળની પાસે રહેતા એક હકીમ સાહેબ યાદ આવ્યા. તેઓ મુસલમાન હતા. હરિજન-શાળાએ જતાં આવતાં તેમને 'સલામાલેકુમ' કરતા. તેથી, શ્રીમોટા ને તેઓ એકબીજાના પરિચયમાં આવેલા.

શ્રીમોટા હકીમ સાહેબને ઘેર ગયા. સદ્ભાગ્યે તેઓ તેમના ઘરે જ હતા. શ્રીમોટાએ તેમને કહ્યું, 'હકીમ સાહેબ, ચમારોના કુંડની પાછળ એક ઓલિયા પધાર્યા છે અને તેમને કોઈ મુસલમાનને ત્યાં રહેવું છે. તેથી, આપને વિનંતી કરવા આવ્યો છું. આપની મેડી ઉપર તેમને રહેવાની રજા આપો તો તેમની તહેનાતમાં હું બધો વખત રહીશ અને આપને કશી તકલીફ નહિ પડવા દઉં.'

હકીમ સાહેબે જ્યારે ઓલિયાને રહેવા માટે અનુમતિ આપી ત્યારે શ્રીમોટાએ તેમને આ ઓલિયા વિશે ચોખવટ કરતાં કહ્યું, 'ઓલિયા તદ્દન નગ્નાવસ્થામાં છે, પણ હું તેમને કંતાનનો ટુકડો બાંધવા સમજાવીશ.'

નગ્નાવસ્થાની વાત સાંભળતાં હકીમ સાહેબ ગભરાયા અને બોલ્યા, 'ભગત, એવું હોય તો રહેવા દો. અમારા મુસલમાનના મલાજાવાળા ઘરમાં નાગા ઓલિયાને ના રખાય.'

પણ શ્રીમોટાએ હકીમ સાહેબને કહ્યું, 'હકીમ સાહેબ, આ તો ઓલિયાને મુસલમાનને ત્યાં રહેવું છે એટલા માટે આપને કહું છું. બાકી, હિંદુને ત્યાં રહેવું હોય તો મારે ઘેર લઈ જવા ખુશી છું અને બીજે પણ ગોઠવણ થઈ શકે તેમ છે.'

'હવે તમે જો હા કહો તો અંધારું થાય એટલે એમને ઘોડાગાડીમાં બેસાડીને લાવું. ઘોડાગાડીને ચારેબાજુ પડદા નાખી દઈશ. કોઈ જોઈ શકશે નહિ અને ઘર આવતાંની સાથે તેમને ઝટપટ મેડે ચઢાવી દઈશ એટલે કોઈને ખબરેય નહિ પડે. પછી તો હું છું ને એ છે. તમારે કંઈ ઉપાધિ કરવી નહિ પડે.'

હકીમ સાહેબે હા પાડી એટલે શ્રીમોટા ઘોડાગાડી લઈને શ્રીઉપાસની મહારાજને કુંડ પાસે લેવા ગયા. સાત વાગી ગયા હતા ને અંધારું થવા આવ્યું હતું. શ્રીમોટાએ તેમને કહ્યું, 'બાપજી, વસ્તીમાં જવાનું એટલે નાનો કંતાનનો ટુકડો આગળ ઢાંકી દો અને ઘોડાગાડીમાં બેસી જાઓ. ઘર આવે એટલે ઝડપથી મેડી ચઢી જજો.'

શ્રીઉપાસની મહારાજ ઘોડાગાડીમાં બેઠા. અને શ્રીમોટાએ ઘોડાગાડીના બધા પડદા પાડી દીધા અને તે હકીમ સાહેબના ઘર તરફ ઊપડી. હકીમ સાહેબના ઘર પાસે મેડા નજીક જ ઘોડાગાડી ઊભી રાખી. મેડીનું બારણું ખુલ્લું કરાવી જ રાખ્યું હતું. એટલે ઘોડાગાડી આવી કે તરત જ શ્રીઉપાસની મહારાજ તેમાંથી ઊતરીને ઝપાટાભેર મેડી ઉપર ચઢી ગયા. શ્રીઉપાસની મહારાજનું શરીર ઘણું ભારે હતું તેમ છતાં ઘોડાગાડીમાંથી ઊતરીને મેડા ઉપર ચઢી જવામાં એમણે એવી સ્ફૂર્તિ દાખવી કે તે જોઈને આપણે અચંબો પામી જઈએ.

શ્રીઉપાસની મહારાજ મેડી ઉપર પહોંચી જતાં શ્રીમોટાએ તેમને કહ્યું, 'બાપજી, હવે તમે થોડીક વાર શાંત બેસી રહેજો. હું તમારે બેસવા માટે ગાદી, જમવા માટે પ્રસાદ તથા પાણીની માટલી વગેરે લેવા જાઉં છું.' કહીને શ્રીમોટા તે પ્રમાણે બધું લઈ આવ્યા. ટટ્ટી તથા પેશાબપાણી માટે માટીનાં

શકોરાં પણ લાવેલા. વાળવા માટે સાવરણી સુધ્ધાં હતી. શ્રીમોટાએ આવીને મેડી સાફ કરીને ગાદી, આસન વગેરે પાથર્યાં તથા ટટ્ટી તથા પેશાબ માટે શકોરાં ગોઠવી દીધાં. પછી પાણી ભરેલી માટલી મૂકી દીધી.

આમ, બધી વ્યવસ્થા થઈ ગઈ એટલે તેમને માટે લાવેલ ખાવાનો પ્રસાદ બાજરીનો રોટલો, શાક અને દૂધ તેમની સામે ધર્યાં. તે બધું તેઓ આરોગી ગયા. આ ઉપરથી તેમને તે ભાવ્યું હશે એમ શ્રીમોટાને લાગ્યું.

રાતે સૂવા માટે શેતરંજી કે પથારીની વાત કરી પણ એમણે તે સાંભળી ના સાંભળી કરી અને તેની ઉપર ધ્યાન આપ્યું નહિ. એટલે એ વાત માંડી વાળી. તેઓ કશું બોલતા નહિ એટલે પછી શ્રીમોટાએ આગળ કશું કર્યું નહિ કે પૂછ્યું નહિ.

શ્રીમોટાને તેમની સેવા કરવાનું મન થયું. તેઓએ તેમની નજીક જઈને તેમને પગે હળવે હળવે હાથ ફેરવ્યો જે તેમણે ફેરવવા દીધો એટલે શ્રીમોટાએ તેમની શરીરસેવા કરી પણ તેય એક જ દિવસ. તે પછી તેમણે ના પાડી દીધી.

શ્રીઉપાસનીબાબા શ્રીમોટાને કશું કામ સોંપતા નહિ. એટલે શ્રીમોટા તેમની હૈયાસૂઝ પ્રમાણે તેમની જગા વાળી કરીને સાફ રાખતા. બાબાનાં ટટ્ટી અને પેશાબ માટે માટીનાં શકોરાં ગોઠવ્યાં હતાં, પરંતુ તેનો તેઓ ઉપયોગ ન કરતા જ્યાં ફાવે ત્યાં ટટ્ટી પેશાબ કરતા. એટલે જ્યાં જ્યાં ટટ્ટી પેશાબ કર્યો હોય તે જગા શ્રીમોટા બરાબર સાફ કરીને છાણમાટીથી લીંપી લેતાં. આથી, ગંદકી દેખાય નહિ અને બધી જગા સ્વચ્છ દેખાય.

શ્રીમોટા આવું બધું કામ ભગવાનનું સ્મરણ અને ભજન

ગાતાં ગાતાં કરતા. તેઓ કોઈ કામમાં કંટાળો દર્શાવતાં નહિ. તેમ બાબાની સેવામાં કશી ખામી આવે નહિ તેની બરાબર તકેદારી રાખતા. શ્રીમોટા સાથે કશી વાતચીત બાબા કરતા નહિ.

એવામાં એક વિસ્મયકારી ઘટના બની. બાબા ચારેક દિવસ ટટ્ટી પેશાબ જ ન ગયા. શ્રીમોટાને થયું તેઓ બીમાર તો નહિ પડ્યા હોય ? પણ તેઓ હંમેશની જેમ ખોરાક તો બરાબર લેતા હતા. વળી, તેમના શરીરમાં કોઈ અસ્વસ્થતા દેખાતી ન હતી. શ્રીમોટાને આમાં બાબાની લીલા જ દેખાઈ.

આ રીતે બાબા નડિયાદમાં દસબાર દિવસ રહ્યા હશે. પછી એક દિવસ એમણે જવાનો સંકેત કર્યો એટલે શ્રીમોટા ઘોડાગાડી લઈ આવ્યા અને જેવી રીતે તેમને લાવ્યા હતા તેવી રીતે તેમને ઉત્તરસંડા તરફની સડકે લઈ ગયા.

થોડે ગયા પછી એમણે ઘોડાગાડી ઊભી રખાવી. શ્રીમોટા સમજી ગયા કે હવે એમને આગળ ચાલતા જવું છે એટલે ઘોડાગાડીમાંથી ઊતરી ચાલવા માંડ્યા.

બાબાએ શ્રીમોટાને કહ્યું, 'તું મારી સાથે ચાલ.' પણ શ્રીમોટાએ તેમને કહ્યું, 'મારે માથે કુટુંબની મોટી જવાબદારી છે એટલે કેવી રીતે આવું ?'

બાબાએ કહ્યું, 'તો તું પછીથી આવજે.'

ત્યારે શ્રીમોટાએ કહ્યું, 'મારી નીચેની ત્રણ બાબતો ફળીભૂત કરવાની આશા આપતા હો તો જ હું આપની પાસે આવું.' એટલું કહીને શ્રીમોટાએ તેમને પોતાની ત્રણે બાબતો જણાવી :

'એક તો મારી સાધના ફલિત થાય તે માટે કંઈક કરવાની મારી ઉપર કૃપા કરો. બીજું જ્યારે આપની પાસે

આવવાનું થાય ત્યારે મને આપનાં દર્શન થાય તેવી સ્થિતિમાં હું પ્રવર્તું તેવું આપ કરો. અને ત્રીજું આપને સ્થળે જવા આવવાનું ભાડું મને કોઈ અણધારી રીતે પ્રાપ્ત થાય. આ ત્રણે બાબતો થશે તો સમજીશ કે આપને ત્યાં આવવાનો હુકમ થયો છે ને આપની પાસે આવી પહોંચીશ.' તે પછી બાબા આગળ ગયા અને શ્રીમોટાને પાછા વળવાનું કહ્યું. તેથી, શ્રીમોટાએ પાછા ફરી હકીમ સાહેબને ત્યાં આવી મેડી બરાબર ઠીકઠાક કરી હકીમ સાહેબને સુપરત કરી.

હકીમ સાહેબે ત્યારે શ્રીમોટાને કહ્યું, 'ભગત, તમારા ઓલિયા બીજા કોઈ નહિ પણ સાકુરીના શ્રીઉપાસનીબાબા હતા. તમારી સેવાથી તેઓ તમારી ઉપર ઘણા રાજી હતા અને તમને તેમની સાથે લઈ જવા તેઓ અત્રે આવ્યા હતા.'

શ્રીમોટાએ પણ જતી વખતે બાબા સાથે જે વાતચીત થઈ તે જણાવી. બાબાએ શ્રીમોટાને તેમની સાથે આવવા કહ્યું તેના જવાબમાં તેમણે બાબાને જે ત્રણ વિનંતી કરી તે પણ હકીમ સાહેબને કહી.

ત્યારે હકીમ સાહેબે શ્રીમોટાને કહ્યું, 'ભગત, તમે બાબાની સાથે ગયા હોત તો ઘણું સારું હતું. તેઓ તમારું ભલું કરત એવી વાત પણ મારે તેમની સાથે થઈ હતી.'

પરંતુ શ્રીમોટા જે કાર્યની જવાબદારી પોતે સ્વીકારી હોય તે કામ એકાએક છોડીને બીજા કામમાં કૂદી પડવામાં માનતા ન હતા. આથી, તેઓ શ્રીઉપાસનીબાબાના કહેવા છતાં તેમની સાથે ગયા નહિ, તેનો તેમને અફસોસ થયો નહિ.

## ૪૭. જે ભજનથી તમાચા પડ્યા, તે ભજનથી પૈસા મળ્યા

એક દિવસ શ્રીમોટા તેમના નિત્યક્રમ પ્રમાણે સવારમાં ભજનો ગાતાં ગાતાં હરિજનશાળાએ જતા હતા.

અમુક સ્થળે એક ભજન ગાવું અને અમુક સ્થળે બીજું ભજન ગાવું એવો તેમનો નિયમ ન હતો, પણ એક ભજન પૂરું થાય એટલે બીજું ભજન ગાવું તે મુજબ તેઓ ગાતા હતા.

રસ્તામાં એક વૈષ્ણવ હવેલી આવતી હતી. નીચે મંદિર હતું. ઉપર મહારાજશ્રી રહેતા હતા. સવારમાં ઉત્થાપન કે મંગળાનાં દર્શન થતાં હોય, વૈષ્ણવ સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ દર્શનની દોડાદોડમાં હોય. બરાબર તે જ સમયે શ્રીમોટા ભજન ગાતાં ગાતાં ત્યાંથી પસાર થતા હોય.

શ્રીમોટા તો ભજન ગાવાની ધૂનમાં હોય એટલે પોતે કયે સ્થળેથી પસાર થાય છે, તેનો પણ ખ્યાલ ન હોય. તેઓ તો ભજનની મસ્તીમાં ચાલ્યા જતા હોય.

આજે વૈષ્ણવ હવેલી આવી ત્યાં જ એમણે ભજન ગાયું :

વૈષ્ણવ નથી થયો તું રે,
હરિજન નથી થયો તું રે,
શીદ ગુમાનમાં ઘૂમે ? -વૈષ્ણવ

દર્શને આવતા કોઈ વૈષ્ણવે તે સાંભળ્યું અને તેણે શ્રીમોટા વૈષ્ણવોની નિંદાનું ભજન ગાય છે એમ વિચારીને શ્રીમોટાની પાસે આવીને તેમને બે તમાચા ચોડી દીધા અને બોલ્યા, 'સા....લા, સવારના પહોરમાં વૈષ્ણવની નિંદાનું ભજન ગાય છે ? વૈષ્ણવ નથી થયો તું રે, હરિજન નથી થયો

તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ? - વૈષ્ણવ, વૈષ્ણવ ન થયા તો શું તું વૈષ્ણવ થયો છું ? જોતો નથી આ હવેલીના મંદિર પાસે તું શું બરાડે છે ?'

અને શ્રીમોટાને ખબર પડી કે આ વૈષ્ણવ હવેલીના મંદિર પાસે 'વૈષ્ણવ નથી થયો તું રે'નું ભજન ગવાયું તે કોઈ વૈષ્ણવને પસંદ પડ્યું નથી તેથી બે તમાચાની પ્રસાદી મળી છે. બહારથી જ તેઓ હવેલીના પ્રભુજીને પગે લાગ્યા અને પછી ભજન ગાતાં ગાતાં પાછા નિશાળ તરફ જવા લાગ્યા.

આ વાતને દિવસો વહી ગયા છે.

શ્રીમોટાનો ભજન ગાવાનો નિત્યક્રમ તો ચાલુ જ છે.

સવારમાં ભજન ગાતાં ગાતાં જ તેઓ ઘરેથી હરિજનશાળાએ જતા હોય છે.

એ જ પ્રમાણે તેઓ ભજન ગાતાં ગાતાં હરિજનશાળાએ જઈ રહ્યા છે.

બરાબર વૈષ્ણવ હવેલીનું મંદિર આવતાં જ તેમના મુખમાંથી ભજન સરી પડ્યું :

વૈષ્ણવ નથી થયો તું રે,
હરિજન નથી થયો તું રે,
શીદ ગુમાનમાં ઘૂમે ? -વૈષ્ણવ

દર્શનાતુર વૈષ્ણવ સજ્જન-સન્નારીઓની દોડાદોડ થઈ રહી હતી અને શ્રીમોટા ભજન ગાતાં ગાતાં જતા હતા.

ત્યાં કોઈ વૈષ્ણવ સજ્જને બૂમ મારી, 'ભગત, ભગત, ઊભા રહો.'

શ્રીમોટા બૂમ સંભળાતાં ઊભા રહ્યા.

પેલા વૈષ્ણવભાઈ શ્રીમોટાની પાસે આવીને બોલ્યા,

‘ભગત, બે દહાડાથી તમને ખોળું છું પણ તમારો ભેટો થતો નથી.’

શ્રીમોટા કહે, ‘બોલો, બોલો, મારું શું કામ પડ્યું ?’

પેલા વૈષ્ણવભાઈ કહે, ‘અરે ભગત, મારે તમને પિસ્તાળીસ રૂપિયા આપવાના છે તે લો.’

વૈષ્ણવભાઈએ શ્રીમોટાને પિસ્તાળીસ રૂપિયા આપ્યા ને ચાલતા થયા. શ્રીમોટાના હાથમાં રૂપિયા આવતાં જ સંકેત યાદ આવ્યો. શ્રીઉપાસની મહારાજને કહેલું કે પૈસા મળશે તો જ આપના સ્થાને આવીશ. તેના જ આ પૈસા.

શ્રીમોટા આનંદવિભોર બની ગયા. જે ભજને તેમને તમાચા પડ્યા હતા એ જ ભજને એમને પૈસા અપાવ્યા. કેવું આશ્ચર્ય !

## ૪૮. સાકુરી જવાનો સંકેત મળ્યો

સને ૧૯૨૮ની સાલમાં બારડોલીનો સત્યાગ્રહ જોરશોરથી ચાલતો હતો અને ત્યાં બોલાવે ત્યારે જનાર સ્વયંસેવકોની યાદીમાં શ્રીમોટાએ તેમનું નામ નોંધાવ્યું હતું, પરંતુ જે દિવસે એમને ત્યાં જવાના આદેશનો પત્ર મળ્યો તે જ દિવસે ઓચિંતા શ્રીઉપાસનીબાબાનાં દર્શન થયાં અને એમને ત્યાં જવાનું મન થયું.

શ્રીમોટાને કોઈ દિવસ નહિ ને આજે કેમ શ્રીઉપાસની-બાબાનાં દર્શન થયાં તે સમજાયું નહિ. શ્રીઉપાસનીબાબાની વિદાય વેળાએ તેમણે તેમની પાસે ત્રણ માગણીઓ કરી હતી. એક તેમની સાધુતાનો હેતુ ફળાવવામાં સહાયરૂપ થવા. બીજું સાકુરી આવવાના સંકેતરૂપે તેમનાં દર્શન થાય અને ત્રીજું

સાકુરી જવા આવવાનું ભાડું અણધાર્યું કોઈની તરફથી મળે. જે દિવસે શ્રીમોટાને શ્રીઉપાસનીબાબાનાં દર્શન થયાં તે જ દિવસે રૂપિયા મળી ગયાની વાત આપણે વાંચી ગયા. એટલે બારડોલી જવાનું મુલતવી રાખીને શ્રીમોટા સાકુરી જવા ઊપડ્યા.

સાકુરી જઈ, એક સ્થળે સામાન રાખી, નાહ્યાધોયા અને ત્યાર બાદ તેઓ બાબાનાં દર્શનાર્થે ગયા. તેઓ બાબાને પગે લાગ્યા અને બાબાએ શ્રીમોટાને તેઓ જે પાંજરામાં બેસતા હતા તેની પાસે બેસવાનું કહ્યું. તે મુજબ શ્રીમોટા ત્યાં બેઠા. સાકુરી જઈને શું શું કરવું, તે તેઓ વિચારી લાવ્યા હતા. એટલે તે કરવામાં તેઓ મચી પડ્યા. લગભગ પાંચ છ કલાક પછી તેમને લઘુશંકા કરવાનું મન થયું. તેથી તેઓ ઊઠવા માંડ્યા, પણ ઊઠી શકાયું નહિ. કદાચ લાંબો સમય સુધી એક જ બેઠકે બેઠા તેને કારણે આમ બન્યું હોય. તેથી બંને પગ દબાવી જોયા અને હલાવી જોયા. બંને હાથ જમીન ઉપર રાખી તેને ટેકે ઊઠવા પ્રયત્ન કર્યો તોપણ ઊઠી શકાયું નહિ. છેવટે ખસીને ઊઠવાનો પ્રયત્ન કર્યો તો તેમાં પણ નિષ્ફળ ગયા. એટલે હાલ તરત લઘુશંકા કરવાનું માંડી વાળીને પાછા તેઓ પ્રાર્થના આદિમાં પડી ગયા.

બે અઢી કલાક તેમાં નીકળી ગયા. પછી પેશાબ માટે જ્યાં ઊભા થવાનું કરે પણ ઊભા જ થવાય નહિ. શ્રીમોટાથી એક બાજુથી ઊભા થવાતું ન હતું અને બીજી બાજુ પેશાબ જોરથી લાગેલો. બાબાના પાંજરાની પાસે પેશાબ પણ કેમ થાય ? શ્રીમોટાને થયું આ તો ભારે થઈ. દર્શનાર્થીઓની અવરજવર પણ એવી હતી કે તેમના દેખતાં પેશાબ કેવી

રીતે થાય ? ચાલ થોડું ધ્યાન કરી લેવા દે એમ વિચારીને તેઓ ધ્યાનમાં બેઠા. અડધા કલાક પછી એમને થયું કે હવે તો પેશાબ કર્યા વિના રહી શકાશે નહિ. એટલે આમતેમ આઘાપાછા થઈને પેશાબે જવા પ્રયત્ન કર્યો પણ ઉઠાય તોને ?

છેક છેલ્લે શ્રીમોટા જાણી શક્યા કે તેઓ ઊઠી શકતા નથી તેમાં બાબાની જ કરામત છે. તેથી, ઊઠવા માટે પ્રયત્નો કરવા ખોટા છે. હવે અહીં પેશાબ કર્યા સિવાય છૂટકો જ નથી. એટલે તેઓ બેઠા હતા ત્યાં જ એમણે પેશાબ કર્યો. પેશાબ એટલો બધો થયો કે આસપાસની જગા ભીની ભીની થઈ ગઈ. ટટ્ટીએ જવાનું પણ ત્યાં જ થયું. આમ, શ્રીમોટા બેઠા હતા તેની આસપાસની બેત્રણ ફૂટ જગા ટટ્ટી પેશાબથી એવી ગંદી બની ગઈ કે કોઈને પણ સૂગ આવે. શ્રીમોટાનાં કપડાં ટટ્ટી પેશાબથી લદબદ થઈ ગયાં. કોને ખબર પડે કે આ ભગવાન માટે આવ્યો હશે ? જે કોઈ આવે તે ગંદું જોઈને 'સાલો ગાંડો છે' કહીને જે હાથમાં આવે તે મારતું જાય. જ્યારે શ્રીમોટાને બધાં મારતા હતા ત્યારે એક તેરચૌદ વર્ષની છોકરી બધાંને પથરા મારવાનું ના કહેતી હતી. આ છોકરી તે આજનાં **શ્રીગોદાવરી માતા**. શ્રીઉપાસનીબાબા તો જળકમળવત્ આ બધું નીરખી રહ્યા હતા.

આવી ગંદીગોબરી સ્થિતિમાં હોવા છતાં શ્રીમોટાનો સમાધિભાવ ઓછો થયો ન હતો, બલ્કે તેમના આંતરિક આનંદની પતિતપાવનની ગંગધારાથી તેઓ મસ્તીમાં આવી ગયા હતા. લોકોનો પથ્થરમારો ચાલુ હતો છતાં તેમના આંતરિક આનંદની ભરતીમાં ઓટ આવી ન હતી. શરીરમાંથી મળમૂત્ર

નીકળવાની ક્રિયા તો ચાલુ જ હતી. ખૂબીની વાત તો એ હતી કે ખાવુંપીવું બિલકુલ બંધ હતું, તે છતાં મળમૂત્ર ચાલુ હતાં. આવી સ્થિતિમાં પાંચેક દિવસ શ્રીમોટા બાહ્યદૃષ્ટિએ નરકાગારની જગામાં રહ્યા, પણ આંતરિક રીતે તેઓ ઉચ્ચ ભૂમિકામાં પ્રવર્ત્યા હતા. ત્યાર બાદ ત્રણ દિવસ પછી શ્રીઉપાસનીબાબાએ શ્રીમોટા માટે ગરમ પાણી પીવાને મોકલ્યું. પછી બેત્રણ દિવસ દરરોજ ગરમ પાણી પીવા મોકલતા. તે પછી ખાવા માટે સૂકા રોટલાનો ટુકડો મોકલાવ્યો.

આ રીતે અગિયારેક દિવસ શ્રીમોટા, કોઈને અણગમતી દેખાય છતાં દિલથી મનગમતી સ્થિતિમાં રહ્યા. બહારથી અશાંતિભર્યું વાતાવરણ ચાલુ છતાં તેમની માનસિક શાંતિમાં વિક્ષેપ ના પડ્યો. તેઓ મળમૂત્રથી લદબદ રહ્યા છતાં તેમને આનંદમય સ્થિતિ જ ભાસી. આમ, શ્રીઉપાસનીબાબાએ તેમનાં અશુદ્ધ બાહ્યાવરણો દૂર કરીને તેમનાં મનાદિકરણોને સંપૂર્ણ શુદ્ધ કર્યાં.

પહેલે દિવસે તેઓ સાકુરીમાં આવ્યા ત્યારે જાણે તેઓ જમીન સાથે જડાઈ ગયા હતા. ઉઠાય નહિ એવી સ્થિતિમાં મુકાઈ ગયા હતા, પરંતુ અગિયારમે દિવસે તેમના શરીરમાં હલનચલન આવી ગયું હતું. તેઓ હવે ઊઠીને ચાલી શકશે એવું લાગતાં પાંજરા પાસેથી ઊઠીને દૂર એક પાણીવાળી જગા હતી ત્યાં જઈને તેમણે તેમનાં કપડાં બરાબર ચોખ્ખાં કર્યાં. પછી પાવડો લઈને તેઓ પાંજરા પાસે આવ્યા. પાવડાથી બધું મળમૂત્ર ખસેડીને દૂર જઈને નાખી આવ્યા. મળમૂત્રવાળી જગા ઉપર નવી માટી પાથરી દઈને બજારમાં જઈને માઈસોરના સુખડના તેલની એક બાટલી લઈ આવ્યા અને જ્યાં જ્યાં તેઓ બેઠા હતા ત્યાં બધે સુખડનું તેલ છાંટી દીધું.

આમ, ઘડી પહેલાં જે જગા દુર્ગંધ મારતી હતી તે જગા ખુશબોભરી થઈ ગઈ. કોઈને ખબર પણ ના પડે કે આ જગા આવી ગંદી હશે. શ્રીમોટાએ જેમ ગંદકીભરી જગાને સુવાસિત કરી મૂકી તે રીતે શ્રીમોટા જ્યારે પ્રથમ દિવસે સાકુરીમાં આવ્યા ત્યારે તેમના શરીર અને આત્મા જે દુર્ગંધ મારતાં હતાં તેને શ્રીઉપાસનીબાબાએ તેમની આત્મશક્તિથી બધી બદબો દૂર કરીને તેમના જીવનને સુગંધમય સ્થિતિમાં મઘમઘાટ કરતું કરી દીધું હતું, પરંતુ તે શ્રીમોટા અને શ્રીઉપાસનીબાબા સિવાય અન્ય કોઈ જાણતું ન હતું.

શ્રીમોટાનું કામ હવે પૂરું થઈ ગયું હતું એટલે તેમણે શ્રીઉપાસનીબાબા પાસે જઈને પગે લાગીને જવાની રજા માગી. બાબાએ શ્રીમોટાને આર્શીવાદ આપી કહ્યું, 'જા, હવે તારી જે સ્થિતિ છે તે કાયમ રહેશે.' આમ, સાકુરીમાં શ્રીમોટા જેટલો સમય રહ્યા તેની મિનિટે મિનિટ તેમની સાધનાના વિકાસમાં વાપરી અને કામ પૂરું થતાં તરત જ નડિયાદ જવા નીકળ્યા.

## ૪૯. શ્રીધૂણીવાળાદાદાનાં દર્શને

આપણે આગળ જોઈ ગયા કે શ્રીબાળયોગી મહારાજે શ્રીમોટાને સાધનામાર્ગમાં દીક્ષિત કરેલા પણ તેમના ખરા ગુરુ તો શ્રીધૂણીવાળાદાદા જ હતા. આ વાત પણ તેમણે શ્રીમોટાને કરેલી અને હું તો તેમનો પ્રેરાયો જ તને દીક્ષા આપવા આવ્યો છું એમ પણ તેમને જણાવેલું. વળી, તેમણે એમ પણ કહેલું કે બધી જ તૈયારી કરીને જજે અને કદાચ તને ત્યાં રાખી પાડે તો રહી જજે.

શ્રીધૂણીવાળાદાદાનાં દર્શને જવા જ્યારે શ્રીમોટા તૈયાર થયા ત્યારે આ બધી વાત તેમને યાદ આવી. શ્રીમોટાને માથે કુટુંબની મોટી જવાબદારી હતી. તેને નિરાધાર સ્થિતિમાં કેમ મુકાય ? એટલે કુટુંબને બે વર્ષ સુધી કશો વાંધો આવે નહિ એવી એમણે જોગવાઈ કરી. છેલ્લે નોકરીનું રાજીનામું આપી દીધું અને દાદા જો ત્યાં રાખી પાડે તો રહી જવું એવા દૃઢ નિર્ણય સાથે શ્રીમોટા શ્રીધૂણીવાળાદાદાનાં દર્શને જવા ઊપડ્યા.

શ્રીધૂણીવાળાદાદા ત્યારે મધ્યપ્રદેશના એક નાનકડા ગામ સાંઈખેડામાં ગામથી થોડે દૂર રહેતા હતા. શ્રીમોટા ત્યાં પહોંચ્યા. તેમના નિવાસની પાસેની એક ધર્મશાળામાં મુકામ કર્યો અને નાહીધોઈને તેમનાં દર્શને ગયા.

શ્રીધૂણીવાળાદાદા બેઠા હતા. પાસે લાકડાં ધીખી રહ્યાં હતાં. ગળું આંકડાના હારોથી ભરાઈ ગયું હતું. શ્રીમોટાએ જઈને તેમનાં ચરણમાં માથું ઝુકાવ્યું. આસપાસ ઊભેલા લોકો બોલ્યા, 'અલ્યા, ખસી જા. ખસી જા, નહિ તો દાદા મેલશે માથામાં દંડો.' પણ શ્રીદાદાએ શ્રીમોટાને કશું કર્યું નહિ.

શ્રીદાદાનાં દર્શને ઘણા લોકો આવતા, પણ કોઈ તેમની પાસે જતું નહિ. વખતે પાસે જઈએ અને દાદા દંડો લગાવે તો માથું ભાંગી નાખે એવી સૌને બીક લાગતી. એટલે લોકો દૂરથી જ તેમનાં દર્શન કરતા.

શ્રીદાદાના રંગઢંગ કોઈને એકદમ સમજાય નહિ તેવા હતા. કદાચ કોઈને તે વિચિત્ર પણ લાગે, કારણ કે એક તો તેઓ નગ્નાવસ્થામાં રહેતા હતા. બીજું તેઓ જેમ તેમ બોલતા

હતા. ત્રીજું કોઈ તેમનાં દર્શને પાસે જાય તો દંડો પણ ફટકારતા. તેમ છતાં તેમનાં દર્શને લોકોનાં ટોળેટોળાં આવતાં.

શ્રીમોટા રોજ દાદાથી પાંચસાત ફૂટ દૂર બેસતા અને તેમની લીલા જોતા. તેઓ બેફામ ગમે તેમ બોલે. શ્રીમોટા સભ્ય સમાજમાં રહેલા એટલે તેમની આવી વાણી તેમને રુચે નહિ. તેમને થાય, 'તેઓ આવું અસભ્ય શા માટે બોલતા હશે ?'

એક પળે તો એમને એમ પણ થઈ ગયું કે ચાલ, અહીંથી ચાલ્યો જાઉં. અહીંથી મને શું મળવાનું હતું ? પણ બીજી પળે એમને વિચાર આવ્યો કે શ્રીબાળયોગી મહારાજે કેવી લીલાઓ બતાવી હતી ? તેમનામાં કેવી ગૂઢ શક્તિ હતી ? તેઓ બીજાના વિચાર કેવા પારખી જતા હતા ? તેઓ બીજાના મન કેવાં હરી લેતા હતા ? શ્રીબાળયોગી મહારાજ આવા હતા તો તેમના ગુરુ તો તેમનાથીય વધુ સમર્થ હોવા જોઈએ, તેનું રહસ્ય કેમ મળતું નથી ?

શ્રીમોટાના મનમાં આવા વિચારો ઘોળાયા કરતા હતા ત્યાં એકવાર શ્રીદાદાના બોલ એમને કાને પડ્યા, 'તું અહીં શું લેવા આવ્યો છે ?' કહીને એમણે બેચાર ગાળો ચોપડાવી. શ્રીમોટાએ વિચાર કર્યો કે આ ગાળોનો પ્રસાદ આપણને જ મળ્યો લાગે છે. પછી દાદા બોલ્યા, 'આ જે બધા લોકો અહીં માગવા આવે છે, એમનાં મુખારવિંદ જો, એમને મળ, એમને પૂછ, તેમનાં દિલ કેવા મેલાં છે તેનું નિરીક્ષણ કર.' વગેરે વગેરે.

શ્રીમોટાને જવાબ મળી ગયો. બીજા દિવસથી એમણે તેમ કરવા માંડ્યું. શ્રીદાદા બોલતા હોય ત્યારે તેની અસર

કોની ઉપર કેવી પડે છે તે જોવા માંડ્યું. તેઓ તેમને મળતા અને પૂછતા તે ઉપરથી તેમને જણાયું કે કોઈ સંતાન માટે આવતા હતા, કોઈ લક્ષ્મી માટે આવતા હતા તો કોઈ રોગ મટાડવા આવતા હતા. ભગવાન માટે આવતા હોય એવું ભાગ્યે જણાયું. આવા સ્વાર્થાંધ લોકોને દાદા દંડો મારે કે ગાળો ભાંડે કે ભગાડી મૂકે નહિ તો બીજું શું કરે ? લોકોને તો પોતાને ગમે તેવું કરે તો તે સારો અને ન ગમે તેવું કરે તો ખરાબ. દાદાને કાંઈ ઓછી એની પડી હતી ? દાદા તો બેપરવા અને નિરાળાનાય નિરાળા હતા. દાદાને તો આપવું હોય તો આપે અને ન આપવું હોય તો માથું પછાડીને મરી જાઓ તોય ન આપે એવા હતા. શ્રીમોટાને આ પરિસ્થિતિમાં સમજતા વાર લાગી નહિ.

એક દિવસ શ્રીદાદા તેમની વિચિત્ર વાણીમાં બોલ્યે જ જતા હતા. કોઈને એમ લાગે કે દાદા આવું શું બોલતા હશે ? શ્રીમોટા હવે તો સમજી ગયા હતા કે કારણ વિના દાદા આવું બોલે નહિ. કોઈકે કહ્યું હતું કે આજે કોઈ મોટો માણસ આવવાનો છે, તેના અનુસંધાનમાં દાદાનું આ સંભાષણ ચાલે છે.

સંભાષણમાં રાજામહારાજાની વાતો આવતી હતી. તેઓ કેવી પાશવી લીલા આચરે છે, તેનું વર્ણન શ્રીદાદા બોલી રહ્યા હતા. દાદાની વાણીના રંગઢંગ ઉપરથી લાગતું હતું કે આજે જબરું તોફાન થવાનું.

બેત્રણ કલાકમાં જ થોડા ઘોડેસવારો આગળ અને થોડા પાછળ અને વચમાં મોટર, છેક છેલ્લે પોલીસો એ રીતનો વરઘોડો દાદાની પાસે આવી પહોંચ્યો. મોટરમાંથી એક યુવાન

ઊતર્યો. તેના પોશાક ઉપરથી તે કોઈ રાજ્યનો યુવરાજ હશે એમ લાગ્યું.

યુવરાજે બે થાળ તૈયાર કરાવી એકમાં ચાંદીના અને બીજામાં સોનાના સિક્કાઓ મૂક્યા અને સોનાચાંદીના સિક્કાવાળા બંને થાળ તેણે શ્રીદાદાને ધર્યા. થાળ ધરતાંની સાથે જ દાદાએ જોરથી એને એવી લાત લગાવી કે બંને થાળ ક્યાંના ક્યાંય જઈને પડ્યા અને તેમાંના સિક્કા એક અહીં તો બીજો તહીં એવી વેરણછેરણ સ્થિતિમાં પડ્યા હતા. પોલીસોએ કૉર્ડન કરીને બધા સિક્કા થાળમાં મૂક્યા.

બીજી બાજુ દાદાનું વાક્યુદ્ધ ચાલુ જ હતું. તેમણે કહ્યું કે બાપને ઉઠાડી મૂકવાનો છે એટલે રાજ લેવા આવ્યો છે. અને એવી એવી તો બીજી કંઈ કંઈ વાતો યુવરાજને એમણે સંભળાવી. યુવરાજ બિચારો વીલે મોઢે પાછો ગયો.

પાછળથી ખબર પડી કે આ યુવરાજ બીજા કોઈ નહિ પણ ઈંદોરના મહારાજાના પાટવી કુંવર હતા. ઈંદોરના મહારાજાએ મુંબઈમાં કોઈનું ખૂન કરાવેલું તેનો કેસ તેમની ઉપર ચાલતો હતો તેમ જ બીજા ગેરકૃત્ય કર્યાં હતાં તેથી સરકાર તેમને પદભ્રષ્ટ કરવા માગતી હતી. જો તેમ બને તો પાટવી કુંવરને ગાદી મળે તે માટે તેઓ શ્રીદાદાને નજરાણું ધરવા આવ્યા હતા, પરંતુ દાદાએ તેમને દાદ દીધી ન હતી.

દાદાનું સ્થાન દાદાનો દરબાર કહેવાતો. તેમના દરબારમાં રાજાથી માંડી રંક સુધીના બધા લોકો આવતા. એક સટ્ટાખોર મારવાડી આવેલો. તેણે પોતાની બધી વાત કરતાં શ્રીમોટાને કહેલું કે દાદાએ મને પાંચ વાર મેં માગી તેટલી લક્ષ્મી આપેલી, પરંતુ પાંચેય વાર સટ્ટો ખેલીને તે બધી મેં

ગુમાવી દીધી. હવે છઠ્ઠી વાર દાદા પાસે આવ્યો છું. ભલે તેઓ હવે મને દંડા મારે કે જે કરવું હોય તે કરે પણ લક્ષ્મી લીધા વિના જવાનો નથી. દાદાના દરબારમાં આવા જાતજાતના માણસો આવતા હતા. તેમની અવનવી વાતોથી શ્રીમોટા વાકેફ થતા હતા.

એક દિવસ શ્રીમોટા તેમના નિયમ પ્રમાણે દાદાથી પાંચસાત ફૂટ દૂર બેઠા હતા ત્યાં દાદાએ જોરથી તેમની તરફ નારિયેળ ફેંક્યું જે શ્રીમોટાના કપાળમાં વાગ્યું અને મોટું ઢીમણું થયું. શ્રીમોટાને થયું, 'ચાલો દાદાજીનો પ્રસાદ મળ્યો.' દાદા બોલ્યા, હવે તું તારે ઘેર જા અને તું જે કામ કરતો હોય તે કરતાં કરતાં તારી સાધના કરજે.'

દાદાએ શ્રીમોટાને આદેશ આપ્યો. ગુરુનો આદેશ એટલે હુકમ. ખૂબીની વાત એ હતી કે શ્રીમોટાએ પોતે શા માટે આવ્યા હતા તેની વાત શ્રીદાદાને કદી કરી ન હતી. તેમ છતાં શ્રીદાદા તેમની વાત જાણી ગયા હતા. અને તેમની અંતર્યામીત્વ શક્તિનો પરચો તેમણે શ્રીમોટાને આપ્યો હતો. જોકે શ્રીમોટા દાદાના દરબારમાં રહ્યા તે દરમિયાન બીજાના પ્રસંગો ઉપરથી શ્રીદાદામાં અંતર્યામીત્વ શક્તિ છે, તે વાત જાણી ગયા હતા.

શ્રીમોટાએ વડોદરા થઈને નડિયાદ આવવાનું વિચાર્યું હતું. એટલે પહેલાં તેઓ વડોદરા ગયા. વડોદરા તેમના એક કાર્યકર સાથી શ્રી ભગવદ્પ્રસાદ પંડ્યા, જેઓ સદ્ગત ઠક્કરબાપાની સાથે કામ કરતા હતા. તેમને ઇંદ્રિયનો ક્ષય થયેલો. તેથી તેમને ડફરીન હૉસ્પિટલમાં સારવાર માટે રાખવામાં આવ્યા હતા.

શ્રીમોટાએ તેમને મળીને શ્રીદાદાને ત્યાંની બધી વાત

કરી. દાદાનાં દર્શને આવતા રોગીઓ વિશે વાત કરતાં વધુમાં તેમણે જણાવ્યું કે લગભગ ત્રીસ ટકા રોગીઓનો રોગ મટ્યાની વાત હું જાણું છું. ઈશ્વરની દયા હોય અને કદાચ તમે પણ તેમાંના એક બની જાઓ તેમ લાગવાથી તમને કહેવા માટે જ ખાસ વડોદરા ઊતર્યો છું.

શ્રીમોટાની બધી વાત સાંભળીને ભાઈ ભગવદ્પ્રસાદ પંડ્યાએ કહ્યું, 'જો તું મને જવા આવવાનું ભાડું આપે તો જાઉં.' પરંતુ જ્યાં શ્રીમોટાની જ **'ત્રણ સાંધે ત્યાં તેર તૂટે'** એવી સ્થિતિ હતી ત્યાં તેઓ કેવી રીતે રકમ આપે ? પરંતુ શ્રીમોટાએ તેમને એટલી ખાતરી આપી કે જો ત્યાં ગયા પછી તમને રોગ મટી ન જાય તો ગમે તેમ કરીને પણ જવા આવવાની રકમ તમને આપીશ.

ભાઈ ભગવદ્પ્રસાદ શ્રીદાદાને ત્યાં ગયા ને પ્રભુકૃપાથી તેમને રોગ મટી ગયો. ત્યાં રહ્યા પછી તેમને દાદાનો રંગ એવો લાગ્યો કે તેઓ કાયમ માટે ત્યાં જ રહી પડ્યા અને પાછળથી તેઓ શ્રીદાદાની જેમ જ નગ્નાવસ્થામાં રહેતા હતા.

આ ભગવદ્પ્રસાદ પંડ્યા શ્રીદાદા જ્યારે જ્યારે શ્રીમોટા વિશે કાંઈ બોલતા તો તે તેઓ લખી લેતા કે યાદ રાખી લેતા. એકવાર શ્રીદાદાએ બે ગુજરાતી ભજનો ગાયેલાં તે તેમણે ટપકાવી લીધાં અને શ્રીમોટા જ્યારે બીજી વાર શ્રીદાદાનાં દર્શને ગયા ત્યારે તેમણે બતાવેલાં.

આમાંનું એક ભજન તો શ્રીમોટાનું ઘણું જાણીતું ભજન છે અને આજેય ઘણાં ભાઈબહેનો તે ગાય છે :-

**'પ્રભુ શરણચરણમાં રાખો રે, પાવલે લાગું.'**

શ્રીમોટા નડિયાદના સ્મશાનમાં રાતે જતા ત્યારે મોટેથી

એ લલકારતા. એક બાજુ શ્રીમોટા નડિયાદના સ્મશાનમાં બેઠાં બેઠાં જે ગીત ગાતા હોય તે જ ભજન સેંકડો માઈલ દૂર શ્રીદાદા ગાતા હોય એ કેવી વિસ્મયકારી ઘટના હતી, તે તો તેના મર્મી જ જાણી શકે. આધ્યાત્મિક પ્રદેશની આવી કેટલીક વાતો એકદમ કોઈને સમજાય નહિ તેવી હોય છે, પરંતુ જેમનો તેમાં ચંચુપ્રવેશ થયો હોય તેમને આ વાત વિસ્મયકારી કે નવાઈભરી નહિ લાગતાં તેઓ તેનો રસ જાણી શકે છે અને માણી શકે છે. શ્રીમોટાએ શ્રીદાદાને સંબોધીને કેટલીક પ્રાર્થનાઓ પણ રચેલી જે તેમના **'કેશવચરણકમળે'** નામના પુસ્તકમાં પ્રસિદ્ધ થઈ છે.

જે દિવસોમાં શ્રીદાદાને ઉદ્દેશીને આ પ્રાર્થનાઓ રચાયેલી તે દિવસોમાં શ્રીમોટા આ જ પ્રાર્થનાઓ ગાતા અને દાદાજીને આજીજી કરી કહેતા કે તેમની સાધનામાં તેઓ મદદરૂપ થાય. આમ, શ્રીમોટા નડિયાદમાં રહેતા અને શ્રીદાદા સેંકડો માઈલ દૂર સાંઈખેડામાં રહેતા, તેમ છતાં તેમના સમાગમ માટે તેઓ પ્રયત્નશીલ રહેતા, અને તેના પ્રતાપે શ્રીદાદાની ઝાંખી થતી અને તેમની સાધનામાં તેથી બળ મળતું એવું પણ તેઓ અનુભવતા.

## ૫૦. લાઠીમારની ઝડીઓ વચ્ચે 'હરિઃૐ'ની ઘોષણા

સને ૧૯૩૦માં સ્વરાજની લડતની ઘોષણા થઈ. ગાંધીજીએ દાંડીકૂચ કાઢી. અમદાવાદનો ગાંધીઆશ્રમ છોડતી વેળા તેમણે જાહેર કર્યું, 'કાગડાકૂતરાને મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના પાછો નહિ આવું.'

ગાંધીજીએ અમદાવાદથી દાંડી સુધીની કૂચમાં લાખો લોકોને આદેશ આપ્યો કે લડાઈની હાકલ થાય ત્યારે કોઈ ઘરમાં પુરાઈ ન રહેશો, પણ બ્રિટિશ હકૂમતની સામે બહાદુર બનીને લડજો.

દાંડી જઈને ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ શરૂ કર્યો અને તેની સાથે ગામેગામ મીઠાના સત્યાગ્રહો થયા. મીઠાના અગરોમાં જઈને મીઠું લાવી તેનું જાહેર વેચાણ કરાયું.

ત્યારે મીઠું એ માત્ર મીઠું ન રહ્યું પણ સ્વરાજનું સબરસ બન્યું. હજારો લોકોએ ચપટી મીઠાના હજારો રૂપિયા આપ્યા. ચપટી મીઠા માટે હજારો લોકોએ માથાં ફોડાવ્યાં. ચપટી મીઠા માટે સેંકડો સ્ત્રીઓ દોડી આવી. સરકારે તેમની ઉપર ઘોડા દોડાવ્યા.

આવી ખરાખરીની લડાઈ વેળા ઘરમાં બેસી રહેવું ગમે ખરું ? શ્રીમોટા પણ આ સત્યાગ્રહની લડાઈમાં જોડાયા.

બોરસદ તાલુકાના દહેવાણ ગામે એક સભા ભરાવાની હતી. આ સભા કોઈ પણ સંજોગોમાં ભરાવા દેવી નહિ એવું સરકારે નક્કી કર્યું હતું. સામે સત્યાગ્રહીઓ પણ મક્કમ હતા. જે થાય તે ખરું પણ સભા તો ભરવી જ એવું એમણે નક્કી કર્યું હતું.

'છોને જાનમાલ જાય તોયે નથી હારવું'ના નારાથી ગામડાં ગાજી ઊઠ્યાં. ટોળાબંધ માણસો દહેવાણની સભામાં ભાગ લેવા આવ્યા.

શ્રીમોટાએ આ સભામાં ભાગ લેવાનો હતો. 'શૂરવીર ચાલજો રે હો રણમાં'ના લડાઈનાં ગીતો ગાતાં ગાતાં સેંકડો લોકો આવી રહ્યા હતા.

તોફાનના અણસાર આવી રહ્યા હતા. લોકમુખે વાતો થતી હતી કે આજે કંઈ નવાજૂની જરૂર થશે, પરંતુ ગમે તે થાય સૌ સભા ભરવા માટે મક્કમ હતા.

ખરી રીતે તો દહેવાણ ઠાકોર સાહેબનું ગામ હતું અને ત્યાં સભા થાય તે માટે સરકાર વાંધો લઈ શકે તેમ ન હતી. પ્રજાના આગેવાનો ઠાકોર સાહેબને સમજાવવા માગતા હતા કે તમે પ્રજાના થઈને પ્રજાની વિરુદ્ધ શા માટે થાઓ છો ? ભલા થઈને સભા ભરવા દોને ! પણ દહેવાણ ઠાકોરને સરકારે એવા ચઢાવી રાખેલા કે તેમણે પ્રજાના આગેવાનોને મળવાનો જ ઇનકાર કર્યો. પછી તો વાત કસ ઉપર ગઈ.

છેવટે સભા ભરાઈ, પણ જ્યાં ભાષણની શરૂઆત થાય ત્યાં જ સંકેત પ્રમાણે પોલીસોએ લાઠીમાર શરૂ કર્યો. ધડાધડ લાઠીઓ પડવા માંડી. માણસોની ભાગાભાગ શરૂ થઈ તેમ તેમ લાઠીઓ વધુ જોરથી પડતી ગઈ. કેટલાયના હાથ ભાંગ્યા, કેટલાયના પગ ભાંગ્યા અને કેટલાયનાં માથાં ફૂટ્યાં. પોલીસોએ કાળો કેર વર્તાવી દીધો.

આ વખતે શ્રીમોટા લાઠીઓની સતત ઝડીઓની વચ્ચે અણનમ ઊભા હતા અને જેમ જેમ લાઠી પડે તેમ તેમ ‘હરિઃૐ, હરિઃૐ’ એમ ઘોષણા કરતા હતા. એક બાજુ તેમના ઉપર સતત લાઠીઓ પડતી હતી અને બીજી બાજુ તેમના મુખમાંથી ‘હરિઃૐ, હરિઃૐ’ની બૂમો સતત નીકળતી હતી.

મારનારાઓને પણ થયું હશે કે આ કોઈ ખરો લાગે છે. વાત અમલદાર સુધી પહોંચી કે લાઠીઓની ઝડીઓ વરસવા છતાં પણ એક સ્વયંસેવક હઠતો નથી અને તે ‘હરિઃૐ, હરિઃૐ’ બોલી રહ્યો છે.

તરત જ પોલીસ અમલદારો ત્યાં દોડી આવ્યા. તેમની સાથે તેના ઉપરી અમલદાર પણ આવી પહોંચ્યા. જુએ છે તો કેટલાય પોલીસો એક સ્વયંસેવકની આસપાસ ફરી વળ્યા છે અને તેની ઉપર લાઠીઓનો વરસાદ વરસાવી રહ્યા છે. છતાં સ્વયંસેવક અણનમ છે અને તેના મુખમાંથી 'હરિઃૐ, હરિઃૐ'ની શબ્દધારા નીકળી રહી છે.

પોલીસ ઉપરીએ આ સ્વયંસેવક કોણ છે એમ પૂછ્યું, તો નડિયાદના ચૂનીલાલ ભગતનું નામ દેવાયું. પોલીસ ઉપરીએ તરત જ લાઠીમાર બંધ કરાવ્યો, કારણ કે શ્રીમોટા તેમના પરિચિત હતા.

પોલીસ ઉપરીનેય ત્યારે થયું કે આ તો પોલીસોએ કીડી ઉપર કટક મોકલવા જેવું કર્યું. શ્રીમોટાને ઘણી લાઠીઓ વાગી હતી અને તેઓ સારી પેઠે ઘવાયા હતા. તરત તેમને સારવાર માટે હૉસ્પિટલમાં મોકલવામાં આવ્યા. સ્વરાજની લડતમાં શ્રીમોટાએ આ રીતે ભાગ લીધો.

## ૫૧. પ્રાર્થનાએ બચાવ્યો

સત્યાગ્રહની લડત વેળા એકવાર શ્રીમોટા સાબરમતી જેલમાં હતા. જેલમાં કેદીઓની સંખ્યા વધે એટલે એક જેલમાંથી બીજી જેલમાં ફેરબદલી થાય. ફેરબદલી ક્યાં કરવામાં આવનાર છે તેની ખબર પડે નહિ.

એક દિવસ સાંજના કેદીઓની યાદી સાથે અમલદારો આવ્યા. નામ બોલવા માંડ્યા. શ્રીમોટાનું નામ પણ ફેરબદલી થનાર કેદીઓની યાદીમાં આવ્યું. કેદીઓને લઈને રાતના એક સ્પેશિયલ ટ્રેન અમદાવાદથી ઊપડી.

ગાડીમાં જ બધાને ખબર પડી ગઈ કે તેમને યરવડા જેલમાં લઈ જવામાં આવે છે. યરવડા જેલમાં ત્યારે કેદીઓ ઉપર ખૂબ જુલમ કરવામાં આવતો. ત્યાં જેલ અમલદારોની એટલી બધી ધાક હતી કે કોઈ ચૂં કે ચાં કરી શકતું નહિ.

પૂનાની નજીક ખીડકી સ્ટેશનથી યરવડા જેલ પાસે. એટલે બીજે દિવસે કેદીઓની ગાડી ખીડકી સ્ટેશને આવી પહોંચી. ત્યાંથી બધા કેદીઓને યરવડા જેલમાં લઈ જવામાં આવ્યા.

પણ યરવડા જેલમાં જનાર દરેકને પાકી પંચાજીરી મળતી હતી. કેદી જેવો તોતિંગ દરવાજાની ડોકાબારીમાંથી પસાર થાય કે ત્યાં ઊભેલો વૉર્ડર બોચીમાં જોરથી એવી થપાટ મારે કે કાળજું કંપી જાય.

શ્રીમોટાએ જોયું કે આ તો માર્યા. જેલ અમલદારે કેદીઓ ઉપર ધાક બેસાડવાને માટે જ આ તરકીબ અજમાવી છે. 'પહેલો ઘા રાણાનો' એમ જેલમાં પ્રવેશતાં જ એવી પ્રસાદી આપવી કે તે ડરી જાય ને પછી ઊંચો ન થાય. આને તાબે કેમ થવાય ?

જેલ અમલદારોને ખબર ન હતી કે આ ગુનેગાર કેદીઓ પણ સત્યાગ્રહી કેદીઓ છે. એ સરકારને તાબે નથી થયા તો જેલવાળાને તાબે કેમ રહેશે ?

શ્રીમોટાએ વિચાર કર્યો કે જેલ અમલદારને પાઠ તો મળવો જ જોઈએ. એટલે જેવા તેઓ યરવડા જેલના તોતિંગ દરવાજાની ડોકાબારીમાં પ્રવેશ્યા અને વૉર્ડરે મારવા હાથ ઉગામ્યો કે તેઓ વૉર્ડરની સામે ટગર ટગર જોવા માંડ્યા. એ કોણ જાણે કેમ વૉર્ડરે મારવા ઉપાડેલો હાથ દર વેળા તો કેદીની બોચી ઉપર પડતો પણ આ વખતે અધ્ધર રહી ગયો.

આવું કેમ થયું તે સમજાયું નહિ. જેલર પણ અચંબો પામ્યો અને તેણે શ્રીમોટાને અલગ ઊભા રહેવા સૂચના કરી.

બધા કેદીઓ પસાર થઈ ગયા પછી જેલરે શ્રીમોટાને તેની પાસે બોલાવ્યા અને પૂછ્યું, ‘બધા કેદીઓને વૉર્ડરે માર્યા અને તને કેમ ન માર્યો ?’

શ્રીમોટા બોલ્યા, ‘મને શી ખબર, સાહેબ ?’

જેલર કહે, ‘તું જૂઠું ના બોલીશ. મને તો લાગે છે કે તારી પાસે કોઈ કીમિયો છે. નહિતર બધા કેદીઓને મારનાર વૉર્ડરનો હાથ તારી વખતે અધ્ધર કેમ રહી ગયો, તેનો ખુલાસો કર.’

જવાબમાં શ્રીમોટાએ કહ્યું, ‘સાહેબ,ખરી વાત કહું ? દેશને માટે અમે જેલમાં આવ્યા છીએ. અમે જેલના કોઈ કાયદાનો ભંગ કર્યો નથી. અને અમને મારવામાં આવે તે બરાબર ન ગણાય. તેથી, ભગવાનને મેં પ્રાર્થના કરી કે પ્રભુ, મને બચાવી લો. વૉર્ડરની સામે હું જોઈ જ રહ્યો, પણ વૉર્ડરે મને કેમ ના માર્યો એ તો એ જ જાણે. આ સાચી હકીકત છે.’

શ્રીમોટાની વાત સાંભળી જેલર હસી પડ્યા. તેમણે વૉર્ડરને બોલાવ્યો અને કહ્યું, ‘આ કેદીને લઈ જાઓ.’ અને જતાં જતાં તેમણે શ્રીમોટાને કહ્યું, ‘તારે કોઈ કામ હોય તો જરૂર કહેજે.’

આમ, પ્રાર્થનાએ શ્રીમોટાને માર ખાતા બચાવ્યા અને જેલર સાથે મિત્રતા બાંધી આપી.

## ૫૨. જેલયાત્રાનો સદુપયોગ જીવનસાધનામાં કર્યો

શ્રીમોટા સ્વરાજની લડતમાં દેશની સ્વાધીનતાને માટે જેલમાં ગયા છે ખરા, પણ તેનો સદુપયોગ તેમણે તેમની જીવનસાધના માટે કર્યો છે.

ઘણા લોકો જેલમાં જતા પણ જેલમાં તેમના ગામના કે તેમના જેવા રસના સમવયસ્કની બેપાંચની ટોળી જમાવીને વાતોના તડાકા મારતા, પણ શ્રીમોટા તેમ કરતા નહિ. તેઓ તો શાંત અને મૂક બનીને તેમની સાધનામાં જ રત રહેતા.

જેલયાત્રાને શ્રીમોટા વૅકેશન માનતા. બહાર હોય ત્યારે તેમને હરિજનશાળામાં ભણાવવા જવું પડતું, બીજું કામ કરવું પડતું, પણ જેલમાં તેવા કામથી મુક્ત હતા. જેલ તરફથી સોંપવામાં આવેલું કામ ઝટપટ તેઓ કરી લેતા અને બાકીનો બધો સમય તેમના સાધનાયજ્ઞમાં રચ્યાપચ્યા રહેતા.

અરીસામાં આપણે જેવા હોઈએ છીએ તેવા દેખાઈએ છીએ. એ રીતે જેલનિવાસ અરીસા સમાન હતો. ઘર જેવી ખાવાપીવાની સગવડ ત્યાં મળે નહિ. એટલે ખાવા માટે એક ડુંગળી મેળવવા લોકો જાતજાતની તરકીબો અજમાવતા અને તે પાછળ કેટલોય સમય ખોતા. જેમને કશું કામ ન હોય તેઓ આવી ક્ષુલ્લક વસ્તુઓ પાછળ સમય વેડફે તે સમય જાય, પરંતુ શ્રીમોટા તો સાધના માટે ભગવાને આવો નિરાંતનો સમય આપ્યો છે, તો તેનો બરાબર ઉપયોગ કરી લેવો, એમ માનીને સમયને એળે જવા દેતા નહિ.

વળી, જેલના નિયમોને પાળવા, તેના હુકમોનું બરાબર પાલન કરવું, જેલ જે વસ્તુ આપે તે સિવાયની બીજી કોઈ વસ્તુ વાપરવી નહિ, તેમ કરવામાં સત્યાગ્રહી તરીકેની શિસ્ત

કેળવાય છે. આપણામાં કેટલો સંયમ છે તેનો ખ્યાલ આવે છે. એ રીતે જેલયાત્રાને શ્રીમોટાએ જીવનશિક્ષણની તાલીમ ગણીને કંઈ કશાની આશા-અપેક્ષા રાખી નહિ. અને તેમણે તેમની સાધનામાં શું મદદરૂપ છે એ જ એક લક્ષમાં રાખીને તેનો ઉપયોગ કર્યો. ઈશ્વરે જીવન સદુપયોગ કરવા માટે આપ્યું છે, તે વ્યર્થ કેમ જવા દેવાય ?

જેલમાં શ્રીમોટાના આવા વૃત્તિવલણથી કેટલાકને તેઓ વિચિત્ર લાગતા હશે, પણ બીજાના ખ્યાલ કે અભિપ્રાયને તેમણે ધ્યાનમાં લીધા નહિ. શ્રીમોટાએ નેતા થવાનું માન્યું નહિ કે અન્ય લોકોની જેમ રાજદ્વારી વાતોમાં રાચીને કે તેવી વાતોની ખટપટમાં પડીને તેઓ બુદ્ધિમાં સૌથી ચઢિયાતા છે એમ કરવાનું પણ કર્યું નહિ. બીજાની દૃષ્ટિએ કદાચ તેઓ કોઈને ભોટ દેખાય તો ભલે, તેઓ તેમ માને એ તરફ દુર્લક્ષ સેવીને તેઓ તેમની સાધના અને ભગવદ્‌ગીતામાં જ પરોવાયેલા રહ્યા.

વીસાપુર જેલમાં તેમણે તેમનો અવકાશનો સમય **'ગીતા'** લખવામાં ગાળ્યો. આશ્રમમાં ઘણી વાર ઘણા વિદ્યાર્થીઓ તેમને સમજાય તેવી સરળ ભાષામાં **'ગીતા'** વિશે લખવાનું કહેતા. આ ઉપરથી એમણે તે રીતે **'ગીતા'** લખી. **'ગીતા'** જેવું જીવનલક્ષી પુસ્તક વિદ્યાર્થીઓ અને ઓછું ભણેલાંઓને સમજાય તેવી ભાષામાં લખવું એ તો જેમણે **'ગીતા'**ને પચાવી હોય તેઓ જ કરી શકે. શ્રીમોટા તેવા હોવાનો દાવો કરતા ન હતા. તેમ છતાં તેઓ **'ગીતા'**ના ભાવો સુયોગ્ય રીતે રજૂ કરી શક્યા એમાં તેમની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાએ જ કામ કર્યું હતું એમ તેઓ આજેય કહે છે.

પરંતુ જે વસ્તુ જેમને માટે લખાઈ હોય તેમને તેવી ન લાગે તો તેવું લખેલું યોગ્ય ન ગણાય. આથી, **'ગીતા'** લખાયા બાદ એકવાર તેમની બા પાસે બેઠા અને કહ્યું, 'બા, મારા એક મિત્રે નાનાંમોટાં સૌને સમજાય એવી એક **'ગીતા'** લખી છે, તે તું સાંભળ.'

શ્રીમોટાનાં બા, તેઓ વાંચે અને નિરાંતે બેસીને સાંભળે એવી ફુરસદવાળાં ન હતાં. ઘરમાં એવી ગરીબી હતી કે શ્રીમોટાની કમાણી ઉપરાંત ઘરનાં મોટેરાં બીજું કંઈ કામ કરીને આવકમાં ઉમેરો કરે તો જ ઘરનાં સૌ ખાવા પામે એવી સ્થિતિ હતી. એટલે બા વિણામણના અમુક પૈસાને હિસાબે ખળીમાંથી તુવેરની દાળ વીણવા લાવતાં હતાં. તેઓ દાળ વીણતાં હતાં અને શ્રીમોટા તેને **'ગીતા'** વાંચી સંભળાવતા હતા. એ રીતે શ્રીમોટાએ તેમની બા પાસે ગીતાવાંચન કર્યું અને પછી તેમનો અભિપ્રાય માગ્યો.

બા, દાળ વીણતાં ગયેલાં અને શ્રીમોટા **'ગીતા'** વાંચતા હતા તે સાંભળતાં ગયેલાં. છતાં શ્રીમોટાનું ગીતાવાંચન તેમને ગમ્યું અને સમજાયું એટલે તેને વિશે તેમનો અભિપ્રાય આપતાં કહ્યું, 'અમને કથામાં મહારાજ જે **'ગીતા'** વાંચી સંભળાવે છે ને સમજાવે છે, તે કરતાં તેં વાંચેલી **'ગીતા'** વધુ સારી રીતે સમજાય છે.'

બસ, શ્રીમોટાને જે જાણવું હતું તે જાણી લીધું. જેમને માટે **'ગીતા'** લખી હતી, તે યથાર્થ જણાઈ. એથી, એમને આનંદ થયો.

## ૫૩. શ્રીમોટાની સેવાશુશ્રૂષા

ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં બોદાલ નામે ગામ

છે. બોરસદ-વાસદ સડક ઉપર તે આવેલું છે. બોદાલમાં એક હરિજનઆશ્રમ. શ્રીમોટા તેમાં કામ કરે.

આશ્રમમાં દરેક કાર્યકરને આશ્રમનાં કામ ઉપરાંત સેવાનાં બીજાં કામ પણ સોંપવામાં આવે. એ રીતે શ્રીમોટાને દવાખાનાનું કામ મળેલું. શ્રીમોટા કાંઈ દાકતર કે વૈદ ન હતા, પરંતુ તેમની હૈયાસૂઝથી તાવવાળાને તાવની,ઉધરસવાળાને ઉધરસની ઘરગથ્થુ દવાઓ આપતા. કોઈ વાગેલું આવે તેને પાટાપિંડી કરે, તો કોઈ ગડગૂમડવાળો આવે તેની તેવી દવા કરે.

એકવાર એક માણસ દોડતો દોડતો આવ્યો અને શ્રીમોટાને નામ દઈને બોલાવવા લાગ્યો, 'ચૂનીભાઈ, ચૂનીભાઈ, વણકરવાસમાં તમને બોલાવે છે.'

શ્રીમોટા કહે, 'શું કામ છે ?'

તે બોલ્યો, 'એક બાઈને પેટમાં દુખે છે ને દુખથી તે આળોટે છે ને બૂમો પાડે છે.'

શ્રીમોટા તે ભાઈની સાથે વણકરવાસમાં ગયા ને બાઈ પાસે જઈને ઊભા. શ્રીમોટાએ જોયું કે તે બાઈના પેટમાં ખૂબ દુખતું હતું અને દુખની મારી તે પેટ ઉપર હાથ દઈને આળોટી રહી હતી.

શ્રીમોટાએ તે બાઈના માણસોને બોલાવ્યા ને પૂછ્યું, 'બાઈ કેટલા દિવસથી આમ કરે છે ?'

તેના માણસ કહે, 'બાઈ આજે જ આવું કરે છે. ત્રણ દિવસથી જાજરૂ ગઈ નથી.'

આ સાંભળીને શ્રીમોટાના હાથમાં બાઈના રોગની નાડ આવી. શ્રીમોટાને તરત સમજાઈ ગયું કે બાઈ ત્રણ દિવસથી જાજરૂ નથી ગઈ તેથી જ તેને પેટમાં દુખે છે. શ્રીમોટા બોલ્યા,

'બોલો ભાઈ, શું કરીશું ?'

બાઈના માણસે કહ્યું, 'ચૂનીભાઈ, તમારે જે દવા કરવી હોય તે કરો.'

શ્રીમોટા કહે, 'જુઓ ભાઈ, બાઈ ત્રણ દિવસથી જાજરૂ નથી ગઈ તેથી એને એનિમા આપવી પડશે.'

બાઈના માણસો કહે, 'ભલે, એમ કરો.'

શ્રીમોટાએ પેલી બાઈને તેના માણસોની હાજરીમાં સાદા પાણીની એનિમા આપી, પણ તેથી કાંઈ મળ છૂટ્યો નહિ. આથી, બીજી વાર દિવેલ અને સાબુવાળા પાણીની એનિમા આપી, પણ તેથીય મળ છૂટ્યો નહિ. છેવટે શ્રીમોટાએ ભગવાનનું નામ દઈને બાઈને ત્રીજી વાર દિવેલ ને સાબુની એનિમા આપી. અને તેનું પાણી પેટમાં ગયું તેની સાથે જ એવો ગંધાતો મળ છૂટ્યો કે પાસે બેસાય પણ નહિ. મળ નીકળી જતાં બાઈને શાંતિ થઈ ગઈ. બાઈ સગર્ભા હતી એટલે એનિમા આપવી જોખમી હતું, પરંતુ ભગવાનની દયાથી બધું હેમખેમ પાર પડી ગયું.

શ્રીમોટાના મોં ઉપર દરદીબાઈને સારી કર્યાનો સંતોષ હતો. તેઓ આશ્રમમાં ગયા. સારી પેઠે નાહ્યા અને કપડાં ધોઈ-સૂકવીને પછી બીજા કામે વળગ્યા.

## ૫૪. નિરંતરનું સ્મરણ થયું

બોદાલ હરિજન આશ્રમના ઉદ્‌ઘાટનનો પ્રસંગ હતો. સરદાર વલ્લભભાઈ પટેલ તેનું ઉદ્‌ઘાટન કરવાના હતા. ગામડાંમાંથી લોકોનાં ટોળેટોળાં બોદાલ ગામે ઠલવાતાં હતાં. જનમેદની હજારોની સંખ્યા ઉપર પહોંચી ગઈ હતી. બોદાલ

હરિજનઆશ્રમના ચોગાનમાં ઊભા રહેવાની પણ જગ્યા ન હતી.

સમય થયો અને સરદારશ્રી પધાર્યા. લોકોએ હર્ષનાદથી એમને વધાવી લીધા. એક હરિજનઆશ્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે આટલી બધી સંખ્યામાં લોકો આવ્યા હતા, એ ખુશ થવા જેવી વાત હતી. સરદારશ્રીએ આ માટે જનતાને અભિનંદન આપ્યા અને આભડછેટના કલંકને સમાજમાંથી દૂર કરવા સૌને ભલામણ કરી.

નદીમાં પૂર આવે છે અને ઓસરી જાય છે, એમ સભાનું કાર્ય પૂરું થતાં જનતાની મેદની ઓસરી ગઈ. આખા દિવસના કામથી શ્રીમોટા થાકી ગયા હતા. એટલે તેઓ તેમની પથારી લઈને આશ્રમના ખેતરમાં એકાંતમાં સૂવા ગયા. શ્રીમોટાની સાથે સદ્‌ગત ઠક્કરબાપા અને શ્રી શ્રીકાંત શેઠ પણ સૂવા આવ્યા. શ્રીમોટા વચ્ચે સૂતા અને તેમને એક પડખે સદ્‌ગત ઠક્કરબાપા સૂતા તો બીજે પડખે શ્રી શ્રીકાંત શેઠ સૂતા.

સભાની જગા માટે ખેતરમાં સાફસૂફી કરતાં બપોરે એક સાપને સતાવેલો તેથી તે ક્યાંક ચાલ્યો ગયેલો. રાત્રે શાંતિ થતાં તે પોતાના સ્થાને આવતો હશે ત્યાં ત્રણ જણાને સૂતેલા જોયા. એક તો સાપ આખા દિવસનો અકળાયેલો હતો. બીજી બાજુ આ ત્રણ જણાનો વિક્ષેપ આવ્યો હોય એટલે ધૂંધવાયો હોય તેથી, જે હો તે, પણ તેણે સૂતેલા ત્રણ જણા પાસે જઈને અડખેપડખેનાને નહિ ને વચમાં સૂતેલા શ્રીમોટાની જ જાંઘમાં બે ત્રણ ડંખ માર્યા. જેવા ડંખ વાગ્યા તેવા જ શ્રીમોટા બૂમ પાડીને જાગી ઊઠ્યા. બૂમ પાડતાંની સાથે જ સદ્‌ગત ઠક્કરબાપા અને શ્રી શ્રીકાંત શેઠ પણ જાગી ગયા અને બોલ્યા, 'ચૂનીભાઈ, શું છે ? શું છે ?' પણ શ્રીમોટાને જવાબ આપવાના હોશ ન હતા. તેઓ તો બેભાન

થઈને પડ્યા હતા.

શ્રીમોટા બેભાન થતાં થતાંમાં તો જાણી ગયા કે મને સાપ કરડ્યો છે અને તેનું ઝેર શરીરમાં પ્રસરી રહ્યું છે. તે સાથે જ તેમણે **'હરિઃૐ..હરિઃૐ'**નું મોટેથી રટણ કરવા માંડ્યું. સદ્‌ગત ઠક્કરબાપા અને શ્રી શ્રીકાંત શેઠ જાણી ગયા કે નક્કી શ્રીમોટાને સાપ કરડ્યો છે. આથી, તેમને ગાડામાં નાખીને પાસેના ગામે સાપ ઉતારવા લઈ ગયા.

શ્રીમોટાનું 'હરિઃૐ'નું રટણ મોટેથી ચાલુ જ હતું. કોઈકે શ્રીમોટાને કહ્યું પણ ખરું કે ચૂનીભાઈ, તમને સાપ કરડ્યો છે ને તમે 'હરિઃૐ'ની બૂમો શા માટે પાડો છો ? પરંતુ મોટા તો 'હરિઃૐ'ના રટણમાં મસ્ત જ હતા.

આખરે ગાડું આરોદર ગામે સાપ ઉતારવા જવાનું હતું ત્યાં આવી પહોંચ્યું. સાપ ઉતારનાર આવ્યો અને એની રીત પ્રમાણે સાપનું ઝેર ઉતારવા માંડ્યો, પણ સાપનું ઝેર ઊતર્યું નહિ. એટલે બોદાલ ગામે ગાડામાં પાછા લાવ્યા.

કોઈએ દોડીને સદ્‌ગત ઠક્કરબાપાને ખબર આપ્યા કે ચૂનીભાઈને સાપ ઉતારવા લઈ ગયેલા પણ સાપનું ઝેર ઊતર્યું નથી અને તેમને ગાડામાં પાછા લાવે છે. તરત જ ઠક્કરબાપાએ કોઈને બોરસદથી ટેક્સી લઈ આવવાનું કહ્યું, પરંતુ તે પૈસા લીધા વિના ગયો હોવાથી પાછો આવ્યો.

બીજા માણસને પૈસા આપીને તાબડતોબ બોરસદથી ટૅક્સી મંગાવી અને શ્રીમોટાને તેમાં લઈને આણંદના મિશનના દવાખાનામાં લઈ જવામાં આવ્યા. જાણીતા ડૉ. કૂક ત્યારે મુખ્ય દાકતર હતા. શ્રીમોટાને તેમની પાસે લઈ ગયા અને બધી હકીકત જણાવી.

સાપ કરડ્યાને બોતેર કલાક થઈ ગયા હતા. શરીરમાં પ્રસરી ગયેલું ઝેર શી રીતે કાઢવું એ સવાલ હતો. ડૉ. કૂકે શ્રીમોટાનો હાથ પકડીને નાડી જોવા માંડી, તો તે ઘણી મંદ ગતિએ ચાલતી હતી. ડૉ. કૂક બોલ્યા, 'બહુ મોડા પડ્યા છો પણ છેલ્લા પ્રયત્ન કરી લઉં. બાજી ઉપરવાળાના હાથમાં છે.' એમ કહીને શ્રીમોટાને ઑપરેશન થિયેટરમાં લીધા અને સખત એનિમા આપી પેટ અને આંતરડાં વૉશ કર્યાં. તે પાણીની તપાસ કરાવરાવી તો જાણવા મળ્યું કે પાણીમાં મોટા પ્રમાણમાં ઝેર હતું.

પરિસ્થિતિ આવી હતી તેમ છતાં શ્રીમોટા કેવી રીતે જીવ્યા એ જ ડૉક્ટરના દિલમાં સવાલ ઉદ્ભવતો હતો ! પણ પરમાત્માને જિવાડવા હોય તો મરેલા પણ જીવતા થાય છે. શ્રીમોટાને શું એમ હશે ?

જેમ જેમ એનિમાનું પાણી શ્રીમોટાના પેટમાંથી નીકળવા માંડ્યું તેમ તેમ તેની તપાસ કરાવવા માંડી. તે ઉપરથી જણાયું કે દરેક વખતે ઝેરનું પ્રમાણ ઓછું થતું હતું. પાણીનો અંશ છેલ્લો નીકળ્યો ત્યારે ઝેરનું પ્રમાણ નહિવત્ હતું. ડૉક્ટરને વિશ્વાસ બેઠો કે દરદી હવે જીવી જશે. તેઓ બોલ્યા, 'દરદીનું પુણ્ય આડું આવ્યું લાગે છે, નહિ તો જેના શરીરમાં આટલું બધું ઝેર પ્રસર્યું હોય તે ભાગ્યે જ જીવી શકે. દરદીનું ભાગ્ય અને મારો પ્રયત્ન બંને કામ કરી ગયા. પરમેશ્વર કેટલો બધો દયાળુ છે !'

ડૉક્ટરની વાત સાચી હતી. જે સ્મરણને નિરંતર કરવા માટે મોટા અથાગ પ્રયત્ન કરતા હતા તેમ છતાં તે નિરંતરનું થતું ન હતું. તે સ્મરણ હવે નિરંતર થઈ ગયું હતું. ઘડિયાળની જેમ જ. ઘડિયાળ ટક ટક બોલે, અંતરનું ઘડિયાળ

'હરિઃૐ, હરિઃૐ' બોલતું હતું. ઘડિયાળને ચોવીસ કલાકે ચાવી આપીએ ત્યારે ટક ટક બોલે. અંતરનું ઘડિયાળ તો ચાવી આપ્યા વિના જ 'હરિઃૐ, હરિઃૐ' બોલતું હતું. કુદરતની કેવી રચના !

દવાખાનાના પલંગમાં શ્રીમોટા સૂતા હતા. એક બાજુ સર્પદંશની આછી કંપારીથી દિલ ધડકતું હતું તો બીજી બાજુ 'હરિઃૐ'ની નિરંતરની ધડકનથી દિલ આનંદિત થતું હતું.

## ૫૫. બાળકોને ડૂબતાં બચાવ્યાં.

સુરત પાસે નવસારીમાં એક હરિજનઆશ્રમ ચાલે. શ્રીમોટા એમાં કામ કરતા હતા ત્યારની આ વાત છે.

આશ્રમની પાસે એક દૂધિયું તળાવ. ચોમાસામાં વરસાદના પાણીથી ચિક્કાર થઈ જાય ત્યારે નાનાસરખા સરોવર જેવું લાગે.

શ્રીમોટાને થયું : આ દૂધિયા તળાવમાં સહેલગાહ કરાવવા માટે એક તરાપો કરાવ્યો હોય તો સારું. આશ્રમનાં છોકરાંઓને તરાપામાં બેસાડી દૂધિયા તળાવની સહેલગાહ કરાવાય.

પણ આશ્રમ ફંડ ઉપર નભે. આશ્રમ પાસે એવી ફાજલ રકમ ન હતી જેમાંથી તરાપો થાય. એટલે શ્રીમોટા અને છોકરાંઓએ મળીને તરાપામાં કામ આવે એવાં લાકડાંનાં પાટિયાં અને બીજાં લાકડાં આસપાસથી મેળવ્યાં અને બધાંએ મળીને એક સરસ તરાપો બનાવ્યો. તેમાં બાળકોનો સમાવેશ થઈ શકે તે માટે બાળકો ઊભાં ઊભાંય જોઈ શકે અને બેઠાં બેઠાંય જોઈ શકે એમ ગોઠવ્યું. શ્રીમોટા સાથે હોય તો જ તરાપામાં બેસીને દૂધિયા તળાવની સહેલગાહ કરવાની. છોકરાંઓએ એકલા તરાપામાં

બેસીને તળાવમાં ફરવા જવાનું નથી એવો કડક કાયદો કર્યો.

આશ્રમમાં ફાજલ સમય હોય ત્યારે શ્રીમોટા છોકરાંઓને લઈને દૂધિયા તળાવે જાય અને તરાપામાં તેમને વ્યવસ્થિત બેસાડીને દૂધિયા તળાવની સહેલગાહ કરાવે.

એક દિવસ શ્રીમોટા આશ્રમ માટે પૈસા ઉપાડવા બૅંકમાં ગયા હતા, તેનો લાભ લઈને કેટલાંક છોકરાંઓ છાનામાના એકલા દૂધિયા તળાવે પહોંચ્યાં અને તરાપામાં બેસી તળાવમાં ફરવા માંડ્યાં.

શ્રીમોટા સાથે હોય ત્યારે તો તરાપાની સમતુલા બરાબર જળવાય તે રીતે છોકરાંઓને તરાપામાં બેસાડે ને ઊભાં રાખે, પણ આજે તો શ્રીમોટા હતા નહિ. એટલે તરાપાનો કારભાર છોકરાંઓના હાથમાં હતો. એટલે જેને જેમ ફાવ્યું તેમ તરાપામાં ઊભાં અને બેઠાં. આથી, તરાપાની સમતુલા બરાબર જળવાઈ નહિ. તરાપો એક બાજુએ નમ્યો એટલે તે તરફનાં છોકરાંઓ પડ્યાં તળાવમાં અને તેમ થતાં બૂમાબૂમ થઈ ગઈ.

શ્રીમોટા બરાબર આ જ સમયે બૅંકમાંથી પૈસા ઉપાડીને આશ્રમ તરફ આવતા હતા. તેમણે દૂરથી આ પરિસ્થિતિ જોઈ અને મારતી સાઈકલે ત્યાં પહોંચ્યા. પહેરેલાં કપડાં કાઢવા ન રોકાતાં પૈસા સહિત તેઓ તળાવમાં કૂદી પડ્યા. ડૂબતાં છોકરાંઓને પકડી બહાર કાઢ્યાં. સાથે સાથે જે છોકરાંઓને તરતાં આવડતું હતું તેમને પણ ડૂબતાં છોકરાંઓને પકડી પકડીને બહાર કાઢવા જણાવ્યું. આ રીતે ખૂબ મહેનતને અંતે ડૂબતાં છોકરાંઓને બહાર કાઢ્યાં.

શ્રીમોટાને થયું કે ભગવાને મારી લાજ રાખી. મને બરાબર સમયસર પહોંચાડી દીધો, નહિ તો છોકરાં ડૂબી જાત

અને મારે માથે મોટી નામોશી આવત, કારણ તરાપો બનતો હતો ત્યારે જ શ્રીમોટાને કોઈકે કહેલું કે છોકરાંઓને આનંદ આપવા માટે તરાપો બનાવો છો તો ખરા પણ જોજો, નામોશી ન આવે.

## ૫૬. બેફિકર રહે, તારું બધું થઈ જશે.

શ્રીમોટા નવસારીના આશ્રમમાં કામ કરતા હતા તે વખતની વાત છે. એકવાર તેઓ સુપા ગુરુકુળ તરફ છોકરાંઓને લઈને ફરવા ગયેલા.

રસ્તામાં એક વોકળો આવ્યો ને તેને કિનારે પડાવ નાખ્યો. વેળાસર રસોઈ કરી લીધી અને બધાંએ જમી લીધું.

રાત પડી એટલે ચોકી કરવા છોકરાંઓની ટુકડીઓ પાડી. તેઓ તેમના સમય અને વારા પ્રમાણે ચોકી કરે અને બીજી ટુકડી સૂઈ જાય એમ ગોઠવ્યું.

તે દિવસોમાં સત્યાગ્રહની લડત ચાલતી હતી. ગાયકવાડી રાજ્યમાં રહીને લડાઈનો દોરીસંચાર થતો હતો. તેથી, પોલીસ આવી જગાઓ ઉપર કરડી નજર રાખતી.

હરિજનસંસ્થાઓનો બધો ખર્ચ ગુજરાત કૉંગ્રેસ કમિટી આપતી હતી, પરંતુ તે ગેરકાયદે થઈ હતી એટલે દરેક સંસ્થાનો ખર્ચ ફંડફાળો કરી ચલાવવાનો હતો.

નવસારી આશ્રમના ખર્ચની જવાબદારી શ્રીમોટાની હતી. આશ્રમ માટે અનાજ જોઈએ, છોકરાંઓ માટે કપડાં જોઈએ, કાર્યકર્તાઓના પગાર પણ આપવાના હોય. કદાચ આશ્રમના કાર્યકર્તાઓના પગારનું વહેલું મોડું કરાય, પણ આશ્રમનાં છોકરાંઓ માટે ખાવાને અનાજ અને પહેરવાને કપડાં જોઈએ

તેનો પ્રબંધ તો કરવો પડેને !

શ્રીમોટા આવી બાબતોથી ખૂબ ચિંતાતુર હતા. એટલે સ્મરણ પણ જોઈએ તેવું થતું ન હતું. ઘણા દિવસે તેઓ આશ્રમથી અલિપ્ત થઈને આવા એકાંત સ્થળે આવેલા. એટલે સ્મરણ સારામાં સારું થશે એમ તેમણે માનેલું, પરંતુ જ્યાં સ્મરણ કરવા બેસે ત્યાં સંચાલનની જવાબદારીની ચિંતા સામી આવીને ઊભી રહે અને શ્રીમોટાને સ્મરણ ન કરવા દે. આ સ્થિતિમાં શ્રીમોટાને એકાએક શ્રીબાળયોગી મહારાજ યાદ આવ્યા. તેમણે તેમને પ્રાર્થના કરી દિલ ઠાલવ્યું અને પોતાના કામકાજ અને સાધનાની મુશ્કેલી જણાવી.

રાત્રે શ્રીમોટાને સ્વપ્નામાં શ્રીબાળયોગી મહારાજ આવ્યા અને કહ્યું, 'તું ગભરાય છે શા માટે ? બેફિકર રહે અને તારું બધું થઈ જશે.' પણ સ્વપ્નું તે સ્વપ્નું. શ્રીબાળયોગી મહારાજે સ્વપ્નમાં આવીને કહ્યું છે તે સાચું છે તેની ખાતરી શી રીતે થાય ?

આથી, શ્રીબાળયોગી મહારાજે પાછું સ્વપ્નમાં આવીને ફરી કહ્યું કે મારા કહ્યાની જો તને ખાતરી થતી ન હોય તો વોકળામાં છોકરાંઓને મોકલી તપાસ કરાવ. ત્યાં રેતીમાં એક ગોળ વર્તુલ અને તેમાં એરો જેવું ચિહ્ન છે ત્યાં ખોદાવજે તો તેમાંથી એક મરેલું પંખી નીકળશે.

શ્રીમોટાએ છોકરાંઓને મોકલી તપાસ કરાવી તો રેતીમાં ગોળ વર્તુલ અને એરો જેવાં ચિહ્ન હતાં ખરાં પણ ખાડો ખોદ્યો તો પાણી દેખાયું, પરંતુ મરેલું પંખી મળ્યું નહિ. છોકરાંઓએ આવીને શ્રીમોટાને તેના ખબર આપ્યા.

શ્રીમોટા જરા દ્વિધામાં પડ્યા. શ્રીબાળયોગી મહારાજે

કહેલું કે મરેલું પંખી નીકળશે અને આ તો માત્ર પાણી નીકળ્યું. એમાં શો ભેદ હશે ? એવા તર્કવિતર્ક કરતાં એમની આંખ મિચાઈ ગઈ અને ત્રીજીવાર શ્રીબાળયોગી મહારાજે પાછી દેખા દીધી અને બોલ્યા, 'જરા ઊંડું ખોદ્યું હોત તો મરેલું પંખી પણ નીકળત. જા, ખાતરી કરાવી જો.' શ્રીમોટાએ છોકરાંઓને મોકલી જરા ઊંડું ખોદાવ્યું તો ભીંજાયા વિનાનું મરેલું પંખી પણ નીકળ્યું. શ્રીમોટાને જ્યારે આની ખબર પડી ત્યારે એમના મનનું સમાધાન થયું અને શ્રીબાળયોગી મહારાજની સચ્ચાઈ વિશે ખાતરી થઈ.

બીજે દિવસે સવારમાં પડાવ સમેટી લેવામાં આવ્યો અને સૌ નવસારી પહોંચી જઈને પોતાના નિત્યકાર્યમાં પડી ગયા.

એક દિવસ શ્રીમોટા નવસારી આશ્રમની બહાર આવીને ઊભા હતા. તેવામાં ત્યાંથી રમણલાલ વસંતલાલ દેસાઈની મોટર પસાર થઈ. રમણલાલે શ્રીમોટાને જોયા અને મોટર ઊભી રખાવી પૂછ્યું, 'અરે ! ચૂનીલાલ ! તું અહીં ક્યાંથી ?'

શ્રીમોટાએ જવાબ આપ્યો, 'સાહેબ, આ નવસારી હરિજનઆશ્રમનો હું વ્યવસ્થાપક છું.' શ્રીમોટાએ ત્યારે માત્ર ચડ્ડી જ પહેરી હતી અને શરીર ખુલ્લું હતું. રમણલાલ દેસાઈના દિલમાં શ્રીમોટાનાં બે ચિત્રો ઊપસી આવ્યાં :

એક, વર્ષો અગાઉ વડોદરા કૉલેજમાં ભણતા યુવા ચૂનીલાલ ભાવસારનું અને બીજું, આજે નવસારી હરિજન-આશ્રમના વ્યવસ્થાપક તરીકે કાર્ય કરતા હરિજનસેવક ચૂનીલાલ ભગતનું. ચૂનીલાલ એક હતો પણ તેનો રંગ બદલાઈ ગયો હતો. ઘણા સમયે તેમણે શ્રીમોટાને જોઈને ખુશી વ્યક્ત કરી

અને કાંઈ કામકાજ હોય તો ખુશીથી મળવા જણાવ્યું.

શ્રીમોટા બીજે દિવસે રમણલાલ દેસાઈને મળવા ગયા. રમણલાલ દેસાઈ ત્યારે નવસારી પ્રાંતના સૂબા હતા. એટલે એમના હોદ્દા પ્રમાણે એમનો ઠાઠમાઠ હોય. રહેવા માટે મોટો બંગલો, તેની આસપાસ ચોગાન, બંગલામાં આવવાને એક દરવાજો, ત્યાં પોલીસ પહેરો ભરતો હોય.

શ્રીમોટા જેવા બંગલામાં જવા દરવાજામાં પેઠા કે તેમનાં ખાદીનાં કપડાં જોઈને પોલીસે તેમને અટકાવ્યા. પોલીસને તેમણે ગઈ કાલે બની હતી તે બધી વાત કરી ત્યારે પોલીસે તેમને બંગલામાં જવા દીધા.

શ્રીમોટાએ બંગલામાં પ્રવેશ કર્યો ત્યારે રમણલાલ દેસાઈ બહાર જ બેઠા હતા. તેમણે શ્રીમોટાને બોલાવ્યા અને પોતાની પાસે બેસાડ્યા. પાણી મંગાવ્યું અને શ્રીમોટાએ તે પીધું. પછી શ્રીમોટાને તેમણે કહ્યું, 'બોલ, તારે શી વાત કરવી છે ?'

શ્રીમોટાએ રમણલાલ દેસાઈને માંડીને બધી વાત કરી : લડત ચાલે છે એટલે પોલીસો સી.આઈ.ડી.ના વેશે ફરે છે અને રોકટોક કરી કેવો ત્રાસ આપે છે, સારા માણસો આશ્રમમાં આવતાં ગભરાય છે, આશ્રમની આવક બંધ થઈ ગઈ છે એટલે ખર્ચ કેમ કાઢવો એ સવાલ ઊભો થયો છે, વગેરે વગેરે.

રમણલાલ દેસાઈએ બધી વાત સાંભળીને શ્રીમોટાને કહ્યું, 'ચૂનીલાલ, હું છું ત્યાં સુધી તું જરાય ગભરાઈશ નહિ. તું મારી સાથે ગામડાંમાં આવજે અને હું તને અનાજ ને નાણાં બંને અપાવીશ એટલે તારે કશી ઉપાધિ રહેશે નહિ.'

પછી તો જ્યારે જ્યારે રમણલાલ દેસાઈ ગામડાંમાં જાય ત્યારે શ્રીમોટા તેમની સાથે જતા અને ગામડાંના લોકો પાસેથી

રમણલાલ દેસાઈ શ્રીમોટાને અનાજ, નાણાં વગેરે અપાવતા. એટલે આશ્રમનું ખર્ચ તેમાંથી સારી રીતે ચાલી રહેતું.

## ૫૭. સદ્‌ગુરુનો મેળાપ અને વિકારોનું શમન

આમ, શ્રીમોટા તેમની સાધના તેમની રીતે કરી રહ્યા હતા. તેમાં વિઘ્નો તો આવતાં પણ બને ત્યાં સુધી પોતાની મેળે તે દૂર કરી શકાતાં હોય તો તેમ કરવાનો તેઓ પ્રયત્ન કરતા, પરંતુ તેમ છતાંયે જો તેનું નિવારણ ન થાય તો પછી આ બાબતે જે જાણકાર હોય તેને મળીને તેઓ તેમના મનનું સમાધાન કરી લેતા.

શ્રીબાળયોગી મહારાજે તેમને કહેલું કે જો કોઈ વાર તારી સાધનામાં મુશ્કેલી પડે, તો નથ્થુરામને જઈને મળજે. શ્રીમોટાની હાજરીમાં જ શ્રીબાળયોગી મહારાજે તેમને કહેલું કે સાધનાની બાબતમાં જો કોઈ દિવસ આ છોકરો પૂછવા આવે તો તેને બરાબર સમજાવજે. એ રીતે શ્રીમોટા તેમની પાસે બે વાર જઈ પણ આવેલા.

એકવાર શ્રીમોટાના દિલમાં વિકારોએ ભારે ખળભળાટ મચાવી દીધો. તેમણે જોરશોરથી ઈશ્વરસ્મરણ કરીને તે શમાવવાના બહુ પ્રયત્નો કર્યા, પરંતુ વિકારો કેમે કર્યા શમ્યા નહિ.

જેમ માણસને ખાવાની ભૂખ જાગતી હોય છે તેમ તેને વિકારોની ભૂખ પણ જાગતી હોય છે. મોટા મોટા તપસ્વીઓના જીવનમાં પણ આવું બનેલું છે. તેમના તપોભંગની વાતો સૌ જાણે છે.

એકવાર વિકારોના વમળમાં ફસાયા કે પછી તેમાંથી નીકળવું બહુ મુશ્કેલ હોય છે. શ્રીમોટાએ આ વમળમાંથી છૂટવા

અનેક પ્રયત્નો કરી જોયા, પરંતુ તેમને તેમાં સફળતા મળતી ન હતી.

નદીનાં પૂરમાં તણાતો માણસ બહાર આવવા માટે પ્રયત્ન કરે પણ પાણીનો પ્રવાહ એને પાછો પાડે. પાણીની ઘૂમરીઓ એના ઉપર ફરી વળીને ડુબાડી દે. એમ વિકારોના હુમલા પણ શ્રીમોટાને ચલાયમાન કરીને છિન્નભિન્ન કરવા માગતા હતા. આ પરિસ્થિતિમાંથી ગુરુમહારાજ સિવાય અન્ય કોઈ ઉગારી શકે તેમ નથી એવું લાગવાથી શ્રીમોટાએ તેમના ગુરુમહારાજને મળવા વિચાર્યું.

સાધુસંતોને મળવું હોય તો કુંભમેળામાં મળે. કુંભમેળો એ સાધુસંતોનું પિયર. આખા દેશમાંથી તે સમયે જ્યાં હોય ત્યાંથી તેઓ કુંભમેળામાં અચૂક આવે. જુદા જુદા સાધુસંતો ભલે વર્ષભર ન મળ્યા હોય, પણ કુંભમેળામાં એમનો ભેટો થઈ જાય. એ રીતે સાધુઓને મળવા માટે કુંભમેળો એ જ એમનું મિલનસ્થળ ગણાય છે. કુંભમેળામાં દરેક સાધુઓના પડાવો હોય છે. જેવો સાધુ મોટો તેવો તેનો પડાવ મોટો. પડાવની જગા અગાઉથી નક્કી થતી હોય છે અને તે પ્રમાણે તેના પડાવો નંખાતા હોય છે.

શ્રીમોટાને લાગ્યું કે જો ગુરુમહારાજને મળવું હોય તો તેઓ કુંભમેળામાં મળી જાય. તે વખતે કુંભમેળો હરદ્વારમાં હતો. એટલે શ્રીમોટા ત્યાં ગયા. તેમણે કુંભમેળાના સ્થળે જઈને જોયું તો મોટો માનવમહેરામણ ઊભરાયો હતો. લોકોની એટલી બધી ભીડ હતી કે જો માણસ જાળવીને ન ચાલે તો અટવાઈ પડે.

કદાચ સાધુસંતોના પડાવોમાં ગુરુમહારાજ મળી જાય. આથી, શ્રીમોટા એવા પડાવો જોતાં જોતાં કેટલાય પડાવો ફરી

વળ્યા. હજારો સાધુઓનાં મુખારવિંદો જોયાં, પણ ગુરુમહારાજનો પત્તો ખાધો નહિ. સાધુમહારાજના પડાવો પાંચ-પચીસ ન હતા પણ ઘણા બધા હતા. દરેક પડાવની પાસે માણસોનાં ટોળાં થતાં અને તે પડાવના સાધુના નામના જયજયકારથી ગગન ગજાવી દેતા.

આમ, શ્રીમોટા તેમના ગુરુમહારાજને શોધતાં શોધતાં આખો દિવસ ફર્યા અને લોથપોથ થઈ ગયા. આ રીતે તેઓ એક દિવસ, બીજો દિવસ અને ત્રીજો દિવસ ફર્યા પણ ગુરુમહારાજની ભાળ મળી નહિ. છેવટે ત્રીજે દિવસે થાક્યાપાક્યા તેઓ ગંગાકિનારે ગયા. ફરીફરીને થાકી ગયા હતા. જેથી, ગંગાકિનારે શાંતિ મળે એટલા માટે બેઠા, પણ એમનું ધ્યાન તો ગુરુમહારાજને શોધવામાં હતું.

ફરતાં ફરતાં જતા હતા એવામાં ગુરુમહારાજને બેઠેલા શ્રીમોટાએ જોયા. તરત દોડી જઈ એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. શ્રીમોટા કહે, 'બાપજી, તમને ત્રણ દિવસથી શોધ્યા કરતો હતો અને બૂમ પાડ્યા કરતો હતો, પણ તમે ક્યાં હતા ?'

ગુરુમહારાજ કહે, 'હું તો તારી પાસે જ હતો. તું આમતેમ ફરતો ફરતો જોતો જોતો જતો હતો, તે બધું હું જોતો હતો.'

શ્રીમોટા કહે, 'તો બાપજી, તમે મને કેમ બોલાવ્યો નહિ અને આટલો બધો થકવી નાખ્યો ?'

ગુરુમહારાજ કહે, 'હું તને શોધવા નથી નીકળ્યો, તું મને શોધવા નીકળ્યો છે. એટલે તું મને ન શોધી કાઢે ત્યાં સુધી હું તને કેવી રીતે બોલાવું ? શોધનારને ગરજ હોય કે મારે ગરજ હોય ?'

ગુરુમહારાજ આટલું બોલ્યા ત્યાં તો શ્રીમોટાએ એમના

ખોળામાં માથું મૂકી દીધું અને તેમનાં નયનાશ્રુથી તેમનો ખોળો ભરી દીધો. ગુરુમહારાજે શ્રીમોટાની પીઠ થાબડી અને પૂછ્યું, 'બોલ, કેમ મને મળવા આવ્યો છે ? તને કાંઈ તકલીફ છે ?'

શ્રીમોટાએ વિકારોના થતા હુમલાની વાત કરી, 'બહુ પ્રયત્નો કર્યા છતાં વિકારો શમતા જ નથી અને જેમ જેમ તે ટાળવાના પ્રયાસો કરું છું, તેમ તેમ ઓછા થવાને બદલે વધતા જ જાય છે, તો હવે શું કરું જેથી વિકારો શમી જાય ? તેનો ઉપાય બતાવો.'

શ્રીમોટાની વાત સાંભળીને ગુરુમહારાજ કહે, 'જો બચ્ચા, એમાં ગભરાવાની જરૂર નથી. ધ્યાનમાં બેસી તારી નાભિથી ચાર આંગળ નીચે દૃષ્ટિ કરી તેમાં લક્ષ રાખી તારું મન એકાગ્ર કરી પ્રાર્થના કરજે. સાત દિવસ સુધી તું આવી રીતે કરીશ એટલે તારા વિકારો ચાલ્યા જશે. પછી વિકારોના હુમલા નહિ આવે.'

શ્રીમોટા કહે, 'ભલે બાપજી, એમ કરીશ' એટલું કહીને તેઓ ગુરુમહારાજને પગે લાગ્યા અને તેમની વિદાય લઈને ઘેર પાછા ફર્યા. ઘરે આવીને તેમણે ગુરુમહારાજના કહ્યા પ્રમાણે સાત દિવસ સુધી નાભિથી ચાર આંગળ નીચે દૃષ્ટિ કરી તેમાં લક્ષ રાખીને મન એકાગ્ર કરી સતત પ્રાર્થના કરી. પરિણામે વિકારો મોળા પડ્યા અને તેમ થતાં કેટલાય સમય પછી ચગડોળે ચઢેલું શ્રીમોટાનું મન વિકાર રહિત સ્થિતિની શક્યતામાં બન્યું.

પરંતુ શ્રીમોટા વિકારમુક્ત થવા માગતા હતા. આથી, ચૈત્ર માસમાં તેઓ નર્મદાકિનારે એક એકાંત સ્થળે ગયા. ત્યાં અઢી ફૂટ પહોળી અને ત્રણ ફૂટ ઊંચી એવી છાણાંની ત્રેસઠ ધૂણીઓ તૈયાર

કરાવી. ધૂણીઓની મધ્યમાં શિલા હતી, તે સૂર્ય અને ધૂણીઓના તાપથી બરાબર તપે ત્યારે શ્રીમોટા તેના ઉપર બેસતા.

એક તરફ માથે સૂરજ તપતો હોય તેનો તાપ લાગતો હોય, બીજી તરફ ત્રેસઠ ધૂણીઓના તાપની ગરમી લાગતી હોય એવી સ્થિતિમાં શ્રીમોટા બેઠા હોય. તેમના શરીરમાંથી પરસેવાના રેલેરેલા ચાલ્યા જતા હોય અને શરીર ઉપરથી દદડીને તે જમીન ઉપર રેલાતા હોય. ત્યારે જાણે પરસેવાથી સ્નાન કરતા ના હોય એવું બને. આવી સ્થિતિ વચ્ચે શ્રીમોટા ૯ કલાક સુધી સતત બેસતા. વચ્ચે ઊઠવા કરવાનું નામ નહિ.

સાંજ પડવા આવે અને સૂરજ પશ્ચિમે ઢળે ત્યારે તેઓ શિલા ઉપરથી ઊઠીને બહાર આવે. એક સ્થળે બેસીને ધીરે ધીરે આખા શરીર ઉપરનો પરસેવો બરાબર લૂછી નાખે. પછી લીમડાનાં પાનના રસના બે મોટા કટોરા તૈયાર રાખ્યા હોય તે પીવા માંડે. બધો રસ એકીસાથે ગટગટાવી ન જાય પણ ધીમે ધીમે ચમચી ચમચી કરીને પીવે. આ લીમડાનું રસપાન કરવાનું કામ અઢી ત્રણ કલાક ચાલે. લગભગ સાડા આઠ-નવ વાગ્યે તે પતી જાય. તે પછી ઈશ્વરસ્મરણ કરતાં કરતાં તેઓ સૂઈ જાય.

આવી રીતે શ્રીમોટા એકવીસ દિવસ સુધી સૂર્ય તથા ધૂણીઓના તાપની વચ્ચે ગરમ ગરમ થયેલી શિલા ઉપર બેઠા અને તે પછી બે મોટા કટોરા લીમડાનો રસ પીધો. આ દિવસો દરમિયાન તેમણે કશું ખાધુંપીધું નહિ. આ પ્રયોગથી તેમનાં સર્વ અંગોની એક પ્રકારે શુદ્ધિ થઈ, શરીરમાં શાંતિ પ્રવર્તી, વિકારોનું શમન થયું અને સાધનામાં સ્થિરતા આવી.

## ૫૮. નાનાને મન ગમ્મત, શ્રીમોટાને મન સાધના

શ્રીમોટા ગાંધીઆશ્રમમાં કામ કરતા હતા ત્યારની વાત છે. આશ્રમમાં એક કન્યા છાત્રાલય ચાલે. તેમાં પ્રવેશતાં જ જમણે હાથે ગુજરાત હરિજન સેવક સંઘની ઑફિસ હતી. સદ્‌ગત પરીક્ષિતલાલ મજમુદાર અને શ્રીમોટા બંને ગુજરાત હરિજન સેવક સંઘના મંત્રીઓ હતા.

ઉનાળામાં તાપ ઘણો લાગે એટલે શ્રીમોટા બપોરના ભીનો કકડો કરીને માથે મૂકતા આવે. તેઓ ઑફિસે આવે ને કન્યા છાત્રાલયની કોઈ છોકરીઓ બહાર ઊભી હોય તો શ્રીમોટાને કહે, ‘ચૂનીભાઈ, ચૂનીભાઈ, તમારે માથે, અગલું નાચે, બગલું નાચે, ગામનું ગધેડું નાચે !’

શ્રીમોટા હસતાં હસતાં ઑફિસમાં જાય. મનમાં વિચારે, ‘બિચારી નાની બાળાઓ આવું જોડકણું ગાઈને નિર્દોષ આનંદનો લહાવો લે છે. અત્યારે અહીં તેમનાં માબાપ કોણ? માબાપને તો ઘરે આવું કહે તો મારે પણ ખરાં ! પણ અહીં? અહીં ગમ્મત કરવાની છૂટ હતી, આનંદ કરવાની છૂટ હતી. બાળપણ જ આનંદ લેવા માટે ખરી વય છે. તેઓ આનંદ અત્યારે નહિ તો ક્યારે લેશે ?’

શ્રીમોટા અહમ્ વચ્ચે ન લાવતાં દરેક બાબતને સ્વાભાવિક લેખીને જ ચાલતા. આમ તો તેઓ હરિજન સેવક સંઘના સહમંત્રી હતા. એમને આવું કહેવાય ? તે રીતે ઉપરના પ્રસંગને લેવાય તો બાળકના આનંદને હણ્યો ગણાય. બાળક જોડકણું બોલીને આનંદ લે અને આપણે તેમાં સહભાગી થઈએ તો એટલે અંશે આપણામાં સરળ સહજ નમ્રતા પ્રગટે છે. શ્રીમોટા બાળકો સાથે મોટા નહિ પણ તેમના જેવા નાના જ રહેતા.

કોઈ વખત ઑફિસેથી ડબલું લઈને તેઓ જાજરૂ જતા હોય અને નંદિની(છોકરી)ને ઓટલે ઊભેલી કન્યા છાત્રાલયની બાળાઓ એમ કહે, 'ચૂનીભાઈ, ચૂનીભાઈ, તમે જાજરૂ ન જશો.'

શ્રીમોટા બાળાઓને પૂછે પણ ખરા, 'એમ,અત્યારે ના જઉં ?'

ઊભેલી બાળાઓ શ્રીમોટાને કહે, 'હા ચૂનીભાઈ ! અત્યારે ના જશો.'

શ્રીમોટા તરત હાથ ધોઈને કામ કરવા માંડે.

તેઓ વિચારે કે ભલે બાળાઓ ગમ્મત કરે. આપણને સંયમ કેળવવાનો લહાવો મળે છે. આવી ગુરુબાળાઓ ન મળી હોત તો આપણામાં કેટલો સંયમ છે, તેની શી રીતે ખબર પડત ?

કોઈને આ વિચિત્ર લાગે પણ શ્રીમોટાને વિચિત્ર લાગતું નહિ. ખરી રીતે એમાં જ શ્રીમોટાની વિશેષતા હતી, પરંતુ ત્યારે શ્રીમોટાની આવી વિશેષતા કોઈ સમજેલું નહિ.

ગાંધીજીના અંતેવાસી તરીકે શ્રી નરહરિભાઈનું નામ જાણીતું છે. તેમને સત્યાગ્રહની લડતમાં ધરાસણામાં ઘણો માર પડેલો. તેઓ ગાંધીઆશ્રમના ત્યારે સંચાલક હતા.

એકવાર શ્રીમોટા એમની વર્ષગાંઠ નિમિત્તે તેમને મળવા તેમના ઘેર ગયેલા. તેમનું ઘર ત્યારે કન્યા છાત્રાલયના બહારના ગાળામાં હતું. શ્રીમોટાની ઑફિસથી દસેક ડગલાં જ દૂર. નરહરિભાઈ સાથે વાતચીત કરીને તેઓ ઘરની બહાર નીકળ્યા.

આ વખતે નરહરિભાઈના દીકરા મોહને શ્રીમોટાના હાથમાં

ચપટી ધૂળ મૂકી કહ્યું, 'લો ચૂનીભાઈ, આ વર્ષગાંઠની ભેટ.'

શ્રીમોટાએ તરત જ હાથમાં મૂકેલી ચપટી ધૂળ મોંમાં મૂકી દીધી.

આ જોઈને નરહરિભાઈએ કહ્યું, 'ચૂનીભાઈ, તમે આ શું કર્યું ?'

શ્રીમોટા બોલ્યા, 'મોહનની ભેટ સ્વીકારી.'

નરહરિભાઈ બોલ્યા, 'આવી ભેટ સ્વીકારાતી હશે ?'

શ્રીમોટાએ જવાબ આપ્યો, 'મોહનના મનમાં એમ કે ચૂનીભાઈની ગમ્મત કરું. બધાંના દેખતાં ચપટી ધૂળની ભેટ એ ઓછી લેવાના હતા ? મેં એમની ગમ્મત સાચી કરી બતાવી.'

નરહરિભાઈ કહે, 'એથી ફાયદો શો ?'

શ્રીમોટાએ જવાબ આપ્યો, 'જાતનું મહત્ત્વ દૂર કરવાનું. સાધનામાં એ પણ ઉપયોગીને ?'

નરહરિભાઈ હસતાં હસતાં ઘરમાં ગયા. શ્રીમોટા હસતાં હસતાં ઑફિસમાં ગયા.

## ૫૯. અઘોરીની ધમકી !

શ્રીમોટા હિમાલયની જાત્રાએ ગયા હતા. ત્યાં તેમણે એક મુકામથી બીજે મુકામ ચાલીને જવાનું રાખ્યું હતું. એટલા માટે કે દરેક મુકામની આસપાસ કોઈ મળવા જેવા સંતસાધુ હોય તો તેને મળવા જવાનું થાય, તેનાં દર્શન થાય અને તેની સાથે સત્સંગ કરવા જેવો લાગે તો તેમ કરીને કંઈ જાણવાનો લાભ મળે.

એવી રીતે શ્રીમોટા એક મુકામે હતા ત્યારે એમને ખબર

પડી કે મુકામની આસપાસમાં એક અઘોરી રહે છે. આસપાસમાં એટલે સાવ પાસે નહિ પણ જરા દૂર. જવા માટેનો માર્ગ વિકટ હતો. સીધાં ચઢાણો ચઢીને ત્યાં જવાય એવું હતું. ચઢતાં પગ લથડ્યા અને ગબડ્યા તો મોતને છેટું ન રહે.

આ અઘોરી વિશે ઘણી લોકવાયકાઓ ચાલતી હતી.કોઈ કહેતું, 'તે સિંહ જેવો વિકરાળ છે.' કોઈ કહેતું, 'તે માનવભક્ષી છે.' કોઈ કહેતું, 'તે તાડ જેવો ઊંચો છે.' કોઈ કહેતું, 'તે ચાલે ત્યારે ઊડતો ના હોય એવો લાગે છે.' કોઈ કહેતું, 'એક રાતમાં આખા હિમાલયની એ પરિક્રમા કરી આવે છે.' આમ, એને વિશે જાતજાતની વાતો ચાલતી.

બીજી બધી વાતો તો ઠીક પણ શ્રીમોટાએ એને વિશે એટલું જાણેલું કે એ સિદ્ધ છે. એટલે જવામાં ગમે તેટલું જોખમ હોય તે ખેડીને પણ એને મળવા તો જવું. શ્રીમોટાએ એમના સામાન ઊંચકનાર બોજીને બોલાવીને કહ્યું, 'જો પાંચ દિવસ સુધી તું મારી રાહ જોજે. તે પછી ન આવું તો પછી સામાન અને તને આપેલા પૈસા લઈને તારે ઘેર જજે અને તને જે કાગળો આપ્યા છે, તે ટપાલ કરી દેજે.'

એટલું કહીને શ્રીમોટા અઘોરીના નિવાસ તરફ જવાને ઊપડ્યા. થોડે સુધી તો કેડી હતી. પછી સીધાં ચઢાણો આવ્યાં. તે ઉપર ચઢવું જરા મુશ્કેલ હતું. છોડ પકડીને ઉપર ચડે અને તે ઊખડી જાય તો ગબડી પડાય અને સીધા ખીણમાં જવાય અને બાર બોલી જાય. એટલે મોટા મોટા પથ્થરોને પકડીને તેઓ ચઢાણો ચઢ્યા અને ખુલ્લા મેદાનમાં આવ્યા. ચાલતાં ચાલતાં મેદાન પૂરું થયું અને હવે કઈ તરફ જવું એ વિચારવા લાગ્યા. એટલામાં પવન આવ્યો અને સાથે દુર્ગંધની વાસ લઈ

આવ્યો. કોઈ વિચિત્ર પ્રકારની વાસ આવતી હતી જે અતિ દુર્ગંધ મારતી હતી. તે ઉપરથી શ્રીમોટાએ અનુમાન કર્યું કે અઘોરીનો નિવાસ એ તરફ હોવો જોઈએ. એટલે તેમણે તે તરફ ચાલવા માંડ્યું. રસ્તામાં આજુબાજુ હાડકાં વેરાયેલાં હતાં. ક્યાંક ક્યાંક ખોપરીઓ પડેલી દેખાતી હતી, તે ઉપરથી અઘોરી કેવો ભયંકર હશે તેની કલ્પના શ્રીમોટાએ કરી લીધી.

પરંતુ શ્રીમોટાએ સ્મશાનમાં ઘણી રાતો ગાળી હતી અને હાડકાંઓની ઢગલીઓ અને ખોપરીઓ પડેલી પણ જોઈ હતી. એટલે અઘોરીના રહેઠાણ તરફ જતાં રસ્તામાં વેરાયેલાં હાડકાં કે ખોપરીઓ જોઈને તેઓ ગભરાતા ન હતા.

અંતે એક મોટું વૃક્ષ આવ્યું. તે જોઈને શ્રીમોટાને લાગ્યું કે અઘોરી અહીં રહેતો હોવો જોઈએ. જગા સૂમસામ હતી. ચકલુંય ફરકતું ન હતું. એકાંત એટલું બધું હતું કે તેનાથી જે ટેવાયો ના હોય તેને તો બીક જ લાગે, પણ શ્રીમોટા તો એકાંતથી ટેવાયેલા હતા. એટલે તેમને ભયંકરતા ભાસી નહિ. તેઓ તો એક સારી જગા જોઈને બેઠા અને સાધનામાં રત થઈ ગયા.

મધરાત થઈ હશે ત્યારે અઘોરી આવ્યો. એનો દેખાવ ભયંકર અને બિહામણો હતો. હાથી જેમ ડોલતાં ડોલતાં એણે ચારેબાજુ નજર નાખી તો શ્રીમોટાને એણે બેઠેલા જોયા. જાણે એમને જોયા જ નથી એવો દેખાવ કરીને એ તેના નિત્યકાર્યમાં પડી ગયો. શ્રીમોટા પણ એમના નિત્યકાર્યમાં જ પડેલા હતા.

આ રીતે એક દિવસ ગયો. બીજો દિવસ ગયો અને ત્રીજો દિવસ ગયો. અઘોરી પણ કશું બોલ્યા નહિ.

ચોથે દિવસે અઘોરીબાબાએ પૂછ્યું, 'ક્યા બચ્ચા, તુઝે ભૂખતરસ લગી હે ?'

શ્રીમોટા કહે, 'જી હા'

અઘોરીબાબા કહે, 'અચ્છા, તો યહ લે ઔર પી જા.' બોલી અઘોરીબાબાએ રગડા જેવું ઘટ્ટ કશુંક પીવા આપ્યું. અને કહ્યું, 'બચ્ચા, ઈસસે તેરી ભૂખતરસ મિટ જાયેગી.'

શ્રીમોટાએ તે લઈને મોઢે માંડ્યું. પીવાના એ પદાર્થમાંથી એટલી ઉગ્ર દુર્ગંધ આવતી હતી કે એકવાર તો શ્રીમોટાને થઈ ગયું કે આવો બદબોવાળો પદાર્થ પીવાનો શો અર્થ ? પણ બાબાએ પ્રેમથી આપ્યો હતો એટલે ગટગટાવી ગયા. અને ખરેખર બાબાના કહ્યા પ્રમાણે તે પેટમાં જતાં ભૂખતરસ શમી ગઈ. તેઓ જે સાધનામાં રત હતા તેમાં જોશ અને જોમ પ્રગટ્યાં. એક મસ્તીભરી ભાવનામાં તેમની સ્થિતિ પ્રવર્તી.

કેટલાય વખત સુધી આવી સ્થિતિ પછી જ્યારે જાગ્રત થયા અને આંખ ખોલી ત્યારે અઘોરીબાબાએ શ્રીમોટાને કહ્યું, 'બચ્ચા, તું મેરે પાસ આયા વહ અચ્છા કામ કિયા. તુઝકો મૈં સબ દૂંગા. તેરી જો ઇચ્છા હોગી વહ સબ મેરે પાસસે મિલેગા.'

અઘોરીબાબાની આવી વાણી સાંભળતાં શ્રીમોટા પ્રસન્ન થયા. તેઓ ઘણા ક્રૂર છે, નિષ્ઠુર છે એવી વાતો લોકો કરતા હતા, પરંતુ તેમને એનાથી ઊલટાનાં, એમના પ્રેમનાં દર્શન થયાં હતાં. શ્રીમોટા તેમના દિલમાં આવી રીતે પ્રસન્ન હતા ત્યાં અઘોરીબાબાએ તેમને કહ્યું, 'દેખ બચ્ચા, તૂ મેરે પાસ કિસ લિયે આયા હૈ વહ મૈં જાનતા હૂં. મૈં તેરી સબ મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરુંગા. લેકિન તુઝે મેરી પાસ હમેશ કે લિયે રહના હોગા.'

અઘોરીબાબા શ્રીમોટાને તેમના શિષ્ય બનાવી કાયમને

માટે રાખવા માગતા હતા. અઘોરીબાબા ભલે સિદ્ધ અને સમર્થ હતા, પણ આવા લોકોય સત્તા લાલસા અને મોહથી પર હોતા નથી. તેઓ કોઈ પ્રકારે કોઈની ઉપર સત્તા ભોગવવા માગતા હોય છે એવો આભાસ અઘોરીબાબાના બોલવા ઉપરથી શ્રીમોટાને થયો.

પરંતુ શ્રીમોટા તો કર્મસાધનામાં માનતા હતા અને પોતે જે કામ સ્વીકારેલું હોય તેનાથી ચ્યુત થઈને ભલે ગમે તે પ્રાપ્તિ થતી હોય તો તે મેળવવાનું કદીય પસંદ ન કરે એવી એમની સિદ્ધાંત-પ્રણાલી હતી. એટલે અઘોરીબાબા પાસે રહી જવાય એવી એમની સ્થિતિ ન હતી. એટલે બાબાને એમણે પ્રેમાર્દભાવે કહ્યું, 'બાબા, મૈં તો આપ કે પાસ પ્રેમ ઔર ભાવ કે લિયે આયા હૂં. આપ કે પાસ હમેશા કે લિયે નહીં રહ સકતા ઈસલિયે મુજે ક્ષમા કરના.'

શ્રીમોટાના આવા શબ્દો સાંભળતાં બાબા રાતાપીળા થઈ ગયા અને ભ્રૂકુટિ ચડાવીને ક્રોધિત સ્વરે બોલ્યા, 'અચ્છા, તો અબ મૈં દેખતા હૂં કિ તૂ ઈધરસે કૈસે જાતા હૈ. અગર જાનેકી કોશિશ કરેગા તો તેરી જાન ખતરે મેં આ જાયેગી. જરા સોચ ઔર અબ ભી તૂ રહને કા વિચાર કરેગા તો મૈં તુઝે જો ચાહતા હૈ વહ દેનો કો તૈયાર હૂં. લેકિન અગર નહીં રહેગા તો તેરી જાન ખતરે મેં હૈ યહ યાદ રખના.'

શ્રીમોટા કેવી રીતે રહી જાય ? મળેલાં કર્મને પ્રભુપ્રીત્યર્થે માનીને કાર્ય કરવામાં જ સાચી સાધના છે, એ છોડીને તેઓ બાબા પાસે રહેવાનું કેમ વિચારી શકે ? બાબા પાસે મંત્રતંત્રશક્તિ હશે અને તેઓ તેનાથી તેમને રોકશે તોપણ તેઓ તેમને તાબે નહિ થાય અને પોતાની ફરજ અદા કરવા તેનો

સામનો કરીને પણ જવાના. લાભ જતો કરી શકાય, પણ જવાબદારી જતી ન કરી શકાય. બાબાને ભલે જે કરવું હોય તે કરે, એમનો ગુરુ પણ સમર્થ છેને ! તે એમને સંકટમાંથી નહિ બચાવે ?

આવો વિચાર કરીને શ્રીમોટા બાબાને પ્રણામ કરીને ઊઠ્યા. મૃત્યુનો તેમને ભય ન હતો. તેઓ અડગ અને નિર્ભય થઈને ચાલવા માંડ્યા. સદ્ગુરુને દિલમાં ધારણ કર્યા અને એમની ઓથ ને હિંમતથી મુકામ તરફ જવા લાગ્યા. અઘોરીબાબા શ્રીમોટાને જતા જોઈ રહ્યા પણ તે કશું બોલ્યા નહિ.

શ્રીમોટા મુકામે આવી, પાસેના ઝરણામાં સ્નાન કરી આવી, પછી રસોઈ કરવા બેઠા. ભોજન તૈયાર થયું એટલે બોજીને ખાવા આપ્યું અને પોતે પણ જમી કરીને પરવાર્યા, પણ ત્યાં એક વિચિત્ર વાત બની. તેમને ટટ્ટી થઈ આવી. આથી, ઝરણે જઈને સાફ થઈ આવ્યા, પણ ફરી પાછી એ જ દશા થઈ. શ્રીમોટાને ઝાડા થઈ ગયા. તેમ થતાં શ્રીમોટાને તરત ખ્યાલ આવી ગયો કે પોતે જતા ન રહે એટલા માટે અઘોરીબાબાએ જ આ કરામત કરી હોય એમ લાગે છે.

શ્રીમોટાને ઝાડા વધતા ગયા. મુકામની કુટિયામાંથી સાફ થવા માટે વારંવાર ઝરણે જવું પડે અને થાકી જવાય. તેમાંથી બચવા માટે દૂર એકાંતમાં ઝરણાને કિનારે પાથરણું પાથરીને સૂતા. સાથે બોજી હતો તેને પૈસા ચૂકવી વિદાય કર્યો.

ધીમે ધીમે ઝાડા વધતા ગયા તેમ અશક્તિ આવવા લાગી. ઊઠબેસ પણ થઈ ન શકે એવી સ્થિતિમાં આવી ગયા. પોતે બેચેન બની જશે એવું લાગવા માંડ્યું, પરંતુ શ્રીમોટા સ્મરણ કરતાં કરતાં પ્રભુને પોકાર્યા કરતા હતા. એમ કરતાં

અંતે તેઓ બેભાન બની ગયા.

પછી શું બન્યું તેની તેમને ખબર ન હતી. જ્યારે તેઓ ભાનમાં આવ્યા ત્યારે કોઈ સાધુને તેમની સેવાચાકરી કરતો જોયો. તેની પાસેથી જાણવા મળ્યું કે ૭ દિવસથી તેઓ આ સ્થિતિમાં હતા.

શ્રીમોટાએ માનેલું કે બેપાંચ દિવસ ઝાડાની સ્થિતિ રહી હશે, પરંતુ જ્યારે સાધુએ કહ્યું કે ૭ દિવસથી તેઓ આમ હતા. એવું જાણ્યું ત્યારે તેમને થયું કે ૭ દિવસ સુધી તેમનાં મળમૂતર સાફ કરવામાં ને સારસંભાળ રાખવામાં સાધુને કેટલું કષ્ટ પડ્યું હશે ?

તેનો બીજો બદલો તો તેઓ શું આપી શકે ? પરંતુ એક કામળો અને રૂપિયા પચીસ સાધુના હાથમાં મૂકતાં શ્રીમોટા બોલ્યા, 'તમારી સેવાનો બદલો તો મારાથી આપી શકાય તેમ નથી, પણ મારી આ નમ્ર ભેટ લેવાની કૃપા કરો.'

પણ સાધુ બોલ્યો, 'બચ્ચા, તારે એ વિચાર કરવાનો નથી. હું તો ગુરુમહારાજનો મોકલ્યો અહીં આવ્યો છું. ઘણા દિવસે આજે તું ભાનમાં આવ્યો છું, માટે જરા આરામ કર. હું હમણાં જઈને આવું છું.' એમ કહીને સાધુ ચાલ્યો ગયો. ફરી પાછો દેખાયો નહિ.

ત્યારે શ્રીમોટાને થયું કે એ સાધુ બીજો કોઈ નહિ પણ શ્રીબાળયોગી મહારાજ હોવા જોઈએ, જેમણે શ્રીમોટાની અસહાય અને લાચાર દશામાં સંભાળ રાખી હતી. આ વિચાર આવતાં તેઓ ગદ્‌ગદ થઈ ગયા અને ગુરુમહારાજ કેટલા હાજરાહજૂર છે, તેનો તેમને ખ્યાલ આવ્યો.

## ૬૦. શ્રીમોટાનો વૃક્ષપ્રેમ

શ્રીમોટાને વૃક્ષારોપણ અને વૃક્ષઉછેર માટે ઘણો પ્રેમ. આ પ્રેમ તેમને શ્રીમોટા થયા પછી થયો એમ નથી, પણ તેઓ જ્યારે જુવાન હતા ત્યારથી જ હતો.

જ્યારે તેઓ ૨૩-૨૪ વર્ષના હતા અને નડિયાદમાં હરિજનશાળામાં કામ કરતા હતા ત્યારથી તેમને વૃક્ષારોપણ અને વૃક્ષઉછેર માટે પ્રેમ હતો.

નડિયાદમાં તેમણે જાતે અને શાળાનાં છોકરાંઓને લઈને કેટલાંય વૃક્ષો રોપેલાં, પણ વૃક્ષ રોપીને તેઓ બેસી ન રહેતા, પણ તેનો ઉછેર બરાબર થાય છે કે નહિ તેની દેખરેખ રાખતા.

ખરા ઉનાળામાં જ્યારે રોપેલાં વૃક્ષો સુકાતાં હોય ત્યારે તેઓ કૂવામાંથી પાણી ખેંચીને છોકરાંઓને જુદાં જુદાં સાધનોમાં આપતા જાય અને છોકરાંઓ દોડી દોડીને તે વૃક્ષોને પાણી પાઈ આવે.

આ રીતે શ્રીમોટા જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેમણે વૃક્ષારોપણ અને વૃક્ષઉછેર બંને કાર્યો કરેલ છે. તેઓ નડિયાદથી બોદાલ ગયા ત્યાં પણ, બોદાલથી નવસારી ગયા ત્યાં પણ. અને નવસારીથી ગાંધીઆશ્રમમાં આવ્યા તો ત્યાં પણ.

આજેય ગાંધીઆશ્રમમાં રોપેલો પીપળો આની શાખ પૂરે છે. એ પીપળોય આજે તો હવે ઐતિહાસિક બની ગયો છે.

ધીમે ધીમે પીપળો મોટો થયો અને શ્રીમોટાએ એની આસપાસ ચોતરો બંધાવ્યો. રૂડો ને રૂપાળો સ્તો. અને બાળકને ઘરેણું મળતાં જેમ તે રાજી રાજી થઈ જાય એમ પીપળો પણ રાજી રાજી થઈ ગયો ને ઊંચો ઊંચો વધવા લાગ્યો.

એકવાર અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સડકખાતાના ઍન્જિનિયર ત્યાં આવ્યા. આ બાજુથી અને તે બાજુથી સડક માપવા માંડ્યા. તે વખતે આવી વિશાળ સડક ન હતી, પણ સાઠેક ફૂટ પહોળી સડક હશે. તેને થોડી પહોળી કરવાની હશે.

પીપળો કાંઈ સડકની વચ્ચે આવતો ન હતો કે આડખીલીરૂપ ન હતો. તેમ છતાં સડકના ભવિષ્યના વિકાસની દૃષ્ટિએ તે વાંધાજનક જણાયો અને તેને કાઢી નાખવાનો રિપોર્ટ કર્યો.

કોઈકે તેમને કહ્યું, 'અરે ભાઈ, પીપળો તમને શો નડે છે ? પીપળો તો સડક અને આશ્રમ બેયની શોભારૂપ છે. કોઈ જતો આવતો અજાણ્યો થાકેલો મુસાફર તેના ચોતરે બેસી આરામ કરે છે. ભલા માણસ, ભવિષ્યની સડકના વિકાસમાં બાધકરૂપ છે, તેથી અત્યારથી એને શા માટે કાઢી નાખવાનું લખો છો ?'

આમ છતાં એણે રિપોર્ટ બદલ્યો નહિ ને રિપોર્ટ આગળ ગયો.

રિપોર્ટ એક ટેબલથી બીજા ટેબલ ઉપર રજૂ થતો અને શેરા અને સિક્કા સાથે છેક મુખ્ય અમલદાર પાસે પહોંચ્યો. એવામાં આશ્રમના માણસો અને એ તરફના મ્યુનિસિપલ કૉર્પોરેટરનું દબાણ આવ્યું અને રિપોર્ટ દફતરે થયો.

પીપળાભાઈ કપાતા બચી ગયા. તેમની એક ઘાત ગઈ. કોઈકે શ્રીમોટાને કહ્યું, 'મોટા, પીપળો તમારો કપાતો કપાતો બચી ગયો. એને કાપવાનો રિપોર્ટ થઈ ગયો હતો, પણ આશ્રમ અને તે વિસ્તારના કૉર્પોરેટર તરફથી દબાણ થતાં બચી ગયો છે.'

શ્રીમોટાએ કહેનારને કહ્યું, ‘ભાઈ, તમારો ઘણો આભાર. ભવિષ્યમાં કપાઈ ન જાય તે ખાસ જોજો ને એવું થાય તો મને જાણ કરજો.’

પછી તો પીપળાનાં મૂળ ઊંડાં ગયાં. હવે તેને કોઈ પાણી પાય તેવી ગરજ ના રહી. પાણી મળવા માંડ્યાં અને તેનો વિસ્તાર વધવા માંડ્યો.

શ્રીમોટા અમદાવાદમાં તો જતા પણ તેમને ગાંધી-આશ્રમમાં જવાનું ભાગ્યે બનતું. એટલે પીપળા વિશે જાણવા ન મળતું, પણ કોઈ ગાંધીઆશ્રમેથી આવતું તો એને જરૂર પૂછતા કે પીપળો બરાબર છેને ?

પીપળો હવે જૂનો થયો છે, તેમ આશ્રમમાંય ઘણી નવાજૂની થઈ છે. જૂના માણસો બદલાઈને નવા માણસો આવ્યા છે. પહેલાં માણસના મુખસ્વરેથી ભજન સંભળાતાં, હવે રેડિયોથી ભજનો સંભળાતાં થયાં છે. પીપળો જૂનાનોય સાક્ષી છે ને નવાનોય સાક્ષી છે. ધીમે ધીમે સૌનો વિકાસ થયો તેમ આશ્રમનોય વિકાસ થયો છે.

એવામાં દેશવિદેશના ઘણા લોકો આશ્રમ જોવા આવે છે, એટલા માટે તે રોનકદાર ને ભવ્ય દેખાય તે માટે આશ્રમ પાસે એંશી ફૂટ સડક વિસ્તારવાનું નક્કી થયું અને તેનાં માપ વગેરે લઈને તે મુજબનું કામકાજ શરૂ થયું.

ફૂટપાથ મોટા હતા તે નાના થયા. વૃક્ષોની કાપકૂપ થઈ. પીપળારામની સ્થિતિ પણ હાલકડોલક થઈ ગઈ. બધાંની સાફસૂફી સાથે આપણી પણ સાફસૂફી થઈ જવાની. આ વખતે શ્રીમોટા જો અહીં હોત તો બચી જવાત. પીપળો હવે ઊડવાનો એવી શ્રીમોટાને જાણ કરવામાં આવી.

જોગાનુજોગ ગુરુકૃપા ગેસ્ટ હાઉસવાળા શ્રી ઇંદુભાઈ શૅરદલાલ ત્યારે નડિયાદ આશ્રમે આવેલા. શ્રીમોટાએ તેમને બધી વાત કરી ને કોઈ પણ રીતે પીપળો બચે એવી તજવીજ કરવા કહ્યું.

તે વખતે સંસ્થા કૉંગ્રેસનું અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન ઉપર વર્ચસ્વ હતું. અમદાવાદ શહેર કૉંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જમનાશંકર પંડ્યા હતા. શ્રી ઇંદુભાઈના એ ખાસ મિત્ર. એટલે શ્રી ઇંદુભાઈએ તેમને બધી વાત કરી. તેઓ બંને ગાંધીઆશ્રમ જઈને પીપળો પણ જોઈ આવ્યા. પીપળો સડકની વચ્ચે નહિ પણ સડકને છેડે આવતો હતો અને તેને રાખવો હોય તો રાખી શકાય એવી સ્થિતિ હતી.

બીજે દિવસે શ્રી જમનાશંકર પંડ્યા કૉર્પોરેશનમાં જઈને લાગતાવળગતાને મળ્યા ને તેમને સમજાવ્યું કે સડકમાં પીપળો નડતો નથી. પીપળો પવિત્ર વૃક્ષ છે અને શ્રીમોટા જેવા પવિત્ર આત્માએ તે રોપેલો છે. એટલે તેનો વિનાશ ન થાય એ ખાસ જોજો.

અને શ્રીમોટાએ રોપેલો શ્રીમોટાનો પીપળો બચી ગયો. પીપળાને થયું કે જેણે રોપ્યો તેણે જ મને બચાવ્યો. આજેય આ પીપળો ગાંધીઆશ્રમની સડક ઉપર ચોતરા સહિત છે, તે શ્રીમોટાના વૃક્ષપ્રેમની યાદ આપે છે.*

## ૬૧. શ્રીમોટા સાધનાના વિકાસ માટે કરાંચી જાય છે

ચેતનમાં શું કે જડમાં શું, એકવાર ભાવનું સાતત્ય આવી ગયા પછી એમાં ભાવનાનું પ્રાગટ્ય થાય છે. ભાવના બે પ્રકારની હોય છે : એક ઊર્ધ્વગામી અને બીજી નિમ્નગામી.

* હવે પીપળો અને ચોતરો રહ્યા નથી.

દરેક જીવને ઊર્ધ્વમુખી થવાની જ મહેચ્છા હોય છે, પરંતુ નિમ્નગામી બળો તેમાં વિરોધ ઊભો કરીને તેને પાછા પાડવાના પ્રસંગો ઊભા કરે છે, પરંતુ જેઓ અર્જુનની જેમ એકલક્ષી હોય છે, પંખીની આંખો વીંધવી છે તે સિવાય બીજે કશે જેનું લક્ષ નથી, એવાઓને નિમ્નગામી બળો પાછાં પાડી શકતાં નથી અને તે ધ્યેય પાર પાડીને જ થંભે છે.

શ્રીમોટાનું સ્મરણ બે કલાકથી માંડીને રોજના સતત સોળ કલાક સુધી પહોંચ્યું, તેમ છતાં તેમાં નિરંતરતા પ્રગટી ન હતી. તેમને સાપ કરડ્યો અને તેમાંથી સ્મરણની નિરંતરતા પ્રગટી અને પછી તો તેમને સ્મરણ સહજ અને સરળ બની ગયું.

છોડને પાણી પાઈને ઉછેરે છે અને તે મોટો થાય છે, પરંતુ જ્યાં એનાં મૂળ ઊંડાં ગયાં અને જમીનમાંથી પાણી મળે ત્યાં સુધી પહોંચ્યા પછી એને પાણી ન પાઈએ તોય આપોઆપ જ વધવા માંડે છે. શ્રીમોટાના સ્મરણનું પણ એમ જ હતું.

ટ્રેન ઊપડે છે, ત્યારે શરૂઆતમાં એની ગતિ ધીમી હોય છે, એમ શરૂઆતમાં શ્રીમોટાનું સ્મરણ ધીમું હતું. પછી ટ્રેન જેમ આગળ વધવા માંડી તેમ તેની ગતિ વધી, તેમ શ્રીમોટાનું સ્મરણ પણ વધ્યું. એ જ્યારે ટ્રેન વધીને પૂર્ણ ગતિએ દોડવા માંડે છે અને તેમાં બેસનારને તેનો ખ્યાલ આવે છે ત્યારે તે ગતિનો કેવો આનંદ માણે છે ! એમ સ્મરણમાં નિરંતરતા આવતાં શ્રીમોટાએ તેનો આનંદ માણ્યો. જે સ્મરણ કરતાં તેમને શક્તિનો હ્રાસ થતો જણાતો હતો, તે સ્મરણ કરતાં હવે તેમને બળ મળવા માંડ્યું. પહેલાં સ્મરણ રસહીન અને લૂખું લૂખું લાગતું હતું, તે હવે રસદાયી

અને મીઠું મીઠું બન્યું. હવે તેમને સ્મરણ કરવું પડતું ન હતું, પણ તેની સિતારી હૃદયમાં રણઝણ્યા કરતી લાગતી હતી. જાણે હૃદયમાં કોઈ મધુર રવે ઘંટડી બજવી રહ્યું હતું અને તેના નાદથી શરીરમાં અનાહત નાદ પેદા થતો હતો. સાપ મોરલી વાગતાં ડોલી ઊઠે એમ આ અનાહત નાદથી શરીરમાં મધુર કંપનો ઊઠતાં હતાં.

શ્રીમોટાને કેટલે વર્ષે આ સ્થિતિ પ્રાપ્ત થઈ હતી ? ચાણોદની ટેકરી ઉપર આવેલા રણછોડજીના મંદિરની જગામાં એક સાધુ મહાત્માએ રોગ માટે રામનામની દવા બતાવેલી. એ રામનામે રોગ તો મટાડ્યો પણ સાથે સાથે તેની લગની લગાડી. એ લગનીને પ્રતાપે તેઓ સ્મરણના નિરંતરનાં સોપાને પહોંચ્યા હતા.

આ સ્થિતિએ પહોંચ્યા બાદ શ્રીમોટાને થયું કે હવે તેમના દિલમાં એક વીજળી સ્ટેશન સ્થાપિત થઈ ગયું છે અને તેના બળથી રેડિયોની સ્વિચ ફેરવતાં જેમ જુદાં જુદાં સ્ટેશનો પકડાય છે, તેમ આ મળેલ શક્તિને એકત્ર કરીને જો તેનો ઉપયોગ કરવામાં આવે, તો સાધનાપ્રદેશનાં જુદાં જુદાં શિખરોને સર કરી શકાય તેમ છે.

અત્યાર સુધી નોકરીમાં રહીને જ શ્રીમોટા આટલે સુધી પહોંચ્યા હતા. હવે નોકરીમાંથી ફારેગ થઈને જો આની પાછળ બધો સમય અપાય તો ધ્યેયને પહોંચતા વાર લાગે નહિ.

શ્રીમોટાએ તેમની બધી જવાબદારી પાર પાડી હતી. મોટાભાઈના અવસાન બાદ વીસ વર્ષ સુધી એકધારી નોકરી કરી તેમણે કુટુંબને પાળ્યું પોષ્યું હતું. તેમના બંને નાના ભાઈઓ જ્યારે થાળે પડીને ઠરીઠામ થયા અને મોટાભાઈનો દીકરો

પણ નોકરીએ લાગી ગયો ત્યારે એક દિવસ તેમની બાને તેમણે વાત કરી, 'બા, જો તું રજા આપે તો હું નોકરીમાંથી નિવૃત્ત થઈને સાધના કરવા કરાંચી જાઉં.'

પણ બાએ શ્રીમોટાને ટોણો મારતાં ઉત્તર આપ્યો કે, 'ચકલાંને પાશેર દાણા નાખવાની તો તારામાં ત્રેવડ નથી અને કરાંચીમાં જઈને તું સાધના શું કરવાનો ? અને તું કરાંચી જઉં તો મારું શું ?'

શ્રીમોટાએ બાને જવાબ આપ્યો, 'તને બધાંની સાથે ફાવે તો સૌની સાથે રહેજે અને ફાવે તો તું તારે જુદી રહેજે. હું તને દર મહિને પાંચ રૂપિયા મોકલાવીશ. એટલાથી નહિ થાય તો વધારે મોકલાવીશ.'

શ્રીમોટાના જવાબ પછી બાથી બીજું બોલાય એવું રહ્યું નહિ. બાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. પોતાની આંખ આગળથી દીકરો દૂર થાય એ કઈ માને ગમે ? બા બોલે બંધાઈ ગઈ હતી અને આગળ કશું કહેવાપણું રહ્યું ન હતું. બાને થયું કે શ્રીમોટાએ જવાનો બોલ કાઢ્યો છે એટલે જવાનો. એ રોક્યો રોકાશે નહિ. એટલે આંસુભીની આંખે એમણે શ્રીમોટાને કહ્યું, 'પણ મારી મરતી વેળાએ તું જ્યાં હોઉ ત્યાંથી મારી પાસે આવીશ એટલું વચન આપતો જા.'

શ્રીમોટાએ બાને વચન આપ્યું, 'તારી મરતી વેળાએ હું જ્યાં હોઈશ ત્યાંથી તારી પાસે આવીશ.'

શ્રીમોટાનો આવો જવાબ સાંભળીને બાને નિરાંત થઈ અને તેમણે શ્રીમોટાને રજા આપી. ઘરના એક બંધનમાંથી તો શ્રીમોટા છૂટ્યા પણ સંસારનું બીજું બંધન તેમને માટે બાકી રહ્યું હતું. ઘરની સેવા તો કરી પણ સંસારની સેવા કરવાની

હજી બાકી હતી તેની તેમને ખબર હશે ?

શ્રીમોટાની સાથે ત્યારે બીજા ત્રણે જીવો સાધનાપ્રયાણને માર્ગે ચઢી ચૂક્યા હતા. એક હતા શ્રી હેમંતકુમાર નીલકંઠ, બીજા હતા શ્રી વજુભાઈ જાની અને ત્રીજા હતા શ્રી નંદુભાઈ શાહ. સાધનામાં તેમને શ્રીમોટાની હૂંફ હતી. તેઓ જાણતા હતા કે શ્રીમોટા તેમને છોડીને જતા ન હતા પણ તેમને સાથે રાખીને જતા હતા. તેય કોઈ બીજા કામ માટે નહિ પણ સાધનાના વિકાસની આગેકૂચ કરવા માટે જતા હતા. એટલે તેનો લાભ તેમને મળવાનો હતો, તેની એમને ખુશી હતી. બીજી બાજુ શ્રીમોટાની હાજરીથી તેઓ વંચિત રહેશે એટલી તેમને ખોટ હતી, પણ સાધનામાં ત્યાગ અને પ્રાપ્તિ બંને હોય છે. અને આજના જમાનામાં ટપાલથી જ્યારે રોજ હળાયમળાય છે, એટલે તેઓ રોજ હળીમળી શકવાના હતા, તેથી તેઓ મુક્ત મન હતા.

એક બાને એક દીકરો જતો હતો તેનું દુખ હતું. પણ તે જવાનો જ છે. એટલે એનું મન એણે વાળી લીધું હતું. શ્રીમોટા નોકરીમાંથી તો નિવૃત્ત થઈ ગયા હતા. જવાનો દિવસ આવ્યો. બાને પગે લાગી, સૌની વિદાય લઈને એમણે અમદાવાદથી કરાંચીને માર્ગે પ્રયાણ કર્યું.

## ૬૨. હજીય તારું અહમ્ રહ્યું છે ?

શ્રીમોટાએ તેમની આત્મિક શાંતિ માટે ચાળીસ દિવસના ઉપવાસ કર્યા હતા. ઉપવાસ પૂરા થવાને માત્ર દોઢ દિવસ બાકી હતો. એવામાં તેમના ઓરડામાં તેઓ સૂઈ રહ્યા હતા ત્યાં સ્વામી પ્રકાશાનંદજી જેઓ ગોદડિયા સ્વામીને નામે

વિખ્યાત હતા તેમણે દેખા દીધી.

એકાએક સ્વામીજીને આવી રીતે આવેલા જોતાં શ્રીમોટાને થોડો અચંબો થયો, પરંતુ શ્રીમોટા જાણતા હતા કે જેમની સાથે પ્રેમભાવે તેઓ બંધાયા હોય તેમની સાથે નિમિત્ત જાગતાં તેઓ સહજભાવે હાજર થાય છે.

શ્રીમોટાને જ્યારે સાધનામાં ગૂંચ આવતી ત્યારે કેટલીક વાર તેમણે માર્ગદર્શન આપ્યું હતું. એ રીતે તેમનો શ્રીમોટા સાથેનો સંબંધ આત્મીય હતો. શ્રીમોટા સ્વપુરુષાર્થથી જે સાધના કરતા હતા તે પરત્વે તેઓ પ્રશંસાથી જોતા હતા. આથી જ કોઈ વાર સાધનામાં મુશ્કેલી આવે ને તેમની પાસે જાય તો તેઓ પ્રેમપૂર્વક શ્રીમોટાને માર્ગદર્શન આપતા હતા.

આવા આત્મીય સંત શ્રીમોટા પાસે આવે એથી એમને આનંદ થાય તે સ્વાભાવિક છે. શ્રીમોટા આદરપૂર્વક તેમને પગે લાગ્યા. સ્વામીજીએ શ્રીમોટાને કહ્યું, 'તું આ શું કરી રહ્યો છે ?'

શ્રીમોટા કહે, 'મારી આત્મિક શાંતિ માટે ઉપવાસ ઉપર છું. બાપજી.'

સ્વામીજી કહે, 'પણ હવે તારે શાંતિ જ પ્રવર્તે છેને, તો પછી તારે ઉપવાસ કરવાની શી જરૂર છે ?'

શ્રીમોટા થોડો સમય તો કાંઈ બોલ્યા નહિ પણ પછી કહ્યું, 'ઉપવાસથી દિલમાં હવળાશ રહે છે. મન શાંત રહે છે અને તેથી સાધનામાં જોશ અને એકાગ્રતા મળે તે માટે આ પ્રયોગ કર્યો છે.'

શ્રીમોટાનો ઉત્તર સાંભળી સ્વામીજી હસી પડ્યા અને બોલ્યા, 'હજી તારે સાધના કરવાની બાકી છે ? સાધનામાં જે

કરવાનું છે, તે તો તેં કરી લીધું છે. પછી તારે અશાંતિ કેવી ? જે મળવાનું છે, તે તો તને પ્રાપ્ત થવાનું જ છે, તેય તું જાણે છે. તારા ગુરુ સમર્થ છે, તેમનો પ્રેમ તેં સંપાદન કર્યો છે. પછી શા માટે તું ઉપવાસ કરે છે ? શરીર ઉપર ખોટો બળાત્કાર કરવો સારો નહિ. તારે ઉપવાસ કરવાની જરૂર નથી છતાં શા માટે તું ઉપવાસ કરે છે ? માટે, તું ઉપવાસ છોડી દે એટલું કહેવાને તારી પાસે આવ્યો છું.'

શ્રીમોટા કહે, 'આપનો મારા ઉપર પ્રેમ છે અને જ્યારે આપ જાતે આવીને આજ્ઞા કરો છો તો આપનું કહ્યું હું જરૂર કરીશ.' એટલું બોલીને શ્રીમોટા ઓરડામાંથી ઊઠી રસોડામાં ગયા અને સ્ટવ સળગાવીને ચા મૂકી.

સ્વામીજીએ જોયું કે હવે શ્રીમોટા માની ગયા છે. એટલે એમની આજ્ઞાનુસાર ઉપવાસ છોડી દેશે. એટલે તેઓ જેવી રીતે આવ્યા હતા તેવી રીતે ચાલ્યા ગયા.

શ્રીમોટા ચા બનાવતાં બનાવતાં વિચારે ચડ્યા. તેમણે સ્વામી શ્રીપ્રકાશાનંદજીએ કરેલી વાતો યાદ કરવા માંડી. જેનો ગુરુ સમર્થ હોય તેને અશાંતિ કેવી ? શ્રીમોટાની અત્યાર સુધીની સાધનામાં જ્યારે જ્યારે ગુરુમહારાજની જરૂર પડી છે ત્યારે ત્યારે તેમણે પ્રત્યક્ષપણે અને અપ્રત્યક્ષપણે જે સહાય માગી છે તે આપી છે. સાધનામાં જે જે સોપાનો તેમણે મેળવ્યાં તેમાં ભલે તેમના સતત પુરુષાર્થે કામ કર્યું હોય તેમ છતાં ગુરુમહારાજના સાથ અને ઓથે જ તેમાં મુખ્ય હિસ્સો આપ્યો છે, તે વાતની તેમનાથી ના પડાય તેમ નથી. તો પછી ઉપવાસ કરીને આત્મશાંતિ મેળવવાનું હવે ક્યાં રહે છે ?

આવા અનેક વિચારો શ્રીમોટાને આવ્યા. સ્ટવ ઉપર

ચા તૈયાર થઈ ગઈ હતી, તે નીચે ઉતારી અને ગળણીથી ગાળીને ચાનો પ્યાલો ભર્યો. તેઓ ચા પીવા બેઠા. ત્યાં પાછો એમને બીજો વિચાર આવ્યો, 'દોઢ જ દિવસ બાકી છે ને શા માટે તારા ઉપવાસ તું છોડે છે ? ચાળીસ દિવસ ઉપવાસ કરવાનો તેં નિર્ણય કર્યો છે, તે પૂરેપૂરો પાળવો જ જોઈએ.'

શ્રીમોટાને લાગ્યું, 'આ બાબત પણ એટલી જ મહત્ત્વની છે. દોઢ દિવસ માટે વ્રતભંગ થવું એ સારું ન ગણાય.' અને તેમણે ચા પીવા માટે મોંએ અડાડેલો પ્યાલો ટેબલ ઉપર પાછો મૂકી દીધો અને સૂઈ ગયા.

રાત વીતી ગઈ અને સવાર પડી. રાતના શ્રીમોટા સ્વામીજી સાથેના સંભાષણમાં જાગેલા એટલે તેમના શરીર ઉપર ઉજાગરાની અસર વર્તાતી હતી. ઘરનાંએ પૂછ્યું, 'કેમ તમારી આંખો લાલ છે ? ઊંઘ આવી ન હતી કે શું ?'

શ્રીમોટા તેમને કેવી રીતે સમજાવે કે સ્વામી પ્રકાશાનંદજી આવેલા અને તેમની સાથે આ વાતો થઈ હતી. જો સાચી વાત કરે તો તેઓ કેવી રીતે આવ્યા, કેટલા વાગ્યે આવ્યા વગેરે પ્રશ્નોની હારમાળા ચાલે અને તેનો અંત ન આવે. એટલે **'ન બોલ્યામાં નવ ગુણ'** સમજીને કોઈને કાંઈ જવાબ આપ્યો જ નહિ અને ઘરનાંએ બધાંએ માની લીધું કે રાતનો ઉજાગરો છે એટલે તેમને બોલવાનું નહિ ગમતું હોય.

પણ રસોડામાં ચાનો ભરેલો પ્યાલો એમની ચાડી જરૂર ખાશે. અને થયું પણ એમ જ. આ રસોડામાં રાતે ચા કોણે બનાવી હતી ? શ્રીમોટાના ઓરડામાંથી જ રસોડામાં આવવાનો રસ્તો હતો. તે સિવાય બીજા કોઈથી તો રસોડામાં અવાય તેમ ન હતું. શ્રીમોટાએ તો ચાળીસ દિવસના ઉપવાસ કર્યા હતા.

એટલે તેઓ ચા શા માટે કરે ? પણ એનો જવાબ શ્રીમોટાએ જેમ તેમ ગલ્લાં તલ્લાં કરીને વાળ્યો.

સમય થયો અને સૌએ જમી લીધું. શ્રીમોટાને તો ઉપવાસ હતા. એટલે જમવાનું ન હતું. ઑફિસે જવાનો સમય થયો એટલે મોટર બંગલાના પૉર્ચ (પ્રવેશદ્વાર)માં આવીને ખડી થઈ. બારણાં ખોલીને બેસનાર બેઠાં. શ્રીમોટા પણ મોટરમાં જ હતા.

મોટર પૂરપાટ દોડ્યે જતી હતી. એવામાં રસ્તામાં એક માણસ એવી રીતે ઊભેલો દેખાયો કે જો તે ખસે નહિ તો મોટર ઊભી રાખવી જ પડે. દૂરથી ડ્રાઈવરે હૉર્ન માર્યું પણ પેલો હઠ્યો નહિ. ફરી હૉર્ન માર્યું તોય એણે હલચલ ના કરી. દરમિયાન મોટર એની પાસે પહોંચી ગઈ અને ફરજિયાત ઊભી રાખવી પડી.

પેલો માણસ મોટર પાસે આવ્યો અને ગુસ્સે થયો હોય તેવા સ્વરે બોલ્યો, 'હજીય તારું અહમ્ રહ્યું છે ? પેલો તને મળ્યો અને સમજાવ્યો તોય તું માન્યો નહિ ? હવે મોટરમાંથી હેઠો ઊતરી જા.'

શ્રીમોટા મોટરમાંથી હેઠા ઊતરવા ગયા ત્યાં ગાડીમાંથી બાપુ બોલ્યા, 'ચૂનિયા, તું શું કરે છે ? એક ગાંડો માણસ તને મોટરમાંથી નીચે ઊતરવાનું કહે છે ને તું જાય છે ?'

પણ એ ગાંડા માણસે શ્રીમોટાને ગઈ કાલ રાતની વાત કહી હતી. એટલે એ ગાંડો કેમ કહેવાય ? 'ભલે તમને એ ગાંડો લાગે પણ એ મને બોલાવે છે એટલે મારે જવું પડે' શ્રીમોટાએ બાપુને જવાબ આપ્યો.

બાપુ કહે, 'પણ ભલા માણસ, એ ગાંડા સાથે તારે શું કામ છે ? આવો ગાંડો માણસ તને નીચે ઉતારીને કંઈ કરે તો ?

અહીં તારું કોણ છે ?'

શ્રીમોટા બોલ્યા, 'મને કરી કરીને એ શું કરવાનો છે ? પણ એ બોલાવે છે તો મારે એની પાસે જવું જોઈએ. મને ગાડીમાંથી ઊતરી જવા દો અને તમે ગાડી ઑફિસે લઈ જાઓ. એની સાથેનું કામ પતી ગયા પછી હું ઑફિસે સીધો આવી જઈશ.' એટલું કહીને શ્રીમોટા ગાડીમાંથી ઊતરી ગયા અને પેલો માણસ એમને ફૂટપાથ ઉપર લઈ ગયો. ગાડી ઑફિસે ચાલી ગઈ.

પેલો ગાંડો માણસ નહિ પણ એક ફકીર હતો અને તે શ્રીમોટાને કહેવા માગતો હતો કે 'ગઈ કાલે રાતે શ્રી પ્રકાશાનંદસ્વામી કહી ગયા છતાં તું માન્યો નહિ ? હજીય તારું અહમ્ રહ્યું છે ?'

ફૂટપાથ ઉપર શ્રીમોટાને લઈ જઈને તેમના હાથમાં મીઠાઈ મૂકી તે બોલ્યો, 'આ મીઠાઈ ખાઈ જા અને તારા ઉપવાસનાં પારણાં કર. ખોટી જીદ ના કરીશ.'

ફકીરની વાત સાંભળીને શ્રીમોટાને થયું કે ગઈ કાલની વાત આ ફકીર કેવી રીતે જાણી ગયો હશે ? આ પ્રસંગ મારી સૂક્ષ્મ અહમ્‌ની ગ્રંથિ તોડવા માટે જ પ્રયોજાયો લાગે છે. અને તેમણે કશો વિચાર કર્યા વિના જ હાથમાંની મીઠાઈ મોંમાં મૂકી અને તે પછી પણ ફકીરે જે જે આપ્યું, તે તેઓ વિના સંકોચે ખાઈ ગયા. ઓગણચાળીસ દિવસના ઉપવાસ પછી શ્રીમોટાએ ઘણું બધું ખાધું છતાં તેની વિકૃતિ જરાસરખીય તેમની ઉપર થઈ નહિ એ એક વિસ્મયકારી વાત હતી.

## ૬૩. સદ્‌ગુરુનું ફરમાન : દરિયામાં ચાલ્યો જા !

શ્રીમોટા કરાંચીમાં રહેતા હતા ત્યારે તેઓ સવારમાં ઘણી વાર ફરવા ચાલ્યા જતા. એકવાર આવી રીતે તેઓ સવારમાં ફરવા જઈ રહ્યા હતા. ઘણે લાંબે સુધી તેમને ફરવા જવાનું બન્યું. તે સમયે તેમને સદ્‌ગુરુ મહારાજ તરફથી દરિયામાં ચાલ્યા જવાનું ફરમાન મળ્યું. જોકે સ્થૂળ રીતે હાજર થઈને તેમણે આવું ફરમાન કર્યું ન હતું. પરંતુ દિલમાં તેમણે પ્રગટ થઈને આવી આજ્ઞા ફરમાવી હતી.

આ કંઈ માત્ર ભ્રમણાનો પ્રસંગ ન હતો કે તેમાં કંઈ ગાંડપણ ન હતું, પરંતુ સદ્‌ગુરુ મહારાજે જાણે જાતે આવીને ના કહ્યું હોય એવી દિલમાં ભાવના થઈ હતી. એટલે તેનો ઇનકાર કેમ કરાય ?

શ્રીમોટાએ તેમના જીવનમાં સદ્‌ગુરુની આજ્ઞાને ઘણું મહત્ત્વ આપ્યું હતું. તેમનું ગમે તેવું ફરમાન હોય, ભલેને તેમાં જીવનું જોખમ હોય, શ્રીમોટા હંમેશાં તે પાર પાડતા. એ રીતે દરિયામાં ચાલ્યા જવાની વાત આવતાં તેઓ તરત તેમ કરવાને તૈયાર થયા અને દરિયામાં ચાલવા માંડ્યું.

દરિયામાં ચાલતાં ચાલતાં ઘૂંટણ સમા પાણીમાંથી ઢીંચણ સમા પાણીમાં આવ્યા. ઢીંચણ સમા પાણીમાંથી કેડ સમા પાણીમાં ગયા. દરિયાનાં પાણી ચારેબાજુ ઊછળતાં હતાં. પાણીનાં મોજાં દોડી આવીને શ્રીમોટાના શરીરને થપાટો મારતાં હતાં. પહેરેલાં કપડાં પલળી ગયાં હતાં છતાં શ્રીમોટા ચાલ્યા જ જતા હતા. છેવટે ગળા સુધીના પાણીમાં પહોંચ્યા તેમ છતાં શું થશે તેનો વિચાર કર્યા વિના શ્રીમોટા આગળ વધ્યે જતા હતા.

દરિયામાં ભરતી હતી એટલે મોજાંનો મારો વધતો જતો

હતો. દરિયાને તળિયે પગની સ્થિરતા રાખવી મુશ્કેલ થઈ પડી હતી. ઊછળતાં મોજાંઓ આવી માથા ઉપર થઈને પસાર થઈ જતાં હતાં. અને નાક તથા મોંને પાણીથી ભરી દેતાં હતાં. તેમ છતાં શ્રીમોટાના દિલની શાંતિ ઘવાઈ ન હતી કે હવે શું થશે તેનો ખ્યાલ પણ તેમને આવ્યો ન હતો. તેમના દિલમાં તો સદ્‌ગુરુના ફરમાનની અને દરિયામાં ચાલ્યા જવાની વાત જ રમતી હતી. સદ્‌ગુરુની આજ્ઞાનો અમલ કર્યો એ એક જ વાત રમતી હતી. સદ્‌ગુરુની આજ્ઞાનો અમલ કર્યો એ એક જ વાત તેમના દિલને પ્રોત્સાહિત કરતી હતી.

બસ, આટલું બન્યું ત્યાં સુધી તેઓ સભાન અવસ્થામાં હતા. પછી તેમને શું થયું, ક્યારે ભાન ચાલ્યું ગયું અને ક્યારે તેઓ બેભાન બની ગયા, તે વિશે કશો ખ્યાલ તેમને ન હતો, પરંતુ જ્યારે તેઓ ભાનમાં આવ્યા ત્યારે તેઓ દરિયાકિનારે પડેલા હતા. તેમના કિલફટનના બંગલાથી તેઓ ઘણે દૂર ઢસડાઈને આવ્યા હતા. તેમણે પહેરેલાં કપડાં પાણીથી ભીનાં થયેલાં માલૂમ પડતાં હતાં.

તેમનાં ભીનાં કપડાં જોઈને ઘરના લોકોએ પૂછપરછ કરી, પણ તેમણે કશો જવાબ આપ્યો નહિ. ભીનાં કપડાં કાઢી, નવાં કપડાં પહેરી જાણે કશું બન્યું નથી તેમ સ્વસ્થ થઈ ગયા.

## ૬૪. મહેબૂબનો હુકમ

મુસલમાનોનો પવિત્ર મહિનો રમજાન માસ ચાલતો હતો. શ્રીમોટા કરાંચીમાં રહેતા હતા. રમજાન માસમાં સૌ મુસલમાનો રોજા કરે. રોજા એટલે દિવસ દરમિયાન ખાવાનું નહિ, પાણી પીવાનું નહિ, થૂંક પણ ગળાય નહિ. આવું કડક પાલન કરીને રોજા કરવાનો રિવાજ.

સંયમ કેળવાય એટલા માટે શ્રીમોટા પણ રોજા કરતા. વળી, શ્રીમોટા ગૂજરાત વિદ્યાપીઠમાં ભણતા હતા, તે વેળાએ ગાંધીજીએ હિંદુમુસ્લિમ એકતા ઉપર ખાસ ભાર મૂકેલો. એકબીજાના ધર્મ અને નીતિનિયમો પરત્વે આદરમાન રખાય તે માટે તેઓ આગ્રહ રાખતા અને રખાવતા. શ્રીમોટા એ દૃષ્ટિએ રોજા કરતા અને કરાંચીમાં પણ તેમણે એ દૃષ્ટિ રાખીને રોજા કરેલા.

રમજાન પૂરો થયા પછી ઈદને દિવસ કરાંચીના ઈદગાહના મેદાનમાં હજારો મુસલમાનો નમાજ પઢે છે. શ્રીમોટાને એ સ્થળે નમાજ પઢવા જવાનું મન થયું અને તેઓ તે માટે તૈયાર થયા, પણ ઘરના લોકોએ કહ્યું, ‘તમે ધોતિયું, પહેરણ અને ધોળી ટોપી પહેરીને નમાજ પઢવા જશો અને એ લોકો કંઈ કરી બેસશે તો ?’

શ્રીમોટાએ જવાબ આપ્યો, ‘જે થવાનું હશે તે થશે. જે વસ્તુ બનવાની નથી તેની કલ્પના કરી ગભરાઈ કે ડરી જવાનો કશો અર્થ નથી. ભલે જે થવાનું હોય તે થાય. હું તો આજે ઈદગાહના મેદાનમાં નમાજ પઢવા જવાનો.’ એમ બોલી, મોટર લઈને શ્રીમોટા ઈદગાહના મેદાનમાં ગયા. સૌ મુસલમાન ભાઈઓ નમાજ પઢવા માટે એકત્ર થયેલા એમની સાથે જઈને ઊભા.

સમય થયો એટલે નમાજ માટે સૌ વ્યવસ્થિત ગોઠવાઈ ગયા. બાંગનો સાદ પડ્યો. નમાજની આયાતો પઢાઈ. સૌ કાને હાથ મૂકી નીચે નમતા અને ઊભા થતા. શ્રીમોટા પણ તેમને જોઈને નીચે નમતા અને ઊભા થતા. બધા જ્યારે ઘૂંટણીએ બેસી નીચા નમતા ત્યારે તેઓ પણ તે પ્રમાણે કરતા.

સૌ જ્યારે નમાજ પઢતી વેળા કુરાનની આયાતો પઢતા ત્યારે શ્રીમોટા તેમના દિલમાં દિલથી પોતાની પ્રાર્થના કરતા.

નમાજ પૂરી થઈ એટલે સૌ એકબીજાને ભેટી સલામાલેકુમ કરી છૂટા પડવા માંડ્યા. તે વખતે સહસા શ્રીમોટાને સદ્‌ગુરુનાં દર્શન થયાં. શ્રીમોટાએ તો તેમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સદ્‌ગુરુએ શ્રીમોટાની પીઠ થાબડી તેમના માથા ઉપર હાથ મૂકી હુકમ કર્યો, ‘અહીંથી નાગો થઈને તારે ઘેર ચાલ્યો જા.’

શ્રીમોટાને થયું કે આજ્ઞાપાલનનો આ અમૂલો પ્રસંગ સાંપડ્યો છે. દેહનું મમત્વ, મનની મડાગાંઠ અને શરીરનો સંકોચ આ બધાંથી મુક્ત થવાનો ખરેખરો મોકો આવ્યો છે. આવો અમૂલો પ્રસંગ ચૂક્યા તો ફરી વાર આવો પ્રસંગ મળવાનો નથી. લક્ષ્મી મળવા આવે ત્યારે ચાંદલો કરવા જઈએ તો બધું ફોગટ જાય, માટે મળેલી તકનો બરાબર ઉપયોગ કરી લેવો એ જ ઠીક છે એવું તેમણે નક્કી કર્યું.

પણ તે સાથે એમને વિચાર આવ્યો કે કપડાં કાઢીને કોને આપવા ? શ્રીમોટા મોટર લઈને નમાજ પઢવા આવેલા અને ડ્રાઈવર ભીમજીભાઈ મોટરમાં જ હતા. તેમને શ્રીમોટા કપડાં આપવા જાય તો તેઓ ગાંડા થઈ ગયા છે એમ માનીને તેમને તેમ કરવા ન દે અને ઊંચકીને મોટરમાં બેસાડીને કિલફટનના બંગલે પહોંચાડી દે એટલે તેમ કરવામાં જોખમ હતું.

શ્રી કલ્યાણપુરી નામે મલબારના એક ભાઈ કોઈ કોઈ વાર મળવા આવતા. એમને આવી બાબતોમાં રસ હતો અને તેઓ આવી વાતોનું મહત્ત્વ પણ સમજતા, એટલે તેમને ઘેર જઈને બધી વાત કરી. પહેરેલાં કપડાં તેમને સુપરત કરી પછી

ચાલ્યો જઈશ એવું ગોઠવી શ્રીમોટાએ ભીમજીભાઈ ડ્રાઇવરને સૂચના કરી કે મને કલ્યાણપુરીના ઘર પાસે ઉતારી જા અને બંગલે બધાંને કહેજે કે હું તેમને ત્યાં છું. તેમને મળી નિરાંતે આવીશ. મારી કશી ફિકર ચિંતા ન કરે અને સૌ જમી લે.

તે પછી ભીમજીભાઈએ શ્રીમોટાને કલ્યાણપુરીના ઘર પાસે ઉતારી દીધા અને મોટર બંગલે જવાને ઊપડી ગઈ. શ્રીમોટા દાદર ચઢીને કલ્યાણપુરીને ત્યાં આવ્યા અને તેમને મળ્યા. શ્રી કલ્યાણપુરીએ શ્રીમોટાને આવકાર આપ્યો અને બેસાડ્યા. શ્રીમોટાના દિલમાં તો સદ્‌ગુરુના હુકમની અને નગ્ન થઈને ચાલ્યા જવાની વાત ઘૂમરિયો લેતી હતી અને ક્યારે તે અમલમાં મુકાય તે ધન્ય ઘડીની તે રાહ જોતા હતા. એટલે આવતાંવેંત જ તેમણે શ્રી કલ્યાણપુરીને કહ્યું, ‘ભાઈ, આજે મને મારા મહેબૂબનો હુકમ મળ્યો છે કે મારે બધાંય કપડાં કાઢી નગ્ન થઈને કિલફટનને બંગલે જવું. જીવનમાં કોઈકને જ આવો હુકમ મળે છે અને મારે તેમના હુકમનું પાલન પ્રેમભક્તિથી કરી બતાવવું છે.’

શ્રીમોટાની વાત સાંભળતાં જ કલ્યાણપુરી ગભરાઈ ગયા. રખેને શ્રીમોટા ઘરમાં કપડાં કાઢી નાખીને નગ્ન થઈને ચાલ્યા જાય. કદાચ એમને એવું લાગ્યું હોય. શ્રીમોટાને તેમણે કહી દીધું કે ‘ના, ના, અહીં નહિ, અહીં નહિ.’

કલ્યાણપુરીનો જવાબ સાંભળતાં શ્રીમોટા સમજી ગયા કે તેઓ તેમના ઘરમાંથી કપડાં ઉતારીને નગ્ન થઈને ચાલ્યા જવા માગે છે એનાથી તેઓ ગભરાય છે. એટલે તેમને ઠંડા પાડી શ્રીમોટાએ કહ્યું, ‘તમે નકામા ગભરાઓ છો. હું તમારા ઘરમાં કપડાં ઉતારીને નગ્ન થઈને જવાનું કહેતો નથી, પરંતુ

તમે મારી સાથે નીચે આવો. આપણે રસ્તા ઉપર થોડે સુધી જઈએ અને પછી હું તમને કપડાં ઉતારી આપું. તે તમે સાઈકલ ઉપર જઈને કિલફ્ટનને બંગલે આપી આવજો અને બધાંને મેં તમને જે વાત કરી તે કહેજો. સાથે એમ પણ કહેજો કે મને કશું થવાનું નથી અને હું હેમખેમ આવીશ એટલે ગભરાય નહિ. મહેબૂબે જે જે સ્થળે થઈને જવાનું કહ્યું છે, તે બધે સ્થળે ફરીને મારે ઘેર પહોંચવાનું છે. એટલે ઘેર ક્યારે આવીશ તેનો ચોક્કસ સમય કહેવાય નહિ, પણ હું ક્ષેમકુશળ આવી જઈશ તેની સૌને ખાતરી કરાવજો.' પછી શું થયું તે હકીકત આપણે શ્રીમોટાના શબ્દોમાં જ જાણીએ :

'પછી મારાં બધાં જ કપડાં શરીર ઉપરથી ઉતારીને ભાઈ કલ્યાણપુરીને મેં સોંપી દીધાં. જેવાં કપડાં ઉતાર્યા કે તરત જ શરીરના રોમેરોમમાં એક એવા પ્રકારનાં ભાવ અને મસ્તી પ્રગટ્યાં તેમ જ તેનો આવેશ ને જુસ્સો એટલો બધો પ્રચંડ હતો કે જમીન ઉપર પગ પણ ટેકવી શકાતા ન હતા. જાણે પૃથ્વીથી અધ્ધર ઊડતો હોઉં એવું મને લાગ્યા કરતું હતું. થોડીક પળોમાં તેવું ભાન પણ વિલીન થઈ ગયું. શરીર ચાલ્યા કરતું, પરંતુ ચાલ્યા કરવાના ભાન કરતાં કોઈ જુદા જ પ્રકારનું ભાન અંતરમાં ત્યારે પ્રવર્તતું હતું. એવી સ્થિતિમાં કરાંચીના મોટા મોટા રસ્તાઓ ઉપર થઈને ક્યાં ક્યાંથી ચાલવાનું થયું હશે તેની કશી જ ખબર નથી. માત્ર એક સ્થળે એક ગોરા સાર્જન્ટે મને રોકવાનો પ્રયત્ન કર્યો તે ખ્યાલ આછોપાતળો છે. ત્યારે એવી પ્રચંડ બૂમ મારી હતી કે તે ગોરા સાર્જન્ટે 'સાંઈબાબા ! ઈદમુબારક' એમ બોલી સલામ ભરી હતી. તેટલું જ પાર્થિવ ભાન મને પ્રગટ્યું ને પાછું વિલીન થઈ ગયું.

'તે પછી ચાલતાં ચાલતાં ગવર્નરના બંગલા પાસે આવ્યો. ત્યાં શ્રીસદ્‌ગુરુ પોતે ઊભા હતા. તેમણે મને છાતી સરસો ચાંપીને ખૂબ વહાલ કર્યું. મારો બરડો ખૂબ થાબડ્યો. તે બધું બરાબર યાદ રહી ગયું છે. તેમણે મને રોજા તોડવાને માટે પાંચ રૂપિયાની રકમ પણ આપી. આ પછી પાછું બધું જ ભાન જતું રહ્યું અને વળી પાછું ચાલવાનું શરૂ થયું. તે કેવે કેવે રસ્તે થઈને ચાલવાનું થયું તેનું કશું ભાન નથી. માત્ર દરિયાની બાજુથી કિલફ્ટનમાં આપણો બંગલો બસોએક ફૂટ આઘે હશે ત્યારે શરીરનું ભાન પ્રગટ્યું અને ત્યાંથી ખૂબ મોટેથી બૂમો મારીને મારાં પહેરવાનાં કપડાં મંગાવ્યાં હતાં.'

આમ, શ્રીસદ્‌ગુરુના હુકમપાલનનો કિસ્સો કેવો રોમાંચક છે, તે શ્રીમોટાના ઉપરના વર્ણન ઉપરથી વાચક સમજી શકશે.

## ૬૫. શ્રીસદ્‌ગુરુની પ્રેમપ્રસાદી

તે દિવસે રવિવાર હતો. શ્રીમોટાને તેમના શ્રીસદ્‌ગુરુના વિચારો જ આવ્યા કરતા હતા. ઘરનું શાક વગેરે લાવવાનું શ્રીમોટા જ કરતા હતા, પરંતુ સામાન્ય રીતે રવિવારે શહેરમાં શાકમાર્કેટમાં જવાનું રાખતા નહિ, પણ કોણ જાણે કેમ તે દિવસે તેમને શાકમાર્કેટમાં જવાનું દિલ થયું અને કોઈ જાણે તેમના હૃદયને ધક્કો મારી કહેતું હતું 'શાકમાર્કેટમાં આવ, શાકમાર્કેટમાં આવ.'

શ્રીમોટાએ ઘરનાં બધાંને કહ્યું, 'ચાલો આપણે શહેરમાં જઈ આવીએ અને શાકમાર્કેટમાં જઈને શાક લઈ આવીએ.' બાપુની બે દીકરી શ્રીમોટાની ઘણી વાર મજાક કરે. તે બોલી, 'તમને સાંઈબાબા બોલાવે છે એટલા માટે જવું છેને ? પણ

આજે જવાનું નથી.' કહીને એણે શ્રીમોટાના રંગમાં ભંગ પાડ્યો અને શાકમાર્કેટમાં જવાનું ન બન્યું.

બીજે દિવસે સવારે સૌને ઑફિસમાં મૂકીને શ્રીમોટા મોટર લઈને શાકમાર્કેટમાં શાક લેવા ગયા. ખીસામાં હાથ નાખ્યો તો પાકીટ ઑફિસમાં રહી ગયેલું જણાયું, પરંતુ દરરોજ એક જ દુકાનેથી શાક લેવાતું એટલે શાકવાળા ભાઈએ જોઈતું હતું તે શાક આપ્યું અને તેને જે પૈસા આપવાના થતા હતા તેની નોંધ કરી લીધી. શ્રીમોટા બધું શાક લેવડાવીને જ્યાં શાકમાર્કેટના દરવાજામાંથી બહાર નીકળતા હતા ત્યાં ગુરુમહારાજને એમણે ઊભેલા દીઠા. તેમને જોતાંની સાથે જ શ્રીમોટાના દિલમાં એટલું બધું વહાલ ઊભરાઈ આવ્યું કે તેઓ દોડીને તેમને વળગી જ પડ્યા. ગુરુમહારાજે પણ શ્રીમોટાને પ્રેમની ચૂમીઓ લીધી. આમ તે બંનેના વહાલના ઊભરા વીત્યા પછી ગુરુમહારાજે કહ્યું, 'ગઈ કાલે તારી મેં કેટલી બધી રાહ જોઈ હતી ! બે મોટા કરંડિયા તારે માટે પ્રસાદી તરીકે આણ્યા છે, તે તું લઈ જા.'

કરંડિયા ઘણા મોટા હતા ને મોટરમાં સમાય તેવા ન હતા એટલે શ્રીમોટા મજૂર કરીને ઘરે લઈ ગયા. આ પ્રસાદ કેટલાય માણસોને આપ્યો હતો અને કેટલાય દિવસ સુધી ચાલ્યો હતો. શ્રીસદ્ગુરુની એ પ્રેમપ્રસાદીનો સ્વાદ હજીય શ્રીમોટા ભૂલ્યા નથી.

## ૬૬. શ્રીસાંઈબાબાએ આવીને સાધનામાં પ્રગતિ કરાવી

સાધનામાં અભય અને નિર્ભયતા ખાસ આવશ્યક. સાધનામાં પડ્યા ત્યારથી જ શ્રીમોટા આ બે બાબતોથી વાકેફ

હતા. એટલે જીવનમાં તેને વિકસાવવા તેઓ સતત પ્રવૃત્તિશીલ રહેતા.

ઘરમાં રહ્યે અભય ને નિર્ભય ન થવાય. એટલે એમણે રાત્રે ઘરમાં સૂવાનું છોડેલું અને સ્મશાનમાં સૂવા જતા હતા.

કોઈ કામવશાત્ શ્રીમોટા બહાર ગયા હોય તો તેઓ ત્યાં શાંત અને એકાંત સ્થળે જ સૂવાનું પસંદ કરતા. દિવાળીના દિવસોમાં કાળીચૌદશને દિવસે તો તેઓ જ્યાં હોય ત્યાં કોઈ ભયંકરમાં ભયંકર અને બિહામણી જગાએ જ જતા અને આખી રાત ત્યાં જ ગાળતા.

શ્રીમોટા કરાંચીમાં હતા તે વેળાની કાળીચૌદશની વાત છે. બીજે દિવસે કાળીચૌદશ છે એટલે આગલે દિવસે જ તેઓ કાળીચૌદશની રાતે ક્યાં જવું તે સ્થળ પસંદ કરવા બહાર નીકળ્યા.

તેઓ દરિયાકિનારે ફરતાં ફરતાં જઈ રહ્યા હતા. આગળ જતાં તેમણે એક દરિયાઈ ટેકરી જોઈ. જગા એકાંતવાળી અને શાંત હતી સાથે ભયંકર અને બિહામણી પણ હતી. કાળીચૌદશની રાતે આવી ભયાનક જગાએ ભાગ્યે કોઈ આવવાની હિંમત કરે. આથી, આવતી કાલે કાળીચૌદશની રાતે શ્રીમોટાએ આ જગાએ આવવાનું નક્કી કર્યું.

બીજે દિવસે નક્કી કરેલ સમયે તેઓ એ સ્થળે જવા નીકળ્યા. ઘરનો હિસાબ શ્રીમોટા રાખતા હતા. એટલે પૈસાવાળું પાકીટ તેમણે ઘરમાં આપી દીધું. બધાંએ કહ્યું કે કદાચ પૈસાની જરૂર પડે તો પાકીટ પાસે રાખોને, પરંતુ શ્રીમોટાએ કહ્યું કે મારે પૈસાબૈસાની જરૂર નથી. જોખમ પાસે રાખવું સારું નહિ. એટલે પાકીટ ઘરે મૂકતો જાઉં એ જ ઠીક છે. માત્ર ઓઢવા

માટે ભરવાડી કામળો લઈ લીધો અને નક્કી કરી આવેલ જગા તરફ જવાને નીકળ્યા.

રાત સમસમતી હતી. દરિયાનાં પાણી ઘૂઘવાટા કરતાં હતાં. સ્થાન નિર્જન હતું. એવે વખતે શ્રીમોટા ત્યાં આવી પહોંચ્યા. જઈને ટેકરી ઉપર બેઠા અને ઈશ્વરસ્મરણ કરવા લાગ્યા.

આ રીતે તેઓ થોડી વાર બેઠા હશે એવામાં કોઈ વિચિત્ર વેશવાળો માણસ આવી પહોંચ્યો. ટેકરીની નીચે ઊભો રહ્યો અને બોલ્યો, 'ટેકરી ઉપર કેમ બેઠો છે ? નીચે ઊતર, ચાલ્યો જા અહીંથી.'

જેવો માણસ ભયાનક હતો એવો એનો અવાજ પણ ભયાનક હતો. શ્રીમોટા આવી બાબતોથી ટેવાઈ ગયેલા હતા. તેઓ જરાય ગભરાયા નહિ. જાણે કશું બન્યું નથી એમ પોતાને સ્થાને બેઠા રહ્યા. પેલો માણસ શું કરે છે તે જોવા લાગ્યા.

આટલું કહેવા છતાં શ્રીમોટાએ કશી હિલચાલ કરી નહિ કે ઉપરથી નીચે આવ્યા નહિ, ત્યારે પેલા માણસે ફરી વાર શ્રીમોટાને કહ્યું, 'અરે ભાઈ, ચાલ્યો જા, ચાલ્યો જા અહીંથી. એકવાર તને ચાલ્યા જવાનુ કહ્યું છતાં કેમ ચાલ્યો જતો નથી ?'

શ્રીમોટા બોલ્યા, 'શા માટે ચાલ્યો જાઉં ?'

પેલો માણસ કહે, 'આ જગા તો મસ્ત લોકો માટેની જગા છે. તેની ઉપર તારા જેવાથી ન બેસાય.'

શ્રીમોટા કહે, 'મારાથી કેમ ના બેસાય ? હુંય મસ્ત થવા માટે જ આ જગા ઉપર બેસવા આવ્યો છું.'

પેલો માણસ કહે, 'એમ ! આ જગા ઉપરથી તું નહિ જાય ? તો લે હવે આ જગા ઉપર બેસવાનો તને બરાબર

સ્વાદ ચખાડું.' કહીને સાધારણ માણસથી ન ઊંચકાય એવો મોટો પથ્થર ઉઠાવ્યો અને શ્રીમોટા તરફ જોરથી ફેંક્યો.

શ્રીમોટાએ વિચાર્યું, 'માર્યા. આ પથ્થર તો જરૂર માથું ભાંગી નાખશે.' પરંતુ એવું કશું બન્યું નહિ અને માથાના વાળને અડીને પથ્થર તો બીજી બાજુ પડ્યો.

આવું બનતાં શ્રીમોટાને લાગ્યું કે જરૂર આ માણસ કોઈ શક્તિવાળો હોવો જોઈએ. બેચાર માણસથી ના ઊંચકાય એવો પથ્થર એણે એકલે હાથે ઊંચક્યો અને ફેંક્યો પણ એવી રીતે કે વાગે નહિ અને માથાના વાળને અડીને ચાલ્યો ગયો.

જરૂર આ કોઈ ઓલિયો હોવો જોઈએ. એમ વિચારી શ્રીમોટા ટેકરી ઉપરથી નીચે ઊતર્યા અને એ માણસને પગે લાગી પગ પકડી લીધા. પેલા માણસે શ્રીમોટાને પગ છોડાવવા ઘણુંય કર્યું પણ શ્રીમોટાએ તેમના પગ છોડ્યા નહિ અને કહ્યું, 'માનો ન માનો, પણ તમે કોઈ મોટા ઓલિયા છો, માટે મને આશીર્વાદ આપો.'

પેલો માણસ બોલ્યો, 'જો, તારી સાધનામાં પ્રગતિ કરાવવા હું અહીં આવ્યો છું, પરંતુ તે પહેલાં મારે તારી કસોટી કરવી હતી કે તું મારાથી ગભરાય છે કે કેમ ? પણ તું ગભરાયો નહિ ને અડગ રહ્યો તેથી તારી ઉપર હું ખુશ થયો છું. તેથી આજે તને હું સાધનાની એક વિધિ શીખવીશ.'

શ્રીમોટા વાત સાંભળીને ખુશ ખુશ થઈ ગયા. પોતે સદ્‌ભાગી હતા કે કાળીચૌદશની રાતે સાધનાની એક વિધિ બતાવવા તેમની પાસે કોઈ આવ્યું હતું. શ્રીમોટાએ વારંવાર તેમને પ્રણામ કર્યા.

પરંતુ પેલા માણસે શ્રીમોટાને કહ્યું, 'જો હું તને

સાધનાની વિધિ બતાવું તે અગાઉ તારે એક કામ કરવું પડશે. મારે સિગારેટ પીવી છે. માટે તું તે લઈ આવ.'

મધરાત થઈ ગઈ હતી. એટલે બધી દુકાનોમાં માણસો સૂઈ રહેલા. તેમને જગાડીને સિગારેટ મેળવી શકાય. આથી, શ્રીમોટા તે જગા તરફ જવા માંડ્યા. પણ થોડે ગયા હશે ત્યાં પેલા માણસે કહ્યું, 'જો, પૈસા આપીને સિગારેટ લાવવાની નથી, પણ મફત લાવવાની છે, તે ધ્યાનમાં રાખજે.'

શ્રીમોટાએ તેમની વાત સાંભળી લીધી અને ચાલવા માંડ્યું. ચાલતાં ચાલતાં પેલી કૅબિનો પાસે આવી પહોંચ્યા. કૅબિનવાળી દુકાનનાં પાટિયાં ખટખટાવ્યાં. ખખડાટ થતાં કૅબિનવાળો જાગી ગયો, અને બોલ્યો, 'કોણ છે, ભાઈ ? કેમ આવ્યો છું ? આટલી મોડી રાતે આવતાં શરમ આવતી નથી ?'

શ્રીમોટા કહે, 'ભાઈ, મારે સિગારેટ જોઈએ છે.'

કૅબિનવાળો કહે, 'આ સિગારેટ લેવાનો સમય છે ? અત્યારે જો તારે સિગારેટ જોઈતી હોય તો આટલી કિંમત આપવી પડશે ? બોલ, છું તૈયાર ?'

શ્રીમોટાને તો કોઈ પણ હિસાબે સિગારેટ જોઈતી હતી. જે કિંમત માગે તે તેઓ આપવા તૈયાર હતા, પણ ખીસામાં પૈસા ન હતા. હવે શું થાય ? તરત તેમને વિચાર સ્ફુર્યો કે ભલે પૈસા નથી પણ આ ઓઢવાનો કામળો છેને, તે તેને આપીશ અને આવતી કાલે તેને કિંમતના પૈસા આપી કામળો પાછો લઈ લઈશ. એટલે તેમણે કૅબિનવાળાને કહ્યું, 'ભાઈ, તું જે પૈસા કહીશ તે આપીશ. મહેરબાની કરીને સિગારેટ આપ, મારે જલદી જવું છે.'

કૅબિનવાળાએ શ્રીમોટાને સિગારેટ આપી. શ્રીમોટાએ વિચાર કર્યો, દીવાસળી વિના સિગારેટ કેવી રીતે પીશે ? એટલે દીવાસળીની પેટી પણ લઈ લીધી. પછી પેલા કૅબિનવાળાને કહે, 'જો ભાઈ, અત્યારે મારી પાસે પૈસા નથી પણ તને આ ઓઢવાનો કામળો આપતો જાઉં છું. હું અહીં પાસે જ રહું છું. આવતી કાલે પૈસા આપીને કામળો પાછો લઈ જઈશ.'

શ્રીમોટાની વાત સાંભળીને કૅબિનવાળો ગુસ્સે થઈ ગયો ને બોલ્યો, 'તારી પાસે પૈસા ન હતા તો પહેલેથી કહેવું હતુંને ? સિગારેટ ને દીવાસળીની પેટી પાછી લાવ. પૈસા હોય તો લઈ જા. કામળો મારે નથી જોઈતો.'

શ્રીમોટા કહે, 'પણ ભાઈ, તારી સિગારેટની કિંમત કરતાં આ કામળો ઘણી વધારે કિંમતનો છે. કાલે પૈસા આપી જવાનું કહું છું, ત્યાં સુધી કામળો તારી પાસે રહેશે. છતાં શા માટે આમ કરે છે ?'

શ્રીમોટા અને કૅબિનવાળા વચ્ચે આવી રીતે રકઝક ચાલી રહી હતી ત્યાં જ એક માણસે દોડતાં દોડતાં આવીને શ્રીમોટાના હાથમાં પૈસા મૂકતાં કહ્યું, 'કૅબિનવાળાને આપવા માટે બાબાએ આ પૈસા મોકલ્યા છે. માટે પૈસા આપી સિગારેટ લઈને વહેલો વહેલો તું એમની પાસે પહોંચી જા.'

શ્રીમોટાએ હાથમાંના પૈસા જોયા તો કૅબિનવાળો માગતો હતો તે કરતાં થોડા વધુ હતા. શ્રીમોટાએ કૅબિન-વાળાના હાથમાં પૈસા આપી કહ્યું, 'તારા જે પૈસા થતા હોય તે લઈ લે અને બાકીના મને પાછા આપ.'

કૅબિનવાળાએ તેના પૈસા લઈ લીધા અને બાકીના જે

વધતા હતા તે શ્રીમોટાને આપ્યા. શ્રીમોટાએ તે પૈસા ધોતિયાની ઓટીએ ચઢાવી ચાલવા માંડ્યું.

શ્રીમોટાએ આવીને પેલા ભાઈના હાથમાં સિગારેટનું પાકીટ અને દીવાસળીની પેટી મૂકી. પેલા ભાઈએ વિચાર કર્યો કે છે તો હોશિયાર માણસ. મંગાવી હતી તો સિગારેટ પણ સાથે દીવાસળીની પેટી પણ લઈ આવ્યો છે. એટલે બુદ્ધિશાળી લાગે છે.

ઓલિયાએ સિગારેટનું પાકીટ ખોલીને એક સિગારેટ પોતે લીધી ને સળગાવીને પીવા માંડી. બીજી સિગારેટ શ્રીમોટાને આપીને પીવા કહ્યું, પરંતુ શ્રીમોટા બોલ્યા, 'માફ કરો. મને પીતાં આવડતી નથી.'

પણ ઓલિયા કહે, 'એમ ના ચાલે, તને જેમ આવડે તેમ પી.'

શ્રીમોટાને સિગારેટ પીવાની આદત ન હતી. સિગારેટ સળગાવીને પીવા માંડી ત્યાં ખોં ખોં, ખોં ખોં થઈ ગયું. તરત જ તેમણે સિગારેટ ફેંકી દીધી.

ઓલિયાએ સિગારેટ પીધા પછી શ્રીમોટાને પાસે બોલાવ્યા અને સુખાસનમાં બેસીને ધ્યાનમાં બેસવા કહ્યું. શ્રીમોટા તે પ્રમાણે ધ્યાનમાં બેઠા. થોડી વાર પછી ઓલિયાએ શ્રીમોટાને પૂછ્યું, 'ધ્યાનમાં તને શું દેખાય છે ?'

શ્રીમોટા કહે, 'મને કશું દેખાતું નથી.'

ઓલિયા કહે, 'સારું. જો, હવે હું તારી સામે બેસું છું અને ધ્યાન કરું છું. શું દેખાય છે તે જોજે.' એટલું કહીને તે ધ્યાનમાં બેઠા અને શ્રીમોટાએ શું જોયું ?

તેમના શરીરમાંથી તેજકિરણની ધારા સતત નીકળતી

હતી અને પાછી શરીરમાં વિલીન થઈ જતી હતી. આ તેજકિરણની આવનજાવન કેટલોય વખત ચાલી. આ તેજકિરણોનો પ્રકાશ આહ્‌લાદક હતો. વીજળીના ગોળાની પ્રકાશની તો ગરમી લાગે, પરંતુ આ પ્રકાશની ગરમી સ્પર્શતી ન હતી.

થોડી વાર પછી ઓલિયા જાગ્રત અવસ્થામાં આવ્યા અને કહ્યું, 'જો હવે તારા શરીરમાં પણ આ પ્રમાણે થાય એવી ક્રિયા કરું છું.' કહીને એમણે શ્રીમોટાને સુખાસનમાં બેસવા કહ્યું. શ્રીમોટા સુખાસનમાં બેઠા. પછી એમણે શ્રીમોટા પાસે આવીને હૃદયસ્થાને ટકોરો મારીને કોઈ લીટો ના મારતા હોય તે અનુસાર હૃદયસ્થાનથી લીટો મારતાં મારતાં નાસિકા ઉપર થઈને કપાળની મધ્યમાં ટકોરો માર્યો. તે પછી જતાં જતાં માથામાં બ્રહ્મરંધ્રની જગાએ ટકોરો માર્યો. તે સાથે જ શ્રીમોટાના શરીરમાં વીજળીનો સંચાર થયો અને ઓલિયાના શરીરમાંથી જે પ્રકાશનાં તેજકિરણોનો પ્રવાહ વહેતો હતો, તે તેમના શરીરમાંથી વહેવા માંડ્યો. આ એક રોમાંચક બનાવ હતો.

કેટલાય વખત સુધી શ્રીમોટાના શરીરમાંથી તેજકિરણોની આવનજાવન થયા પછી ઓલિયાએ શ્રીમોટાને સ્પર્શ કર્યો અને ક્રિયા અટકી ગઈ, પરંતુ શ્રીમોટા જાણતા ન હતા કે તેમની ઉપર આ ક્રિયા શા માટે કરી હતી. એટલે તેમણે નમ્રતાપૂર્વક ઓલિયાને પૂછ્યું, 'બાપુ, કૃપા કરી આ ક્રિયાનો હેતુ સમજાવશો તો તમારો અહેસાનમંદ થઈશ.'

શ્રીમોટાની વાત સાંભળીને ઓલિયા બોલ્યા, 'આ તેજકિરણો તારા શરીરનાં રોમેરોમમાં ફરીવળીને બહાર આવતાં હતાં અને પાછાં તારા શરીરનાં રોમેરોમમાં ફરી વળ્યાં

હતાં. તારી શરીરશુદ્ધિને માટે મેં તારી ઉપર આ ક્રિયા કરી હતી. હવે તારી શરીરશુદ્ધિ થઈ ગણાય.'

શ્રીમોટાએ ઓલિયાના પગ પકડીને ચૂમ્યા ને પગે લાગ્યા. આથી, ઓલિયા શ્રીમોટા ઉપર પ્રસન્ન થયા અને કહ્યું, 'જો હવે ફરી વાર ધ્યાનમાં બેસ અને તારી જાતે ફરી વાર એવો અનુભવ કર.'

શ્રીમોટા ફરી વાર ધ્યાનમાં બેઠા. હૃદયસ્થાને ટકોરો મારી હૃદયથી નાસિકા ઉપર થઈને કપાળમાં ટકોરો મારીને બ્રહ્મરંધ્રસ્થાન આવતાં તેની ઉપર ટકોરો માર્યો. તે સાથે શરીરમાંથી વીજળીનો સંચાર થઈને તેજકિરણોની માળા શરૂ થઈ અને બહાર જઈને પાછી શરીરમાં વિલીન થવા લાગી. આ સ્થિતિ કેટલાય વખત સુધી રહી. પછી ઓલિયાનો આદેશ મળતાં તે બંધ કરી અને ફરી વાર તેમણે ઓલિયાને અરજ ગુજારી, 'બાપુ, ફરી વાર તમે મારી પાસે આ ક્રિયા શા માટે કરાવી ?'

ઓલિયાએ જવાબ આપ્યો, 'જો પહેલી વારની ક્રિયાથી તારી શરીરશુદ્ધિ થઈ. બીજી વારની ક્રિયાથી તારી ઇંદ્રિયશુદ્ધિ થઈ. આમ, બંને શુદ્ધિઓ થતાં હવે તું આત્મશુદ્ધિને પામ્યો છે. હવે તારે બીજી કશી શુદ્ધિની જરૂર નથી. હવે તારે છેલ્લી ક્રિયા કરવાની છે, તે રામનવમીને દિવસે તું જ્યાં હોય ત્યાં કરજે.' એમ કહીને ઓલિયાએ શ્રીમોટાને તે ક્રિયાની વિધિ વિશે વાત કરી. પછી ઓલિયાએ શ્રીમોટાને કહ્યું, 'હવે તું તારે જા.' શ્રીમોટાએ પગે લાગી ઓલિયાની વિદાય લીધી.

જે ઓલિયાએ આવી ગૂઢ વિધિ બતાવી તે ઓલિયા કોણ હશે ? શ્રીમોટાને સવાલ થયો અને તે વિશે વિચાર કરતાં કરતાં તેઓ ઘેર આવી પહોંચ્યા. ઘેર બધાં તેમની રાહ

જોઈને બેઠાં હતાં. ઘેર આવતાં સૌ ખુશ થયાં અને ગઈ કાલના રાતના અનુભવ વિશેની વાતો પૂછવા માંડ્યા.

શ્રીમોટા સૌને વાતો કહેતા હતા એવામાં 'કરાંચી ઓબ્ઝર્વર'ના તંત્રીશ્રી શર્મા સાહેબ આવી પહોંચ્યા. તેમને આધ્યાત્મિક બાબતોની વાતોમાં ઘણો રસ હતો. એટલે તેઓ પણ આ વાતો સાંભળવામાં જોડાયા. તેમણે વીંટી પહેરી હતી. તે ઉપર જે ચિત્ર હતું તેની ઉપર શ્રીમોટાનું વારંવાર ધ્યાન જતું હતું.

બધાંને થતું હતું કે શ્રીમોટા વારંવાર શ્રી શર્મા સાહેબની વીંટી તરફ શા માટે જોતા હશે ? ત્યાં તો શ્રીમોટાએ જ શ્રી શર્મા સાહેબને પૂછ્યું, 'શર્મા સાહેબ, તમારી વીંટી ઉપર કોનું ચિત્ર છે ?'

શ્રીમોટાના એકાએક આવા સવાલથી શ્રી શર્મા સાહેબ જરા વિસ્મિત થયા. એમણે જવાબ આપ્યો, 'એ તો મારા ગુરુ શ્રીસાંઈબાબાનું ચિત્ર છે !'

એ સાંભળીને શ્રીમોટા બોલી ઊઠ્યા, 'બસ, ગઈ કાલે મને આ શ્રીસાંઈબાબા જ મળેલા.'

રાતના બાપુએ શ્રીમોટાને વાત કરી કે ગઈ કાલે તું જે અનુભવ કરી આવ્યો તે ફરી વાર કરી જો. તને ગઈ કાલે જે અનુભવ થયો તેવો અનુભવ આજે થાય તો તારો અનુભવ સાચો ગણાય. શ્રીમોટાએ ધ્યાનમાં બેસી તે પ્રમાણે કરવા પ્રયત્ન કર્યો, પરંતુ ગઈ કાલની માફક સ્પષ્ટપણે તેવું થતું દર્શાયું નહિ.

આથી, બાપુએ શ્રીમોટાને કહ્યું કે તું ફરી વાર એ

ઓલિયાને મળ અને ખુલાસો કરી લે, પણ ઓલિયા લોકો તો ક્યાંય વિહરતા હોય. એમ એકદમ ક્યાંથી મળે ? આ માટે બાપુએ શ્રીમોટાને સૂચન કર્યું કે પતંજલિ યોગસૂત્રમાં એક સ્થળે કહ્યું છે કે ધ્યાનમાં બેસીને ભાવાવસ્થાની સ્થિતિ પ્રગટે એ ગાળામાં જે સંકલ્પ કરીએ તેનું દર્શન ત્યારે થતું હોય છે. તું પ્રયોગ કરી જો. ઓલિયા ક્યાં છે તે તને એમાંથી જાણવા મળશે. શ્રીમોટાએ તેમ કરી જોયું તો તેઓ જ્યાં રહેતા હતા ત્યાંથી બેએક માઈલ દૂર દરિયાકિનારે ફરવા આવનારાઓને માટે જે બાંકડાની હાર હતી તેમાંના સૌથી છેલ્લા એક ભાંગ્યાતૂટ્યા બાંકડા ઉપર બાબાને બેઠેલા જોયા.

શ્રીમોટા તુરત ઊઠ્યા અને બાબાને જે સ્થળે બેઠેલા જોયા હતા તે તરફ જવાને નીકળ્યા. જતાં જતાં બાંકડાની હાર આવી. તે રસ્તે આગળ છેલ્લો ભાંગ્યોતૂટ્યો બાંકડો હતો તેની ઉપર બાબા બેઠા હતા. શ્રીમોટાએ જઈને તેમને પ્રણામ કર્યા. બતાવેલી ક્રિયા અને તેના પરિણામમાં આવતાં વિઘ્નો સંબંધે વાત કરી બાબા પાસેથી માર્ગદર્શન મેળવ્યું.

## ૬૭. ઘરેણાં ચોરાયાં અને પાછાં મળ્યાં

બનારસમાં શ્રીમોટા રહેતા હતા, તે દરમિયાન ઘરેણાં ચોરાયાં અને પાછાં મળ્યાં એ પ્રસંગ જાણવા જેવો છે.

તેઓ જે બે બહેનોની સાથે રહેતા હતા, તેમણે બહારથી ફરી આવીને ઘરેણાં શ્રીમોટાને આપ્યાં. પાછળથી તેઓ એ ઘરેણાં ઠેકાણે મૂકી દેશે એવા વિચારથી શ્રીમોટાએ તે ઘરેણાં લઈને ખીસામાં મૂક્યાં.

તે દિવસે સાંજે સૌ કાશીવિશ્વનાથને મંદિરે દર્શન કરવા

ગયાં. શ્રીમોટા પણ સાથે હતા. ભીડમાંથી જેમ તેમ કરી મંદિરમાં જઈને બધાંએ દર્શન કર્યાં ને સૌ ઘેર આવ્યાં.

બીજે દિવસે ગંગાનદીમાં નૌકાવિહારનો કાર્યક્રમ રાખ્યો હતો. સમય થયો એટલે મોટી બહેને શ્રીમોટાને કહ્યું, 'કપડાં બદલી લ્યો.'

શ્રીમોટાએ ધોયેલાં કપડાં પહેરી લીધાં અને જૂના પહેરણમાંથી કાગળિયા વગેરે કાઢી ધોયેલા પહેરણના ખીસામાં મૂક્યાં. તે વેળાએ ખબર પડી કે ગઈ કાલે પહેરણનું ખીસું કપાઈ ગયું હતું અને એમાં મૂકેલાં ઘરેણાં ચોરાઈ ગયાં હતાં.

આ જાણીને ઘડીભર તો શ્રીમોટાની સ્વસ્થતા હરાઈ ગઈ અને તેઓ ચિંતિત બની ગયા. બહેનો પણ આ વાત જાણી ગઈ હતી, પણ તેનો ભાર તેમના દિલમાં ન રાખતાં તેમણે શ્રીમોટાને કહ્યું, 'ચાલો, જવાનો સમય થઈ ગયો છે. આપણે નીકળીએ.'

શ્રીમોટા તેમની સાથે નીકળ્યા તો ખરા, પરંતુ તેમના મગજમાંથી ઘરેણાં ચોરાયાંની વાત ખસતી ન હતી. કેવી રીતે ખસે ? તેઓ આ બે બહેનોના વાલી તરીકે આવ્યા હતા. તેમણે ઘરેણાં સાચવવા આપ્યાં હતાં અને તે ચોરાયાં હતાં. એટલે તેની જવાબદારી તો તેમની જ ગણાય. આ વાત જ તેમના દિલમાં ઘોળાયા કરતી હતી.

ગંગાકાંઠે જઈને સૌ નૌકાવિહાર અર્થે નૌકામાં બેઠાં અને નૌકા ચાલી. મંદ મંદ હવા વાતી હતી અને ગંગાનદીના જુદા જુદા ઘાટો ઉપર આવેલાં નાનાંમોટાં મકાનોની હારમાળા બનારસની રમણીયતાનાં દર્શન કરાવતી હતી.

પરંતુ શ્રીમોટાનો આત્મા ત્યારે કશાય રસપાનમાં

ઉલ્લસિત ન હતો. તેમના દિલમાં તો ઘરેણાંની મથામણ ચાલી રહી હતી. નૌકા થોડે દૂર ગયા પછી બે બહેનોની સાથે તેમની એક સખી આવી હતી તેણે ભજન ઉપાડ્યું. મધુર કંઠ, મધુર શબ્દો અને મધુર ભાવનો જાણે ત્રિવેણીસંગમ થયો. નૌકાને પણ થોભી જઈને ભજન સાંભળવાનું મન થઈ જાય એવું સુંદર ભજન હતું. બહેને ભજનની પસંદગી પણ સરસ કરી હતી અને ભગવાને બહેનના કંઠમાં માધુર્ય પણ એવું જ મૂક્યું હતું. ભજન સાંભળવામાં સૌ લીન હતાં.

શ્રીમોટા ભજન સાંભળતાં સાંભળતાં ભાવાવેશમાં આવી ગયા હતા અને તેઓ સ્થિરચિત્ત થઈ ગયા હતા. તેઓ હૃદયમાં ઊંડા ઊતરી ગયા હતા અને ધ્યાનસ્થ બની ગયા હતા. ઘરેણાંની ચોરીથી તેમને ભારે આઘાત લાગ્યો હતો અને તેઓ સંવેદનશીલ બની ગયા હતા. તેનું ચિત્ર તેમની ધ્યાનાવસ્થામાં આવ્યું હતું. તેનું વર્ણન તેમના જ શબ્દોમાં જાણીએ :

'ભાવાવસ્થાના ધ્યાનના પ્રકારમાં ઊંડે જવાતાં જવાતાં ત્યાં જે એક દૃશ્યનો અનુભવ થયો, તે તો અદ્‌ભુત અને રોમાંચકારી છે. વિશ્વનાથના મંદિરમાં કોણે કેવી રીતે ગજવું કાપ્યું તે દૃશ્ય આબેહૂબ દેખાયું. તે વેળાએ ધ્યાનની ધ્યાનસ્થ દશામાં પણ તે ચોરનાર જીવને મારાથી કહેવાઈ ગયું, 'અલ્યા, આ ઘરેણાં મારાં નથી, મને કોઈકે આપેલાં છે અને હું તો ગરીબ માણસ છું ને ભરપાઈ કરી શકું તેમ નથી. આ મિલકત તારાથી જીરવી નહિ શકાય. તું મને પાછી સોંપી જા. મારું રહેઠાણ અમુક અમુક ઠેકાણે છે. સવારે પરીક્ષાનો ટાઈમ હોવાથી અડધો-પોણો કલાક હિંદુ યુનિવર્સિટીના અમુક સ્થળે

હોઉં છું ને રહેવાનું મકાન પણ અમુક સ્થળે છે, તે બધું મેં તેને વર્ણવી બતાવ્યું.'

નૌકામાં ભજનની શરૂઆત થઈ ત્યારથી શ્રીમોટાની જે ધ્યાનાવસ્થા રહી તે નૌકાવિહાર કરીને પાછા કાંઠે આવ્યા ત્યાં સુધી ટકી. શ્રીમોટાને ઘણી વાર આવું થાય છે, તે બંને બહેનો જાણતી હતી. બંને બહેનોમાંથી મોટી બહેનને શ્રીમોટાને જ્યારે આવું થાય ત્યારે કેમ જગાડવા તેની સૂઝ હતી. એટલે કિનારે આવતાં તેણે શ્રીમોટાને જગાડ્યા અને સૌ ઘેર ગયાં.

બીજે દિવસે યુનિવર્સિટીના જે મકાનમાં પરીક્ષા લેવાતી હતી, તેના બીજે માળે બહારના વરંડામાં શ્રીમોટા અને એક બહેન જે બે બહેનોની સખી હતી તે બંને ઊભાં હતાં, તે સમયે સામેથી દૂરથી એક માણસ દોડતો-હાંફતો હાંફતો આવી રહ્યો હતો અને તે શ્રીમોટાને નિશાની કરીને નીચે આવવા સૂચવતો હતો.

શ્રીમોટાની સાથેની બહેને તે પ્રત્યે તેમનું ધ્યાન દોર્યું. શ્રીમોટા નીચે જઈને તેને મળ્યા. પેલા ભાઈએ શ્રીમોટાને કહ્યું, 'ભાઈ સાહેબ, આ તમારાં ઘરેણાં પાછાં લઈ લો. હું તો અગનથી આખા શરીરે એવો દાઝી મરું છું કે તેનો દાહ મારાથી જિરવાતો નથી. કૃપા કરીને તે મટી જાય એવું કંઈક કરો.'

શ્રીમોટા ઘરેણાં મળતાં રાજી રાજી થઈ ગયા. અને તેમને ભગવાનની કૃપાનો પ્રત્યક્ષ અનુભવ થયો એમ માન્યું. પણ ઘરેણાં લાવનાર ભાઈને પોતે તેના માલિક છે તેની જાણ શી રીતે થઈ તે જાણવા તેમણે પેલા ભાઈને પૂછ્યું, 'આ ઘરેણાંનો માલિક હું છું તેની ખબર તને કેવી રીતે પડી ?'

તેણે જવાબ આપ્યો, 'ગઈ કાલે સાંજથી મારા શરીરમાં એકાએક ઓચિંતો એવો દાહ પ્રગટ્યો છે કે મારાથી તે સહન થતો નથી. તે સાથે તમારી આકૃતિ આબેહૂબ મારી આંખ સામે તરવરતી હતી. તમે રહો છો તે મકાન અને તે કઈ જગાએ છે, તે પણ મને દેખાતાં હતાં.

'તે વેળા તમારે મકાને આવવાની મારામાં શક્તિ ન હતી. અત્યારે પણ જેમ તેમ કરીને જ આવ્યો છું. ઘેરથી નીકળ્યો ત્યારે તો ચાલી શકાશે નહિ એમ લાગતું હતું. પછી તો વહેલો વહેલો જઈને ઘરેણાં આપી દઉં એટલે દુખમાંથી છૂટું એમ લાગતાં દોડતો દોડતો તમારી પાસે આવ્યો છું. હવે, કૃપા કરીને મારો દાહ મટાડો તો તમારી મોટી મહેરબાની.'

શ્રીમોટાને એકાએક સ્ફુર્યું કે ભાઈ, તું હવે એવું વ્રત લે કે વિશ્વનાથના મંદિરમાં દર્શને આવનારનું કોઈ દિવસ ગજવું કાપીશ નહિ. આ વ્રત તું પ્રામાણિકપણે લે અને તે પાળવાનું વચન આપે તો તારો દાહ જરૂર મટી જશે.

શ્રીમોટાએ તેને વધુમાં કહ્યું, 'કોઈ બિચારો મારા જેવો ગરીબ દર્શન કરવાને આવે અને તેનું ગજવું તું કાપે એથી તેના કેવા હાલહવાલ થાય ? તે બિચારા ગરીબને કેટલી હેરાનગતિ ભોગવવી પડે ? માટે, મહેરબાની કરીને મંદિરમાં કોઈનું ગજવું કાપવું નહિ એવો અડગ ટેક લે.'

પેલા ભાઈએ એવી અડગ ટેક લીધી અને કોઈ દિવસ મંદિરમાં કોઈનું ગજવું નહિ કાપું એવુ વ્રત લીધું અને આ વ્રત કોઈ પણ ઉપાયે હું પાળીશ એવી શ્રીમોટા પાસે પ્રતિજ્ઞા કરી.

શ્રીમોટાએ જોયું કે એ ભાઈ દાહથી ઘણો પીડાતો હતો અને ઊંચોનીચો થતો હતો. તે ઉપરથી તેને પીડા અસહ્ય થતી

હશે એમ લાગ્યું. શ્રીમોટા પાસે બીજો કોઈ ઉપાય ન હતો જેથી દાહ મટાડી શકે, પણ તેઓએ તેને માટે પ્રાર્થના કરી. પ્રાર્થનાથી એના દિલમાં શાંતિ પણ થઈ. તેનો દાહ ઓછો થઈ ગયો અને તેને રાહત થઈ. શ્રીમોટાને પગે પડીને પછી તે ચાલ્યો ગયો.

બનારસમાં જે બે બહેનો સાથે શ્રીમોટા રહેતા હતા તેઓ બંને હાલ મુંબઈમાં રહે છે.

## ૬૮. બાની મૃત્યુવેળાએ હાજર દેખાયા

શ્રીમોટાનાં બા અમદાવાદથી નડિયાદ આવ્યાં. તેઓ શ્રીમોટાના નાના ભાઈ મૂળજીભાઈ સાથે રહેતાં હતાં અને ઘરડું પાન થઈ ગયાં હતાં. અવારનવાર બીમાર પડતાં. દવાદારૂ કરાવે ને પાછાં સાજાં થાય. એમ સાજાંમાંદાં સાજાંમાંદાં રહ્યા કરે.

એકવાર તેઓ બીમાર પડ્યાં અને પથારીવશ બન્યાં. દવા કરાવી પણ તબિયત સુધરી નહિ. દિવસે દિવસે એમની તબિયત લથડતી ગઈ. બાને લાગ્યું કે આ વખતે પથારીમાંથી ઉઠાશે નહિ. એટલે તેમણે મૂળજીભાઈને કહ્યું, 'ચૂનિયાને કાગળ લખ કે એકવાર મળવા આવી જાય. હવે, માંદગીમાંથી ઉઠાય એવું લાગતું નથી.'

મૂળજીભાઈએ બાની બીમારી વિશે શ્રીમોટાને કાગળ લખ્યો અને તે મળવા ઝંખે છે એમ જણાવ્યું.

આ વખતે શ્રીમોટા બનારસમાં હતા. કરાંચીમાં સિંધિયાની વહાણવટા કંપનીના મૅનેજર શ્રી પરસદભાઈ, જેમને સૌ બાપુના હુલામણા નામે બોલાવતા હતા, તેમની બે

દીકરીઓને બનારસ હિંદુ યુનિવર્સિટીમાં દાખલ કરી હતી, તેમની દેખભાળ માટે શ્રીમોટા ત્યાં રહેવા ગયા હતા.

નડિયાદથી બાની બીમારીનો પત્ર મળતાં અને બાએ તેમને મળવા બોલાવ્યા છે, તેવું જાણીને તેઓ દ્વિધામાં મુકાઈ ગયા. હજી દોઢ માસ થયા જ તેઓ અહીં આવ્યા હતા અને બનારસ હિંદુ યુનિવર્સિટીનો એવો નિયમ હતો કે જે છોકરીઓ તેમનાં મકાનોમાં એકલી રહેતી હોય તેની સાથે તેમનો કોઈ વાલી રહેતો હોય તો જ તેમને મકાન ભાડે રહેવા મળે.

શ્રીમોટાને થયું : 'કરાંચીથી નીકળતાં અગાઉ જ જો બાની બીમારીની વાત મળી હોત તો આ જવાબદારી ઉઠાવીને તેઓ બનારસ આવત નહિ. તેમ છતાં તેમણે કરાંચી તાર કરીને બાની બીમારી વિશે બધું જણાવીને જવા વિશે પુછાવ્યું. વળતા તારથી ઉત્તર આવ્યો કે કોઈકને મૂકીને નડિયાદ જવું, પણ બનારસમાં એવું ઓળખીતું કોણ હોય જેને ભરોસે દીકરીઓને મૂકીને નડિયાદ જવાય ?.

શ્રીમોટાથી એક તરફ દીકરીઓને મૂકી બનારસ છોડાય તેમ ન હતું, તો બીજી તરફ બાની મરતીવેળાએ તેમને મળવાનું વચન આપ્યું હતું. એટલે એ પ્રશ્ન પણ એમને મૂંઝવતો હતો. શ્રીમોટા અવઢવમાં મુકાઈ ગયા હતા. ન બનારસ છોડાય કે ન નડિયાદ જઈ શકાય.

શ્રીમોટાએ આ બધી હકીકત સવિસ્તાર નડિયાદ મૂળજીભાઈને લખી જણાવી અને સાથે જણાવ્યું, 'બાને બધી રીતે માંદગીમાં સાચવવી અને તેને કશાની ઊણપ ન લાગે તે ખાસ જોવું. પ્રસન્ન, (મૂળજીભાઈનાં પત્ની) બાની સારી રીતે સેવા કરી રહ્યાં છે. એટલે તે વિશે મને ચિંતા નથી.'

આ દિવસોમાં શ્રીમોટાને બાની બીમારીના અને તેમણે આપેલા વચનના વિચારો જ આવ્યા કર્યા. આપેલું વચન પળાય નહિ અને નૈતિક જવાબદારી છોડાય નહિ એવી લાચારીભરી સ્થિતિથી તેઓ બેચેન અને ગમગીન બની ગયા હતા.

તેમને થતું હતું : બિચારી બા ! એણે મારી પાસેથી બીજું કશું માગ્યું ન હતું, પરંતુ મરતીવેળાએ તું મને મળવા આવજે એટલું જ માગ્યું હતું. એ મને મળવા ઝંખે છે પણ હું એને મળવા જઈ શકતો નથી.

એક તરફ આ ચિત્ર એમની સામે અંકિત થતું હતું, તો બીજી તરફ બીજું ચિત્ર એની સામે અંકિત થતું હતું કે આ બે દીકરીઓનું કોણ ? તેઓ મારે ભરોસે અહીં આવી છે. તેમને કોને આશરે મૂકીને જવાય ?

માણસની આથી વિચિત્ર સ્થિતિ બીજી કઈ હોઈ શકે ? શ્રીમોટાને માટે હવે પ્રાર્થના સિવાય બીજો કોઈ રસ્તો બાકી રહ્યો ન હતો. એટલે તેઓ બનારસમાં જે મકાનમાં રહેતા હતા, તેની એક ઓરડીમાં જઈને બારણાં બંધ કરી દીધાં અને પ્રાર્થનામાં લાગી ગયા. તેમણે ખાવા કરવાનું છોડી દીધું અને પ્રાર્થનાનો સહારો લીધો. તેમણે ભગવાનને આજીજી કરી કહ્યું, 'હે ભગવાન ! મારે તારા સિવાય બીજું કોણ છે ? એટલે તને મારી મુશ્કેલી ન કહું તો બીજા કોને કહું ?'

'એક બાજુ મારી મા મરવા પડી છે અને તેને મેં મળવાનું વચન આપ્યું છે. બીજી બાજુ જે દીકરીઓને લઈને હું આવ્યો છું, તેમને છોડીને હું જઈ શકતો નથી. આવી કરુણાભરી સ્થિતિમાંથી હે દયાનિધિ ! તું મને બચાવ અને મારી જવાબદારી અને વચન પાર પડે એવું કર.'

'મોતની પથારીએ સૂતેલી મારી મા બિચારી ઝંખતી હશે કે મારો દીકરો ક્યારે આવે અને હું એને મળું. એને બિચારીને ખબર નથી કે એનો દીકરો એક એવી જવાબદારીમાં મુકાયો છે કે તે છોડીને તે જઈ શકતો નથી.'

'હે કૃપાનિધાન ! મારી ઉપર કૃપા કરો. મેં મારા જીવનમાં ઐહિક કશું માગ્યું નથી કે અન્ય કોઈ સ્વાર્થની બીજી માગણી કરી નથી. આ જવાબદારી પણ પ્રભુ ! તમે આપેલી છે એમ જ માનું છું. તમારી એક જવાબદારી હું પાર પાડું છું તો મારી માને આપેલા વચનની બીજી જવાબદારી તમે પાર પાડો એટલી જ મારી પ્રાર્થના છે.'

'હે ભગવાન, તમે તમારા ભક્તોની માગણીઓ પૂરી કરી છે અને ભક્ત મુશ્કેલીમાં હોય તો તમે સાક્ષાત્ હાજર થઈને ભક્તોની મુશ્કેલીઓ ટાળી છે, તો તમે મારી મુશ્કેલી ધ્યાનમાં લો એટલી જ મારી અરજ છે.'

શ્રીમોટાએ આવી આવી રીતે જુદા જુદા ભાવે સતત ત્રણ દિવસ સુધી પ્રાર્થના કરી. તે દરમિયાન તેમણે ખાધું પીધું નહિ. તે દરમિયાન તેમણે નિદ્રાને પણ વેરણ બનાવી. ત્રણ દિવસ દરમિયાન તેમણે એક જ લક્ષ રાખ્યું અને એક જ ભાવનું રટણ હૃદયમાં રાખ્યા કર્યું.

ભગવાને શ્રીમોટાની ધા જાણે સાંભળી. નડિયાદમાં મરણપથારીએ પડેલી બાએ બૂમો પાડી, 'મૂળિયા, જો જો ચૂનિયો આવી પહોંચ્યો.'

આ સાંભળીને મૂળજીભાઈ બોલ્યા, 'બા, ચૂનિયો ક્યાં આવ્યો છે ? એ તો બનારસમાં છે.'

બાએ કહ્યું, 'અરે ! જોજો આ મારા ખાટલાની પાંગથ

ઉપર બેઠો છે અને મારી ખબર પૂછે છે.' મૂળજીભાઈને થયું હશે કે બા શ્રીમોટાને મળવાનાં ફાંફાં મારે છે એટલે આવું કહે છે. તેથી તેઓ આગળ કશું બોલ્યા નહિ.

બાએ તે જ દિવસે પ્રાણ છોડ્યા. બનારસમાં શ્રીમોટા જે રૂમમાં પ્રાર્થના કરવા બેઠેલા તે રૂમની વીજળીની બત્તી પણ એકાએક બંધ થઈ ગઈ. તે ઉપરથી શ્રીમોટા જાણી ગયા કે નડિયાદમાં બાએ દેહ છોડી દીધો.

તે પછી શ્રીમોટાને બા મર્યાનો તાર નડિયાદથી મળ્યો. પાછળથી મૂળજીભાઈનો પત્ર પણ આવ્યો, જેમાં તેમણે લખેલું કે બાને મરતાં અગાઉ શ્રીમોટા મળવા આવેલા. તે જે જે બોલેલી તેની વિગત પણ જણાવી હતી.

આજે બા પણ નથી અને મૂળજીભાઈ પણ નથી, પણ મૂળજીભાઈએ લખેલો પત્ર આશ્રમની ફાઈલમાં છે, જે બાને મરતી વેળાએ શ્રીમોટા મળ્યાની સાક્ષી પૂરે છે.

## ૬૯. સાકાર અને નિરાકારના અનુભવો

બનારસમાં હિંદુ વિશ્વવિદ્યાલયના મકાનમાં શ્રીમોટા રહેતા હતા ત્યાં એક દિવસ મધરાત પછી એક વાગ્યાના અરસામાં કોઈએ મોટેથી 'હરિઃૐ'ની બૂમો પાડી.

તે સાંભળતાવેંત જ શ્રીમોટા મકાનની બહાર આવ્યા. તેમને થયું : અત્યારે આવા કસમયે કોણ આવીને બૂમો પાડતું હશે ? બહાર આવીને જુએ તો એક નગ્ન માણસ ઊભો હતો. તેને માથે મોટાં ગૂંચળાંવાળા વાળ હતા.

શ્રીમોટાએ પૂછ્યું, 'કેમ ભાઈ, કેમ આવ્યો છે ? કોનું કામ છે ?'

પેલા ભાઈએ કહ્યું, 'મારા ગુરુમહારાજે મોકલ્યો છે. તેમની પાસે તેઓ તમને બોલાવે છે !'

શ્રીમોટા કહે, 'પણ હું તારા ગુરુમહારાજને ઓળખતો નથી. તેઓ શા માટે મને બોલાવે છે ?'

પેલા ભાઈએ જવાબ આપ્યો, 'જુઓ, સાંઈબાબાએ તમને જે ક્રિયા કરવાની કહી છે, તે અહીં રહીને કરવામાં જોખમ છે. મારા ગુરુમહારાજની પાસે આવશો અને તેમના આશ્રમમાં રહીને તે કરશો તો તે તમને સગવડરૂપ થશે. માટે મારી સાથે ચાલો.'

શ્રીમોટા કહે, 'પણ જે બે બહેનની સાથે આ મકાનમાં રહું છું, તેમને એકલી છોડીને મારાથી અવાય નહિ. તારા ગુરુમહારાજને આ વાત કરજે. તેઓ કહેતા હોય તો હું તેમને મળવા આવી જાઉં, પરંતુ જેમની દેખરેખ રાખવા હું અહીં આવ્યો છું, તેમને એકલાં છોડીને તો ત્યાં રહેવા માટે ન અવાય.'

પેલો માણસ કહે, 'પણ સાંઈબાબાએ તમને જે વિધિ કરવાની કહી છે, તે કરવામાં બહુ જોખમ છે. તે વેળા તમારી સંભાળ માટે કોઈ તમારી સાથે હોય તે જરૂરી છે. નહિ તો તમે મુશ્કેલીમાં મુકાઈ જશો. અમારો આશ્રમ તે માટે અનુકૂળ સ્થાન છે. ત્યાં રહીને એ વિધિ કરશો તો સારું ફાવશે. એટલા માટે ગુરુમહારાજે મને મોકલ્યો છે. વળી, મારા ગુરુમહારાજે કહ્યું છે કે તમને જે જોઈએ તે તેઓ આપશે. તમારે તેમના શિષ્ય તરીકે કાયમ માટે આશ્રમમાં રહેવાનું છે.' શ્રીમોટાએ વિચાર કર્યો કે આવનાર માણસ કોણ છે, તેના ગુરુમહારાજ કોણ છે, એ તેઓ જાણતા નથી. માણસો પણ પરિચિત નથી અને સ્થળ પણ પરિચિત નથી.

આવા અપરિચિત માણસો વચ્ચે અપરિચિત સ્થળે જવું યોગ્ય ન ગણાય. વળી, આ બે બહેનોને એકલી મૂકીને જવું એ પણ સારું ન ગણાય. એટલે શ્રીમોટાએ પેલા ભાઈને કહી દીધું કે તારા ગુરુમહારાજને મારા પ્રણામ કહેજે અને સાથે જણાવજે કે તમે મને બોલાવો છો તે માટે તમારો આભાર માનું છું, પરંતુ હું એક જવાબદારી લઈને અહીં આવ્યો છું, તે છોડીને મારાથી ત્યાં આવી શકાય તેમ નથી. તેમ જ તારા ગુરુમહારાજના શિષ્ય થઈને આશ્રમમાં કાયમ રહેવા માટે પણ મારાથી આવી શકાય તેમ નથી.

પેલો માણસ ચાલ્યો ગયો અને શ્રીમોટા મકાનમાં આવીને સૂઈ ગયા. બીજે દિવસે શ્રીમોટા બે બહેનો સાથે કાશીવિશ્વનાથના મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં પણ પેલો માણસ આવ્યો અને શ્રીમોટાને ફરી વાત કરી. શ્રીમોટાએ તેને ફરી વાર પણ કહી દીધું કે આ બે બહેનોને એકલી છોડીને મારાથી ત્યાં રહેવા આવી શકાય તેમ નથી. આમ, આ વાત આટલેથી અટકી.

કરાંચીમાં શ્રીમોટાને સાંઈબાબા મળેલા અને તેમણે રામનવમીને દિવસે તેઓ જ્યાં હોય ત્યાં ધ્યાનમાં બેસીને અમુક વિધિ કરવા કહેલું. એ વાત શ્રીમોટા એકલા જ જાણતા હતા. છતાં આ વાત બીજા પાસે કેવી રીતે ગઈ એ પણ નવાઈની વાત હતી. વધારે નવાઈ પમાડે એવી વાત તો એ હતી કે શ્રીમોટાને એ જાણતા ન હતા કે મળ્યા ન હતા તેમ છતાં તેમને શિષ્ય બનાવવા માગતા હતા અને કાયમ માટે પોતાની પાસે રાખવા ઇચ્છતા હતા અને જે જોઈએ તે આપવા માગતા હતા. એક રીતે જોઈએ તો આ ઘટના રહસ્યભરી હતી અને બીજો

કોઈ હોય તો તેને તે જાણવા માટે ઇંતેજારી પણ થાય, પરંતુ શ્રીમોટાએ આ હકીકત પરત્વે કોઈ ઇંતેજારી દાખવી નહિ. અને જાણે કશું બન્યું નથી એવું વલણ એમણે દાખવ્યું.

અગાઉ નક્કી થયા પ્રમાણે રામનવમીનો દિવસ આવ્યો એટલે શ્રીમોટા સાંઈબાબાએ કહેલ વિધિ કરવા માટે બેઠા. સમય રાતનો રાખ્યો જેથી બંને બહેનો સૂઈ ગઈ હોય એટલે તેમને ખબર ના પડે. પોતે જે ઓરડીમાં સૂતા હતા ત્યાં ધ્યાનમાં બેઠા અને સાંઈબાબાએ જે વિધિ જણાવેલ, તે કરતાં કરતાં ભાવાવસ્થામાં આવી ગયા. એ રીતે ધ્યાનાવસ્થા કેટલાય વખત સુધી રહી. જ્યારે જાગ્રત અવસ્થામાં આવ્યા ત્યારે જોયું તો તેમના શરીરના ગુહ્ય ભાગો બળીને શ્યામ પડી ગયેલા જોયા.

સૌને તેની જાણ થઈ. બધાં પૂછવા લાગ્યાં કે આ કેમ બન્યું, ક્યારે બન્યું, કેવી રીતે બન્યું ? પરંતુ શ્રીમોટાએ કોઈને જવાબ આપ્યો નહિ. આથી, શ્રીમોટાને સારવાર માટે બનારસ હિંદુ યુનિવર્સિટીના આયુર્વેદ વિભાગના ડીન શ્રી પાઠક સાહેબ હતા, તેમની પાસે લઈ ગયા. તેમણે પણ શ્રીમોટાને આ કેવી રીતે બન્યું તે વિશે પૂછ્યું, પરંતુ શ્રીમોટાએ તેમને આ બાબતમાં કંઈ પણ કહેવાની ના પાડી. કંઈ કહેવા જેવું નહિ હોય, માનીને એમણે શ્રીમોટાની સારવાર કરી અને શ્રીમોટાને સારું થઈ ગયું.

રામનવમીની રાતે શ્રીમોટાએ શું કર્યું તેની વાત તો તેમણે ત્યારે કોઈને કરી ન હતી, પણ પાછળથી ખબર પડી કે તે દિવસે તેમને નિરાકારની પ્રાપ્તિનો અનુભવ થયો હતો. નિરાકાર એટલે કંઈ નહિ. જો કંઈ ના હોય તો તેનો અનુભવ

કેવી રીતે કરાય ? તે વિશે સમજાવતાં શ્રીમોટા કહે છે કે તે દિવસે મને રસ, રૂપ, ગંધ, તેજ અને સ્પર્શ આ પાંચેયની અલૌકિકતા વર્તાઈ હતી. શરીર ધ્યાનસ્થ હતું અને મન નીરવ હતું તેમ છતાં દિવ્ય રસ, દિવ્ય રૂપ, દિવ્ય તેજ, દિવ્ય ગંધ અને દિવ્ય સ્પર્શની અનુભૂતિ પળેપળ થતી હતી. કશું નથી છતાં બધું છે તેવું હું અનુભવતો હતો. વર્ણવી ન શકાય એવા રસમાં હું તરબોળ હતો. વર્ણવી ન શકાય એવી સુવાસ હું અનુભવતો હતો. વર્ણવી ન શકાય એવા મુલાયમ સ્પર્શ મને થતા હતા અને વર્ણવી ન શકાય એવી તેજની સૃષ્ટિ મારી સામે ખડી હતી. હું એકલો હતો છતાં અસ્તિત્વથી બધું ભરેલું છે એવું મને ભાસતું હતું.

કોઈ નથી છતાં અસ્તિત્વનું ભાન થાય, શરીર ખાતું ના હોય છતાં તેની તૃપ્તિનો આસ્વાદ અનુભવાય, સુવાસ ભરી ના હોય છતાં વિવિધ સુવાસોનો આનંદ પમાય, કોઈ મુલાયમ વસ્તુ ના હોય છતાં તેના મુલાયમ સ્પર્શો દિલને સ્પર્શી જાય એવા અલૌકિક અનુભવો ત્યારે મને થયા હતા.

આમ, નિરાકારના અનુભવો થતાં શ્રીમોટા દ્વંદ્વોથી પર થયા.

શ્રીમોટાને સાકારનો અનુભવ સને ૧૯૩૪માં થયેલો. નિરાકારનો અનુભવ સને ૧૯૩૯માં થયો. સાકારના અનુભવનું વર્ણન કરતાં શ્રીમોટા કહે છે કે ‘મને ત્યારે શ્રીકૃષ્ણના સ્વરૂપનાં દર્શન થયેલાં પણ તે ‘બંસી બટ જમના તટ’ જેવાં નહિ કે વિવિધ આયુધોથી સજ્જ થયેલા શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કરેલાં નહિ, પણ તેમના અધ્યાત્મ સ્વરૂપની ઝાંખી થયેલી.’

શ્રીમોટાએ ત્યારે તેજબિંદુઓને શરીરમાં આવજા કરતાં પણ જોયેલાં. તેજનાં નાનાં નાનાં બિંદુઓ મોટાં થઈને સમસ્ત શરીરમાં ફરી વળતાં હતાં અને કોઈ વાર તો તે હૃદયના અંતર્તમ ભાગમાં જઈને જાણે કંઈ કશું કરતાં ન હોય તેવો આભાસ કરાવતાં હતાં.

સાધનામાં પડ્યા પછીનો આ તેમનો દિવ્ય અનુભવ હતો, પણ તેથી કરીને તેઓ સંતોષિત થતાં સાધનામાં આગળ વધતા ગયા અને સાકારના આ અનુભવને તેમણે સાધનામાં વણી લઈને તેમની સાધનાને વેગવંતી બનાવી. તેમણે જોયું કે સાધના યોગ્ય રીતે કરવાથી જો સાકારનો અનુભવ થાય છે તો એ જ સાધના તેમને નિરાકાર તરફ પણ કેમ નહિ લઈ જાય ? તેમની જાગૃતિ અને પ્રયત્નોએ તેમને નિરાકારનો પણ અનુભવ કરાવ્યો. માણસ પુરુષાર્થથી શું નથી મેળવી શકતો ?

## ૭૦. શ્રીમોટાની જીવનસિદ્ધિ અને ગુરુદક્ષિણા

શ્રીમોટાનો સાધનાકાળ પૂરો થયો છે, પણ તેમની સાધના હજી ચાલુ જ છે. કોઈને થાય કે તેઓ બેઠેલા હોય ને તેમની સાધના કેવી રીતે ચાલુ હશે ? તેઓ સૂતેલા હોય ને તેમની સાધના કેવી રીતે ચાલુ હશે ?

સામાન્યજનને આવા પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે, પરંતુ એમને ખબર નથી કે તેમના દિલમાં ઈશ્વરે જે નિરંતરનો વાસ કર્યો છે, તે એમને બેસવા દે એવો નથી, સૂવા દે એવો નથી કે વાતો કરવા દે એવો નથી. એ તો ઇચ્છે કે ન ઇચ્છે પણ એની સાધનામાં આગળ જ લઈ જાય છે.

અનંતના યાત્રીને પળનોય પોરો હોતો નથી. તે આગળ જ ધપ્યે જાય છે. કોઈ એમ કહે કે ચંદ્રને અને સૂર્યને વિરામ હોય છે તો એ માની શકાય ખરું ? ચંદ્ર અને સૂર્ય ભલે એક સ્થળે અસ્ત થતા દેખાય પણ બીજે સ્થળે તેઓ ઉદય થતા દેખાય છે અને તેમની કામગીરી ચાલુ જ રાખે છે, એમ અનંતના યાત્રીને ધક્કો વાગ્યા પછી તે ગતિશીલ જ રહે છે. ક્યાંય એને થોભવાનું, બેસવાનું કે વિરામ કરવાનું નથી.

શ્રીમોટાનું જીવન જોઈએ છીએ તો તેમાંથી આનાં પ્રમાણો પણ જોવાં મળે છે. બાળપણથી અત્યાર સુધીનું તેમનું જીવન જોઈએ તો ક્યાંય તેઓ બેઠેલા, સૂતેલા કે વિરામ કરતા જોવા મળતા નથી, પણ ધ્યેયનિષ્ઠ સાધક તેના ધ્યેયને હાંસલ કરવા અદમ્ય પુરુષાર્થ કરીને માત્ર એક જ માર્ગે નહિ પરંતુ અનેક માર્ગે પ્રયાણ કરીને કર્તવ્યનિષ્ઠાને ચૂક્યા વગર સાધના મંજિલને પહોંચે છે, તે ગતિશીલતા વિના બને ખરું ?

શ્રીમોટાના જીવન તરફ દૃષ્ટિ કરીએ છીએ તો જોવા મળે છે કે ક્યાં બાળપણના મોટા અને ક્યાં આજના મોટા ? બાળપણમાં જે મોટાને ખાવાપીવાના સાંસા હતા તે મોટી તપસ્યાને પ્રતાપે આજે કેવા સિદ્ધપ્રદ બન્યા છે ! બાળપણમાં જે મોટા રંક અને સાધનવિહીન હતા, તે મોટા આજે કેવા ગૌરવવંત અને સાધનવાન બન્યા છે ! બાળપણમાં જે મોટાને કોઈ પૂછતું ન હતું, તે મોટાને આજે સૌ કોઈ બોલાવે છે. બાળપણમાં જે મોટાના અપમાન થતાં હતાં તે મોટાને આજે સૌ સન્માને છે. બાળપણમાં શ્રીમોટાનાં એવાં આશા-અરમાનો હતાં કે મોટો થઈને હું એવો બનું કે સૌ કોઈ મને નમવા આવે. ઈશ્વરની કૃપાથી શ્રીમોટા એ પણ પામ્યા છે. ઈશ્વર

કેવો દિલેરી છે. જે સમર્પે છે તેને બધું આપે છે, જે નથી સમર્પતો તે કશું નથી પામતો, તે શ્રીમોટાના જીવનમાંથી આજે જોવા મળે છે. શ્રીમોટાનું જીવન ખાલીખમ હતું, પરંતુ તેમની તપસ્યાને પ્રતાપે આજે કેવું ભર્યું ભર્યું અને સભર બન્યું છે !

શ્રીમોટાએ જેઓ બેઠેલાં હતાં એવાં કેટલાંયને ઊભાં કર્યાં છે. જેઓ સૂતેલાં હતાં એવાં કેટલાંયને એમણે જાગ્રત કર્યાં છે. જેઓ હતાશ થઈને જીવનમાં નિર્જીવ બનેલાં હતાં એવાં કેટલાંયને એમણે સંજીવની બક્ષી એમનાં જીવન રસમય કર્યાં છે. શ્રીમોટાને ઈશ્વરે પ્રેમનો અમૃતરસ બક્ષ્યો અને તેમણે તે એકલાએ ન પીધો પણ સૌને પિવરાવ્યો. નાનાં હોય કે મોટાં હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય, પરિચિત હોય કે અપરિચિત હોય - જે કોઈ એમની પાસે આવ્યું તેમને એમણે શીળી છાયા બક્ષી અને વિરામ આપ્યો, શાંતિ બક્ષી.

આજે શ્રીમોટા સૂક્ષ્મ બીજમાંથી વિરાટ વૃક્ષ બન્યા અને તેની ડાળે કેટલાંય પંખીઓ કિલ્લોલ કરવા આવતાં. સાધના કાળમાં તેઓ ઈશ્વરસ્મરણ કરવા એકાંતમાં જતા હતા, પણ તેમના આશ્રમોમાં આજે ઈશ્વરસ્મરણ કરવા એકાંત પૂરું પાડવામાં આવે છે અને હરિનામથી તેમની આત્મતૃષા તેઓ છિપાવે છે. ઈશ્વરસ્મરણ કરતી વેળાએ એમણે ભૂખતરસ વેઠી છે, પરંતુ એમના આશ્રમનાં મૌનમંદિરોમાં જે કોઈ ઈશ્વરનું નામ લેવા આવે છે, તેને ભૂખતરસ વેઠવી પડતી નથી. નિયત સમયે એમને ભોજનની થાળી મળી જ જાય છે. શ્રીમોટા ઈશ્વરનું નામ લેવા સ્મશાનમાં ગયા છે, જંગલોમાં ગયા છે, જ્યાં કોઈની જવાની હિંમત ન ચાલે એવાં સ્થળોએ જઈને એમણે ઈશ્વરનું નામ લીધું છે, પણ સામાન્ય સંસારીથી એવું

બની ના શકે એટલા માટે એમના આશ્રમોમાં એમણે સુખસગવડવાળાં મૌનમંદિરો બંધાવ્યાં છે, જ્યાં માણસ સુખશાંતિથી નિરાંતે ઈશ્વરનું નામ લઈ શકે.

જ્યારે શ્રીમોટાને તેમની સાધના પૂરી થઈ છે એમ લાગ્યું અને તેમના ગુરુમહારાજને પ્રતાપે તેમને જે જોઈએ છે તેની પ્રાપ્તિ થઈ ત્યારે તેમના ગુરુમહારાજને હૃદય સમીપે લાવી તેમણે નમ્ર ભાવે પૂછ્યું, 'આપની કૃપા અને આશીર્વાદથી હું જે પામ્યો છું તેની ગુરુદક્ષિણા તરીકે આપને હું શું આપું ?' પ્રસન્ન વદને ત્યારે તેમના ગુરુમહારાજે શ્રીમોટાને આદેશ આપ્યો કે 'બેટા, તને જે કાંઈ મળ્યું છે અને તું જે કાંઈ પામ્યો છે, તે એકલો ન ભોગવીશ પણ સૌને એનો પ્રસાદ આપજે. જે સાચો પ્રસાદ પામે છે તે એકલો આરોગતો નથી પણ સૌને વહેંચીને પછી પોતે આરોગે છે.' શ્રીમોટાએ તેમની વાત લક્ષમાં લીધી.

વધારામાં ગુરુમહારાજે કહ્યું કે તારી પાસે સજ્જનોય આવશે અને દુર્જનોય આવશે. તેમની સાથે તું સમાનભાવે વર્તજે. એકને ઓછું ના ચાહતો ને બીજાને વધારે ના ચાહતો. અને વધારે ચાહવું હોય તો તું દુર્જનને વધુ ચાહજે કે જેથી તે દુર્જન મટી સજ્જન થાય. મહાદેવ સૌનાં ઝેર પી જતા હતા એમ તું સૌનાં ઝેર પી જજે, પરંતુ ઝેર આપનારનેય તારું અંતરનું અમૃત આપજે. શ્રીમોટાએ ગુરુમહારાજની આ વાતને પણ વધાવી લીધી.

છેલ્લે ગુરુમહારાજે કહ્યું કે બેટા, તારી પાસે આવશે તેને માટે તો તું બધું કરીશ, પણ તારી પાસે જે ના આવે તેનેય તું ભૂલી જતો નહિ. સમગ્ર સમાજનું કલ્યાણ થાય એવું

કંઈક તું કરજે. ગુરુમહારાજે શ્રીમોટાને આ નવી વાત કરી હતી. જગત તો આવનારને ઓળખે છે, ન આવનારને નથી ઓળખતું. આપનારને આપે છે, ન આપનારને કોઈ નથી આપતું. ગુરુમહારાજની આ આજ્ઞાનેય શ્રીમોટાએ માથે ચઢાવી અને વધાવી લીધી.

ગુરુમહારાજનો આદેશ પૂરો થયો. શ્રીમોટાએ તે હૃદયપૂર્વક સ્વીકાર્યો. તેના અમલ માટે તેમણે પ્રયત્નો આદર્યા. એક તપસ્યા પૂરી થઈ હતી. બીજી તપસ્યા શરૂ થતી હતી. પહેલી તપસ્યા તેમના ગુરુમહારાજે પૂરી કરાવી હતી. બીજી તપસ્યા પણ તેઓ પૂરી કરાવશે જ એવી તેમને ખાતરી હતી. શ્રીમોટાના ગુરુમહારાજની શક્તિ મહાન હતી.

ગુરુમહારાજના આદેશોનો અમલ થવા માંડ્યો ને 'હરિઃૐ' આશ્રમોની સ્થાપનાનું કાર્ય હાથમાં લીધું. શ્રીમોટાને થયું : નાણાં વિના કોઈ કામ પાર પાડી ન શકાય. કદાચ નાણાં આપનાર મળે પણ તેનો બદલો હું કેવી રીતે વાળીશ ? શ્રીમોટાના દિલમાં આ મૂંઝવણ ખડી થઈ, પણ જે ગુરુમહારાજે તેમની સાધનાની આપત્તિવેળાએ પ્રત્યક્ષરૂપે કે અપ્રત્યક્ષરૂપે તેની મુશ્કેલીઓ નિવારેલી તે જ ગુરુમહારાજે તેમના દિલમાં સ્ફુરણા કરી કે ગભરાય છે શા માટે ? બદલાની ચિંતા તું ન કરીશ. તને જે કોઈ જે સહાય કરશે તેનો બદલો હું તેને વાળી આપીશ.

શ્રીમોટાને શાંતિ વળી. તેમણે પહેલો આશ્રમ દક્ષિણ ભારતમાં કુંભકોણમ્‌માં સ્થાપ્યો. બીજો આશ્રમ નડિયાદમાં કર્યો. ત્રીજો આશ્રમ સુરત મુકામે થયો.

આ આશ્રમોમાં જેઓ ઈશ્વરસ્મરણ માટે બેઠા અને તેની

સુવાસ લીધી તેની સુગંધ ફેલાવા માંડી. ધૂપસળી બળે છે તેની સાથે જ તેને કહેવું પડતું નથી તેમ છતાં તેનો મઘમઘાટ સૌને આપે છે, તેમ આશ્રમોનાં મૌનમંદિરોમાં બેસીને જેમણે ઈશ્વરસ્મરણનો લહાવો લીધો, હર્ષિત થયાં, આનંદ પામ્યાં, તેમણે બીજાઓને પણ વાત કરી અને એ રીતે 'હરિઃૐ આશ્રમો'નું નામ ગુજરાત અને ગુજરાતની બહાર પણ વહેતું થયું.

મૌનમંદિરમાં બેસનાર માટે નાતજાતના ભેદ નથી. ગરીબ તવંગરના ભેદ નથી. ઈશ્વરને ત્યાં પણ ક્યાં એવા ભેદ હોય છે ? બધાય આશ્રમોમાં સૌને એકસરખી સગવડ મળે છે. હિંદુ, મુસલમાન, પારસી, ઈસાઈ, જૈન સૌ મૌનમંદિરમાં બેઠાં છે. ગુજરાત અને ગુજરાતની બહારનાઓ પણ આવીને આશ્રમનો લાભ લઈ ઈશ્વરની અકળ લીલાના અણસારા પામ્યા છે. પરદેશના લોકો પણ આશ્રમનું નામ અને કામ સાંભળીને મૌનમંદિરમાં બેસવા પ્રેરાયા છે અને સૌએ ઈશ્વરનું નામ લઈને અનુપમ તાજગી અનુભવી છે.

હવાને ફરમાન કરવું પડતું નથી. તે એક સ્થળેથી બીજે સ્થળે તેનો પ્રસાર કરે જ છે, તેમ ઉત્તર ભારતના ફિરોજપુર ગામના એક અંગ્રેજીના અધ્યાપકને કોઈકે વાત કરી અને તેમણે મૌનમંદિરનો આસ્વાદ લીધો. તેમણે ફિરોજપુરમાં મૌનમંદિરની વ્યવસ્થા કરી. અમદાવાદ નજીક સોલા ગામે 'શ્રી ભાગવત વિદ્યાપીઠ'માં શ્રીમોટાની પ્રેરણાથી મૌનમંદિર થયું. સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગરમાં માનવમંદિર ટ્રસ્ટને પણ મૌનમંદિર જીવન ઉપયોગી જણાયું અને ત્યાંય આજે મૌનમંદિર ચાલે છે. નડિયાદ સંતરામ મંદિરમાં પણ લોકોને ઈશ્વરનું નામ લેવામાં સુવિધા મળે, તે માટે મૌનમંદિરની રચના થઈ છે.

આ સિવાય અમદાવાદમાં વાડજ વિસ્તારમાં એક રણછોડજીનું મંદિર છે, જેનો વહીવટ માત્ર બહેનો કરે છે, ત્યાં પણ બહેનો માટે મૌનમંદિર ચાલે છે.

બનાસકાંઠા જિલ્લાના શક્તિધામ અંબાજીમાં પૂ. હૈડાખાનવાલા બાબાજીની પ્રેરણાથી સ્થાપેલા કૈલાસ આશ્રમમાં પણ મૌનમંદિર ચાલે છે.

આ રીતે મૌનમંદિરો અને ઈશ્વરનામની હવા સૌને અસર કરી ગઈ છે અને ભગવાનનું નામ સૌને પ્યારું બન્યું છે. શ્રીમોટા આ બધું જોઈને લોકોના દિલમાં જે ભગવાનનો ભાવ જન્મ્યો છે, તેથી પ્રસન્નતાની લાગણી અનુભવી ગદ્ગદિત થયા છે અને ગુરુમહારાજની શક્તિથી આ બધું બન્યું છે, તેમને તે ભેટ સમજે છે.

શ્રીમોટાનું પહેલું પગલું પૂરું થાય છે. તેઓ બીજું ડગલું માંડે છે. તેમની પાસે લોકોની આવનજાવન થાય છે. કોઈ અભણ આવે છે અને ભોળાભાવે તેની વાતો કહે છે. શ્રીમોટા તેને તે રીતે જવાબ આપે છે. કોઈ વિદ્વાન આવીને ગહન પ્રશ્નો પૂછે છે. શ્રીમોટા તેને સંતોષ થાય તે પ્રકારના જવાબો આપે છે. કોઈ બહેન આવીને તેના સંસારના સવાલો રજૂ કરે. શ્રીમોટા તેના શાંતિપૂર્વક ઉકેલો સૂચવીને તેના જીવનમાં પથપ્રેરક થાય છે. કોઈ મૌનમાં બેસનાર મૌનમાં નડેલી મુશ્કેલીઓની વાતો કહે છે, તો તેના નિવારણ અર્થે શું કરવું તે વિશે તેને વાતો કરી પ્રેરણારૂપ બને છે. આમ, તેઓ સૌના જીવનમાં સહભાગી થઈને આત્મીયતાનો ભાવ જગાવે છે અને સૌ તેમની પાસેથી પ્રેમપ્રસાદી પામીને કંઈક મેળવ્યાની તૃપ્તિ અનુભવે છે.

કોઈ વાર શ્રીમોટા કોઈની સાથે વાત કરતા હોય ત્યારે માતાના પ્રેમનાં દર્શન થાય છે. કોઈ વાર તેઓ કોઈની સાથે વાત કરતા હોય ત્યારે પિતાના પ્રેમનાં દર્શન થાય છે. કોઈ વાર કોઈની સાથે તેઓ વાત કરતા હોય ત્યારે ગુરુના પ્રેમનાં દર્શન થાય છે. આમ, તેમની પ્રેમભરી વાતોથી સૌ આકર્ષાય છે અને તેમના દિલની વાતો કરી હળવા બને છે. આ તેમનું એક ચિત્ર.

પણ કોઈ ખાલી ખાલી વાતો કરવા આવે તો તે પ્રત્યે તેઓ દુર્લક્ષ સેવે છે. તેમ છતાં આવી વાતોના કોઈ ઉત્તર ઇચ્છે તો ત્યારે તેઓ કઠોર પણ બને છે. કોઈનાય પ્રશ્નોના ઉત્તર આપવા તેમને ગમે છે. સવાલ સારો હોય અને જિજ્ઞાસાથી પુછાયો હોય તો તેનો ઉત્તર તેઓ એટલી સરસ રીતે આપે છે કે પૂછનાર એથી મુગ્ધ થઈ જાય છે, પણ કોઈ પ્રશ્ન પૂછવા ખાતર પૂછતો માલૂમ પડે કે બુદ્ધિની ચળને સંતોષવા પ્રશ્ન કરે તો તેને તેઓ મહત્ત્વ આપતા નથી. તેમ છતાં પ્રશ્ન પૂછનાર જવાબનો આગ્રહ રાખે તો તેને તેઓ ખંખેરી નાખે છે. તેઓ કહે છે કે કોઈ મારી કસોટી કરવા આવે તો કસોટીએ ચઢવા હું તૈયાર છું. કોઈ પરીક્ષા લેવા આવે તો પરીક્ષા આપવા પણ હું તૈયાર છું, કારણ કે આવી વેળાએ મારા જવાબો ઉપરથી મને થયેલા અનુભવોની ચકાસણી થાય છે અને સાચા સોનાની પરખ કસોટીના પથરે ઘસીને થતી હોય છે, એમ મારા જવાબોની પરખ પણ હું તે રીતે કરું છું. સાચા સોનાની પરખ આપવામાં ચોકસીને જેમ ખચકાટ થયો નથી બલ્કે બેધડક એ પોતાના સોનાની પરખ આપે છે, તેમ મારા અનુભવોની પરખ આપતાં પણ મને તેમ થાય છે. આ રીતે શ્રીમોટા સૌને સચોટ

જવાબ આપીને તેમની કસોટી કરનાર કે પરીક્ષા લેવા આવનારના કાન પકડાવે છે.

શ્રીમોટા તેમના અનુભવની તિજોરીને તાળું મારતા નથી, બલ્કે હંમેશાં ખુલ્લી રાખે છે, પણ તે બીજાને તો બંધ છે એમ જ દેખાય છે. કસબી માણસને જ એની કળ જડે છે અને એવા પાસે અનુભવ નવનીત ધરતાં તેઓ પ્રસન્ન થતા હોય છે.

શ્રીમોટા જેમને જેમને પ્રેમનો સ્પર્શ આપે છે, તેમને તેઓ પોતાના કરી લે છે. આ છે તેમની આગવી વિશેષતા. તેમના ગુરુમહારાજે તેમને પ્રેમની સંજીવની આપી તે તેમણે જીવનમાં ઉતારી ને જીવંત કરી છે. તેનો જે જે લોકોએ આસ્વાદ કર્યો છે, તેઓ શ્રીમોટાને કદી ભૂલી શકશે નહિ. નાનાં ભૂલકાંથી માંડીને મોટી વય સુધીનાં બધાં જ્યારે તેમની સમીપ આવે છે, તેમના મુખમાંથી **'મોટા'** શબ્દ સરે છે, એમાં જે વહાલપનો રણકો સંભળાય છે, એ રણકારમાંથી શ્રીમોટાના પ્રેમનો પડઘો સંભળાય છે.

શ્રીમોટાની સમજ એવી હતી કે જ્યાં સુધી મનુષ્યમાં ગુણ નહિ આવે ત્યાં સુધી ભાવ નહિ જાગે. સાહસ, સહનશીલતા, ઉદારતા, પ્રામાણિકતા આદિ ગુણો પ્રગટે એ પ્રકારનું સાહિત્ય બાળપણથી બાળકોને પીરસવામાં આવે તો તે વાંચીને તેમને તેવા થવાની અભિલાષા જાગશે અને તેમ થતાં થતાં ધીમે ધીમે પછી ગુણભાવનાનો વિકાસ થશે. આથી, તેમણે તેવા સાહિત્યનાં પ્રકાશનો પ્રસિદ્ધ કરવા માટે લાખો રૂપિયાનાં દાન આપ્યાં.

બાળકો જ્ઞાનવિજ્ઞાનમાં રસ લેતાં થાય, સમજતાં થાય,

તેવા પ્રયોગો કરતાં થાય, તે માટે તેવા પ્રકારના સાહિત્યના પ્રકાશનમાં પણ લાખો રૂપિયાનાં દાન આપ્યાં.

ખેતીવાડીના પાકવૃદ્ધિ માટે જેઓ તેના સંશોધનમાં રસ લઈ પાકઆયોજનમાં વધારામાં શ્રેષ્ઠ સંશોધન કરે, તે માટેનાં પ્રદાનો કર્યાં. એની પાછળનો તેમનો હેતુ દિવસે દિવસે વસ્તીવધારો થતો જાય છે, તે પ્રમાણે અનાજનો વધારો ન થાય તો ભૂખમરાની સ્થિતિ પ્રવર્તે, તે માટે ઓછી જમીનમાં વધુ અનાજ કેમ થાય તે માટેનું માર્ગદર્શન ખેડૂતોને મળે અને તેઓ તેમ કરવાને પ્રેરાય તે હતો.

આમ, જનસમુદાયની બીમારી ઘટે અને તંદુરસ્તી વધે તે માટે આયુર્વેદ અને ઍલૉપથીમાં સંશોધન કરી સામાન્ય અને વિષમ રોગોને મટાડનાર યોગ્ય ઔષધો અને દવાઓની લોકોને માટે શોધ થાય, બાળકોનાં શરીર સુદૃઢ થાય, કિશોર-કિશોરીઓ, કુમાર-કુમારિકાઓ, યુવાન-યુવતીઓનાં શરીર કસાય અને તેઓ સાહસ કરતાં થાય, તે માટે દોડ, સાઈકલ હરીફાઈ, તરણસ્પર્ધા, સ્નાનાગારો, હોડી હરીફાઈઓ વગેરેની યોજનાઓ પાછળ લાખો રૂપિયાનાં દાન કર્યાં. પરિણામે નદીઓમાં, દરિયામાં તરણસ્પર્ધાઓ દર વર્ષે થાય છે.

જેઓ બહાદુરી, સાહસ, શૌર્ય, પરાક્રમ, પ્રામાણિકતા દ્વારા સમાજને પ્રેરણારૂપ બને એવાં કર્તવ્યો કરે તેમનું જાહેરમાં સન્માન કરી પારિતોષિકો આપવામાં આવે.

જેઓ ચિત્રકળા, નાટ્યકળા અને સંગીતકળા જેવી લલિતકળાઓમાં અસાધારણ કળાકૌશલ્ય દાખવી મૌલિક શક્તિ પ્રદાન કરે તેમને ઇનામો મળે.

ગુજરાતના પછાત વિસ્તારો બનાસકાંઠા, છોટાઉદેપુર, ધરમપુર વગેરે સ્થળોનાં આદિવાસી બાળકો માટેની શાળાનાં મકાનોનાં પ્રબંધમાં દાન અને આવી આવી સમાજને ઉપકારક અને પ્રેરક બીજી અનેક યોજનાઓમાં એમણે જે દાનો કર્યાં છે, તેની રકમ રૂ. ૧૪,૭૫,૭૪,૦૨૭/-* ઉપરાંતની થવા જાય છે.

લોકોએ શ્રીમોટાના એક હાથમાં એક કરોડ અને દશ લાખ રૂપિયા ઉપરાંતની રકમ આપી અને તેમણે તો બીજે હાથે લોકોપયોગી કાર્યો માટે વાપરી. તે માટે તેઓએ અભિમાન લીધું નથી, તેથી ગૌરવ ગણ્યું નથી કે કામ કર્યાની બડાઈ કે બણગાં નથી ફૂંક્યાં, પણ લોકોની આવી સેવા કરવામાં નિમિત્ત બન્યા છે અને તેમના ગુરુમહારાજના આદેશોનો અમલ આવો સુંદર રીતે કરી શકાયો, તે બધું પરમાત્માના પુનિત નામને આભારી છે એમ ગણીને જનતાજનાર્દનને ચરણે ધરે છે. તેઓ કહે છે, 'લોકોએ આપ્યું અને લોકો માટે વાપર્યું એમાં મેં કશી નવાઈ કરી નથી, પરંતુ જેમણે મને આવું કરવાને પ્રેર્યો તે માટે જરૂર હું નવાઈ અનુભવું છું અને તેમના ગુણ જેટલા ગાવું તેટલા ઓછા છે.' ગુણાનુગાન કરવાની તેમની આ નવી રીત માટે સૌને તેમના પ્રત્યે આદરમાન થાય, તે સ્વાભાવિક છે.

સર્વોચ્ચ શિખરે પહોંચ્યા પછી દુનિયા બિંદુ સમાન લાગે છે. શ્રીમોટાએ આટલાં બધાં ઉપયોગી અને આજના જમાનાને અનુરૂપ કાર્યો કર્યા પછી તે કાર્યોનું મૂલ્યાંકન કરતાં તેઓ કહે છે, 'સમાજને બેઠો કરવા માટે હજી ઘણું ઘણું કરવું પડશે. મેં તો તે માટે કિંચિત્ રજમાત્ર, તલથીય ઓછું કામ કર્યું છે.'

---

*તા. ૩૧-૩-૨૦૦૮ સુધીની આ રકમ થાય છે.

શ્રીમોટાની આ નમ્રતાને આપણે કઈ રીતે બિરદાવીશું ?

**'મારે સમાજને બેઠો કરવો છે'** એ શ્રીમોટાનું સ્વપ્ન હતું. તે પાર પાડવા માટે તેઓ ઊઠતાં, બેસતાં, જાગતાં, સૂતાં બધું કરી ચૂક્યા છે. ગુજરાતમાં એક આવું રત્ન પાક્યું, જેણે સમાજ માટે આટલું બધું કર્યું છે. ગુજરાતના સપૂતો તેમનું બાકીનું કાર્ય ઉપાડી લઈને તેમનું સ્વપ્ન પાર પાડશે તો સમાજની એક મોટી સેવા કરી ગણાશે.

વામનનાં ત્રણ ડગલાંની વાત કોણ નથી જાણતું ? વામને બલિરાજા પાસે ત્રણ ડગલાંમાં સમાય તે આપવાની માગણી કરી. બલિરાજાએ તે સ્વીકારી અને વામને એક ડગલે આકાશ, બીજે ડગલે પૃથ્વી અને ત્રીજે ડગલે પાતાળને આવરી લીધાં. તેમ શ્રીમોટાના ગુરુમહારાજના આદેશો પણ વિરાટ ડગલાં સમા હતા, જે આખા જીવનને આવરી લે છે. પહેલે ડગલે તેમણે ગુણની વાત કરી, જેથી ભાવ અને ભક્તિ જાગે. બીજે ડગલે એવાં કાર્યો કરવાની વાત કરી, જેથી ગુણોનો વિકાસ થાય. ત્રીજે ડગલે એમણે ભગવાનનું નામ લેવાની વાત કરી, જેથી જીવન સાફલ્ય બને.

## ૭૧. શ્રીમોટાનો લોકકલ્યાણનો ગોવર્ધન તોળાયો

શ્રીમોટાએ જ્યારે લોકકલ્યાણનાં કાર્યો હાથમાં લીધાં ત્યારે તેમની પાસે પૈસા ન હતા. ત્યારે તેઓ બીજા સાધુસંતોની જેમ પ્રસિદ્ધ ન હતા કે નાણાંની ટહેલ નાખતાં તેમને પૈસા મળી જાય.

શ્રીમોટાને સમજનારો વર્ગ ત્યારે ઝાઝો ન હતો. તેમની

સાથે સંકળાયેલાં સ્વજનોની સંખ્યા ગણીગાંઠી હતી. આ ઉપરાંત, જેમણે મૌનમંદિરમાં બેસીને ઈશ્વરસ્મરણનો લહાવો લીધો હતો તેવો થોડોઘણો વર્ગ એમને જાણતો હતો.

આ બધાં આપી આપીને કેટલા પૈસા આપે ? શ્રીમોટાને તો લાખો રૂપિયા જોઈતા હતા, પણ શ્રીમોટાને તો શ્રદ્ધા હતી કે જે હજાર હાથવાળો સંકલ્પ કરાવે છે, તે હજાર હાથવાળો પૈસા પણ અપાવશે જ.

અલબત્ત, એને માટે કડી મહેનત કરવી પડશે. જાતને તોડી નાખવી પડશે. શ્રીમોટાએ જેમ સાધના માટે કડીતોડ પુરુષાર્થ કર્યો હતો તેમ આ માટે પણ કડીતોડ પુરુષાર્થ કર્યો.

શ્રીમોટાએ નક્કી કર્યું, 'જેઓ મને તેમના ઘરે બોલાવવા ઈચ્છતાં હોય તેઓ મને તેમનાં સ્નેહીઓ પાસેથી આ કાર્ય માટે રકમ ઉઘરાવી આપે.'

શ્રીમોટા પોતાને ત્યાં પધારે એવું ઘણાં ઈચ્છતાં હતાં. તેવાંઓએ શ્રીમોટાને પોતાને ત્યાં નોતરી નાણાં એકત્ર કરી આપ્યાં.

કાંકરે કાંકરે પાળ બંધાય અને ટીપે ટીપે સરોવર ભરાય. ગાંધીજીની દરિદ્રનારાયણની ઝોળી ભરાઈ ગઈ હતી એમ શ્રીમોટાની ઝોળી પણ ભરાવા માંડી અને સારાં કાર્યો થવાં માંડ્યાં.

શ્રીમોટાને રૂપિયો રૂપિયો આપનાર, બબ્બે રૂપિયા આપનાર, પાંચ પાંચ રૂપિયા આપનારા, દસ દસ રૂપિયા આપનારાની સંખ્યા વધતી ગઈ. પચીસ, પચાસ, સો, બસો, પાંચસો અને હજાર રૂપિયા આપનારા પણ નીકળવા માંડ્યા. હજાર હાથોવાળાએ એમનો હાથ પકડ્યો હતો. હજારો હાથોથી તે અપાવતો હતો.

એકવાર ડભાણમાં શ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલે શ્રીમોટાનો ઉત્સવ ઊજવ્યો. મંડપ બંધાવ્યો ને લીલીપીળી ધજાઓથી શણગારાવ્યો. આસોપાલવનાં પાનનાં તોરણો બંધાવ્યાં. સુંદર વાતાવરણ સર્જાયેલું. એથી પ્રેરાઈને બીજે સ્થળે પણ શ્રીમોટાના ઉત્સવો થવા માંડ્યા.

શ્રીમોટાને ઉત્સવનું બહુ મહત્ત્વ ન હતું. પણ તે નિમિત્તે સૌ ભેગાં થાય અને તેમની પાસેથી લોકકલ્યાણનાં કાર્યો માટે પૈસા મળે તેનું મહત્ત્વ હતું.

આ રીતે શ્રીમોટાના ઘણા ઉત્સવો થયા. મહોત્સવો થયા. સ્મૃતિગ્રંથો પ્રસિદ્ધ થયા. શ્રીમોટાને તેમને માટે કે તેમના આશ્રમોને માટે પૈસા જોઈતા ન હતા, પણ લોકકલ્યાણને માટે પૈસા જોઈતા હતા. લોકોએ તે આપ્યા.

શ્રીમોટાએ જ્યારે લોકકલ્યાણનાં કાર્યોની શરૂઆત કરી ત્યારે તેમની પાસે એક પૈસો ન હતો, પરંતુ પછીથી તેમને હજારો રૂપિયા નહિ, લાખો રૂપિયા મળ્યા. ભગવાન શ્રીકૃષ્ણે હજારો ગોવાળિયાની સહાયથી ગોવર્ધન પર્વત તોળેલો તેમ હજારો લોકોની સહાયથી શ્રીમોટાના લોકકલ્યાણનો ગોવર્ધન પણ તોળાયો.

શ્રીમોટાનો છેલ્લો ઉત્સવ અમદાવાદના ટાઉનહૉલમાં થયો હતો. ટાઉનહૉલ માણસોથી ચિક્કાર ભરાઈ ગયો હતો. શ્રીમોટા છેલ્લા ઘણા દિવસોથી બીમાર હતા. એટલે હવે પછીના ઉત્સવો માટે મના ફરમાવી હતી. એટલે સૌ તેમને જોવા ઉત્સુક હતાં. તેમને સાંભળવા આતુર હતાં.

શ્રીમોટાનો બોલવાનો સમય થયો. તેઓ બોલ્યા, ‘તમે મને આટલી બધી સંખ્યામાં મળવા આવ્યા છો તેથી મને ખુશી

થાય છે, પણ મને ખરી ખુશી તો ત્યારે થાય જ્યારે ભગવાન માટે તમને ખરેખરો ભાવ થાય. તમે મળ્યાં છો તો મળી જાણજો.

'તમારી પાસે વારંવાર હું પૈસા એટલા માટે માગું છું કે મારે સારાં કાર્યો કરવાં છે. આ મારો છેલ્લો ઉત્સવ છે. માટે, ભાઈઓ અને બહેનો, તમે મને મન મૂકીને આપજો. હું જાણું છું તમે મને પૈસા તો આપવાનાં જ છો પણ પૈસાથી હું ધરાઉં એવો નથી. મારે તો ઘરેણાં જોઈએ છે. માટે, બહેનો બધી તૈયાર રહેજો. આ બધું હું એટલા માટે માગું છું કે તમારું દિલ એમાં છે. મારે તો તમારું દિલ જોઈએ છે.'

• • •

શ્રીમોટા આ ઘરેણાં પહેરીને ઉત્સવમાં જ્યારે તેમના સ્થાને બેઠા ત્યારે તેઓ ઘરેણાંથી શોભતા હતા. તેમના હાથની આંગળીએ સોનાના વેઢ હતા. કાંડે પહોંચી હતી. બાહુમાં બાજુબંધ હતા. પગે સોનાની અંગૂઠીઓ હતી, કેડમાં સોનાનો કંદોરો હતો. કાનમાં સોનાનાં લવિંગિયાં હતાં. ઘરેણાં આપનારાઓએ જાણે શ્રીમોટાને ઘરેણાંથી મઢી દીધા હતા.

જગતને તો શ્રીમોટાએ ઘરેણાંના ઓરતા પૂરા કર્યા એમ મનાવ્યું, પરંતુ ખરેખર તો શ્રીમોટાને તેની ભૂખ ન હતી. સૌને ઘરેણાં પાછાં આપી દીધાં અને તેની જે કિંમત થતી હતી, તે તેમની પાસેથી લઈ લીધી. શ્રીમોટાને તો લોકકલ્યાણને માટે પૈસા જોઈતા હતા, તે તેમણે મેળવી લીધા.

શ્રીમોટાનો લોકકલ્યાણનો ગોવર્ધન આવાં કેટલાંયનાં સમર્પણ અને ત્યાગ વડે તોળાયો તેની વાતો તો એક શ્રીમોટા અને બીજું સમર્પણ અને ત્યાગ કરનાર જ જાણે.

## ૭૨. તરણામાંથી મેરુ અને બોથડમાંથી વિદ્વાન

ઓળંગશે ગિરિ કૃપા થકી પંગુ તારી,
ને મૂક વાત કરશેય કૃપાથી તારી,
તારી કૃપાથી તૃણ મેરુ થશે, પ્રભુ તે,
માગું કૃપા, અવર આશ કંઈ નહિ છે.

ભગવાનની કૃપાથી શું નથી થતું ? ભગવાનની કૃપાથી જો લંગડો પર્વત ઓળંગી શકે અને ભગવાનની કૃપાથી મૂંગો વાત કરી શકે, તો શું ભગવાનની કૃપાથી તરણામાંથી મેરુ ન થવાય ?

જ્યાં સુધી શ્રીમોટા તરણા સમાન હતા-ગરીબ હતા, ત્યાં સુધી તેમને કોઈ પૂછતું ન હતું, પણ જ્યાં ભગવાનની કૃપા થઈ અને તેઓ ‘શ્રીમોટા’ બન્યા એટલે બધા પૂછવા માંડ્યા.

ભગવાનનો પ્રતાપ કેવો છે અને તે તરણામાંથી માણસને કેવો મેરુ બનાવે છે, તેનો પ્રત્યક્ષ દાખલો આપવો હોય તો આપણે નિઃશંક શ્રીમોટાનો આપી શકીએ.

પણ ભગવાને જેમ શ્રીમોટાને તરણામાંથી મેરુ બનાવ્યા તેમ તેણે તેમને બોથડમાંથી વિદ્વાન પણ બનાવ્યા છે. કોઈ આ માની શકે ખરું ? પણ આ સત્ય હકીકત છે - સાચેસાચી વાત છે.

શ્રીમોટાનો અભ્યાસ તો આમ ગ્રૅજ્યુએટ સુધીનો. બી.એ.માં તેમણે ગુજરાતી લીધેલું. એટલે કદાચ ગુજરાતી ભાષા ઉપર તેમનું પ્રભુત્વ હોય તે સમજી શકાય.

પણ ભગવત્ કૃપા ઊતરે છે ત્યારે આપણે ન માનીએ અને ન કલ્પીએ તેવું બનતું હોય છે. આ આપણે શ્રીમોટાના દાખલા ઉપરથી સ્વીકારવું જ પડશે.

શ્રીમોટાએ ૬૭ પુસ્તકો લખ્યાં છે. એમાંથી કેટલાંક પુસ્તકો તો પત્રોના સંગ્રહો છે. એ ઉપરાંત, જિજ્ઞાસા, શ્રદ્ધા જેવા શાસ્ત્રીય વિષય ઉપર પણ પુસ્તકો લખ્યાં છે.

તે પછી તેમણે નિમિત્ત, રાગદ્વેષ, કર્મઉપાસના, કૃપા, સ્વાર્થ, પ્રેમ, મોહ જેવા વિષયો ઉપર પુસ્તકો લખ્યાં. જેમણે જેમણે સૂચવ્યાં અને તેની છપામણીના ખર્ચની જવાબદારી સ્વીકારી તેમ તેમ તેઓ તેવાં પુસ્તકો લખતા ગયા અને તે પ્રસિદ્ધ થતાં ગયાં. આ બધાં સામાન્ય પુસ્તકો નથી પણ તે તે વિષયનાં શાસ્ત્રો જ છે. શ્રીમોટાનાં લખાણો તળપદી ભાષામાં લખાયેલાં છે ને તે દરેક માણસને સહજ અને સરળ રીતે સમજાય તેવાં છે.

મર્મજ્ઞોએ આ પુસ્તકોને ગુજરાતી સાહિત્યનાં અણમોલ પુસ્તકો તરીકે લેખ્યાં છે. સંસ્કૃતના પંડિતવર્ય શ્રી અનુપરામ ગોવિંદરામ ભટ્ટે તો શ્રીમોટા સાથે આ પુસ્તકો સંબંધે વાતો કરતાં કહેલું કે સંસ્કૃત સાહિત્યમાં પણ આ વિષય પરત્વે આવાં સ્વતંત્ર પુસ્તકો લખાયાં નથી, એવાં શ્રીમોટાનાં પુસ્તકો મૌલિક છે. તેનું લખાણ, તેની શૈલી, તેનું વિષયનિરૂપણ, તેની સરળ શબ્દાવલિ આ બધાં સચોટ અને અનોખાં છે. શબ્દલાલિત્યમાં ક્યાંય કમીના દેખાતી નથી. શબ્દો વાચકના દિલમાં ચોટ જન્માવે છે અને અર્થગાંભીર્ય બરાબર જાળવે છે. એમ કહોને જાણે હિમાલયસુતા (પુત્રી) ગંગાજીનાં જળ કલકલ નાદે વેદો અને ઉપનિષદની વાણીમાં રજૂ થાય છે. એમાં ઋષિનું આર્ષદ્રષ્ટાપણું નથી એમ કોણ કહેશે ? બોલતાં બોલતાં શ્રી ભટ્ટ સાહેબ ભાવાવેશ થઈ ગયેલા.

પણ શ્રીમોટા કહે છે, ‘એ બધો મારો નહિ પણ ભગવાનનો પ્રતાપ છે. મારા ગુરુમહારાજે મને એકવાર કહેલું કે એકવાર તું ભગવાનનું નામ બરાબર લઈ જો અને પછી જોજે તારામાં કેવી શક્તિ જાગે છે ! મારા ગુરુમહારાજનું એ વાક્ય સાચું પડ્યું છે એમ આજે મને દેખાય છે. મારી સાધનાનાં લખાણો પણ એમણે જ મને લખાવ્યાં છે. મારા શરીરમાં ઘણી બીમારીઓ હતી અને હૃદય વલોવાઈ જાય એવી તેની વેદનાઓ હતી છતાં ભજનો આલેખાતાં જ ગયાં. આ બધાં ભજનો માંહ્યલો જાગતો હોય અને કોઈ લખાવતો હોય તો જ આલેખાયને ? ભગવાને મને બોથડમાંથી વિદ્વાન બનાવ્યો છે, એ વાત હું ખોટી નથી કહેતો. જેમ મારું સ્મરણ એકધારું ચાલ્યું છે તેમ મારું લખાણ પણ એકધારું જ ચાલ્યું છે.

શ્રીમોટાની વાતને કોણ ખોટી કહેશે ?

## ૭૩. અવધૂતને બરાબર ઓળખજો

શ્રી ગુરુદયાળ મલ્લિકજી, જેઓ તેમના પ્રિયજનોમાં ચાચાજીના નામથી જાણીતા હતા, તેઓ ગાંધીજી અને રવીન્દ્રનાથ ટાગોર જેવા પુરુષોના ગાઢ સમાગમમાં આવ્યા હતા.

તેઓ ગાંધીજીને મળતા ત્યારે તેમને કવિવર ટાગોર વિશે અનોખી અને રસમય વાતો કહેતા. એવી વાતો ચાચાજી કહેતા જ રહે અને ગાંધીજી સાંભળતા જ રહે એવું વાતાવરણ જામતું.

અને જ્યારે તેઓ ટાગોર સાથે ગાંધીજી વિશે વાત કરે ત્યારે એવી અજબગજબની વાતો કરે કે ટાગોરને તે સાંભળતાં ધરાવો જ ન થાય.

ચાચાજીની વાત કરવાની રીત એવી સરળ અને સચોટ કે સાંભળનાર ઉપર તે આબાદ અસર ઉપજાવે.

શ્રીમોટા કરાંચીમાં હતા ત્યારે ચાચાજી તેમને અવાર-નવાર મળવા જતા. કલાકો સુધી બંનેની બેઠક ચાલતી. ઈશ્વરની અકળ લીલાની વાતો એવી ચાલે કે સાંભળનારાં સૌ લીન થઈ જાય.

ખરું દશ્ય બંને છૂટા પડે ત્યારે થાય. 'મોટા, હું જાઉં છું, આવજો' કહેતાં ચાચાજી ઊઠે. અને શ્રીમોટા તેમના હાથ હાથમાં લઈને દબાવે અને સજળ આંખે 'આવજો' કહીને વિદાય આપે. શ્રીમોટાની હૈયાની ભીનાશ ચાચાજીને પહોંચે અને તેમની આંખમાં પણ ઝળઝળિયાં આવે.

ચાચાજી અમદાવાદ આવે ત્યારે ગાંધીઆશ્રમમાં ઊતરે. ચારપાંચ દિવસનો મુકામ હોય. એક એક દિવસ સૌ એમને પોતાના ઘેર જમવા બોલાવે. સૌના ઘેર ચાચાજી જમે અને સૌના ખબર અંતર લે. સમય પૂરો થાય ત્યારે પંખી જેમ ઊડીને આવ્યું હતું તેમ ઊડીને ચાલી જાય.

એકવાર ચાચાજી ગાંધીઆશ્રમમાં આવ્યા. શ્રીમોટા પણ ત્યારે ગાંધીઆશ્રમમાં જ હતા.

શ્રીમોટા આશ્રમમાં છે, એ જાણીને ચાચાજી તેમને મળવા ગયા. દૂરથી શ્રીચાચાને જોઈને શ્રીમોટાએ 'ચાચાજી' કહી બૂમો પાડી આવકાર આપ્યો.

શ્રીમોટા ને ચાચાજી બંને હિંડોળે બેઠા. બંનેએ એક બીજાની ખબર પૂછી. શ્રીમોટાને ત્યારે ગૂમડું થયેલું.

શ્રીમોટા બોલ્યા, 'ચાચા, ગૂમડું થયું છે.'

ચાચાજીએ ઊઠીને જોયું તો ગુદા ઉપર ગૂમડું ફૂલીને બોર જેવું થયું હતું.

બીજે દિવસે ચાચાજી શ્રીમોટા પાસે આવ્યા અને બેઠા. થોડી વાર પછી શ્રીમોટાને પૂછ્યું, ‘કેમ ગૂમડાની શી હાલત છે ?’

‘તમે જ જોઈને કહો ભાઈસા’બ.’ શ્રીમોટા બોલ્યા.

ચાચાજીએ ઊઠીને જોયું તો ગૂમડું હવે ફૂલીને બોરમાંથી લીંબુ જેવડું થયું હતું. ચાચાજીએ તો અવધૂતની લીલાઓ જોયેલી એટલે કંઈ બોલ્યા નહિ.

ત્રીજા દિવસે ચાચાજીએ આવીને જોયું તો ગૂમડૂં ફૂલીને લીંબુથીય મોટું થઈ ગયું હતું. ચોથે દિવસે તો ગૂમડું ફૂલીને દાડમથીય મોટું થઈ ગયું હતું.

કોઈકે કહ્યું, ‘હવે તો મોટા, ગૂમડાનો ઈલાજ કરાવો.’

જવાબમાં શ્રીમોટા બોલ્યા, ‘કાલે નહિ શમે તો જોઈશું.’

અને ખરેખર બીજે દિવસે તો ગૂમડું બેસી ગયું. ચાચાજીએ આવીને પૂછ્યું, ‘મોટા, ગૂમડું ક્યાં ગયું ?’ તો મોટા બોલ્યા, ‘ગૂમડું જેમ આવ્યું હતું તેમ ચાલ્યું ગયું.’

તે દિવસે રાતે એમના પ્રેમીજનોને ચાચાજીએ કહ્યું, ‘તમારે ત્યાં કોણ બેઠો છે એની તમને ખબર નથી. એ તો અવધૂત. અવધૂતને બરાબર ઓળખજો.’

## ૭૪. શ્રીમોટાની હાજરીનો જાદુ !

શ્રી ગુરુદયાળ મલ્લિકજીને જિંદગીની અંતિમ માંદગીના દિવસોમાં શ્રીમોટા મળવા અને જોવા ગયેલા.

ચાચાજી ત્યારે મુબંઈ ચેમ્બુરમાં તેમના પ્રેમી સ્વજન ડૉ. ફૂલવરને ત્યાં રહેતા હતા અને તેમની જ સારવાર હેઠળ હતા. શ્રીમોટા તથા ચાચાજીનું તેમને ત્યાં જે મિલન થયું તેની વાત ડૉ. ફૂલવરના શબ્દોમાં જ જોઈએ :

'એક પ્રસંગ લખવાનું મન થાય છે. પૂજ્ય ચાચાજીએ દેહ છોડ્યો, તે પહેલાં લાંબા સમયની સારવાર માટે મારે ત્યાં જ રહેતા હતા. ચાચાજીને ગળાનું કૅન્સર હતું. જોકે આમ કહેવું અમારા ડૉક્ટરોની દૃષ્ટિએ યોગ્ય નથી, કારણ કે એમણે કશું જ નિદાન કરવા દીધું ન હતું. છતાં લક્ષણો એ જ હતાં એની મને ખાતરી છે. ખાવાનું તો બનતું જ નહિ. માંડ માંડ થોડું પ્રવાહી ગમે તેમ કરી ઉતારતા. ક્ષણે ક્ષણે ગળામાં થતા અવાજથી પોતાને થતા દુઃખને સહન કરવાનો પ્રયાસ કરે. એક ઘડી પળ માટે પણ ઘરઘરાટી બંધ ન રહે. વારંવાર કફ બહાર આવે.

'એવા દિવસોમાં પૂજ્ય શ્રીમોટા એમની ખબર લેવા આવ્યા. ચાચાજીને બેસાડ્યા. પ્રાસ્તાવિક મિલન પછી પૂજ્ય શ્રીમોટાએ 'હરિઃૐ'ની ધૂન શરૂ કરી. એ ધૂન અમે ટેપરેકૉર્ડ કરી લીધી છે. લાંબો સમય ધૂન ચાલી. પૂજ્ય ચાચાજી તકિયાને અઢેલીને બેઠા હતા. આંખો બંધ. ઊંડા ઊતરી ગયા હતા. લાંબા સમય સુધી ગળાની એ ઘરઘરાટી અદૃશ્ય થઈ. કોઈ વેદનાનાં ચિહ્નો દેખાય નહિ. મોઢા ઉપર પૂરી પ્રસન્નતા વ્યાપી ગયેલી એટલે અમે તો આશ્ચર્યચકિત થઈ ગયા. મારી પોતાની અંતરની ઊંડી શ્રદ્ધા સાથેની ખાતરી છે કે એ વેદના રહિત સમયગાળો માત્ર પૂજ્ય શ્રીમોટાની ત્યાંની ઉપસ્થિતિને કારણે જ હતો. અમારાં અનેક સ્વજનો પણ આ જ શ્રદ્ધા ધરાવે છે. આ મધુર સ્મરણ જીવનભર વાગોળ્યા કરીશું.'

## ૭૫. પ્રેમીને પ્રેમી મળે

શ્રીમોટા વડોદરા કૉલેજમાં ભણતા હતા ત્યારે શ્રીરંગ અવધૂત પણ ત્યાં જ ભણતા હતા, પરંતુ એક બીજાને ખાસ કોઈ પરિચય ન હતો.

પરંતુ જ્યારે ગાંધીજીની અસહકારની ચળવળ ચાલી અને ગાંધીજીએ કૉલેજોના બહિષ્કારની હાકલ કરી ત્યારે શ્રીમોટા અને રંગ અવધૂત બંનેએ વડોદરા કૉલેજ છોડી અને બંને ગૂજરાત વિદ્યાપીઠમાં દાખલ થયા, ત્યારે તેઓ એક બીજાના પરિચયમાં આવ્યા, પરંતુ બંને ટૂંક સમય માટે જ વિદ્યાપીઠમાં રહ્યા એટલે પરિચય ખાસ ગાઢ બન્યો ન હતો.

વિદ્યાપીઠ છોડીને શ્રીમોટા હરિજનસેવામાં પડ્યા. શ્રીરંગ અવધૂત અધ્યાપનકાર્યમાં પડ્યા, પરંતુ થોડા વખત પછી તે છોડીને તેઓ ઈશ્વરમાર્ગે વળ્યા.

શ્રીમોટા ત્યારે જાણતા ન હતા કે એક દિવસ મારે પણ આ માર્ગે જ જવાનું છે.

• • •

વર્ષો વીતી ગયાં છે.

શ્રીરંગ અવધૂતે કેટલાંય વર્ષો તપસ્યા કરીને ગુરુ દત્તાત્રેયને આરાધ્યા છે અને તપસ્યા પૂરી થયા બાદ નારેશ્વરમાં આશ્રમ સ્થાપીને ગુરુદત્તાત્રેયના મહિમાની પ્રસાદી સૌને આપી રહ્યા છે.

તેમના ભક્તો કોઈ વાર તેમને ગામ બોલાવે તો તેઓ જતા. જ્યારે તેઓ બહાર જતા અને લોકોને તેની ખબર પડતી તો હજારોનાં ટોળાં તેમનાં દર્શન માટે ઊમટી પડતાં.

શ્રીમોટા પણ ઈશ્વરસ્મરણ અને ભજનકીર્તન કરીને

ભગવાનની અજર અમર જ્યોત પામ્યા. તેમના દિલનો દીવો પ્રગટી ચૂક્યો છે એવી તેમને ખાતરી થયા પછી પોતે જે પામ્યા તેનો લાભ બીજાને મળે, તે માટે કુંભકોણમ્, નડિયાદ, સુરત, નરોડા વગેરે સ્થળે 'હરિઃૐ' આશ્રમો સ્થાપી ભગવાનનું નામ લેવડાવવા મૌનમંદિરોની રચના કરી.

આ રીતે શ્રીરંગ અવધૂત અને શ્રીમોટાએ પોતાનું જીવન તો ઉજાળ્યું અને અન્ય કેટલાયનાં જીવન ઉજાળ્યાં. શ્રીમોટા જ્યારે જ્યાં હોય અને તેની આસપાસમાં શ્રીરંગ અવધૂત પધાર્યા હોય તો અવશ્ય એમને મળતા. શ્રીરંગ અવધૂત પણ શ્રીમોટાના આશ્રમોની નજીકમાં આવ્યા હોય ત્યારે શ્રીમોટાને મળવા આવવાનું ચૂકતા નહિ.

એકવાર શ્રીરંગ અવધૂત સુરત પધારેલા. શ્રીમોટાએ તેમને મળવા બાબત ચિઠ્ઠી લખીને એક ભાઈને તેમની પાસે મોકલ્યા, પણ શ્રીરંગ અવધૂત પાસે જવું એમ કાંઈ સહેલું ન હતું. તેમનાં દર્શન માટે કેટલાય માણસોની કતાર જામેલી. બધી કતારો વીંધીને પેલા ભાઈને કોણ જવા દે ? છેવટે પેલા ભાઈએ બુદ્ધિ વાપરી શ્રીરંગ અવધૂતના કાર્યકર્તા જેવા લાગતા એક ભાઈને ચિઠ્ઠી આપી તે શ્રીરંગ અવધૂતને પહોંચાડવા કહ્યું.

કેટલાય વખત પછી ચિઠ્ઠી શ્રીરંગ અવધૂત પાસે પહોંચી. તેમણે તે ચિઠ્ઠી વાંચી. આ ચિઠ્ઠી લાવનાર ભાઈને બોલાવી લાવવા કહ્યું, પણ તે ભાઈ ક્યાંથી હોય ? શ્રીરંગ અવધૂત પાસે ચિઠ્ઠી પહોંચતાં જ બેત્રણ કલાક થઈ ગયેલા. તેમણે ચિઠ્ઠી લાવનાર ભાઈને ઠપકો આપ્યો અને આવી ચિઠ્ઠી હોય તો પછી તરત વંચાવીને તેનો અમલ કરાવવો એવી સૂચના આપી. પછી સુરતના 'હરિઃૐ' આશ્રમે મોટર મોકલી તેમણે

શ્રીમોટાને મળવા બોલાવ્યા. બંનેને એક બીજાને મળતાં ઘણો હર્ષ થયો. એક બીજાના ખબરઅંતર પૂછ્યા. વાતોચીતો કરી અને છૂટા પડ્યા.

એકવાર શ્રીરંગ અવધૂત કુંજરાવ પધારેલા. શ્રીમોટા તેમને મળવા ગયા. લોકોની એટલી બધી ભીડ હતી કે તેમની વચમાં થઈને જવું મુશ્કેલ. છેવટે એક સ્વયંસેવકનો સહારો લઈને તેઓશ્રી તેમની પાસે પહોંચ્યા.

શ્રીમોટાને જોતાં જ શ્રીરંગ અવધૂત બોલી ઊઠ્યા, 'અહો મોટા, તમે ક્યાંથી ?'

શ્રીમોટા કહે, 'હું અહીં એક તમાકુના વેપારી શ્રી પી.ટી.પટેલને ત્યાં આવ્યો છું. તમે આવ્યા છો જાણીને મળવા આવ્યો.

શ્રીરંગ અવધૂત કહે, 'સારું કર્યું, સારું કર્યું, મોટા !'

શ્રીમોટા કહે, 'પણ બાપજી, તમને મળવા આવતાં બહુ મુશ્કેલી પડે છે. દર્શનાર્થીઓની લાઇન એટલી બધી લાગે છે કે અમારા જેવાનો પત્તો પણ ન ખાય.'

શ્રીરંગ અવધૂત હસીને બોલ્યા, 'પણ મોટા ! લાઈન માણસોને માટે છે, સંતોને માટે નથી.' અને એમણે એક સ્વયંસેવકને બોલાવીને કહ્યું, 'મને મળવા આવવા માટે માણસોની લાઈન ભલે કરો, પરંતુ સંતોને લાઈનમાં ઊભા રાખશો નહિ. આ મોટાને જોયા ? તેમને જ્યારે આવવું હોય ત્યારે આવવા દેવાના.'

સ્વયંસેવક 'હા જી' કહીને ચાલ્યો ગયો.

'ચાલો બાપજી, હું ઊઠું. મારે લીધે બિચારાં દર્શન કરનારાંને મોડું થાય છે.' શ્રીમોટા બોલ્યા.

આ સાંભળીને શ્રીરંગ અવધૂત કહે, 'મોટા, આટલા બધા માણસો શું મારાં દર્શન કરવા આવે છે ? તેઓ માથું આપવા નથી આવતા પણ લેવા આવે છે !'

શ્રીરંગ અવધૂતનું બોલવું સાંભળીને શ્રીમોટા હસી પડ્યા.

છેલ્લે તેમણે હરદ્વારમાં દેહત્યાગ કર્યો. તે અગાઉ જ તેઓ નડિયાદ આશ્રમે શ્રીમોટાને ખાસ મળવા આવેલા.

તેમણે શ્રીમોટાને કહ્યું, 'ચાલો. આજ તો આપણે મળી લઈએ મોટા !'

શ્રીમોટાએ તેમને પૂછ્યું, 'કેમ એમ બોલો છો, બાપજી ?'

શ્રીરંગ અવધૂતે ઉત્તરમાં કહ્યું, 'હવે, મારી ગાડી હરદ્વાર ઊપડવાની લાગે છે.'

'તો મને પણ તમારી સાથે લઈ જાવ, બાપજી.' શ્રીમોટા બોલ્યા.

શ્રીરંગ અવધૂત કહે, 'ના, ના, તારે હજી વાર છે. હું જઈને તારી જગા કરી રાખું ને પછી બોલાવું ત્યારે તારે આવવાનું, પણ તેં તારા આશ્રમોમાં મૌનમંદિરની સારી યોજના કરી છે. જે આવે તે મૌનમંદિરમાં પુરાય. ઈશ્વર માટે મથે તો મળે, નહિ તો ઠણઠણ ગોપાલ. ખાલી હાથે પાછા નીકળે.'

શ્રીરંગ અવધૂત અને શ્રીમોટાએ આવી ઘણી ઘણી ઉપયોગી અને આનંદવિનોદની વાતો કરી. ખાસ્સા અઢી કલાક નડિયાદ આશ્રમમાં રહ્યા. બંનેએ સાથે ફોટા પણ પડાવ્યા. પછી નડિયાદથી તેઓ હરદ્વાર ગયા. એ ગયા તે ગયા. હરદ્વારમાં તેમણે દેહત્યાગ કર્યો.

## ૭૬. ગુરુમહારાજના આદેશની ઘડી આવી પહોંચી !

સને ૧૯૭૬ની ૧૨મી જુલાઈ. શ્રીમોટા સવારના મોટરકારમાં સુરતથી નીકળેલા. સાંજના સાત વાગ્યે નડિયાદ પહોંચ્યા. થાકીને લોથપોથ થઈ ગયેલા. વરસતા વરસાદમાં ફર્યાથી પહેરેલાં કપડાં લોચો થઈ ગયાં હતાં અને બધો સામાન પણ ભીનો ભદડક થઈ ગયો હતો.

શ્રીમોટાને અનેક રોગ હતા. તેમાંથી કયે વખતે કયો રોગ દેખા દેશે તે કહી શકાય નહિ. એટલે દાકતરે સૂચવ્યા પ્રમાણેની કેટલીક દવાઓ તો હાજર જ રહેતી.

કોણ જાણે કેમ આ વખતે શ્રીમોટાની શરીરની પ્રકૃતિ પહેલાં કરતાં કંઈક વધુ નરમ જણાતી હતી. આખો વખત વરસતા વરસાદમાં મોટરના હડસેલા ખાતા આવવું પડ્યું હતું. કદાચ તેને કારણે પણ તેમ હોય.

શ્રીમોટા સુરતથી નડિયાદ આશ્રમે આવે ત્યારે વિદ્યાનગરથી ડૉક્ટર કાંતાબહેન અને તેમના પતિ શ્રી રામભાઈ તેમની સારવાર માટે સાથે જ આવે. તેઓ શ્રીમોટાની સેવા અને દવા બંને કામ કરે. તેમને પણ શ્રીમોટાની ઢીલાશનું કારણ સમજાયું નહિ. શ્રીમોટા તો તેમનું શું થાય છે તેનો અણસારો પણ ન કરે એટલે તેમની સેવામાં રહેનાર ઘણી વાર વિમાસણમાં પડી જાય.

પહેલા બેત્રણ દિવસ તો મુસાફરીની હાડમારીને લીધે હશે એમ બધાંએ માન્યું. શ્રીમોટા તો આ અંગે કશું કહે નહિ એટલે શું સમજાય ? આ દિવસોમાં ખોરાક પણ નહિવત્ થઈ ગયો હતો.

ગરબડ પેટની હતી. પેટમાં અસહ્ય પીડા થાય છે, સહન થતું નથી એમ તેઓ અવારનવાર બોલી જતા. કદાચ રાગે પડી

જશે એમ માનીને પણ શ્રીમોટાએ સ્પષ્ટતા કરી ન હોય એમ માની શકાય અને સાચું નીકળે નહિ તો.... એટલે તેઓ બોલતા ન હતા.

એમ કરતાં ૧૩, ૧૪ અને ૧૫મી તારીખો પસાર થઈ. ૧૬મીએ પેશાબની તકલીફ ઊભી થઈ. શ્રીમોટાએ પેશાબ માટે ઘણા પ્રયત્નો કર્યા પણ પેશાબ થયો જ નહિ. શ્રીમોટાને વારંવાર પેશાબ કરવાની ઈચ્છા થયા કરે. સૂતા હોય એટલે બેઠા કરવા પડે. તેમના પલંગને અડીને જ પેશાબનું સ્ટૂલ ગોઠવ્યું હતું. તે ઉપર પેશાબ કરવા બેસે પણ પેશાબ થાય નહિ. એટલે બાથરૂમમાં જઈને ઊભાં ઊભાં પેશાબ કરવા પ્રયત્ન કરે, પણ પરિણામ શૂન્ય. આવી રીતે આખો દિવસ ચાલ્યું.

પેશાબ બહાર નીકળે નહિ અને શરીરમાં ને શરીરમાં રહે તો તે ઝેરનું સ્વરૂપ ધારણ કરે અને આવો ઝેરી પેશાબ આખા શરીરમાં ફરી વળે તો માણસ મૂર્છાવશ થઈ મૃત્યુ પામે. ડૉક્ટર કાંતાબહેન આની ગંભીરતા સમજતાં હતાં. એટલે તેમણે મોટાને જઈને કહ્યું, ‘મોટા, આપણે દાકતર બોલાવીએ તો ?’ પણ શ્રીમોટાએ ચોખ્ખો નન્નો જ ભણ્યો.

શ્રીમોટા ભલે ના કહે પણ તેમની અત્યારની સ્થિતિમાં ડૉક્ટરને બોલાવવા જ જોઈએ. એટલે કાંતાબહેને શ્રીમોટાના અંતેવાસી અને આશ્રમના કર્તાહર્તા શ્રી નંદુભાઈને વાત કરીને ડૉક્ટર બોલાવવાની મંજૂરી મેળવી. નડિયાદના કિડ્ની નિષ્ણાત ડૉક્ટર શ્રી વીરન્દ્ર દેસાઈની તપાસ કરાવી તો તેઓ બહારગામ ગયા હતા અને ૧૭મી તારીખે આવશે એવું જાણવા મળ્યું.

આથી, ડૉ. વિનોદચંદ્ર અમીન નડિયાદના બીજા જાણીતા દાકતર શ્રી આઈ.સી.પટેલ સાથે શ્રીમોટા પાસે આવ્યા. સડકથી

આશ્રમ સુધીના રસ્તામાં વચ્ચે પૂરને કારણે શેઢી નદીનાં પાણી ફરી વળ્યાં હતાં. એટલે આશ્રમ સુધી આવવામાં થોડી મુશ્કેલી વેઠવી પડેલી, પરંતુ બંને દાકતરો શ્રીમોટાથી પરિચિત હતા. એટલે તેમનો જલદીથી મદદમાં અવાય એવો હેતુ હતો તેથી તેમને મુશ્કેલીનો વિચાર પણ ન આવ્યો. બંને દાકતરોએ શ્રીમોટા સાથે વાત કરીને તેમની પરિસ્થિતિ જાણી, પણ તેઓ એવાં કોઈ સાધનો લઈને આવ્યા ન હતા જેથી શ્રીમોટાને તાત્કાલિક પેશાબ કરાવી શકે. એટલે શ્રીમોટાની સ્થિતિ વિષમ બની.

બીજે દિવસે ડૉ. વીરેન્દ્ર દેસાઈ બહારગામથી નડિયાદ આવ્યા અને તેમને આ વાતની જાણ થઈ. તેઓ બધાં જ સાધનો અને સંપૂર્ણ તૈયારી સાથે સાંજના ચારને સુમારે આશ્રમે આવવા નીકળ્યા. શેઢી નદીનાં પૂરને કારણે સડક અને આશ્રમના માર્ગ ઉપર પાણી વધારે હોવાથી અવરજવર બંધ હતી. એટલે તેઓ ખેતરાઉ રસ્તે કાદવ ખૂંદતાં ખૂંદતાં આશ્રમે આવ્યા અને શ્રીમોટાને પ્રણામ કરી કહ્યું, ‘જો આપ રજા આપો તો આપને કશી પણ તકલીફ ન પડે અને બે જ મિનિટમાં કૅથેટર મૂકી દઉં એટલે તરત પેશાબ થશે અને આપને રાહત થશે. આજે તાત્કાલિક આટલું કરીએ પછી આપ કહેશો તેમ કરીશું.’ શ્રીમોટાએ હા પાડી એટલે ડૉક્ટરે બે જ મિનિટમાં કૅથેટર મૂકી દીધું અને તરત જ કૅથેટરને જોડેલી કોથળીમાં ધડધડ પેશાબ પડવા માંડ્યો. ડૉક્ટરે કહેવા જેવી બધી સૂચના જણાવીને ‘આવતી કાલે આવીશ’ કહીને પ્રણામ કરી રજા લીધી.

આમ, પેશાબ બહાર નીકળવાની ગોઠવણથી શ્રીમોટાને રાહત તો થઈ, પણ તે સાથે જ તેમના ગુરુમહારાજનો આદેશ યાદ આવ્યો. શ્રીમોટાના ગુરુમહારાજે એમને આદેશ આપ્યો હતો કે જ્યારે તું પરવશ થઈ જાઉં અને લાચાર પરિસ્થિતિમાં

મુકાઉં ત્યારે તારો દેહ છોડી દેવો. પેશાબ થવાથી તેમને રાહત તો મળી હતી, પણ તેની વ્યવસ્થા કુદરતી નહિ પણ અકુદરતી હતી. આ વાત તેમને ખટકતી હતી.

દાકતરના ગયા પછી આખી રાત તેમને આ વિચાર આવ્યા કર્યો. અંતે બીજે દિવસે ૧૯મી તારીખે તેમણે નીચેનો કાગળ લખી શ્રી નંદુભાઈને આપ્યો.

જે કોઈને લાગેવળગે છે તેઓ જોગ :-

'હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા' રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી, જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઇચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી. એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે. અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગાએ, મૃત્યુ સ્થળની તદ્દન નજીકમાં કરવો અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને હું ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ. મારા મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ (પ્રાથમિક) શાળાના ઓરડા બાંધવામાં કરવો.

ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે 'મોટા'

તા. ૧૯-૭-૧૯૭૬ -મોટા

## ૭૭. શ્રીમોટાએ માયા સંકેલી લીધી

૨૨મી જુલાઈએ વહેલી સવારમાં શ્રીમોટાએ નડિયાદથી ફાજલપુર જવાનું હતું. ૨૧મીએ સાંજના શ્રીમોટાએ તેમની સેવામાં રહેતા શ્રી રાજુભાઈને બોલાવી કહ્યું, 'મને ખુરશીગાડીમાં બેસાડી આખા આશ્રમમાં ફેરવ.'

રાજુભાઈએ શ્રીમોટાને ખુરશીગાડીમાં બેસાડી પ્રદક્ષિણા કરતા હોય તેમ આશ્રમની ચારેબાજુ ફેરવ્યા. શ્રીમોટા છોડ, વૃક્ષ, મકાન જે આવતું જાય તેને પ્રણામ કરતા આગળ વધે. એમ કરતાં શ્રીમોટા પોતે રોજ નાહતા હતા, તે ટબની પાસે આવ્યા.

ટબને જોતાં શ્રીમોટાએ રાજુભાઈને કહ્યું, 'જો, આ ટબ વૈકુંઠકાકાનું છે. કાલે વહેલી તકે તેમને ત્યાં પહોંચાડી દેજે.'

'પણ મોટા, તમે પાછા આવશો ત્યારે નહિ જોઈએ ?' રાજુભાઈ બોલ્યા.

શ્રીમોટા જરા જોરથી કહે, 'બધી પંચાત મૂકીને હું જેમ કહું છું તેમ કરને ! પાછો આવીશ ત્યારે પાછું મંગાવીશું.'

રાજુભાઈએ કહ્યું, 'ભલે મોટા.' અને એ વાતનો એટલેથી અંત આવ્યો.

૨૧મીની રાત પસાર થઈ ગઈ. ૨૨મીની વહેલી સવારે દાતણપાણી કરી ચાપાણી પીને જવાની તૈયારીમાં બેઠા હતા. ગાડીમાં બધો સામાન ગોઠવાઈ ગયો હતો અને શ્રીમોટા ગાડીમાં બેસે એટલી જ વાર હતી. રાતનો વરસાદ તો ચાલુ જ હતો. ત્યાં જોરદાર વરસાદનું ઝાપટું પડ્યું અને શ્રીમોટાએ રામ અને રાજુભાઈને બૂમ પાડી બોલાવ્યા અને કહ્યું, 'મને તાડપત્રી નીચે લઈ જઈને ગાડીમાં બેસાડી દો. એકદમ જલદી. જરાય વાર ન લાગે.' તરત શ્રીમોટા ઉપર તાડપત્રી રાખીને તેમને ગાડી નજીક

લઈ જવામાં આવ્યા અને ગાડીમાં બેસાડી દીધા.

શ્રીમોટાના મનમાં એમ કે કદાચ વરસાદ જોરદાર પડે અને ફાજલપુર શ્રી રમણભાઈ અમીનને બંગલે ફાર્મહાઉસમાં જતાં વચ્ચે આવતાં રેલવે ગરનાળામાં પાણી ભરાઈ જાય અને મોટર આગળ ન જઈ શકે તો ! આથી, શ્રીમોટાએ ઉતાવળ કરી ગાડી ઉપડાવી અને ગાડી જેવી આશ્રમના દરવાજામાંથી નીકળી કે તરત જ દરવાજાની વીજળીબત્તી બંધ પડી ગઈ. શ્રી ગોરધનકાકાના મોંમાંથી સહજ ઉદ્‌ગાર નીકળી ગયા કે 'નડિયાદ આશ્રમે શ્રીમોટા હવે પાછા આવે નહિ.'

આ પ્રસંગ સૂચક એટલા માટે છે કે શ્રીમોટાનાં બા નડિયાદમાં ગંભીર માંદગીમાં હતાં ત્યારે શ્રીમોટા બનારસમાં જે રૂમમાં પ્રાર્થનામય સ્થિતિમાં હતા, તેની વીજળીબત્તી એકાએક બંધ થઈ અને શ્રીમોટા જાણી ગયા કે નડિયાદમાં બા ગઈ !

શ્રીમોટાના દેહત્યાગની વાત શ્રી નંદુભાઈ સિવાય બીજા કોઈને ખબર ન હતી. ફાજલપુર જતાં શ્રીમોટાએ નંદુભાઈને જણાવી દીધું કે તેમણે આ બાબતમાં પહોંચીને તરત જ શ્રી રમણભાઈ અમીન સાથે વાત કરી લેવી અને તેઓ સંમત ન હોય તો સીધા સુરતના આશ્રમે જઈને દેહત્યાગ કરવો.

શ્રી નંદુભાઈએ શ્રી રમણભાઈ અમીનને વાત કરી. શ્રી રમણભાઈ માટે આ વાત આઘાતજનક હતી. તેથી, એક ક્ષણ તો તેઓ મૌન જ રહ્યા, પણ બીજી ક્ષણે તેમણે શ્રી નંદુભાઈને જણાવ્યું કે આ બંગલો શ્રીમોટાનો જ છે. તેમને જે કરવું હોય તે તેઓ કરી શકે છે.

વાત પાકી થઈ ગઈ એટલે સૌ પોતપોતાને કામે લાગી ગયાં. થોડી વારમાં શ્રીમોટાએ ચશ્માં, માળા અને ઘડિયાળ

શ્રી રામભાઈને આપતાં કહ્યું, 'ભાઈને આપી આવો.' શ્રી રામભાઈએ તેમ કર્યું.

સામાન્ય રીતરિવાજ પ્રમાણે શ્રીમોટાને કંઈ કામ હોય ત્યારે આ વસ્તુઓ તેમની સેવામાં રહેતા ભાઈ કે બહેનને આપતા ને કામ પૂરું થતાં પાછી લઈ લેતા. તેને બદલે આજે શ્રી નંદુભાઈ પાસે આવી. આ કંઈક અસાધારણ વાત હતી. એટલે શ્રી નંદુભાઈ મોટા પાસે ગયા તો શ્રીમોટાએ નંદુભાઈને કહ્યું, 'આજે ચાર વાગ્યા પછી હું દેહ છોડીશ.'

શ્રી નંદુભાઈએ કહ્યું, 'મોટા ! ચોમાસાના દિવસો છે. વરસાદ વરસે છે એટલે દેહને અગ્નિસંસ્કાર કરવાની તકલીફ પડશે.' એના જવાબમાં શ્રીમોટાએ કહ્યું, 'વાત પાકી થઈ ગઈ છે. એટલે હવે ચર્ચાનો કશો અર્થ નથી. વરસાદ હોય તો શરીરને નદીમાં નાખી દેજો.'

આગળ કશી વાત કરવાનો અર્થ ન હતો એટલે શ્રી નંદુભાઈ તેમની જગાએ જઈને બેઠા ને કામે લાગ્યા.

ફાજલપુરના ફાર્મઘરનું નામકરણ થયું ન હતું. તેની નામ લખાયેલી તકતી આવી ગઈ હતી. નામ રાખવામાં આવ્યું હતું 'હરિસ્મૃતિ'. શ્રીમોટાને તે બતાવવામાં આવી. શ્રીમોટાએ કહ્યું, 'અત્યારે જ તે લગાવી દો.'

તરત જ તેની ગોઠવણી થઈ. મકાનને 'હરિસ્મૃતિ'ની તકતી લાગી ગઈ અને ફાર્મઘર 'હરિસ્મૃતિ' બન્યું. શ્રીમોટા હરિને ઘેર જવાના હતા તે જ દિવસે આ બન્યું, એ પણ એક જોગાનુજોગ જને !

છેલ્લે શ્રી નંદુભાઈએ પૂછી લીધું, 'મોટા ! તમને પેશાબ માટે આ કૅથેટર મૂકી છે તે કાઢી લઈએ ? શ્રીમોટાએ ના કહીને જણાવ્યું, 'ના કાઢશો. એ તો મારી જીવનસંગિની છે.' પછી તેમણે સૌને કહ્યું કે 'બસ, હવે મને કોઈ બોલાવશો નહિ કે મારા

શરીરને અડશો નહિ. તમારે બહાર જવું હોય તો જઈ શકો છો.' આ તેમના છેલ્લા શબ્દો ને તેમણે આંખો બંધ કરી ત્યારે ઘડિયાળનો કાંટો ૪ અને ૨૦ મિનિટનો સમય બતાવતો હતો.

શ્રીમોટાના માથા પાસેના સ્ટૂલ ઉપર બેસીને શ્રી નંદુભાઈ આંખો મીંચી 'હરિઃૐ'નો જાપ જપી રહ્યા હતા. બીજાં બધાં પણ પોતાને અનુકૂળ આવે તેમ બેસી 'હરિઃૐ' ધૂન ચલાવી રહ્યાં હતાં.

શ્રીમોટાએ તેમના ગુરુમહારાજના દરેક હુકમનું પાલન બરાબર કર્યું હતું. તા. ૧૮મીએ પેશાબની ક્રિયા બંધ થઈ અને ડૉક્ટરે કૅથેટર મૂકી પેશાબ કરાવ્યો ત્યારે જ એમના દિલમાં થયું હશે કે ગુરુમહારાજે કહ્યું હતું કે જ્યારે તું પરવશ ને લાચાર બની જાઉં ત્યારે તારો દેહ છોડી દેવો. શ્રીમોટાએ વિચાર કર્યો, 'ગુરુમહારાજના આદેશની ઘડી આવી ગણાય. હવે ક્ષણનુંય મોડું થાય નહિ.' શ્રીમોટાએ તરત નિર્ણય લીધો અને તેને અમલમાં પણ મૂકી દીધો. દેહત્યાગ એટલે જીવતત્ત્વને ઓછું કરીને જીવવિહીન સ્થિતિમાં મુકાવું તે.

ભગવાનનું નામ લેવાતું હતું અને શ્રીમોટાની પ્રાણતત્ત્વ ઓછું કરવાની પ્રક્રિયા ચાલતી હતી. કોઈને થાય, માણસ દેહત્યાગ કરે છે એની ખબર શી રીતે પડે ? માણસ સાજોસમો હોય ત્યારે પ્રાણ એટલે કે નાડીના ધબકારા અમુક સંખ્યામાં હોય, પછી પ્રાણતત્ત્વ ઓછું થવા માંડે તેમ નાડીના ધબકારા પણ ઓછા થવા માંડે, રાતે ૧૨-૩૫ વાગ્યે નાડીના ધબકારા લીધા તે ૩૦ થી ૩૫ વચ્ચે થયા. શ્રી નંદુભાઈ તો 'હરિઃૐ'ના જાપમાં મગ્ન હતા, પણ એક વાગ્યા પછી વીજળીનો ઝબકારો થાય અને અંધારામાં પ્રકાશ થાય તેમ એમના અંતરમાં થઈ ગયું કે શ્રીઅરવિંદને જે દર્દ હતું તે જ દર્દ શ્રીમોટાને છે. શ્રીઅરવિંદનું જે વારે અવસાન

થયું તે જ વાર આજે છે. અને રાત્રિના દોઢ વાગ્યે તેઓ મૃત્યુ પામેલા. એટલે શ્રીમોટા પણ તે જ અરસામાં દેહ છોડે એ બનવાજોગ છે. અને ૧-૨૫ વાગ્યે નાડી જોવાઈ. ધબકારા બિલકુલ માલૂમ પડ્યા નહિ. એટલે સ્ટેથોસ્કોપ છાતી ઉપર મૂકીને હૃદય તપાસ્યું, તો તે બંધ હતું. એટલે શ્રીમોટાએ દેહ છોડી દીધો હતો અને માયા સંકેલી લીધી હતી.

## ૭૮. માટીનો દેહ માટીમાં મળી ગયો

શ્રીમોટાના દેહની દહનક્રિયા વહેલી સવારે છ વાગ્યે રાખવામાં આવી હતી. રાત્રિનો દોઢ વાગ્યો હતો. દોઢથી સવાર સુધીમાં તાત્કાલિક કાર્યો આટોપી લેવાયાં. શ્રી નંદુભાઈ શ્રીમોટાનાં સ્વજનો અને ચાહકોને તાર અને ટપાલથી જણાવવાના કામમાં લાગી ગયા. ટાઈપરાઈટર મશીન ઉપર આંગળીઓ ફરે અને ફટાફટ અક્ષરો ટાઈપ થતા જાય તેમ શ્રી નંદુભાઈના મનમાં જે જે આવતું જાય તે કાગળ ઉપર લખાતું જાય. જેમને તારથી જણાવવાનું હોય તેમને માટે તે પ્રમાણે કામ થતું ગયું. રાત્રિના દોઢથી સવારના સાડા પાંચ સુધી સતત ચાર કલાક આ કામ ચાલ્યું.

રાત્રિનું ગાઢ અંધારું ઓસરી ગયું હતું. અને પરોઢિયાનો આછો ઉજાસ દેખાવા માંડ્યો હતો. દોઢ વાગ્યે શ્રીમોટાએ દેહ મૂક્યો અને શ્રી રમણભાઈએ ફાર્મઘરના વ્યવસ્થાપક શ્રી છગનભાઈને ૪ વાગ્યે બોલાવીને ચિતા માટે સૂકાં લાકડાં મેળવી ચિતા તૈયાર કરવાની સૂચના આપી દીધી.

છગનભાઈને થયું કે ચોમાસાનો દિવસ હોય ત્યાં સૂકાં લાકડાં ક્યાંથી મેળવવાં ? ચિતા માટે બે મણ, પાંચ મણ લાકડાંથી ન થાય, પણ પંદરવીસ મણ લાકડાં જોઈએ. એટલાં

બધાં લાકડાં ક્યાંથી મળે ? પણ એનીય વ્યવસ્થા થઈ ગઈ અને ચિતા તૈયાર કરવામાં આવી. પાસે જ મહીનદીનાં પાણીનો પ્રવાહ જોરથી વહી રહ્યો હતો.

હજી ગઈ કાલે બરાબર આ જ સમયે શ્રીમોટા નડિયાદથી ફાજલપુર આવ્યા હતા અને ઘડી બે ઘડી પછી જ આજે તેમના દેહને બાળવા માટે લઈ જવો પડશે, એ વિચારે સૌનાં હૈયાં રડું રડું થઈ રહ્યાં હતાં અને આંખની પાંપણો આંસુથી ભીની બની હતી. મેઘરાજાએ વરસવાનું બંધ રાખીને મહેરબાની કરી હતી. જાણે શ્રીમોટાના દેહને લઈ જવા અને બાળવા માટે અનુકૂળતા કરી આપી હતી.

ઘડી બે ઘડીમાં શ્રીમોટાના દેહને ઉપાડી જશે અને ગઈ કાલે જે સ્થળ તેમના થકી જીવંત હતું, તે તેમના વિહીન બનશે. ત્યાં રહેશે માત્ર તેમની સ્મૃતિ અને ચેતના. તેમને લઈ જવાનો સમય થયો હતો અને તેમને સ્પંજ આપીને તૈયાર કર્યા હતા. શ્રીમોટાના શબને નદીકિનારે દહન કરવા માટે ઊંચકીને લઈ જવાનું હતું. આખરે શબ ઊંચકાયું અને વારાફરતી ચાર જણાના સહારે નદીકિનારા તરફ પ્રયાણ થયું.

આ કોઈ સામાન્ય જનનું શબ ન હતું, પણ એક સંતનું શબ હતું, જેમણે કેટલાંય લોકોનાં જીવનનાં વખ ગટગટાવી જઈને બદલામાં તેમને અમૃત પાયું હતું, તેઓ અનેક રોગોથી આવરાયેલા હતા, તેમ છતાં રોગ કે મૃત્યુથી તેઓ મર્યા ન હતા, પણ સ્વેચ્છાએ દેહને છોડ્યો હતો એવા બડભાગી હતા શ્રીમોટા !

શ્રીમોટાનો દેહ ચિતા ઉપર ગોઠવાયો. અગ્નિ પેટાવાયો અને થોડી વારમાં જ અગ્નિની જ્વાળાઓએ શ્રીમોટાના દેહનો કબજો લઈ લીધો. ચિતા ભડભડ બળવા લાગી અને શ્રીમોટાની કાયાને અદૃશ્યમાન કરવા લાગી. હૈયામાં રુદન અને બહારથી

સ્વસ્થતા સાથે છ જણાં આ જોઈ રહ્યાં હતાં. શ્રીમોટા કહેતા હતા કે જે વાતનું કોઈ સાક્ષી ન હોય એવી વાત હું કદી કરતો નથી. એમનો દેહત્યાગ પણ આ છ જણાંની હાજરીમાં જ થયો હતો, તે એમના કથનનો પુરાવો આપે છે. શ્રીમોટાએ જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું.

મહીનદીનાં પાણી જાણે કહી રહ્યાં હતાં. અહીં અમારે કિનારે ઘણાં શબ બળ્યાં હશે, પણ તે દરેકમાં ધાંધલ, ધમાલ અને દોડાદોડ જ અમને જોવા મળ્યાં હતાં. જ્યારે આજે એક નિર્મોહી સંતના દેહની દહનક્રિયાના વાતાવરણથી અમે પ્રભાવિત અને પુનિત થયા છીએ.

આ નિર્મોહી સંતના દેહત્યાગની જાણ જો જગતને થઈ હોત તો હજારોની સંખ્યા અહીં ઊતરી પડત અને જે શાંત વાતાવરણ વચ્ચે આ ચિતા બળતી રહી છે તેને બદલે ધાંધલ, ધમાલ, કોલાહલ અને દોડાદોડ કરીને અમારાં પાણીના પ્રવાહને પણ દૂષિત કર્યો હોત.

આ રીતે જગત જ્યારે નિદ્રા તજીને જાગ્યું હશે તે પહેલાં તો શ્રીમોટાએ એમની વિદાય લઈને પોતાના દેહને ભસ્મીભૂત કરી દીધો હતો.

શબ પૂરેપૂરું બળી રહ્યું. એટલે શ્રીમોટાએ જણાવ્યા પ્રમાણે તેમનાં અસ્થિ અને ચિતાની રાખ પણ મહીનદીનાં જળપ્રવાહમાં પધરાવી દેવામાં આવ્યાં અને કોઈને ખબર પણ ન પડે કે આ સ્થળે શ્રીમોટાના દેહને બાળવામાં આવ્યો હશે, એવી જગ્યા કરી નાખવામાં આવી.

આ રીતે માટીનો દેહ માટીમાં મળી ગયો. રહી ગયું માત્ર એમનું નામ ને કામ.

**॥ હરિઃૐ ॥**

## સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યાં કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી.... ૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવનઅંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇંદ્રિયોના વિષયમાં,
અમ શરીરકેરા રોમરોમે, હૃદયકેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૬

ખટરસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં.... ૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં.... ૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવનભાતમાં,
રસીલું વણાયા ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં.... ૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં,
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ - સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો,
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયારૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિશે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા,
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રીગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ **- શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. आग्रहो—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકુરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકુરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ | ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ | ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ | ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ | ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ | ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ | ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ | ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ | ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ | ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ | ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ | | |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

| | |
|---|---|
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

●

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહ્ય્દય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કૅન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

●

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

●

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

●

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| ૧૭. | દુર્લભ દેહ મનુષ્યનો | ૨૦૦૭ |
| ૧૮. | દૈવાસુર સંગ્રામ | ૨૦૦૭ |
| ૧૯. | પ્રસાદી (ગુજરાતી) | ૨૦૦૮ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) | ૨૦૧૪ |
| ૨૧. | જીવનયોગ ભાગ ૧ અને ૨ | ૨૦૧૬ |
| ૨૨. | બુદ્ધિ | ૨૦૧૭ |

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા 'ભાઈ' શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

### English books available at Hariom Ashram Surat.
### January - 2020

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥





# શ્રીમોટા....

તમે આ સંસારે જીવન જગવ્યાં કૈંક જનનાં,
દીધી દૃષ્ટિ, સૃષ્ટિ નવજીવનની સાધ્ય કરવા,
તપે તાપે જ્યારે રસકસવતી થાય વસુધા,
તમે દુઃખો વેઠી કરી જીવનની ધન્ય સરિતા.
ન ચાહી કીર્તિ શું !
પરંતુ પ્રીતિનું
સદા હૈયે ઝંખ્યા રમતું બસ રહે એક ઝરણું,
તમારે તો ચાહવું જગતજનને એ જ શમણું.

- સોમાભાઈ ભાવસાર

કિંમત : રૂ. ૨૫/-